આધુનિક ગુજરાતી એકાંકીઓ

અંદરના ઉપરણા પરના ચિત્રમાં ભગવાન બુદ્ધની માતા માયારાણીને આવેલા સ્વપ્નનું અર્થઘટન રાજા શુદ્ધોદનને કહી સંભળાવતા ત્રણ પંડિતોને આલેખતા શિલ્પની પ્રતિકૃતિ જોવા મળે છે. ચિત્રના નીચેના ભાગમાં પંડિતોના અર્થઘટનને નોંધી લેતો લહિયો નજરે પડે છે. ભારતમાં લેખનકલા અંગેનું આ કદાચ પ્રાચીનતમ ચિત્રાંકન છે.

નાગાર્જુનકોંડા (ઈશુની બીજી સદી)નું શિલ્પ

નૅશનલ મ્યુઝિયમ, નવી દિલ્હીના સૌજન્યથી

આધુનિક ગુજરાતી એકાંકીઓ

સંપાદક

ઉત્પલ ભાયાણી

સાહિત્ય અકાદમી

Aadhunik Gujarati Ekankio (आधुनिक गुजराती अेकांकीओ) :
An anthology of One Act Plays. Compiled and edited by
Utpal Bhayani
Sahitya Akademi. New Delhi (2001). Rs. One Hundred Twenty Only.

First Edition : 1994
Reprint : 2001

Published by :
Sahitya Akademi

Head Office :
Rabindra Bhavan, 35, Ferozeshah Road, New Delhi 110 001

Sales Department :
Basement in 'Swati', Mandir Marg, New Delhi 110 001

Regional Offices :
172, M.M.G.S. Marg, Dadar (East), Mumbai 400 014
Jeevan Tara, 23A/44X, Diamond Harbour Road, Calcutta 700 053
C.I.T. Campus, T.T.T.I. Post, Taramani, Chennai 600 113
Central College Campus, Dr. Ambedkar Veedhi, Bangalore 560 001

ISBN 81-7201-384-1

Price : Rs. 120.00

Printed at **New Age Printing Press**
85, Sayani Road, Prabhadevi, Mumbai 400 025

અનુક્રમ

આજનું ગુજરાતી એકાંકી

નાટક, નાટિકા, લઘુનાટક કે એકાંકી - આ ચારે સંજ્ઞાઓ વચ્ચે આજે કોઈ ભેદ રહ્યો નથી.

આ વિધાનને ન પડકારી શકાય એટલો વિકાસ નાટ્યસાહિત્યનો થયો છે. કદ જેવું ભૌતિક લક્ષણ આજે ટકે એવું નથી. પુલિત્સર પારિતોષિક વિજેતા માર્શા નોર્મનનું 'ગુડનાઈટ મધર' (1983) દોઢ કલાકનું એકાંકી છે તો સેમ્યુઅલ બેકેટનું 'બ્રેથ' (1966) તો માત્ર કેટલીક સેકન્ડોનું હોવા છતાં એકાંકી ગણાતું નથી. એક જ દૃશ્ય કે એક જ પ્રવેશનું લક્ષણ તો એકાંકી માટે ક્યારનુંય વ્યાવર્તક રહ્યું નથી. એ જ રીતે એક જ સ્થળ ('લોકાલ') કે એક જ સમયનો અપવાદ કરતાં ઉત્તમ એકાંકીઓ હાથવગાં છે. પડદો પાડવા કે મધ્યાન્તર આપવા જેવી ભજવણીની પદ્ધતિને આધારે થતું કૃતિ બહારનું વર્ગીકરણ તો કલ્પનાશીલ દિગ્દર્શક કુશળતાથી બદલી શકે અને એ બદલ્યાનાં ઉદાહરણો પણ છે. ફલકની મર્યાદા, પાત્રોની સંખ્યા, અનુભૂતિની ઉત્કટતા કે સંવાદો-કાર્યવેગના મર્યાદિત કાર્યક્ષેત્ર જેવાં આંતરિક પરિબળોને આધારે પણ લક્ષ્મણરેખા દોરવી મુશ્કેલ છે. એવાં ઘણાં નાટકો મળે જેનું વર્ગીકરણ એકાંકી તરીકે ન થયું હોવા છતાં એ એકાંકીનાં આવાં રૂઢિગત લક્ષણો ધરાવતાં હોય.

'જે એક અંકનું તે એકાંકી' એવી કોશની વ્યાખ્યામાં બદ્ધ થઈ શકે એવા સંકુચિત સ્વરૂપે આજે એકાંકી રહ્યાં નથી.

આની સામે એવી દલીલ જરૂર કરી શકાય કે અંકોની સંખ્યાને આધારે થતાં વર્ગીકરણને ન સ્વીકારતી કૃતિઓ અપવાદ છે, નિયમ નથી. આજે પણ મોટાભાગના નાટ્યલેખકો અંકોની સંખ્યા સાથે સંકળાયેલા પરંપરાગત લક્ષણોના જ આધારે કૃતિઓ રચે છે.

આ મુદ્દો ઉપસ્થિત કરવાનો ઉદ્દેશ એટલો જ કે સ્વરૂપ લેખે એકાંકી, નાટકનાં અન્ય સ્વરૂપોથી કઈ રીતે વિશિષ્ટ છે એની સ્પષ્ટ વ્યાખ્યા આજે બાંધી શકાય એમ નથી. માત્ર એકાંકી માટે જ આવું છે એમ નથી. સાહિત્યનાં અન્ય સ્વરૂપો પણ એમનાં પરંપરાગત લક્ષણોને અતિક્રમી ગયાં છે.

મહાકાવ્ય અને ઊર્મિકાવ્ય, નવલકથા અને નવલિકા જેવો ને જેટલો ભેદ નાટક અને

એકાંકી (અથવા લઘુનાટક કે નાટિકા) વચ્ચે રહેલો છે. આવા સંદિગ્ધ તારણ સાથે એકાંકી પરથી ગુજરાતી એકાંકી તરફ વળીએ.

※

ગુજરાતી એકાંકીના ઉદ્ભવ અને વિકાસ, પશ્ચિમના માળખાને આધારે થયાં છે એમાં વિવાદને કોઈ અવકાશ નથી. પણ પહેલું ગુજરાતી એકાંકી કોને ગણવું એ અંગે ચં. ચી. (ચન્દ્રવદન મહેતા) જેવા 'જાણભેદુ'ને કારણે વિવાદ થઈ શકે એમ છે. ચં.ચી.ના સંશોધન સિવાય પણ આ બાબતમાં બે-ત્રણ મંતવ્યો છે. 1922માં બટુભાઈ ઉમરવાડિયાએ લખેલું 'લોમહર્ષિણી' ગુજરાતીનું પ્રથમ એકાંકી છે એવો એક મત છે. તો પછીથી આરૂઢ થયેલા એકાંકીના સ્વરૂપને વધુ સુસંગત, 1925માં પ્રકાશિત થયેલું યશવંત પંડ્યાનું 'ઝાંઝવા' જ પ્રથમ ગુજરાતી એકાંકી ગણવું જોઈએ એવો એક બીજો મત છે. તો ત્રીજું સમાધાનકારી મંતવ્ય 1920-30ની વચ્ચે બટુભાઈ ઉમરવાડિયા, યશવંત પંડ્યા અને પ્રાણજીવન પાઠકની ત્રિપુટીથી ગુજરાતી એકાંકીના પ્રારંભનું છે. ચં. ચી. આ ત્રણ સાથે પ્રાગજી ડોસાનું નામ પણ ઉમેરે છે. એ તો ઠીક, દાખલા-દલીલ સાથે એમણે તો એ પણ પુરવાર કર્યું છે કે ગુજરાતીમાં એકાંકીની શરૂઆત તો ઠેઠ 1855ના આસપાસની છે.* પારસી મંડળીઓ દ્વારા ભજવાયેલી કૃતિઓને 'સાહિત્યિક' ન ગણનારા બહુમતી વર્ગના મંતવ્યને સ્વીકારીએ તો ગુજરાતી એકાંકીનો ઇતિહાસ દરેક અર્થમાં 'ટૂંકો' છે.

1920-30ના પ્રારંભ પછી 1930-40માં એકાંકીનું સ્વરૂપ એકદમ પરિપક્વ અને પોતીકું બની જાય છે. 1932માં શરૂ થયેલા ઉમાશંકર જોશીનાં પછીથી પ્રકાશિત થયેલાં 'સાપના ભારા'ના એકાંકીઓ, એકાંકીના સ્વરૂપને કલાત્મક ઘાટ આપે છે. તળપદું જીવન, તળપદી ભાષામાં યથાતથ ઊભું થાય છે. એ જ રીતે 1934-35માં જયંતિ દલાલ 'જવનિકા'ના એકાંકીઓ દ્વારા સ્વરૂપ પર અવનવા પ્રયોગો કરી સ્વરૂપની શક્યતાઓ દર્શાવી આપે છે. મુખ્યત્વે શહેરી જીવન અને વ્યંગાત્મક શૈલી દ્વારા, તખ્તાની પૂરી જાણકારી સાથેનાં એકાંકીઓ ગુજરાતી રંગભૂમિને મળે છે. આ જ પથ પર ગુજરાતી એકાંકીનો પ્રવાસ શરૂ થાય છે. જેમાં દુર્ગેશ શુક્લ, કૃષ્ણલાલ શ્રીધરાણી, ઇન્દુલાલ ગાંધી, ચન્દ્રવદન મહેતા, રમણલાલ દેસાઈ, ચુનીલાલ મડિયા, પન્નાલાલ પટેલ, પુષ્કર ચંદરવાકર, ફિરોઝ આંટિયા, શિવકુમાર જોષી દ્વારા નાનાં-મોટાં માઈલ-સ્ટોન આવતાં જાય છે. સુન્દરમ્ અને રામનારાયણ પાઠક જેવા સાહિત્યકારો પણ એકાદ-બે એકાંકી પૂરતા મર્યાદિત હોવા છતાં નોંધ લેવી પડે એવી કૃતિઓ આપે છે.

ચોથા દાયકાથી બદ્ધ થયેલું એકાંકીનું સ્વરૂપ સાહિત્યિક ગુણવત્તા અને તખ્તાલાયકી વચ્ચે સંતુલન જાળવવાનો યથાશક્તિ પ્રયાસ કરતાં કરતાં આજે પણ એ જ પથ પર ગતિ કરી રહ્યું છે અને ભવિષ્યમાં કરશે. પરંતુ સાતમા દાયકામાં ગુજરાતી એકાંકીમાં એક ફાંટો પડે છે, એક વિકલ્પ ઊભો થાય છે. આ અરસામાં અમદાવાદના કેટલાક કવિઓ, લેખકો અને બૌદ્ધિકો સ્થાપિત સાહિત્ય અને સાહિત્યકારો સામે વિદ્રોહ કરી પોતાનો એક નવો જ

* ગુજરાતી પ્રતિનિધિ એકાંકી - (સંપાદક ચન્દ્રવદન મહેતા)ની પ્રસ્તાવના.

માર્ગ લે છે. અલબત્ત અહીં પણ માર્ગદર્શન પશ્ચિમનું જ મળે છે. પશ્ચિમમાં એબ્સર્ડના નામે જાણીતા આ વિકલ્પને અનુસરીને સાહિત્ય સર્જાય છે. માત્ર એકાંકી પૂરતું જ આવું થાય છે એમ નથી. કવિતા, નવલકથા સુધ્ધાંમાં આ નવા માર્ગે જવાનો ધાંધલધમાલ કરતો પ્રયાસ થાય છે. પણ જનસમૂહમાં એકાંકીની અસર વધુ વર્તાય છે કારણ કે એ ભજવાતું સ્વરૂપ છે અને એકાંકીઓ બહુધા, આંતરકૉલેજ સ્પર્ધાઓ અને સાહિત્યિક મેળાવડાઓમાં ભજવાતાં હોવાથી શિક્ષિત સમાજમાં એ કૌતુક અને કુતૂહલનો વિષય બને છે.

એકાંકીનું સ્વરૂપ અહીં તદ્દન ફરી જાય છે. કથાનક, પાત્રો, સંવાદો, ભાષા, સંનિવેશ સહિત બધાં જ પાસાં એનાં પરંપરાગત કાર્યથી વિપરીત ભૂમિકામાં જોવા મળે છે. આદિ, મધ્ય, અંત કે કહી શકાય એવી 'વાર્તા' ધરાવતું કથાનક અદૃશ્ય થાય છે. પાત્રો ચરિત્ર વિનાનાં માત્ર સાંકેતિક બની જાય છે, જેની કોઈ સ્વતંત્ર ઓળખ રહેતી નથી. સંવાદો સંપર્ક સાધતાં નથી, તોડે છે અથવા તો સંપર્કનો અભાવ સૂચવે છે. ભાષા અર્થ ગુમાવી બેસે છે. દીવાનખંડ કે એવી જાણીતી જગ્યાઓના સ્થાને સંનિવેશમાં કબર, વૃક્ષ કે દીવાલનો આભાસ આપણો પડે છે. સ્થળ-કાળનાં બંધન ન સ્વીકારે એવા સંનિવેશ અને પ્રકાશ આયોજનની આવશ્યકતા પડે છે. 'ક્રાન્તિકારી' કહી શકાય એવું સ્વરૂપનું પરિવર્તન ગુજરાતી એકાંકીમાં જોઈ શકાય છે.

એવું માનવાને કારણ નથી કે આ માર્ગનાં બધાં જ એકાંકીઓ ઉપર્યુક્ત લક્ષણોનો કલાત્મક વિનિયોગ કરી શક્યાં છે. કશુંક નવું આપવાના મોહમાં સામાન્ય રીતે તો નભી ન શકે એવું જ લખાણ એકાંકી તરીકે જોવા મળ્યું છે. કવિતામાં અછાંદસના પ્રવેશથી જે સહન કરવાનું આવ્યું એવું જ એબ્સર્ડના પ્રવેશથી ગુજરાતી એકાંકીમાં જોવા મળે છે. તો સાથોસાથ એ પણ નોંધવું પડે કે કેટલાક સર્જકો પોતાની કવિતા કે વાર્તાની જેમ આ સ્વરૂપ પચાવી, પોતીકી રીતે, આપણા સમાજ અને સંસ્કૃતિના યોગ્ય સંદર્ભ સાથે એને રજૂ પણ કરી શક્યા છે, જેનો થોડોક પરિચય આ સંપાદનમાંથી મળી રહેશે. પહેલાં 'રે મઠ' અને પછી 'આકંઠ સાબરમતી'ના નામે ઓળખાતા આ જૂથમાં લાભશંકર ઠાકર, મધુ રાય, ચિનુ મોદી, આદિલ મન્સૂરી, સુભાષ શાહ, ઇન્દુ પુવાર, રમેશ શાહ, મુકુન્દ પરીખ, મનહર મોદી, હિંમત કપાસી અને અન્ય સર્જકોએ આ નવા માર્ગ પર માઈલ સ્ટોન મૂક્યાં છે. આ જૂથની બહાર રહીને પણ આ માર્ગ પર ચાલનારા લેખકો છે, એનો પણ ઉલ્લેખ કરવો જ પડે, જેમાંના બેનું પ્રતિનિધિત્વ આ સંપાદનમાં પણ કર્યું છે.

પણ આ વિકલ્પે બહુ આગળ વધી શકાય એવું નથી એમ ઘણા સર્જકોને સમજાઈ ગયું છે. પરિણામે ક્રમશઃ રાજમાર્ગ પર પાછા ફરવું પડે છે પરંતુ આ નવા વિકલ્પનો અનુભવ પરંપરાને સમૃદ્ધ કરે, વિસ્તારિત કરે એટલો સઘન છે. એટલે સરવાળે ગુજરાતી એકાંકીને તો ફાયદો જ થયો છે. ઇતિહાસ અને પુરાણનો આધાર લઈ, એનું નવસંસ્કરણ કરી, આધુનિક સંવેદના રજૂ કરવાના ભારતીય રંગભૂમિ પર જે વિવિધ પ્રયાસો થાય છે એની ગુજરાતી રંગભૂમિ પાસે પણ અપેક્ષા છે. આ સંપાદનમાં એવા ત્રણ એકાંકીઓ છે. જેમાંના બે તો એવા સર્જકમિત્રોના છે જેમણે આ નવા માર્ગનો પાકો અનુભવ લીધો છે.

એબ્સર્ડની શૈલી ધારણ કરવાથી જ આધુનિકતા આવે એવી સમજ બહુ ઓછાની રહી છે. આધુનિકતા માટે આધુનિક સંવેદના અને એને અનુરૂપ સ્વરૂપગત ફેરફારની આવશ્યકતા છે, પરંપરા અને રંગભૂમિના વિવિધ પાસાંના (ગીત, સંગીત અને મૂક અભિનય સહિતના) અવનવા વિનિયોગની આવશ્યકતા છે. ગુજરાતી એકાંકી આ દૃષ્ટિએ આગળ વધે એવી અપેક્ષા છે.

❈

૧૯૫૩માં ચુનીલાલ મડિયાએ પ્રથમ ગુજરાતી એકાંકીનું સંપાદન કરતાં એને 'પહેલી પચ્ચીસીનો ફાલ' કહેલો. એ જ સૂરમાં કહેવું હોય તો આ સંપાદન 'છેલ્લી પચ્ચીસીનો ફાલ' છે. છઠ્ઠા દાયકામાં થયેલાં ત્રણ મહત્ત્વનાં ગુજરાતી એકાંકીનાં સંપાદનો ચુનીલાલ મડિયા સંપાદિત 'શ્રેષ્ઠ નાટિકાઓ' (1953), સાહિત્ય અકાદમીએ જ પ્રકાશિત કરેલ ગુલાબદાસ બ્રોકર સંપાદિત 'ગુજરાતીનાં એકાંકી' (1958) અને નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા આંતરભારતી પુસ્તકમાળાના ઉપક્રમે અનંતરાય રાવળ સંપાદિત 'ગુજરાતી એકાંકીસંગ્રહ' (1958)માં નવ લેખકો તો સામાન્ય છે. બીજા શબ્દોમાં ગુજરાતી એકાંકીના ઘડવૈયાઓની બાબતમાં સર્વસંમતિ છે.

1983માં ચં. ચી. 'ગુજરાતી પ્રતિનિધિ એકાંકી'માં આ જ નવ લેખકોમાંથી પાંચનો સમાવેશ કરે છે. એમણે પોતાનું કોઈ એકાંકી એમાં નથી લીધું એ એમની નમ્રતા છે. એ સંપાદનના છેલ્લા છ એકાંકીઓમાંથી પાંચનો આ સંપાદનમાં પણ સમાવેશ થાય છે. ચં. ચી.નો પ્રયાસ 'જૂનું–નવું'ને સાંકળી સમગ્ર ગુજરાતી એકાંકીનું પ્રતિનિધિત્વ કરવાનો છે. એમના જ શબ્દોમાં, 'સંગ્રહ કરવાનું કારણ એ છે કે અત્યાર સુધીનાં એકાંકીઓમાં આવેલા વળાંકો અને પ્રયોગોને આ સંગ્રહમાં સ્થાન આપ્યું છે.'

પ્રસ્તુત સંપાદન ગુજરાતી એકાંકીએ લીધેલા વૈકલ્પિક માર્ગનું પ્રતિનિધિત્વ કરતાં સાત એકાંકીઓ ઉપરાંત એવા ચાર એકાંકીઓનો પણ સમાવેશ કરે છે જે ત્રીજા દાયકાથી શરૂ થયેલ મુખ્ય માર્ગનાં, પણ છેલ્લી પચ્ચીસીનાં છે. આમ આ અગિયાર એકાંકીઓ દ્વારા આજના ગુજરાતી એકાંકીનું ચિત્ર આપવાનો પ્રયાસ છે. અને 'આધુનિક' સંજ્ઞા આ જ સંદર્ભમાં અભિપ્રેત છે. એ તો સ્પષ્ટ જ છે કે આધુનિક સંજ્ઞા સાપેક્ષ છે. ભવિષ્યમાં આ સંપાદન માટે આ સંજ્ઞા મૂકવાની જરૂર પણ ન લાગે.

આકંઠના સંપાદક મધુ રાય આકંઠ જૂથની પ્રવૃત્તિનો આ રીતે પરિચય આપે છે :

'આકંઠ સાબરમતી નાટ્ય લેખકોની વર્કશોપ છે. ગુજરાતી ભાષામાં વધુ ને વધુ નાટકો લખાય એ એનો હેતુ છે. એની શરૂઆત સપ્ટેમ્બર 1972માં વિદ્યાનગર હાઈસ્કૂલના મકાનમાં થઈ. વર્કશોપમાં એક લેખકે આપેલ વસ્તુને અન્ય લેખકો પોતપોતાની સૂઝથી, સ્ક્રીપ્ટ વિના, પોતપોતાની ભાષાથી ભજવી બતાવે છે; વસ્તુને આપોઆપ ભાષા અને ગતિ મળે છે.

અચાનક કોઈએ આપેલ વસ્તુ લઈને, પાત્રનો સ્વાંગ ધરી તરત જ ભજવવા ઊભા થવામાં શરૂઆતમાં સંકોચ નડે છે. એ સંકોચને દૂર કરવા, અને ભજવતી વખતે કલ્પના

અને હૈયાસૂઝને સ્વૈરવિહાર કરાવવા નાટ્યરમતો, નાટ્યકસરતો અને નાટ્યચર્ચાઓ થાય છે. આમાંના મોટા ભાગનાં નાટકો એ રીતે લખાયેલાં છે.'

તાલીમ કેન્દ્રની ગરજ સારતી આ વર્કશોપમાં ભાગ લેતા આ કવિ-લેખકો પાસેથી એકાંકીની કાયાપલટ કરી શકે એવી કૃતિઓ પણ મળે છે, જે નાટ્યરમતો, નાટ્યકસરતો કે નાટ્યચર્ચાઓને અતિક્રમી જઈ આધુનિકતાનો પરિચય કરાવે એટલી સક્ષમ છે.

માત્ર એકાંકીના સર્જક તરીકે જ નહિ પણ કવિ તરીકે પણ ગુજરાતી સાહિત્યને આધુનિકતાના માર્ગે લાવવામાં લાભશંકર ઠાકરનું સૌથી મહત્ત્વનું પ્રદાન છે. એમાં પણ નાટ્યપ્રવૃત્તિ સાથે એ ખૂબ જ ઘનિષ્ઠ રીતે સંકળાયા હોવાથી ગુજરાતી એકાંકીને વૈકલ્પિક રાહ બતાવવામાં એ અગ્રેસર રહ્યા છે. હકીકતમાં તો આકંઠની પ્રવૃત્તિ પહેલાં જ એમની અન્ય કવિમિત્રો સાથે ચળવળ શરૂ થઈ ગયેલી. સંપાદનમાં પસંદ કરેલી કૃતિ 'વૃક્ષ' ખૂબ જાણીતી છે. લાભશંકરને એક રાત્રે દૂર ઊભેલા એક મિત્ર વૃક્ષ જેવા લાગ્યા અને એમાંથી માનવીની ઉપયોગિતાવાદની વૃત્તિ પર વ્યંગ કરતી એમની આ કૃતિ રચાઈ. ઇરાદાપૂર્વક તદ્દન સામાન્ય ભાષા, પાત્રો અને પરિવેશની પશ્ચાદ્ભૂમાં મુખ્ય પાત્રનું વૃક્ષમાં રૂપાંતર થવાનો 'ચમત્કાર', જે કહેવાનું છે એ સચોટ રીતે વ્યક્ત કરી શકે છે. ભજવણીમાં પણ એ પડકાર બને એવી દૃશ્યરચનાની શક્યતા ઊભી કરે છે.

નવલકથા અને નવલિકાની જેમ જ મધુ રાય નાટકના ક્ષેત્રે પણ પ્રયોગલક્ષી રહ્યા છે. નાટકના સ્વરૂપ પર એમની જેવી હથોટી ગુજરાતીમાં બહુ ઓછા લેખકો પાસે છે. તખ્તાના અવનવા ઉપયોગની એમની સૂઝ અને ભાષાની રમત પર અદ્ભુત કહી શકાય એવું એમનું પ્રભુત્વ અહીં મૂકેલા 'ઝેરવું'માં જ નહિ, એમની પ્રત્યેક કૃતિઓમાં જોઈ શકાય છે.

આદિલ મન્સૂરીના 'પેન્સીલની કબર અને મીણબત્તી'નું પ્રથમ પ્રકાશન તો આકંઠની પ્રવૃત્તિઓથી પણ પહેલાં 1967માં છે. ભલે પશ્ચિમના કોઈ એબ્સર્ડ નાટક કે એમના જ સાથીઓની કોઈ કૃતિની અસર દેખાય પણ એબ્સર્ડ કૃતિ કોને કહેવાય એનું સ્ક્રીપ્ટ, પાત્રો, સંવાદો, ભાષા અને સંનિવેશ દરેક દૃષ્ટિએ એક સુંદર ઉદાહરણ એમાં જોવા મળે છે અને માટે જ એની પસંદગી કરી છે. એ પણ એક એબ્સર્ડિટી જ હતી કે કૉલેજના અબુધ વિદ્યાર્થીઓએ, અબુધ વિદ્યાર્થીઓ સામે જ આંતરકૉલેજ એકાંકી - સ્પર્ધામાં એની અસરકારક રજૂઆત કરેલી.

ચિનુ મોદીએ પણ લાભશંકર-આદિલ સાથે સાથે જ સતત સક્રિય રહી અવનવા પ્રયોગો કર્યા છે. અહીં એમનું 'હુકમ, માલિક' અને ઇન્દુ પુવારનું 'હું પશલો છું' મૂકવાનું કારણ 'અરેબિયન નાઈટ્સ' કે 'પંચતંત્ર'ની અત્યંત જાણીતી કથાઓનું સમકાલીન સમસ્યાના સંદર્ભમાં અપાયેલું નવું રૂપ છે. આજે ભારતીય રંગભૂમિ પર જે કામ થઈ રહ્યું છે એ દિશાનો આ બે એકાંકીઓમાં તેમ જ છેલ્લે મૂકેલા 'ભૃગુસંહિતા'માં સંકેત છે.

અહીં મૂકેલા 'દીવાલ'માં જ નહિ પણ અન્ય નાટ્યકૃતિઓ દ્વારા પણ સુભાષ શાહ, માનવી-માનવી વચ્ચેની પ્રત્યાયનની સમસ્યાને સુંદર પ્રતીકો દ્વારા રજૂ કરે છે. પ્રત્યાયનનો

અભાવ એ આધુનિક સર્જકોનો મનગમતો વિષય રહ્યો છે જેનું દૃષ્ટાંત આ કૃતિ પૂરું પાડે છે.

નવલકથાના ક્ષેત્રમાં ગજું કાઢનાર રઘુવીર ચૌધરી પણ રંગભૂમિમાં ખૂબ રસ ધરાવે છે. એમનો એક માત્ર અપવાદ છે, જેણે આધુનિકતાના ગાડરિયા પ્રવાહની સામે પરંપરાગત માર્ગે જ જવાનું પસંદ કર્યું છે. એનો અર્થ એવો નથી કે એમની બધી જ કૃતિઓ પણ પરંપરાગત છે. અહીં પસંદ કરેલું એમનું એકાંકી 'ત્રીજો પુરુષ', ચં. ચી.નો અમૃત મહોત્સવ મુંબઈમાં ઇન્ડિયન નેશનલ થિયેટરે ઉજવેલો ત્યારે પ્રવીણ જોશીના દિગ્દર્શનમાં ભજવાયેલું. આ નિમિત્તને જ ધ્યાનમાં રાખીને અહીં એવું એકાંકી મળ્યું જે વિષય અને સ્વરૂપ બંને દૃષ્ટિએ તદ્દન નોખું પડી જાય એવું છે.

ગંદી મજાક કરવાના આશયથી થતા ટેલિફોનની ઘટનાના સ્પ્રિન્ગ બોર્ડ પરથી હસમુખ બારાડી 'ટેલિફોન'માં એવું નિમજ્જન કરે છે કે ટેલિફોનનું ડબલું એક પાત્ર બનીને પતિ-પત્ની વચ્ચે રહેતું થઈ જાય છે. અતીત કે અનિષ્ટનો મુકાબલો અહીં અસરકારક રીતે રજૂ થયો છે. આવા ટેલિફોનનું હોવું અંતે તો એક સ્વીકૃતિ બની રહે છે. રંગભૂમિ અને ટેલિવીઝનનો પ્રત્યક્ષ અનુભવ ધરાવતા બારાડી અહીં રંગભૂમિના માધ્યમનો સૂઝપૂર્વકનો ઉપયોગ કરી એક આધુનિક રજૂઆત કરે છે.

શ્રીકાન્ત શાહનું નામ એ રીતે ઉલ્લેખનીય છે કે કોઈ જૂથમાં સંકળાયા વિના, બારાડીની જેમ એ પણ શહેરી જીવનની અનુભૂતિને આધુનિકતાથી રજૂ કરવાનો પ્રયાસ કરે છે. તખ્તાની એમની પાસે પણ સૂઝ છે. પરંતુ એમની કૃતિઓની સંખ્યાના પ્રમાણમાં, દુર્બોધતાને કારણે એમને ઓછી સફળતા મળી છે.

મનુભાઈ પંચોળી 'દર્શક'ની પ્રતિભા બહુમુખી છે. આધુનિકો તો એમને ગઈ પેઢીના ગણશે. એમનું લખાણ પણ પરંપરાગત છે. પરંતુ ગુજરાતી એકાંકીક્ષેત્રે આ રીતે પણ તેઓ વિશિષ્ટ પ્રદાન કરી શકે છે. બીજા વિશ્વયુદ્ધની યાતના અને હિટલરના અંતિમ દિવસોને કેન્દ્રમાં રાખી તાજેતરમાં એમનાં ત્રણ એકાંકીઓ પ્રસિદ્ધ થયાં છે. અહીં મૂકેલું 'સોદો' એમાંનું જ એક છે. અત્યંત સફળતાપૂર્વક ભજવાયેલા આ એકાંકી દ્વારા ફરીથી એ જ વાત ફલિત થાય છે કે પરંપરામાં રહીને પણ નવી કૃતિ રચી શકાય છે. ઇતિહાસવિદ્ દર્શકની મદદથી, સર્જક દર્શક એક જુદા જ વિશ્વનાં એકાંકીઓની ગુજરાતી એકાંકીને ભેટ આપે છે.

છેલ્લું એકાંકી 'ભૃગુસંહિતા'ના લેખક પ્રકાશ કાપડિયા છે. એમનો એક પણ સંગ્રહ પ્રકાશિત થયો નથી. સાહિત્યજગતમાં બહુ ઓછાએ હમણાં સુધી કૉલેજિયન રહેલા આ યુવાનનું નામ પણ સાંભળ્યું હશે. પણ મુંબઈની ગુજરાતી રંગભૂમિ પર આ નામ સહેજે અજાણ્યું નથી. લગભગ ચારેક વરસ સુધી સતત એણે શ્રેષ્ઠ લેખકનું પારિતોષિક આંતરકૉલેજ એકાંકી સ્પર્ધામાં મેળવ્યું છે અને આ ચારેયમાં એના એકાંકીનું સ્વરૂપ એક જ પ્રકારનું રહ્યું છે. પૌરાણિક પ્રસંગ અને વર્તમાન જીવનની સહોપસ્થિતિ દ્વારા અને એમની વચ્ચેના સંબંધના પોતાના અર્થઘટન દ્વારા એણે એકાંકીઓ રચ્યાં છે. પાત્રનિરૂપણ, ભાષા, દૃશ્યરચના ઇત્યાદિમાં એની તખ્તાની સમજનો પરિચય મળી રહે છે. 'ભૃગુસંહિતા' એમાંનું જ એક છે. આ એકાંકી દ્વારા ભાવિનું પણ પ્રતિનિધિત્વ કર્યું છે.

❊

છેલ્લો મુદ્દો તખ્તાલાયકીનો છે. ગુજરાતી નાટક અને ગુજરાતી રંગભૂમિ વચ્ચે લગભગ અબોલા જેવી સ્થિતિ છે. જૂજ અપવાદો બાદ કરતાં બંને ભાગ્યે જ મળે છે. ગુજરાતી નાટક અધૂરું રહેવાનું અને ગુજરાતી રંગભૂમિની કોઈ આણ ઓળખાણ ન હોવાનું પરિણામ પણ અંતે ભોગવે છે. સદ્‌ભાગ્યે ગુજરાતી એકાંકી માટે એવી પરિસ્થિતિ નથી. જો કે અહીં કહેવું જ જોઈએ કે ગુજરાતી એકાંકીઓની વ્યવસાયિક ધોરણે ભાગ્યે જ ભજવણી થાય છે. મુંબઈ-ગુજરાતમાં યોજાતી આંતરકૉલેજ એકાંકીસ્પર્ધા, કૉલેજોના વાર્ષિક સમારંભો કે સાહિત્યિક સમારંભો - પરિષદોમાં જ એને રજૂ કરવાની તક મળે છે. ભલે એ રીતે પણ એની ભજવણી પ્રમાણમાં સંતોષકારક રહી છે. અને સૌથી મોટી વાત તો એ છે કે રંગભૂમિ પર પ્રથમ ડગ માંડતા યુવાવર્ગ સાથે આ એકાંકીઓ કામ પાડે છે. એટલે નવોદિતોને રંગભૂમિનો પ્રથમ અનુભવ, મૌલિક કહી શકાય એવા અને વૈકલ્પિક માર્ગે ચાલેલા એકાંકીના માધ્યમથી મળી રહે છે એ પરિસ્થિતિ સુખદ છે.

કોઈ પણ સંપાદનની જેમ અહીં પણ પ્રતિનિધિત્વ જ થયું છે અને આમાં સંગ્રહસ્થ ન થયેલાં એકાંકી કે એના કર્તાઓનું ઓછું મહત્ત્વ આંકવાનો કે અહીં સંપાદિત થયેલાને જ શ્રેષ્ઠ ગણવાનો કોઈ આશય નથી.

આ સંપાદનની કામગીરી સોંપવા બદલ હું સાહિત્ય અકાદમીનો અને ગુજરાતી વિભાગના સલાહકાર મંડળનો ઋણી છું. અને પ્રકાશનની સંમતિ આપવા માટે લેખકોનો પણ આભારી છું.

મુંબઈ
દિવાળી, 2047

ઉત્પલ ભાયાણી

1

વૃક્ષ

લાભશંકર ઠાકર

પાત્રો : ચંપક * ચકુ * દાદા * ઇન્દિરા * છગનભાઈ * ડૉક્ટર દવે * વશરામ ભૂવો * બહેનપણી એક * બહેનપણી બે * પત્રકાર મિસ દારૂવાલા * એન્જિનિયર અને મજૂર

દૃશ્ય : 1

(રંગભૂમિ પર એક નાના ઘરનું પ્રવેશદ્વાર, દ્વારની પાસે ઓટલો. ઓટલાની બહાર ખુલ્લું કંપાઉન્ડ, વરસાદ અને પવનનો અવાજ સંભળાય છે. ઓટલા પર એક આઠેક વર્ષની કિશોરી આવે છે. છાપરા પરથી પડતી વરસાદની ધારાને હથેલીમાં ઝીલે છે. કૂદકો મારીને આંગણામાં આવે છે. વરસાદમાં ખૂબ ઉલ્લાસથી નહાય છે અને ગાય છે :

આવરે વરસાદ
ઢેબરિયો વરસાદ
ઊની ઊની રોટલી
ને કારેલાંનું શાક.

ઓટલા પર કિશોરીના પપ્પા આવીને ઊભા રહે છે. એ સ્મિતપૂર્વક નહાતી પુત્રીને જોઈ રહે છે. કિશોરીનું ધ્યાન જતાં એ ઓટલા પાસે આવે છે.)

ચકુ : પપ્પા ! કેવો સરસ વરસાદ પડે છે. ચાલો નહાવા. મઝા આવશે.

પપ્પા : ના ચકુ. તું નહા.

ચકુ : ચલોને પપ્પા, બહુ મઝા પડશે.

પપ્પા : ના, મને શરદી થઈ જાય.

ચકુ : નહીં થાય પપ્પા, ચલો.

(ચકુ પપ્પાનો હાથ પકડીને ખેંચે છે.)

પપ્પા : ના... ના... ચકુ રહેવા દે. જો પડી જઈશ બેટા. લપસી પડીશ. હં... હં...

(ચકુ પપ્પાને નીચે વરસાદમાં ખેંચી જાય છે. બંને નહાય છે.)

ચકુ/પપ્પા : આવ રે વરસાદ
ઢેબરિયો વરસાદ
ઊની ઊની રોટલી
ને કારેલાંનું શાક.

ચકુ : પપ્પા... પપ્પા ! આ તરફ આવો. આ બાજુ મોટો ઘઘૂડો પડે છે.
(બન્ને ઘઘૂડા નીચે ઊભા રહીને નહાય છે. પવનના સુસવાટા અને વરસાદનો અવાજ સંભળાયા કરે છે. ચકુ ગાતી ગાતી કંપાઉન્ડમાં ફર્યા કરે છે. પપ્પા આંગણાના મધ્યમાં આવીને નહાય છે. અચાનક એ જમીન પરથી પગને ખેંચીને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. વારાફરતી ડાબો અને જમણો પગ ખેંચીને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. વરસાદનો અને પવનનો અવાજ ઓસરતો જાય છે. મલ્હારનો આલાપ સંભળાય છે. ચકુના પપ્પાના પગ જમીન પર સ્થિર થઈ ગયા છે, અને બન્ને હાથ ધીમે ધીમે ઊંચકાતા જાય છે, બન્ને હાથ ઊંચકાઈને સ્થિર થઈ જાય છે. અંદરથી ચકુનાં મમ્મીનો અવાજ સંભળાય છે. આલાપ બંધ થઈ જાય છે.)
ચકુ બેટા... ચાલ હવે. તારે નિશાળનું મોડું થશે. ચકુ...! ચકુ બેટા...! અરે દાદાજી ! જુઓને આ ચકુ ક્યાં ગઈ ! એને બોલાવોને અંદર.
[દાદાજી લાકડીના ટેકે બહાર આવે છે. ઓટલા પરથી બૂમ પાડે છે.]

દાદા : ચકુ બેટા... ચાલો અંદર.
[ચકુ સાંભળે છે પણ ખભા હલાવીને અંદર આવવાની ના પાડે છે.]
ચકુ ! ચલો. નિશાળે જવાનું છે.

ચકુ : ના... દાદા. હજી મારે નહાવું છે.

દાદા : (પગથિયાં ઊતરીને) ચલો બેટા. પછી મોડું થશે. વરસાદ પણ હવે બંધ થવા આવ્યો છે.

ચકુ : ના દાદા, હજી થોડો થોડો પડે છે. હું નહીં આવું.

દાદા : (નીચે ઊતરીને) ચકુડી... ચલેશ કે નઈ અંદર. કહું છું માનતી નથી? પછી માંદી પડીશ તો ?
(ચકુને પકડવા દાદા ઝડપથી ચાલે છે. એકવાર ભીની જમીન પર દાદાનો પગ સરકે છે.)
ચકુડી માર ખાવો છે ? (મોટા અવાજે) ચાલ અંદર.
[ચકુ દોડતી દોડતી પગથિયાં ચડીને ઓટલા પર ઊભી રહે છે. કપડાં અને વાળ નીચોવે છે. પછી અંદર જાય છે. દાદાજીનું ધ્યાન પુત્ર પર જાય છે.]

દાદા : ચંપક ! ચાલ અંદર. તારો શરદીનો કોઠો છે ને આમ વરસાદમાં ક્યાં નહાવા ઊભો છે ? માંદો પડતાં વાર નહીં લાગે.
[દાદા જાય છે. પગથિયાં પાસે અટકે છે. પાછા વળીને જુએ છે. ચંપક ત્યાં ને ત્યાં સ્થિર ઊભો છે.]
ચંપક ! સાંભળતો નથી ? ચાલ અંદર અને શરીર લૂછી નાખ.
[ચંપક સ્થિર ઊભો છે. દાદા પાછા વળીને ચંપક પાસે આવે છે. એની સામે એકાદ ક્ષણ વિસ્મયથી તાકી રહે છે.]
એલા, મારી મશ્કરી કરે છે ?

ચંપક : હું વૃક્ષ છું.

[દાદાજી ખડખડ હસી પડે છે.]

દાદા : એવો ને એવો રહ્યો. ચાલ હવે શરીર કોરું કર અને જમવા બેસી જા. તારે દશને પચીસની બસ પકડવાની છે. મોડું થઈ જશે તો તું જ પાછો બૂમાબૂમ કરી મૂકીશ. ચાલ અંદર. ઈન્દુ રોટલી કરવા બેઠી છે.

ચંપક : હું વૃક્ષ છું.

[દાદા ચંપકનો હાથ પકડે છે. પછી એની આંખો સાથે આંખો મેળવવાનો પ્રયત્ન કરે છે. આંખ મળતી નથી, તેથી ચંપકના ગાલને હથેળીથી ઠબઠબાવે છે.]

ચંપક ! ચંપક ! બેટા ચંપક !

[મૂંઝાઈને પગથિયાં પાસે જાય છે.]

બેટા ઇન્દી ! ઈન્દી બેટા !

ઈન્દિરા : (ઘરમાંથી અવાજ સંભળાય છે) એ આવી દાદાજી.

[ઈન્દિરા હાથ લૂછતી લૂછતી આવે છે.]

શું છે દાદાજી ?

દાદા : અરે જો ને બેટા આ ચંપક શું કહે છે ?

ઈન્દિરા : શું કહે છે ?

દાદા : કે' છે કે હું વૃક્ષ છું.

ઈન્દિરા : (નીચે ઊતરતાં ઊતરતાં હસી પડે છે) દીકરા કોના દાદાજી ? એમનો તો કાયમનો મશ્કરો સ્વભાવ છે. (ચંપકની પાસે જઈને હસતાં હસતાં) આજે પાછી શેની મજાક શરૂ કરી છે ? (ચંપકની સામે આંખમાં આંખ મેળવવાનો પ્રયત્ન કરે છે) ચાલો ચાલો ઘરમાં, કેટલા બધા ભીંજાયા છો ! ચાલો શરીર કોરું કરીને ગરમ ગરમ રસોઈ જમી લો. હું ટુવાલ આપું છું. (ચાલવા માંડે છે. જરાક પાછું જોતાં અટકી જાય છે.) અરે તમે તો ઊભા જ છો ! (હાથ પકડે છે.) ચાલોને હવે અંદર ભૈસાબ. મારે તાવડી તપે છે, તમે જમી લો એટલે દાદાજીને નરમ નરમ રોટલી ઉતારી આપું.

દાદા : એલા ચંપક, હવે બહુ થઈ મજાક. ચાલ અંદર.

[ચંપક છીંક ખાય છે.]

ઈન્દિરા : દાદાજી ! આમને તો શરદી થઈ ગઈ છે.

દાદા : હું ક્યારનો એને કહ્યા કરું છું કે ચાલ અંદર અને શરીર કોરું કરી દે. તારો શરદીનો કોઠો છે. પણ માનતો જ નથી. લે હવે, આ શરદી થઈ ને !

ઈન્દિરા : (ચંપકને પકડીને) ચાલો અંદર. શરદી થઈ ગઈ છે ને તમને માંદા પડતાં વાર નહીં લાગે.

[ચંપક ખસતો નથી.]

ઈન્દિરા : દાદા આ તો ખસતા જ નથી.

દાદા : (ચંપકને બીજી તરફથી પકડે છે) લે હું મદદ કરું. ચાલ ચંપક.

ઈન્દિરા : લો હેંડો અંદર. (ચંપકની સામું જુએ છે.) દાદા ! આ તો કંઈ સાંભળતા જ નથી અને ચાલતા પણ નથી. શરદી થઈ ગઈ છે ને પાછા... લો હું

પાડોશમાંથી છગનભાઈને બૂમ પાડીને બોલાવું. ઊંચકીને એમને અંદર લઈ જઈએ.

દાદા : હા... હા... છગનને બોલાવ.

ઈન્દિરા : અરે છગનભાઈ....

છગનભાઈ : (અંદરથી અવાજ સંભળાય છે.) એ હા... ઈન્દિરાબહેન ! શું કામ છે ?

ઈન્દિરા : આ જુઓ ને તમારા ભાઈને શું થઈ ગયું છે ? જરા આવોને એક મિનિટ.

છગનભાઈ : (અવાજ સંભળાય છે.) આ આવ્યો.

[છગનભાઈ પ્રવેશે છે.]

શું થયું છે ચંપકભાઈને ? ચંપકભાઈ કેમ ઊભા છો આમ ?

દાદા : છગન જોને બેટા ! આ ચંપક ચાલતો ય નથી ને બોલતો ય નથી.

છગનભાઈ : ચંપકભાઈ ચાલો અંદર. કેટલા બધા ભીંજાઈ ગયા છો ?

દાદા : છગન એને ઊંચકીને લઈ જવો પડશે.
(છગન અને દાદા ચંપકને ઊંચકવાનો પ્રયત્ન કરે છે, પણ ચંપકનું શરીર ચસકતું નથી. છગન નીચે બેસીને ચંપકને પગથી ઊંચકવાનો પ્રયાસ કરે છે. છગનના ઉહકારા સંભળાય છે.)
ઊંહ ! ઊંહ ! દાદા આ તો પગ ચોંટી ગયા લાગે છે જમીનમાં. જરાય ચહકતા નથી.

ઈન્દિરા : છગનભાઈ, તમે એમ કરો ને. દવે ડૉક્ટરને બોલાવી લાવોને બાજુમાંથી. એમને શરદી થઈ ગઈ છે. કંઈ દવાનો ડોઝ આપશે એટલે સારું થઈ જશે.

છગનભાઈ : બોલાવી લાવું.

[છગનભાઈ જાય છે.]

ઈન્દિરા : દાદાજી ! આમને આવું શું થઈ ગયું છે ?

દાદાજી : કશું નથી બેટા. હમણાં દાક્ટર આવીને ઈંજેક્શન આપી દેશે એટલે સારું થઈ જશે.

ઈન્દિરા : દાદાજી ! અંદરથી મને ખૂબ બીક લાગે છે.

દાદા : એમાં બીવા જેવું કંઈ નથી, બેટા. તારો સ્વભાવ જરા પોચો છે એટલે, જો આ આવ્યા ડૉક્ટર.
(ડૉક્ટર દવે અને છગનભાઈ પ્રવેશે છે. છગનભાઈ ડૉક્ટરની બૅગ નીચે મૂકવાનો અભિનય કરે છે.)

ડૉક્ટર : શું છે દાદાજી ? ચંપકભાઈને શું થયું છે !

દાદા : આ જુઓને સાહેબ તમે જ. અમને તો કંઈ ખબર નથી પડતી. શરદી થઈ ગઈ હોય એવું લાગે છે.

ઈન્દિરા : એમનો શરદીનો કોઠો છે ને પાછા વરસાદમાં ખૂબ પલળ્યા.

ડૉક્ટર : (આ દરમ્યાન ડૉક્ટર ચંપકની નાડી જુએ છે. પછી સ્ટેથોસ્કોપથી છાતી જોવાનો અભિનય કરે છે.)
શરદી થઈ ગઈ છે અને જરાક તાવ પણ છે. એક ઈંજેકશન આપી દઉં છું.

હમણા સારું થઈ જશે.
(બૅગ ખોલીને અંદરથી ઈંજેક્શન કાઢીને દવા ભરવાનો અભિનય કરે છે. પછી ચંપકના ડાબા હાથે ઈંજેક્શન આપવાનો અભિનય કરે છે. સોય નાખતાં જ.)
અરે ! આ તો સોય વળી ગઈ. હાથ કઠણ લાકડા જેવો લાગે છે. કાંઈ સમજાતું નથી. (ચંપકના હાથને દબાવીને જુએ છે.) કંઈક વિચિત્ર લાગે છે. દાદાજી, તમે કોઈ મોટા ડૉક્ટરને કન્સલ્ટ કરો. આમાં મારું કામ નહિ.

ઈન્દિરા : પણ ડૉક્ટર...

[ડૉક્ટર બૅગ લઈને ચાલવા માંડે છે.]

દાદાજી ! દાદાજી ! (રડમસ અવાજે) હવે શું થશે ?

છગનભાઈ : દાદાજી, મને તો વળગાડ જેવું લાગે છે. આપણે વશરામ ભૂવાને બોલાવીએ.

દાદા : હેં ? હા... હા... બરાબર છે, છગન. તું જલદી જઈને વશરામને બોલાવી લાવ.

છગનભાઈ : હા, દાદાજી હમણાં બોલાવી આવું.

[છગન જાય છે.]

તું ચિંતા ન કર, ઈન્દી બેટા. આ કંઈ વેળાચોઘડિયા જેવું લાગે છે. કંઈ પગ પડી ગયો હશે ચંપકનો ખોટી જગ્યાએ. આ વશરામ ભૂવો અબઘડીમાં વળગાડ ઉતારી દેશે. વશરામ આવે ત્યાં સુધીમાં તું ચકુડીને તૈયાર થઈ હોય તો નિશાળે મોકલી દે.

ઈન્દિરા : હા, દાદા (બૂમ પાડીને) અરે ચકુ બેટી તું તૈયાર થઈ ગઈ ? જમી લીધું તેં? (ચકુ દફતર લઈને આવે છે.)

ચકુ : હા મમ્મી ! મારે કેટલું બધું મોડું થઈ ગયું ? (પગથિયાં ઊતરીને દોડતાં દોડતાં) મમ્મી, પપ્પા આવજો, દાદાજી આવજો.

દાદા : આવજે બેટા, સાચવીને જજે, ખાબોચિયાં ભરાઈ ગયાં હશે. ક્યાંય પાછી પડતી નહિ.

છગનભાઈ : (પ્રવેશે છે. પાછળ વશરામ પ્રવેશે છે.) લો આ આવ્યા વશરામભાઈ, આ રહ્યા ચંપકભાઈ, એમના પગ ચોંટી ગયા છે.

વશરામ : (ચંપકને એક નજરે તાકી રહે છે. પછી એને જોતાં જોતાં એક ચક્કર મારે છે, દાણા નાખે છે.) વળગાડ છે દાદા, અબ ઘડીમાં ઈને ભગાડી મેલું છું. તમે કાળા અડદ, કાળા તલ અને કંકુ લાવો, એક કાળું લૂગડું લાવો અને પાણીનો કળશિયો લાવો.

ઈન્દિરા : હું લાવું છું. [ઈન્દિરા ઝડપથી ઘરમાં જાય છે.]

વશરામ : આવા તો ભલભલા વળગાડ વશરામે ભગાડી મેલ્યા છે મા મેલડીની કૃપાથી.
(ઈન્દિરા બધું ઝડપથી લાવીને વશરામ પાસે મૂકવાનો અભિનય કરે છે. ડાકલાનો ડેહકૂક ડેહકૂક અવાજ સંભળાય છે. વશરામ ધૂણવા માંડે છે...

છગનભાઈ : ખમા ! ખમા !

દાદાજી : ખમા, માતાજી ! ખમા !

વશરામ : દખણની જોગણી વળગી છે તું. અલી કપાતર, તને કોઈ ન મળ્યું ને આ ભલો ભોળો બામણ મળ્યો. ઊભી રે તું (ધૂણે છે, હાથ પછાડે છે અને રાડો પાડે છે.)

છગનભાઈ : ખમા, માતાજી, ખમા.
[વશરામનું ધૂણવાનું ક્રમશઃ ઓછું થાય છે. 'પાણી' એમ બૂમ પાડતા છગનભાઈ વશરામને પાણીનો લોટો આપે છે. વશરામ પાણી પીએ છે, પછી કાળા વસ્ત્રમાં કાળા તલ, કાળા અડદ અને કંકુ સંકેલીને ઊભો થાય છે. બે હાથમાં એ બધું ઊંચકીને ચંપકના માથા પર ઉતારે (ફેરવે) છે.]

વશરામ : દાદા, હવે તમે નચિંત થઈ જાવ. ચોકમાં જઈને આ ઉતાર મેલતાંની હંગાથે તમારો દીકરો ચાલતો થશે. [વશરામ જાય છે, એની પાછળ પાછળ છગનભાઈ પણ જાય છે.]

દાદા : ચાલો ચંપક, પતી ગયું બધું.

ઇન્દિરા : ચાલો અને ઘરમાં થોડો આરામ કરો.
[દાદા અને ઈન્દિરા ચાલવા માંડે છે હળવાશથી. થોડું ચાલીને બન્ને અટકે છે. દાદા પાછા વળે છે. ચંપક પાસે આવે છે.]

દાદા : ચંપક બેટા ! ચાલ, અંદર ચાલ. (ચંપકનો હાથ પકડે છે.) ચાલ બેટા.

ઈન્દિરા : (ત્વરાથી ચંપક પાસે આવે છે. એના ખભા પકડે છે અને ભાંગી પડે છે. એ ચીસ નાખીને નીચે ચંપકના પગમાં બેસી પડે છે.) દાદાજી! દાદાજી ! હું લૂંટાઈ ગઈ. મારું સર્વસ્વ હણાઈ ગયું. આ શું થઈ ગયું દાદાજી ! [ડૂસકાં ભરે છે.]

દાદા : ધીરજ રાખ બેટા, છાની રે.

[ઇન્દિરાનાં ડૂસકાં સંભળાય છે...]

રડીશ નહીં. તું છાની રે. ચંપકને કાલ સારું થઈ જશે. (ઇન્દિરાનું રડતું માથું દાદાજી તરફ ઊંચકાય છે. દાદાજીનો હાથ ઇન્દિરાના મસ્તક પર છે. ફ્રિઝ : પાંચ સેકન્ડ અંધકાર.)

દૃશ્ય : 2

[સમય : મધ્યરાત્રિ પછીનો. ચાંદનીના પ્રકાશમાં વૃક્ષ ઊભું છે. પવનના સુસવાટામાં એ આમતેમ વીંઝાય. ધીમે ધીમે પવન શાંત થતો જાય છે. વૃક્ષ સ્થિર છે.

લાકડી સાથે દાદા પ્રવેશે છે. વૃક્ષ બની ગયેલા પુત્રની પાસે આવીને ઊભા રહે છે. લાગણીના વેગમાં પુત્રને બાથ ભરે છે. હાથમાંથી લાકડી પડી જાય છે. દાદા ડૂસકાં ભરે છે. અવાજ સંભળાતો નથી. માત્ર દાદાનું શરીર હલે છે. થોડી ક્ષણો બાદ પુત્રને ભરેલી બાથ છોડે છે. નીચે પડેલી લાકડી ઉપાડે છે. પુત્રની સામું તાકી રહે છે અને વ્યથાથી શિથિલ પગે ઘર તરફ જાય છે.

દાદાજીના ગયા પછી ઇન્દિરા આવે છે. એ આવીને વૃક્ષ બની ગયેલા પતિને શાલ ઓઢાડવાનો અભિનય કરે છે. પછી પતિના ખભે હાથ મૂકીને પતિના સામું જોઈ રહે છે, એના હાથ સરકે છે. એ પતિના પગમાં ઢગલો થઈને પડી જાય છે. ઊંચે જોઈને બોલે છે.]

ઇન્દિરા : તમને આ શું થઈ ગયું છે ? કેમ કંઈ બોલતા નથી ? કેમ આમ રિસાઈ ગયા છો ? તમે કંઈક તો બોલો. આપણાં કેવાં કેવાં સપનાં હતાં ! ચકુડીને ભણાવી-ગણાવીને મોટી કરીશું. એને સારે ઘેર પરણાવીશું. થોડા પૈસા ભેગા થશે એટલે આ ઘરને થોડું મોટું કરીશું. તમે તો મને નોધારી છોડીને આમ સાવ સૂનમૂન સાધુ જેવા બની ગયા. સાચું કહું છું હોં ! મારાથી આમ નહિ જિવાય. તમે કંઈક તો બોલો. તમે જો નહિ બોલો તો હું ઊઠવાની નથી. અહીં તમારા પગમાં જ બેસી રહીશ.

[ઇન્દિરાનાં ડૂસકાંનો અવાજ સંભળાય છે. દાદા ઘરમાંથી બહાર નીકળી ઓટલા પર આવે છે. ઇન્દિરાનો રડવાનો અવાજ સંભળાય છે. દાદા પગથિયાં ઊતરે છે અને ઇન્દિરાની પાસે આવે છે.]

દાદા : બેટા ચાલ ઘરમાં. આમ રડવાથી શું વળવાનું છે ?

ઇન્દિરા : (રડતાં રડતાં) ના દાદાજી, હું અહીંથી ઊઠવાની નથી.

દાદા : અરે બેટા ! તું જ આમ હામ ખોઈ બેસીશ તો બીજાનું શું થશે ? આખા દા'ડાનું તેં કાંઈ ખાધું નથી અને રડ્યા જ કર્યું છે. ચકુડી પણ ભૂખી જ સૂઈ ગઈ છે. ઊઠ દીકરા ! તારો આ વલોપાત મારાથી જીરવાતો નથી. ઊઠ. (ચકુનો અવાજ ઘરમાંથી સંભળાય છે. ભય અને રુદનથી મિશ્રિતઃ 'મમ્મી.... ! ઓ... મમ્મી ! તું ક્યાં ગઈ મને છોડીને ? મને બીક લાગે છે... મમ્મી....! ઓ... મમ્મી....!')

દાદા : ઊઠ બેટા. જો ચકુડી જાગી ગઈ છે ને રડે છે.

ઇન્દિરા : ના દાદા.....

[ચકુનો રડવાનો અવાજ સંભળાય છે.]

દાદા : બેટા ઇન્દી... ચાલ ઊઠ... ચકુડી કેટલી ગભરાઈ છે... ઊઠ. (ઇન્દિરા ના... ના.... કરતી ઊઠે છે. ચકુના રડતા અવાજ તરફ એ ખેંચાય છે. તો બીજી ક્ષણે એ ચંપક તરફ જુએ છે. ચકુનો અવાજ આવ્યા જ કરે છે. ઇન્દિરા એ અવાજ તરફ ખેંચાય છે. પાછળ દાદા ધીમે ધીમે ડગ ભરતા ઘર તરફ જાય છે. એમની લાકડીનો અવાજ સંભળાય છે. પ્રકાશ ઓછો થતો જાય છે. અંધકાર.)

દૃશ્ય : 3

(થોડા દિવસો પછીની એક સવાર. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે' એ પંક્તિ ગવાતી સંભળાય છે. પંખીઓનો અવાજ અને આછો પ્રકાશ. ધીમે ધીમે પૂર્ણ પ્રકાશ. દફતર સાથે ચકુની બે બહેનપણીઓ પ્રવેશે છે.)

બહેનપણી-૧ : ચકુડીને જલદી બૂમ પાડ. એ હજી તૈયાર જ નહીં થઈ હોય. આજે કેટલું

બધું મોડું થઈ ગયું છે !

બહેનપણી-૨ : અલી પણ, આજ તો હડતાલ પડવાની છે. કાલે મને મંજુડી કે'તી'તી કે શનિવારે બધી નિશાળમાં હડતાલ પડવાની છે.

બહેનપણી-૧ : તો તો બહુ મઝા આવશે. મેં તો નકામું ગણિતનું લેસન કર્યું.

બહેનપણી-૨ : મેં તો અરધું જ કર્યું છે. મને તો દાખલા આવડતા જ નથી.

બહેનપણી-૧ : ચકુડી ! ચાલ નિશાળે....

બહેનપણી-૨ : ચકુ......! એ..... ચકુ !

ચકુ : (અંદરથી અવાજ આવે છે) એ આવી... ઊભી રે.

બહેનપણી-૧ : હજી વાળ ઓળાવતી હશે. (ચકુ આવે છે.)

ચકુ : અલી ઊભી રે, હું તો કંપાસ જ ભૂલી ગઈ છું.

[દોડીને ઘરમાં જાય છે.]

મમ્મી ! મારો કંપાસ રહી ગયો...

બહેનપણી-૨ : એક નંબરની ભૂલકણી છે ચકુડી.

બહેનપણી-૧ : (ગજવામાંથી કચૂકો કાઢે છે. એક મોંમાં મૂકે છે. બીજો બહેનપણીને આપે છે.) લે કચૂકો.

[ચકુ આવે છે. પિતાને સ્નેહથી સ્પર્શે છે. બહેનપણીઓ પાસે જાય છે.]

લે ચકુડી, કચૂકો.

[ત્રણે કચૂકો ખાતી ખાતી, વાતો કરતી કરતી જાય છે. દાદાજીનો અવાજ સંભળાય છે. મહિમ્નસ્તોત્ર ગાતાં ગાતાં એ બહારથી પ્રવેશે છે. નદી પરથી સ્નાન કરીને આવ્યા છે. આનંદપૂર્વક મહિમ્નસ્તોત્ર ગાય છે.

વૃક્ષ પાસે આવી હાથમાંની લાકડી વૃક્ષની ડાળી પર ભરાવે છે. મહિમ્નસ્તોત્રનું રટણ ચાલુ છે. ભીનું પંચિયું નીચોવવાનો અભિનય કરે છે. પછી વૃક્ષની ડાળી પર એને સુકવવાનો અભિનય કરે છે. લાકડી લઈને છગનભાઈના ઘર તરફ જાય છે : 'અરે છગન ! આજનું છાપું જરા આપને ભાઈ.'

'હા દાદાજી લો.' એવો સંવાદ અંદરથી સંભળાય છે. ઇન્દિરા ઘરમાંથી બહાર આવે છે. વૃક્ષના મૂળમાં હાથમાંના લોટાથી પાણી રેડવાનો અભિનય કરે છે. ચહેરા પર પ્રસન્નતા છે. પાણી રેડીને વૃક્ષની શાખાઓ તરફ જોઈ રહે છે. મૃદુતાથી સ્પર્શ કરે છે. દાદા હાથમાં છાપું લઈને પ્રવેશે છે.]

ઇન્દિરા : દાદાજી ! જુઓ જુઓ ! કેવી નાની નાની કૂંપળો ફૂટી છે !

દાદા : (નજીક આવીને જુએ છે) હા, બેટા ! ઘણી બધી કૂંપળો ફૂટી છે.

ઇન્દિરા : બપોરે તો અહીં સરસ છાંયો હોય છે.

ઇન્દિરા : પણ દાદા કાલે બપોરે એક કાગડો આવીને બેઠો અને કા-કા કરવા મંડ્યો. પછી ડાળી પર એણે તો બેત્રણ વખત ચાંચ ઘસી. હું તો થથરી ગઈ. મેં એને બૂમ પાડીને, તાળીઓ પાડીને ઉડાડ્યો. પણ મૂઓ ઊડે જ નહિ. ફરી

એને ચાંચ ઘસી. મારાથી રહેવાયું નહિ. કાંકરો લઈને ઉડાડ્યો. થોડી વાર થઈને ફરી પાછો આવીને બેઠો. કા-કા કરતો જાય ને ડાળી ઉપર ચાંચ ઘસતો જાય... પછી તો તમારી લાકડી લઈને જ હું તો ઊભી રહી.

દાદા : અરે બેટા ! આજે પરોઢિયે મને એક વિચિત્ર સપનું આવ્યું. સપનામાં ચંપક આવ્યો.

ઈન્દિરા : હેં દાદાજી !

દાદા : પણ કેવડો ચંપક ખબર છે ? સાવ નાનો-ટગુમગુ ચાલતો અને નાગોપૂગો.

ઈન્દિરા : (આછી લજ્જા સાથે સ્મિત કરે છે.) આજ પરોઢિયે આવ્યું'તું દાદાજી?

દાદા : હા બેટા, હું તો છે ને અહીં આંગણામાં બેઠો બેઠો છાપું વાંચતો'તો – ત્યાં મારી સામે આવીને ઊભો રહ્યો. 'બાપુજી ! બાપુજી !' સાંભળીને મેં છાપું ખસેડ્યું, એના હાથની મુઠ્ઠીઓ વાળેલી હતી. મુઠ્ઠી ઊંચી કરીને કે'કે બાપુજી ખોલો તો. મેં એની મુઠ્ઠી ખોલવાનો પ્રયત્ન કર્યો પણ ખૂલે જ નહીં. હું તો પ્રયત્ન કર્યા જ કરું પણ ખૂલે જ નહિ.

[ઈન્દિરા હસે છે.]

પછી એ લુચ્ચો હસી પડ્યો. બોલ્યો : 'બાપુજી ! ફૂંક મારો એટલે ખૂલી જશે.' મેં એની જમણી મુઠ્ઠીને ફૂંક મારી અને હથેળી ખોલી કે તરત ખૂલી ગઈ.

[ઈન્દિરાની આંખો ચમકે છે.]

એ હથેળીમાં શું હતું ખબર છે ?

ઈન્દિરા : (સાશ્ચર્ય) શું હતું દાદાજી ?

દાદા : સોનામહોરો.

ઈન્દિરા : સોનામહોરો ?

દાદા : હા... અસલ સોનામહોરો, ચમક ચમક થતું સોનું. એના હાથમાંથી મેં સોનામહોરો લઈ લીધી. પછી બીજા હાથની મુઠ્ઠી ખોલવા જતો'તો ત્યાં મારી આંખ ખૂલી ગઈ. કેવું વિચિત્ર સપનું ! સોનામહોરો !

ઈન્દિરા : હું જઉં દાદા, આજ તો ગળી રોટલી બનાવવાની છે, ચકુ કહીને ગઈ છે.

દાદા : હા, મારી ચકુને પૂરણપોળી બહુ ભાવે છે.

[ઈન્દિરા અંદર જાય છે, દાદા પાછળ પાછળ જાય છે. યાદ આવતાં પાછા વળીને વૃક્ષ પર સૂકવેલું પંચિયું ઉતારીને ખભે નાખે છે. હથેળી પર નજર નાખે છે. એક ક્ષણ અટકી જાય છે. સ્વપ્ન જોતા હોય તેમ હથેળીમાં સોનામહોરો જુએ છે. એમાંથી બે સેકન્ડ પછી જાગીને જરાક હસીને ઘરમાં જાય છે. ચકુ અને એની બહેનપણીઓ આવે છે.]

બહેનપણી-૧ : અરે પેલો બારીનો કાચ કેવો ખનનન કરતો તૂટી ગયેલો !

ચકુ : એ...ય પેલા મનીષને વાગતાં રહી ગયેલું.

બહેનપણી-૨ : અને આપણા સર કેવા ઑફિસમાં ઘૂસી ગયેલા.

બહેનપણી-૧ : આજે તો બહુ જ મજા પડી.

ચકુ : પેલા મોટા છોકરાઓ તો ગંદી ગંદી ગાળો બોલતા હતા.

બહેનપણી-૨ : દસમા ધોરણવાળા ને ?

બહેનપણી-૧ : હા હા.....

ચકુ : છિ... છિ.... એવી ગાળો કંઈ સરને દેવાય ?

બહેનપણી-૨ : એ દસમા ધોરણવાળા છોકરાઓ તો બહુ ખરાબ છે.

બહેનપણી-૧ : એ ચકુ ! ચાલોને આપણે દોરડાં કૂદીએ.

ચકુ : હા ચાલો.

[ચકુ જઈને ઓટલા ઉપર દફતર મૂકે છે. એ દરમિયાન બન્ને બહેનપણીઓ વૃક્ષની ડાળીઓ પર પોતાનાં દફતર લટકાવી દે છે. ચકુ દફતર ઓટલા પર મૂકીને આવે છે. ત્રણે સામસામાં ઊભાં રહે છે.]

ચકુ : ચાલો, રેડી ?

બંને બહેનપણીઓ : રેડી:

ચકુ : સ્ટાર્ટ.

[ત્રણે જણ એક... બે... ત્રણ એમ ગણતાં દોરડાં કૂદે છે. દશ સુધી ગણ્યા પછી ઝડપથી કૂદે છે.]

બહેનપણી-૧ : (અટકીને) એય... તમે લોકોએ તો એકદમ ફાસ્ટ શરૂ કરી દીધું. ઊભા રો, ઊભા રો.

[ચકુ અને બહેનપણીઓ ઊભાં રહી જાય છે. ઘરમાંથી ઇન્દિરાનો અવાજ આવે છે. 'ચકુ...! અંદર આવ તો.']

ચકુ : એ આવી મમ્મી. (બહેનપણીઓને) એ મારાં મમ્મી બોલાવે છે. હું જઉં છું.

[બન્ને બહેનપણીઓ વૃક્ષ પર લટકાવેલાં દફતર ઉતારે છે એ તરફ ચકુનું ધ્યાન જતાં]

એ....ય તમે તો મારા પપ્પા પર દફતર લટકાવી દીધાં છે.

બહેનપણી-૧ : આ તારા પપ્પા છે ?

ચકુ : હા... કેમ વળી ?

બહેનપણી-૨ : અરે આ તો ઝાડ છે.

બહેનપણી-૧ : હા, આ તો ઝાડ છે. આ તારા પપ્પા છે કંઈ ?

ચકુ : હા, આ મારા પપ્પા છે. નહિ પપ્પા ?

(ચકુ વૃક્ષને અઢેલીને બે હાથથી વળગીને ઊભી રહે છે. ચકુના કાન વૃક્ષને અડતાં દરબારીનો આલાપ સંભળાય છે. ચકુના ચહેરા પર સ્મિત છે. એની આંખો બિડાય છે અને એ સાંભળે છે. એનો કાન વૃક્ષથી અલગ થતાં આલાપ બંધ થઈ જાય છે.) મારા પપ્પા કેવું સરસ ગાય છે !

બહેનપણી-૧ : ગાય છે ?

ચકુ : કેવું સરસ ! તમે ના સાંભળ્યું ?

[બંને માથું હલાવીને ના પાડે છે.]

તમારે સાંભળવું છે ?

(બંને માથું હલાવીને હા પાડે છે.)

લો સાંભળો.

[બંને બહેનપણીઓ વૃક્ષને અઢેલીને કાન માંડીને સાંભળવાનો અભિનય કરે છે. કંઈ સંભળાતું નથી. બંને કાન ખસેડીને.]

બહેનપણીઓ : અમને તો કાંઈ સંભળાતું નથી.

ચકુ : મને સંભળાય છે ને.

[ચકુ વૃક્ષને અઢેલીને ઊભી રહે છે.]

બહેનપણી-૧ : ચલ ચલ, આપણે મોડું થશે.

બહેનપણી-૨ : હા... ચલ ચલ.

[બંને જાય છે. દરબારીનો આલાપ સંભળાય છે. ચકુની આંખો બંધ થતી જાયયય છે. ચહેરા પર સ્મિત છે. અવાજના તાનમાં વૃક્ષ અને ચકુ ધીમું ધીમું ઝૂલી રહ્યાં છે. પ્રકાશ ધીમે ધીમે ઓસરતો જાય છે. અંધકાર.]

દૃશ્ય : 4

(સવારનો સમય છે. ચકુ વૃક્ષની નીચે અઢેલીને બેઠી બેઠી કવિતા ગોખે છે :

હળવે હળવે હળવે હરિજી
મારે મંદિર આવોને;
મોટે મોટે મોટે મેં તો
મોતીડે વધાવ્યા રે.
કીધું કીધું કીધું મુજને
કાંઈક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મારું
ચિતડું ચોરી લીધું રે...

ચકુ કવિતા ગોખતી હોય છે ત્યાં ઘરમાંથી ઇન્દિરા આવે છે. હાથમાં થાળી હોવાનો અભિનય. એ ચકુ પાસે બેસે છે અને ફૂલની માળા ગૂંથવાનો અભિનય કરે છે.)

ઇન્દિરા : કવિતા મોઢે કરે છે ચકુ ?

ચકુ : હા, મમ્મી ! મારે કાલે ગુજરાતીની પરીક્ષા છે.

ઇન્દિરા : થઈ ગઈ મોઢે ?

ચકુ : હા મમ્મી. તું લઈ લે ને. જો આ કવિતા.

[ચકુ ઇન્દિરાને પુસ્તક આપે છે.]

ઇન્દિરા : હા, ચાલ બોલ.

હળવે હળવે હળવે હરિજી
મારે મંદિર આવોને;
મોટે મોટે મોટે મેં તો
મોતીડે વધાવ્યા રે.

કીધું કીધું કીધું મુજને
કાંઈક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મુજને
ના..... ના.....
લીધું લીધું લીધું મુજને
ના....ના.....

ઇન્દિરા : ક્યાં મોઢે થઈ છે બરાબર ?

ચકુ : મમ્મી એ જ લીટીમાં મારે લોચા પડે છે.

ઇન્દિરા : બરાબર પાકી કરી નાખ, લે.
[ચકુ મોટેથી પાઠ કરીને કવિતા ગોખે છે. ઇન્દિરા માળા ગૂંથે છે. બહારથી દાદા પ્રવેશે છે. ધોતિયું, ઝભ્ભો, બંડી અને માથે કાળી ટોપી. હાથમાં થેલી છે. ચકુનો અવાજ સાંભળીને એ ખુશ થાય છે. ચૂપકીદીથી એ ચકુની નજીક જઈ, પાછળથી લાકડી લાંબી કરીને ચકુના કાનને અડકાડે છે. ચકુ ચમકીને જુએ છે તો દાદાજી. દાદાજી હસી પડે છે.]

ચકુ : દાદાજી... હું તો બી ગઈ.
(દાદા હસે છે. ઝાડની નીચે પડેલી ખુરશી પર બેસે છે. ટોપી ઉતારીને ખોળામાં મૂકે છે.)

દાદા : ચકુ બેટા ! જરા આમ આવ તો.
(ચકુ દાદા પાસે જાય છે. દાદા બંડીના અંદરના ગજવામાંથી કશુંક કાઢીને -) જો આ શું છે ?

ચકુ : ફોટો છે દાદા. લાવો, લાવો મને જોવા દો. દાદાજી આ તમે છો. આ મમ્મી છે. આ વચમાં હું અને આ પપ્પા છે.
[ઇન્દિરા ઊભી થઈને હર્ષથી નજીક આવે છે.]

ઇન્દિરા : લાવ તો ચકુ મને જોવા દે તો ફોટો.
[ચકુના હાથમાંથી ફોટો લે છે.]
અરે વાહ ! દાદાજી કેટલો સરસ પડ્યો છે ! અરે ચકુ, તારો તો એકદમ સરસ ફોટો આવ્યો છે.

ચકુ : તે આવે જ ને. પેલા ફોટો પાડનાર આવ્યા'તા એમની પાસે કેવો ફાઈન કૅમેરો હતો !

ઇન્દિરા : દાદાજી, પેલા ચેકનું શું થયું ?

દાદા : બૅન્કમાં ભરી દીધો હમણાં. ચકુ બેટા આ થેલી લઈ જા અંદર. તારે માટે હલવો લાવ્યો છું. તને બહુ ભાવે છે ને ?

ચકુ : બહુ જ ભાવે છે. દાદાજી. લાવો લાવો.
[ઝડપથી થેલીને લઈને જાય છે.]

દાદા : અરે ચકુ ઊભી રે', ઊભી રે'. આ ખરી વસ્તુ તો રહી જ ગઈ.
[બંડીના ગજવામાંથી કશું કાઢીને બતાવવાનો અભિનય]

જો આ શું છે ?

ચકુ : દાદાજી ! આ તો ટિકિટો છે. કઈ ફિલ્મની છે ?

દાદા : દો જાસૂસ.

ચકુ : ઓહ દાદાજી ! બહુ મજા પડશે. ક્યારે જવાનું છે ?

દાદા : રવિવારે બેટા.

ઇન્દિરા : દાદા, તમે બે જ જણ જવાના છો ?

દાદા : હોય બેટા ? ત્રણ ટિકિટ લાવ્યો છું. તારે પણ આવવાનું છે.

ચકુ : પણ દાદાજી, આ વખતે તમારે મને આઈસક્રીમ ખવરાવવો પડશે.

દાદા : હા હા બેટા ! આઈસક્રીમ ખવડાવીશ.

ચકુ : બહુ જ હોં દાદાજી ?

દાદા : અરે તારી સામે આઈસક્રીમનો પહાડ જ ઊભો કરી દઈશ. તારે ખાવો હોય એટલો ખાજેને.

ચકુ : બહુ જ મજા આવશે દાદાજી.

(ચકુ ખુશ થઈને કૂદે છે.)

દાદા : પણ શરદી થઈ જશે તો - ?

ચકુ : નહિ થાય દાદાજી.

દાદા : સારું જાવ, થેલી લઈ જાવ અંદર.

ઇન્દિરા : ચકુ, આ માળા ને ફૂલ પણ અંદર લેતી જા.
(ઇન્દિરા ફૂલની થાળી ચકુને આપવાનો અભિનય કરે છે. ચકુ બધું લઈને અંદર જાય છે.)

દાદા : સવારે કોઈ આવ્યું'તું બેટા ?

ઇન્દિરા : ના દાદા. આજ તો કોઈ નથી આવ્યું. નિરાંત છે. લોકો એટલા બધા જોવા માટે આવે છે કે થાકી જવાય છે. પણ દાદાજી આપણને સારા એવા પૈસા મળ્યા નહિ ?

દાદા : તે મળે જ ને ! આ કાંઈ જેવાતેવા સમાચાર છે ! વિશ્વમાં આ તો પે'લો બનાવ છે, માણસ ઝાડ થઈ જવાનો. અંગ્રેજી છાપાંવાળાએ ખાલી ફોટા પાડ્યા અને એના પ્રશ્નોના આપણે જવાબ આપ્યા એમાં ફટ ચેક આપી દીધો.

ઇન્દિરા : અને દાદાજી, પેલા દિલ્હીથી આવ્યા'તા બટકા ને જાડા....

દાદા : પેલી ગોરી છોકરીની સાથે.

ઇન્દિરા : હા... એમણે પણ ખાસ્સા.....

દાદા : તે આપે જ ને. આ કાંઈ જેવો તેવો બનાવ છે ?

ઇન્દિરા : દાદાજી, હું તો બહાર જાઉં છું ને તે બધાં જ મને પૂછપૂછ કરે છે.

દાદા : અરે બેટા, આ તો ભગવાનની લીલા છે. ભગવાન જે કંઈ કરે છે તે સારા

માટે જ કરે છે.

(એક યુવતી પ્રવેશે છે.)

યુવતી : એક્સક્યૂઝ મી ! મિ. પંડ્યા અહીં રહે છે ?

ઈન્દિરા : દાદાજી !

દાદા : હા. આવો આવો, બેસો. હું જ પંડ્યા છું.
[આગંતુક યુવતી દાદાની પાસે પડેલી ખુરશી પર બેસે છે. પર્સમાંથી કાર્ડ કાઢીને આપે છે.]

યુવતી : આઈ એમ મિસ દારૂવાલા. હું વર્લ્ડ મૅગેઝીનની રિપ્રેઝેન્ટેટિવ છું. હું માનું છું આપને ત્યાં જ માણસમાંથી ટ્રી બની જવાનો અજબ બનાવ...

દાદા : હા... હા... મારે ત્યાં જ, આ જુઓ મારો ચંપક.
[મિસ દારૂવાલા ચંપક તરફ જુએ છે અને આશ્ચર્યથી ચકિત થઈ જાય છે.]

મિસ દારૂવાલા : ઓહ.... હાઉ વન્ડરફૂલ ! તમારા એ સન થાય ?

દાદા : હા બહેન, એ મારો દીકરો છે અને આ મારા દીકરાની વહુ છે.
[ઈન્દિરા હાથ જોડીને નમસ્કાર કરે છે.]

મિસ દારૂવાલા : ઓહ ! નમસ્તે. તમે મને આ પરિવર્તનની સ્ટોરી કહેશો ?

દાદા : હા... હા... કેમ નહીં.

મિસ દારૂવાલા : (નોટબુક અને પેન કાઢવાનો તથા લખવાનો અભિનય કરે છે.) એક મિનિટ પ્લીઝ, હા હવે બોલો.

ઈન્દિરા : જાણે એમ બન્યું કે એક દિવસ.....

મિસ દારૂવાલા : તારીખ કહેશો ?

ઈન્દિરા : તારીખ....

દાદા : ૧૨મી ઑગસ્ટ, પણ મિસ દારૂવાલા, તમારે આ બધી વિગતની શી જરૂર છે ?

મિસ દારૂવાલા : 'વર્લ્ડ મૅગેઝીન'માં આ આખી સ્ટોરી ફોટોગ્રાફ સાથે અમે રજૂ કરીશું. મોસ્ટ પૉપ્યુલર મૅગેઝીન છે. એની આખા જગતમાં થઈને પચાસ લાખ કૉપીઓ વેચાય છે. એ લોકોએ આ બાબતમાં સ્પેશ્યલ લેખ તૈયાર કરવાનું મને કહ્યું છે.

દાદા : એમ વાત છે ? પણ બહેન, એવું છે ને કે આજ સુધીમાં જે કોઈ ન્યૂઝપેપરવાળા આવ્યા છે એમણે આ માટે કંઈ ને કંઈ....
[અંગૂઠા-તર્જનીથી 'પૈસા'નો સંકેત કરે છે.]

મિસ દારૂવાલા : ઓહ ! હું સમજી ગઈ. યૂ નીડ નોટ વરી, મિસ્ટર પંડ્યા. જુઓ આ સ્ટોરી માટે અને થોડા ફોટોગ્રાફ્સ માટે હું તમને હમણાં જ ફાઈવ થાઉઝન્ડનો, આઈ મિન પાંચ હજાર ડૉલરનો ચેક આપી દઉં છું.

દાદા : પાંચ હજાર....

મિસ દારૂવાલા : યસ, ફાઈવ થાઉઝન્ડ ડૉલર, અમેરિકન ડૉલર, અને બીજી વાત, થોડા દિવસોમાં જ અમારા ટેલિવિઝનના પ્રોડ્યૂસર આવવાના છે, એક ફિલ્મ

લેવાનો પણ અમારો પ્લૅન છે. એ વખતે તમને બીજી મોટી રકમ....

દાદા : બરાબર છે, થેંક યૂ મિસ દારૂવાલા. ચાલો હું તમને આખી વાત વિગતવાર કહું.

[ઊભા થાય છે.]

જુઓ, બારમી ઑગસ્ટની સવારની આ વાત છે. એ દિવસે ધોધમાર વસસાદ પડતો હતો. અમારી ચકુડી, આ ચંપકની દીકરી વરસાદમાં નહાતી હતી.

ઇન્દિરા : ચકુ...! ચકુ બેટા...!

[ચકુ આવે છે.]

દાદા : આ રહી મારી ચકુડી. ચકુ આમ આવ બેટી. આ ચકુડી ભારે તોફાની છે. એ વરસાદમાં નહાતી'તી ત્યાં વળી મારા ચંપકને પરાણે નહાવા ખેંચી ગઈ. અને આ ચંપક પણ -

મિસ દારૂવાલા : (ચંપક તરફ ધ્યાન જતાં) માફ કરજો. ઇફ યુ ડૉન્ટ માઈન્ડ આ ફાઈન વેધરમાં થોડા ફોટોગ્રાફ્સ લઈ લઉં. પછી નિરાંતે તમે મને સ્ટોરી લખાવજો.

દાદા : હા... હા... બરાબર છે. સરસ તડકો છે એટલે ફોટા બરાબર પડશે.

[મિસ દારૂવાલા, નોટબુક ખુરશી પર મૂકી કૅમેરા ઉઠાવવાનો, ખોલવાનો અને ફોટા પાડવાનો અભિનય કરે છે. થોડા ફોટોગ્રાફ્સ લીધા પછી એ કૅમેરા મૂકવા જાય છે ત્યાં -]

ઇન્દિરા : બહેન ! મને કહેતાં જરા સંકોચ થાય છે, પણ તમે અમારો એક ગ્રૂપ ફોટો ન પાડો ?

મિસ દારૂવાલા : ઓહ ! યસ યસ એ તો ખૂબ જ જરૂરી છે. સારું થયું તમે મને કહ્યું. ચાલો દાદાજી, તમે આવી જાઓને.

[બધા બરાબર ગોઠવાઈ જાય છે. એક બાજુ ઇન્દિરા વૃક્ષની પાસે ઊભી રહે છે. બીજી બાજુ દાદા ઊભા રહે છે. નીચે ચકુ બેસી જાય છે.]

ઇન્દિરા : બહેન ! હું જરા સાડી બદલી નાખું ?

મિસ દારૂવાલા : નહીં, નહીં. કશી જરૂર નથી. ડાર્ક કલરની છે એટલે સરસ આવશે. જરા સ્માઈલ કરો. હું રેડી કહું એટલે સ્થિર થઈ જજો.

દાદા : એક મિનિટ..... જરા....

[દાદા આંખ પરનાં ચશ્માં ઉતારી ઝભ્ભાની ચાળથી કાચ સાફ કરે છે. પછી પહેરી લે છે અને ચહેરા પર સ્મિત લાવીને સ્થિર થઈ જાય છે.]

મિસ દારૂવાલા : ચાલો રેડી...

[બે સેકંડ પછી ચાંપ દબાવે છે.]

એમ જ રહેજો પ્લીઝ. ખસશો નહીં.

[બીજી સાઈડમાંથી બીજો સ્નેપ લઈ લે છે.]

ઓ. કે. થેંક યૂ.

ઇન્દિરા : બહેન ! મારો એક આઇડિયા છે ફોટો પડાવવાનો, કહું ?

મિસ દારૂવાલા : હા, કહોને.

ઇન્દિરા : હું રોજ એમને પાણી પાઉં છું. એક ફોટોગ્રાફ આ રીતે હું પાણી રેડતી હોઉં એવો.

મિસ દારૂવાલા : ઓહ ! ઇટ્સ એ વન્ડરફૂલ આઇડિયા. ચાલો, આવો આવો.
[ઇન્દિરા ઘરમાંથી પાણીનો લોટો લાવવાનો અને વૃક્ષ પાસે આવીને, નમીને પાણી પાવાનો અભિનય કરે છે.]
જરાક બાજુમાં... આ સાઈડમાં.
[ઇન્દિરા બાજુમાં કહેવા પ્રમાણે ગોઠવાય છે. માથાનો છેડો ખસી જાય છે એટલે હાથમાંનો લોટો નીચે મૂકવાનો અભિનય કરે છે. પછી માથાનો છેડો સરખો કરે છે. મોં પર સ્મિત છે. દૃષ્ટિ ઊંચી. મિસ દારૂવાલા ચાંપ દબાવે છે.]
થેંક યૂ ! ચાલો હવે મને સ્ટોરી કહો અને બીજું, મને તમારા પુત્રના જૂના ફોટોગ્રાફ્સ હોય તો તે પણ જોઈશે.

દાદા : હા હા છે ને. ચંપકે મૅટ્રિકની પરીક્ષા પાસ કરેલી ત્યારે પડાવેલો ફોટો છે.

ઇન્દિરા ::અને અમારા બંનેનો સાથે પડાવેલો ફોટો પણ છે.

મિસ દારૂવાલા : ઓહ, સરસ. ચાલો હવે મને કંપલિટ સ્ટોરી કહો.
[નોટબુક કાઢીને પેન ખોલીને લખવાનો અભિનય.]

દાદા : હા સાંભળો. તે દિવસે આ ચકુડી વરસાદમાં નહાતી હતી. પણ મારા ચંપકને પરાણે ખેંચી ગઈ. મૂળે મારા ચંપકનો શરદીનો કોઠો અને ચકુડીની સાથે ખૂબ નાહ્યો. હવે પછી એવું બન્યું બહેન કે ચંપક આ આંગણામાં અહીં ઊભો ઊભો નહાતો હતો ત્યાં અચાનક એના પગ જમીનમાં ચોંટી ગયા, સજ્જડ થઈ ગયા ને એ ઝાડ બની ગયો.
[દાદા હસે છે અને હાથ ઊંચા કરે છે. હાસ્ય અટકી જાય છે અને હાથ સ્થિર થઈ જાય છે. એક સેકન્ડ ફ્રિઝ થયા પછી તરત અંધકાર.]

દૃશ્ય : 5

(ઘરના ઓટલા પર, પગથિયા પર દાદા, ઇન્દિરા અને ચકુ ઊભાં છે.)

ઇન્દિરા : અને દાદાજી ! મોટા રૂમમાં ટાઈલ્સ પેલી આપણે પસંદ કરી હતી મોટી ડિઝાઈનની એ જ નાખવાની છે ને ?

દાદા : હા બેટા.

ઇન્દિરા : અને રસોડામાં મારે આમ ઊભું સ્ટેન્ડિંગ કિચન જોઈએ.

દાદા : હા હા... ઊભું રસોડું જ બનાવશું અને આપણી ચકુડી માટે એક વાંચવાનો નાનો રૂમ પણ બનશે.

(એન્જિનિયર મજૂર સાથે પ્રવેશે છે.)

એન્જિનિયર : નમસ્તે દાદાજી ! નમસ્તે બહેન !

દાદા : લો આ આવ્યા એન્જિનિયર.

એન્જિનિયર : લો બહેન આ પ્રમાણેનો આપણો પ્લાન છે. મંજૂર થઈ ગયો છે.
[ઇન્દિરાના હાથમાં પ્લાન આપે છે. ઇન્દિરા પગથિયાં ઊતરીને નીચે આવે છે. ઇન્દિરાના હાથમાંથી ચકુ પ્લાન લઈને જુએ છે.]
દાદાજી ! આપણે આજથી કામ શરૂ કરી દઈએ છીએ. (મજૂરને) જુઓ અહીંથી આ પ્રમાણે વીશ ફૂટ લંબાઈનું ખોદકામ કરવાનું છે ત્યાંથી આ પ્રમાણે બાર ફૂટનું અને (ઇન્દિરાને) બહેન ! આ ઝાડ વચ્ચે આવે છે -

ઇન્દિરા : કાપી નાખો.

એન્જિનિયર : (મજૂરને) એમ કરો. પહેલાં વચ્ચેથી આ ઝાડ દૂર કરો.
[મજૂર કુહાડીથી વૃક્ષ પર ઘા મારવા જાય છે ત્યાં ચકુ દોડીને 'પપ્પા...' એમ ચીસ પાડતી આવે છે. મજૂરને ધક્કો મારીને એ વૃક્ષને વળગી પડે છે. ઇન્દિરા એને સમજાવી ફોસલાવીને પરાણે વૃક્ષ પરથી ખેંચે છે અને ત્યાંથી દૂર લઈ જાય છે. ચકુ ઇન્દિરાની છાતીમાં માથું દબાવી 'ના....ના....' કરતી ડૂસકાં ભરે છે.
મજૂર વૃક્ષ પર કુહાડીના ઘા શરૂ કરે છે. તોડીનો આલાપ સંભળાય છે. કુહાડીના ઘા સાથે વૃક્ષ અને આલાપ હચમચે છે. ચોથા ઘા પછી ધીમે ધીમે અંધકાર. અંધકારમાં પણ બીજા બે ઘા અને આલાપ સંભળાય છે.]

[પડદો પડે છે.]

2

ઝેરવું

મધુ રાય

પાત્રો :હું : પુરુષ, 25થી 35ની આસપાસ, સાદો પોશાક, સહેજ કદરૂપો, તમે : પ્રેક્ષકો (વાચકો), દેવલાલ : 25 થી 35ની આસપાસ, ખૂબ ચીવટવાળાં, ખૂબ સારાં કપડાં, ખૂબ દેખાવડો, અજિત : એ જ ઉંમરનો, કસરતી શરીર, તલવારકટ મૂછો, સારો પોશાક, ખભે કૅમેરા, ચંડીદાસ : એ જ ઉંમર, ખૂબ ગોરો, એકવડો બાંધો, ખૂબ ખૂબ સરસ કપડાં, કુમારી : 22 થી 25, હૅન્ડલૂમની ભારેમાં ભારે સાડી વગેરે, ઊંચા ઘરની અણસાર, આયેશા : ખૂબ તંગ, લાલભડક સલવાર-કમીઝ; ઉર્દૂ શાયરીની નાયિકા, દેવિકા : ચશ્માં, ઉંમર, એ નહીં કહે. સાદાં કીમતી કપડાં.

[પડદો ખૂલતાંની સાથે જ તાળીઓના ગડગડાટ (રેકોર્ડ) લગભગ 20-30 સેકંડ સુધી સંભળાય છે અને છલાંગ મારીને 'હું' ઊભો થાય છે, પથારી લાત મારીને સમેટી લે છે, ઉપાડીને એક ખૂણામાં મૂકી દે છે. આળસ મરડતો નથી, કે તમે જોયેલાં ગુજરાતી નાટકોમાંનાં ઊંઘમાંથી ઊઠેલાં પાત્રોની જેમ બગાસું ખાતો નથી. લગભગ સાંજ પડી ગઈ છે, અને 'હું' એકાદ નૅપકીનથી બધું ઝાટકે છે. કોઈ આવવાનું છે, અને 'હું'ના પહોળા રૂમમાં કંઈક થવાનું છે : 'હું' એમાં ખૂબ અગત્યનો ભાગ ભજવવાનો છે, એટલે સૂઈને ઊઠ્યો હોવાનું લાગવા દેવાનું નથી.

તાળીઓના ગડગડાટ શમે - ત્યાં જ એના અનુસંધાનમાં બારણું ખડખડાવવાનો અવાજ સંભળાય છે. એ 'તમે' છો.]

'હું' : ખુલ્લું જ છે. ધક્કો મારો એટલે ખૂલી જશે. (ખડખડાટ) અરે ધક્કો મારોઓઓ...

[રૂમની વચ્ચે સારું એવું ચોગાન જેવું બનાવે છે, ખુરશીટેબલ ફોલ્ડિંગ–ચાના બેત્રણ પ્યાલા, સિગારેટનાં ત્રણચાર ડઝન લાગે એટલાં પાકીટ મચડી નાખેલાં, એશ-ટ્રે, ઉપાડવા જતાં એમાંથી થોડીક નીચે વેરાય... બધું હટાવી જગ્યાએ મૂકી દે છે !... ખડખડાટ]

'હું' : અરે બંધ હોય તો વેન્ટિલેશનમાંથી હાથ નાખી સ્ટૉપર ખોલી નાખો...

[ખડખડાટ બંધ થાય છે, સ્ટૉપર ખૂલે છે અવાજ - બારણું ઊઘડવાનો અવાજ, અને 'તમે' આવો છો. સ્ટેજ ઉપર અદૃશ્ય છો, પણ હું તમને 'જુએ' છે, ઉત્સાહ અને સન્માનથી આવકારે છે.]

'હું' : આવો, આવો, બેસો, આજે, બધા આવવાના છે.

['તમે' પ્રેક્ષકોની દિશામાં જઈ જાણે બેસો છો, અને 'હું' તમારા ચાલવાની સાથે સાથે મોઢું ફેરવી-ફેરવી સૂચવે છે કે 'હું' તમને જોઈ શકે છે, તમે બેસી ગયા પછી 'હું' પ્રેક્ષકો તરફ મોં રાખીને જ તમારી સાથે વાત કરે છે, એટલે કે, પ્રેક્ષકો જ, જાણે 'તમે' છે.]

'હું' : બધાં આવવાનાં છે સમજ્યા ? (આંખ મિચકારી) બધાં ! (કહેવા ધારેલી મજાકની પ્રસ્તાવના રૂપે સડસડાટ હસીને) નાટકનું થીમ શું છે ખબર છે ? (તમને કાનમાં કહેતો હોય એમ કંઈક કહે છે. હસે છે, પ્રેમથી હસે છે, બહુ ઉત્સાહમાં છે.) તમને વાંધો નથી ને ? તો બસ; કારણ કે જરા અડધોપોણો કલાક સહેજે નીકળી જશે. પણ મજા આવશે. એ - આ આવ્યો દેવલાલ.

[આવ્યો છે, એક ખુરશી ઉપર બેસી ખિસ્સામાંથી બેત્રણ પાકીટ સિગારેટનાં કાઢી સિગારેટ પીતો હોય છે.]

'દેવલાલ' : કોઈ નથી આવ્યું ! (તમારી તરફ જોઈ.) ઓહો, કેમ છો ?.. બસ મજામાં... હા, હું પણ... શું થયું આ હાથ ઉપર ?... સોજો ચડ્યો લાગે છે.. (ઇત્યાદિ).

'હું' : આવશે-આવશે બધાં આવશે.

[આવે છે, એક એક કરીને ખુરશીઓ ઉપર બેસતા જાય છે, હુંની સાથે રોજ ત્રણચાર વાર મળવાનું થતું હોય એમ નમસ્તે કે હલો કોઈ કરતું નથી, પણ બધા એકબીજાની સામે સંતોષથી હસે છે. તમારી તરફ તમને ઓળખતા હોય એમ ચોરીછૂપીથી જોઈ લે છે, અને પોતપોતાની ઓળખાણ થઈ જવાની રાહ જુએ છે.]

'હું' : (તમારી તરફ ઇશારો કરી દેવલાલ સિવાયનાં બધાંને) કેમ ? ફાવશે ને ? મળ્યું છે કોઈ (તમારી તરફ) આમને ?

'અજિત' : ના.

'કુમારી' : ડચ.

'દેવિકા' : અહંક.

'ચંડીદાસ' : ના, મળ્યા તો નથી. આમ ઓળખું છું ખરો.

'આયેશા' : (ડોકું ધુણાવે છે.)

'હું' : આ આયેશા, મારા દિલની એકમેવ સામ્રાજ્ઞી, જેના વાળની એક એક લટ ઉપર દેશોની, રાષ્ટ્રોની ખુવારી સર્જાઈ જાય એવી સદીઓમાં એકાદ પાકે ત્યારે સેનાનીઓ, સમ્રાટો, શ્રેષ્ઠીઓ જાનફેસાનીની હોડમાં ઊતરી ફના થઈ જાય, મહાકાવ્યો રચી જાય એવી આ એક, મારા એકલાની; મારા બાહુઓની વચ્ચે કેદ, મારાં નેત્રોને દોરે દોરે વીંટળાયેલી આયેશા, કદાચ આવતે વર્ષે, કદાચ આવતે જન્મે, કદાચ આવતે કલ્પે, મારી થનારી મહેબૂબા, પત્ની આયેશા.

[આયેશા, થયેલાં વખાણ ખોટાં હોય તોય એને ખૂબ આનંદ થયો છે.

ઊભી થઈ, તમને નમસ્તે કરી સ્ટેજની વચ્ચોવચ્ચ ઊભી રહે છે - તમનેય કદાચ ભ્રમ થઈ આવે, એ તમારી મહેબૂબા થવાની છે, એવી રીતે]

'હું' : આ દેવિકા, હોમ સાયન્સમાં ડિપ્લોમાનું ભણે છે. નર્સિંગનું પણ શીખી છે, જેનો સૌમ્ય ચહેરો સોમરસની યાદ દેવડાવે છે. જેનો ભીનો વાન કેટલાયના હાથપગ ભીંજાવી ગયો છે, જેની માંજરી આંખોની પૂતળીનાં કેસરી કૂંડાળાંમાં એણે પોતાનું રૂપ ઘૂંટીઘૂંટી સંરક્ષી લીધું છે, અને જેનો નીચલો પુષ્ટ શ્યામગુલાબી હોઠ ચોરસ પોખરાજ જેવા દાંતોમાં કચરાય છે ત્યારે તમને - (શબ્દ ખૂટી જાય છે.)

'દેવલાલ' : ટૂથપેસ્ટની જાહેરખબર યાદ આવે છે. (કોઈ હસતું નથી.)

[મંત્રમુગ્ધ થઈ દેવિકા ઊભી થાય છે, હિપ્નોટાઈઝ્ડ હોય એ રીતે આયેશા પાસે ઊભી રહે છે. દેવિકા-આયેશા કરતાં વધુ ઉંમરની છે, અને એના પોશાક, ચહેરા પરથી એને કદી પણ આયેશાની ઉંમર આવી નહોતી એવું દેખાય છે. ઉંમર કરતાં વધુ અનુભવી અને... જેના ભીના વાન ઉપર કેટલાયના હાથપગ ભીંજાયા હોય એવી અને છતાં દરેક વખતે અંતે એની આંખો જ ભીની થતી હોય એવી.]

'હું' : ચંડીદાસ ! આ ચંડીદાસ, પેલો કહેવાતો દુષ્ટજન. જેની સોબતથી પારેવા જેવા માણસોને બાજ બનવાની ધૂન ચડે, જેના મસ્તિષ્કમાં આલ્કોહોલની સડાંધ બેસી ગઈ છે, અને જેણે કોઈ દિવસ કોઈ ઈશ્વર, કોઈ પેગંબર કે સાધારણ જનની પાસે માથું નમાવ્યું નથી, સિવાય કે ઓછી ઊંચાઈની છોકરી પાસે. ચંડીદાસ, એક કાળે જેણે હથિયાર વાપર્યાં હતાં, હવે માત્ર ઠંડી લડાઈઓ લડે છે.

ચંડીદાસ ઇમ્બેસાઈલની જેમ ઊભો થાય છે, આજુબાજુ જુએ છે અને મચ્છીબજારમાં વૈષ્ણવ જઈ ચડ્યો હોય એવી રીતે પેલી બંને સ્ત્રીઓની સાથે - એમનેથી છેટે ઊભો રહે છે.]

'દેવલાલ' : (તમને) તમે આની વાત ઉપર જશો નહિ. કેટલીક વાર એ શબ્દો માત્ર એના ધ્વનિ માટે વાપરે છે. એક વાર એણે મને પૂછ્યું હતું - ભ્રૂકુટિ એટલે શું ?

[નકલી અટ્ટહાસ્ય, કોઈ હસતું નથી. હું એની તરફ ડોકું ફેરવી જોઈ, નાટકીય રીતે ફરી મૂળ પોઝમાં આવી ધડાક લઈને તર્જનીથી અજિતને ચીંધે છે.]

'હું' : આ અજિત, એના બાપુજીને ખાંડનો ધંધો છે, અને અજિતને ફોટોગ્રાફીનો શોખ છે. પચીસ વર્ષે એની છાતી ખૂલી નથી, જીભ ખૂલી નથી, આંખો ખૂલી નથી. બાપુજીની દુકાને બેસે છે અને મુનીમથી ધ્રૂજે છે. ફોટો પાડતાં શીખ્યો ત્યારથી આયેશાની ઉપાસના કરે છે. આયેશા ન સહી દેવિકાનો કૃપાભાજન થવા હાથપગ પછાડે છે, અને હવે કદાચ કુમારીની પલકો પર જીવે - મરે છે. એની એક ફોઈ નાનપણમાં વિધવા થઈ હતી. એની પાસે જ ઊછર્યો છે, અને હું તમને (એક ડગલું તમારી તરફ ભરી લખવાનો અભિનય કરે છે.) લખી આપું છું કે એ સ્ત્રી આ છોકરાને ગ્રસી જશે.

અજિત દેવિકાની પાસેપાસેની ખુરશીમાં બેસે અને ગોઠણ અડી જાય તો કૃતકૃત્યતા અનુભવે છે.

[અજિત ક્રોધથી લાલચોળ થઈ ઊભો થાય છે. એની તલવારકટ મૂછો, સખત મજબૂતીથી ધારદાર બનેલી મોઢાની રેખાઓ સાથે આબાદ મેળ ખાય છે. અજિત બધાને હાથ પકડી બેસાડી દે છે, હુંને ઝનૂનપૂર્વક ગળચી પકડી –]

'અજિત' : નશો કર્યો છે કમબખત ? (તોછડાઈથી ધક્કો મારી તમને -) આની એક પણ વાત સાચી નથી. એ શું બકે છે એનું એને ભાન જ નથી. પેલી આયેશાના મામૂલી પરિચય સિવાય એ એને ઓળખતો જ નથી. દેવિકા સાથે એણે કુત્સિત રમત શરૂ કરી હતી એટલે જ દેવિકા જાહેરમાં બદનામ થઈ હતી અને હવે જેમતેમ જીવે છે. આ માણસ ('હું'ને ચીંધીને-) શબ્દોનો મદારી છે. એ એવી કુટિલતાથી શબ્દો ગોઠવે કે તમને સાંભળ્યા કરવાનું મન થાય, પણ સાચા ન માનશો, એ શબ્દો માત્ર દેખાવના છે, ચાંદીના વરખ જેવા.

'દેવલાલ' : બેસી જા, બેસી જા (હું ચીંધીને-) આજે એને હીરો થવું છે. આજે બધાંનાં ચરિત્રચિત્રણ કરી એ કોઈક પર્વટ રીતે ખુશ થાય છે, પણ મારી પાસે છેલ્લે કહેવા લાયક એક એવી વાત છે એ કહ્યા પછી ગુસ્સે થવાની જરૂર નહીં રહે.

[તમારી સામે કાવતરાબાજો એકબીજા તરફ જુએ એવી નજરથી જોઈ, તમે સમજી ગયા છો એવા સંતોષથી તથા પોતે કેવો ઉચ્ચ માનવ છે એવા ગૌરવપૂર્ણ સૌષ્ઠવથી બેસી જાય છે. અજિતે ક્યારનો હુંને છોડી દીધો હોય છે, પણ હું એની પાસેથી એવી રીતે હટે છે, જાણે જાતે જ છૂટ્યો હોય. હું ફરીથી સ્ટેજની વચ્ચોવચ્ચ કોઈ પયગંબર બોલતો હોય એવા મોભાથી, દૈવી આભાચક્રથી મંડિત હોવાના ભ્રમ સાથે કોઈ ગેબી શાંતિથી ઊભો રહે છે. 'તમે' હવે તમે નથી. તમને પણ એણે પોતાનામાં સમાવી લીધા છે. હવે જાણે એ અખિલ વિશ્વબ્રહ્માંડને ઉદ્દેશીને બોલે છે, જાણે કે એના અવાજના પડઘા દશે દિશાઓમાં પડે છે. સ્ટેજ મૅનેજમેન્ટ 'હું'ના એ ભ્રમનો બે-ત્રણ વાર પડઘો પણ, પાડી પણ શકે.]

'હું' : હા, મને ખબર છે, દેવલાલ શું કહેવાનો છે એની – ('હું'ની શાંત અને સંયત મુદ્રા પહેલાંના અતિરંજિત અતિઅભિનયથી તદ્દન વિપરીત દેખાઈ જ આવે છે) પણ મને એની પડી નથી. આ બધાનો પરિચય આપવા જતાં પહેલાં, મારે મારો પોતાનો પરિચય આપવો જોઈતો હતો, જેથી એવું ન બને કે હું એકલો જ મારી બોલી સમજી શકું. અજિત, ચંડીદાસ, કુમારી, આયેશા, દેવિકા... જુઓ જુઓ તમને હું મારો પરિચય આપું છું. તમે ઓળખતાં નથી, મને તમે ઓળખતાં નથી. મારા એવા વ્યક્તિત્વનો – જે તમે કોઈ રાત્રે જોઈ શકશો નહીં (અવાજ ચતુર્ગુણ બુલંદ થઈ જાય છે.) રાત્રિની અંધ-બધિર એકલતામાં હું મારી ઇન્દ્રિયોનાં બારણાં બંધ કરી મારાં આંતરડાંઓમાંથી ચિત્કાર કરી આયેશા, આયેશાની ગર્જના કરું છું.

આયેશા કેટલીય વાર મારા પડખામાં હાંફી હાંફીને મને ચાહવાના એકરાર કરી ચૂકી છે, અસંખ્ય વાર એના ધ્રૂજતા હોઠથી એણે મને એના મનોરાજ્યનો શાસક સ્થાપ્યો છે, પરંતુ હું સહેજ પણ એકલો પડતાંની સાથે જ એની હથેલીની રુવાંટી વગરની ચામડી ઊતરડી એના ધ્રૂજતા હોઠ નીચે હજારો મોઢાવાળા પ્રેતની તગતગતી આંખો જેવા દાંત ઉપર ઘોડાની નાળવાળા મારા બૂટના હથોડા મારી આ કુત્સિત કુટિલ કમજાત છોકરીના અસ્તિત્વને નષ્ટભ્રષ્ટ કરી દેવાનાં કાવતરાં રચું છું. હું એને ચાહું છું – પણ હું એને એક કરોડ વાર ધિક્કારું છું. મને આખો ને આખો ગળી જવાની એની ચાલ હું સમજું છું. આ આ – આ અઠ્ઠાવન ઈંચની આ પૂતળી મને એની હથેળીમાં એક જીવડાની જેમ પૂરી રાખવા માગે છે. અને આ દુનિયાના હવાપ્રકાશથી દૂર એ ફરીથી મને એના ગર્ભના ઈંડામાં પૂરી દેવા માગે છે. ધિક્કાર, ધિક્કાર, ધિકકકકકકકાઆઆર, ઓહ, ઓહ.

[કોઈ પોતાની જગ્યાએથી ખસતું નથી. બધા પ્રેક્ષકોની જેમ જ શાંત બેઠા છે. પ્રકાશનો રંગ બદલાય છે અને હું સ્ટેજ ઉપર બેસી જાય છે, જાણે મેદાનમાં બેઠો હોય તેમ. કુમારી ચૂપચાપ એની પાસે આવીને બેસી જાય છે, બંને જાણે બેત્રણ કલાકથી બેઠાં છે.]

'હું' : કુમારી ! (વધુ સ્વપ્નિલ)

'કુમારી' : હંઅંઅં ! (વધુ સ્વપ્નિલ)

'હું' : કાંઈ બોલતી કેમ નથી ?

'કુમારી' : શું બોલું ?

'હું' : જે વિચારે છે એ બોલ !

'કુમારી' : હું વિચારું છું કે પ્રેમ શબ્દ કેવો રૂપાળો છે ?

'હું' : ઓહ, ઓહ, કુમારી, (સીધો બેસી સમજાવવાની મુદ્રામાં) કુમારી, હું આપણી ભાષામાંથી 'પ્રેમ શબ્દ બદલી નાખવા માગું છું. પ્રેમ, પ્રેમ, ચાહવું, ચાહવું, એ શબ્દો હવે પોલા, અર્થહીન, નિર્જીવ, નિર્વીર્ય થઈ ગયા છે, એમાં એક સ્ત્રૈણ ભાવ ભરાઈ પડ્યો છે. એમનો ઉચ્ચાર થતાં મનમાં એક સ્ત્રી અને એક પુરુષના મિલનનો અણસાર નથી આવતો. સર્જન વખતની એકાત્મકતાનો, પરસ્પરના વ્યક્તિત્વમાં પ્રવેશ કરતી વખતે ફૂટતી અસંખ્ય દીવાલોના બારુદનો એમાં કોઈ ઈશારો નથી રહ્યો. 'પ્રિય' હવે યૌવનની શરૂઆતના અંગમાંથી 'પ્રિય' પાત્રોની શરૂઆતનું અંગ બની ગયો છે.

'કુમારી' : તને શું થઈ ગયું છે, માઈ ડાર્લિંગ ? હું ખરેખર, સાચેસાચું કહું છું: હું તને ચાહું છું. પ્રેમ કરું છું, પ્યાર કરું છું, મહોબ્બત કરું છું.

'હું' : (ખડખડાટ) અને હું તને ચાહતો ન હોઉં તો ?

'કુમારી' : તો શું છે ? હું તો તને ચાહું છું જ.

'હું' : (ફરી ખડખડાટ પાગલની જેમ) મૂર્ખ, નાદાન, તું મને નહિ, તારા મનમાં તું મને જે સમજે છે એને પ્રેમ કરે છે. હું જીવું-મરું એ તારા પ્રેમ માટે

અગત્યનું નથી. હું ખરેખર ગમે તેવો હોઉં, એ પણ તારા માટે અગત્યનું નથી, માત્ર તને (પોતાના તરફ સાંગોપાંગ હાથથી ઈશારત કરી) આ જે - જે દેખાય છે, તે - તે જ તારે માટે અગત્યનું છે. સમજી. તું મને ચાહતી નથી. તેં કલ્પેલા મારા રૂપને ચાહે છે. (ખડખડાટ) અને હું જન્મ્યો ન હોત તો ગમે તેનું નામ લઈ તું આત્મરતિ કરત, તું આત્મરતિ કરવાના એક નામને જ ચાહે છે...

'કુમારી' : (ફાટી આંખે, પણ જરાય વિચલિત થયા વિના) તો ચાહવું એટલે તું શાને કહે છે ?

'હું' : ઝેર, ઝેર, ઝેર. ચાહવું એટલે તો 'ઝેરવું'. તને મારી ઉપર જરાય ઝેર ચડે છે ? મને ચુંબન કરતી વખતે તને કોઈ વાર લાગ્યું છે, કે તું કોઈ નાગનું મોં ચૂસી રહી છે ? ના ! તારો પ્રેમ હાડકા વિનાનો છે. ચાહવું એટલે ઝેરવું, ઝેરવું - જા હું પણ તને ઝેરતો નથી. તું મને હંમેશાં પેલી ચાર વર્ષની હતી એવી જ લાગી છે. તારી ઉંમર વધી નથી. તારી ફૅશન વધી નથી. તું આજીવન વંધ્યા રહેશે, સમજી ? સર્જનનો એક રેલો તારી પાસે આવી પૂરો થાય છે.

[ફરી મૂળ પ્રકાશ અને કુમારી પહેલાંની જેમ હતી એમની એમ બેઠેલી દેખાય છે. હું પહેલાંની જેમ જ ઊભેલો, ધિક્કારો કરતો]

'હું' : એ જ દિવસથી, એ જ ક્ષણથી, હું તેને – કુમારીને ધિક્કારતો થઈ ગયો અને તે જ દિવસથી એ ટચલી આંગળી જેવડી લાગતી છોકરી ઉજ્જડ બંજર મનોભૂમિ મેં મારા શબ્દોથી જાણે કે ખોદીખેડી નાખી તે જ દિવસથી આ કુમારી મને 'ચાહતી' (હવામાં હાથ ઊંચા કરી 'ચાહતી' બોલે છે) બંધ થઈ ગઈ. અને એકાએક એની ઉંમર વધી ગયેલી લાગી. એ ઢીંગલીને પ્રેમ કરતી બાળકીમાંથી નાગણ થઈ, અને હું, અજાણતાં મેં એનામાં ભરી દીધેલી તાકાતનો ગુલામ થઈ ગયો. ત્યારે જ મને (દાંત કચકચાવી આયેશાની ગળચી પકડી તમારી સામે કેદીને હાજર કરતો હોય તેમ) આ વિષકન્યાના વિષની, ઝેરની, પ્રતીતિ થઈ.

[હાંફે છે, હાંહાંહાંહાંફે છે, હાંફે છે. ફરી પ્રકાશનો રંગ બદલાય છે. ચંડીદાસ અને આયેશા સામસામાં ઊભેલાં દેખાય છે. આયેશા પોતાના વાળની લટોને આંગળીથી ગોળગોળ વીંટી કપાળે ચોંટાડેલા હાથની કોણી શોખીથી હલાવે છે. જાણે કોણીથી ના-ના- ના પાડે છે.]

'આયેશા' : ના (હોઠ બતકની ચાંચ જેવા કરી) નાંઅ. (કોણી વધુ ને વધુ માર્દવથી ડોલે છે.)

'ચંડીદાસ' : (રસિકતા) તો ના સહી ! પણ તું જ્યારે મને યાદ કરે ત્યારે તારો એક વાળ ખેંચી હવામાં હલાવજે. ચંડીદાસ આવી જશે. (ચાલ્યો જાય છે.)

[હું આયેશાની સામે આવે છે, ડોલતી કોણીને આંચકો મારી પકડી લે છે.]

'આયેશા' : આવ્યો, તું આવ્યો ? ('હું'ના બંને હાથ જકડી લે છે.) ચાલ, આપણે મરી જઈએ.

'હું' : (પ્રસન્નતાથી) કેમ ?

'આયેશા' : હું તને બીજા કોઈની પાસે ઊભેલો કલ્પીને પાગલ થઈ જાઉં છું, તું મારો છે, મારો જ છે, (કાંપતાં ફેફસાંમાંથી, એકએક શબ્દ પીસેલા દાંતમાંથી નક્કર સીસાની ગોળીની જેમ છૂટે છે. હું જે બારુદનો ઉલ્લેખ કરતો હતો એ બારુદનો વિસ્ફોટ આયેશામાં સંભળાય છે.) મારે તારી છાતીમાંથી ખોબેખોબે ભરીને તારું રુધિર પીવું છે, તારી પાંસળીઓમાં હાથ નાખી એક એક પાંસળી બટકી બટકીને મારે ચાવવી છે. આવ, આવ, મારે તને મારી નાખવો છે. આવ, આવ, તું મને મારી નાખ. મારા વાળ પકડી ચક્કર ચક્કર ફેરવી મને પછાડ. પથ્થરો ઉપર પછાડી પછાડી મારું શરીર સપાટ બનાવી દે. મારી મોં-ફાડને તારા હાથથી ચીરી મારા ગાલ ફાડી નાખ. મારી ગર્દનને તારા પૌરુષથી વીંધી મારી ખોપરી આકાશમાં ઉછાળ. આવ, આવ આપણે મરી જઈએ, હું ભરડો લઈ ધૃતરાષ્ટ્રની જેમ તને કચરી નાખું, તું મારાં હાડકાંનો ખળભળાટ ભડકાવ.

[હાથ લાંબા કરી ઝનૂનથી હુંને ભરડો લેવા જાય છે, અને પ્રકાશ ફરી અસલ રંગમાં આવી જાય છે. આયેશા સ્વસ્થતાથી પોતાની જગ્યાએ જ પહેલાંની જેમ જ બેઠી હોય છે. હું પહેલાંની જેમ જ ઊભેલો, ચિત્કાર કરતો, પસીનાથી તર, હાં-ફતો.]

'હું' : (તમને ક્યારનું કંઈ કહેવા પ્રયત્ન કરે છે, અને હાથ વડે પોતે હાંફી લે ત્યાં સુધી ધીરજ રાખવા કહે છે.) ચંડીદાસથી (ચંડીદાસ એ દરમિયાન આવીને બેસી ગયો હોય છે.) હું (હાંફવું આખરે ઓછું થાય છે.) હું ચંડીદાસથી ડરતો મને એની હાજરી માત્રથી મારામાં કોઈ હ્રાસ થતો લાગતો અને એકાએક મને લાગતું કે મારો નંબર બીજોછે. ચંડીદાસની અતિ વિનમ્રતા, મને ઠંડી ધાર જેવી લાગતી. મને લાગતું કે ચંડીદાસ ભયંકર ચંડાલ છે. એનામાં, એની દેખીતી ઇમ્બેસાઈલ વિનમ્રતામાં ઝેરનો દાવાનળ છે, અને આયેશા જ્યારે મારું આહ્વાન કરતી ત્યારે મને જાણે એ ચંડીદાસનું આહ્વાન કરતી હોય એવું લાગતું. આયેશા જે વિસ્ફોટક પૌરુષ, જે પિશાચિક ક્રૂરતા મારી પાસે માગતી હતી એ બધામાં મને ચંડીદાસનું ચરિત્રચિત્રણ લાગતું. (ખુરશી પકડી લે છે.) અને એક દિવસ મને સમજાયું કે આયેશા અજાણ રીતે જ ચંડીદાસથી આકર્ષાઈ છે, હું માત્ર નિમિત્ત હતો, માત્ર ડમી. એક દિવસ આયેશા મારી અસલિયત ઓળખી જશે અને 'ચંડીદાસ, ચંડીદાસ'ના સાદ કરતી પોતાના માથાના વાળ હવામાં વીંઝશે. ચંડીદાસ હાજર થશે... અને હું મુઠ્ઠીઓ વાળી નાસી છૂટ્યો (મુઠ્ઠીઓ ભીંસી દેવલાલને જાણે કોઈ વાત સમજાવતો હોય તેમ) હું સાચું કહું છું, દેવલાલ, આયેશા ગાંડી છોકરી છે, એ માનસિક રોગી છે, એનું ઝનૂન બનાવટી છે. છોકરાને જેમ ડાક્ટર ડાક્ટર રમવું ગમે એમ એને બેહદ-બેહદ પૅશનેટ હોવાનું ગમે છે. તું જ કહે, હું મુઠ્ઠીઓ વાળી નાસી ન છૂટું ? (બાળકની જેમ રોતલ.)

[દેવલાલ કંઈ બોલતો નથી. એ માત્ર તમારી સામે જોયા કરે છે. દેવલાલ

બિલકુલ સ્વસ્થ છે, અને આ બધું પૂરું થવાની જાણે રાહ જુએ છે. ખ્યાલ રહે : હજી સુધી એક વાર પણ એણે 'હું'ની સામું આંખ પરોવીને જોયું નથી.]

'દેવિકા' : (દેવિકા લગભગ ડૂસકાં ભરે, મોઢું હાથમાં છુપાવી, આંખો લૂછી 'હું'ની સામું ફરિયાદથી જોતાં, ખૂબ જ મમત્વથી અબલાની જેમ, દારૂડિયા પતિને પૂછતી હોય તેમ) પણ મારો શો વાંક હતો એ કહીશ ? (એકદમ ઊભી થઈ દોડી હુંના પગ પાસે બેસી જતાં) મને સાવ પાયમાલ કરીને આખા ગામમાં હડધૂત કરાવીને તને શું મળ્યું એ કહીશ ? મારો વાંક કહે, મને કહે, કહે ! (હિસ્ટેરિક... માથું પટકવા જાય છે.)

'હું' : (ખૂબ જ વહાલપૂર્વક, સંભાળથી એને ઊભી કરી) આંખો લૂછી નાખ, દેવિકા. તું રડશે તો... (પ્રકાશ રંગ બદલે છે, હું અને દેવિકા પ્રસન્ન મુદ્રામાં સામસામાં કોઈ હૉટેલના ટેબલ ઉપર બેઠાં છે.) ચા પીશે ને ?

[દેવિકા માથું હલાવે છે. હુંની આંખોમાં આંખ નાખી જોતાં શરમાય છે.]

'હું' : એક વાત કહું ?

'દેવિકા' : કહે ને ?

'હું' : તને જોતાં જ એવું લાગે છે કે તું મા થવા સર્જાઈ છે. તને તારો ખોળો ભરવાના કોડ છે ને ?

'દેવિકા : હટ્. (શરમથી ઢોળાઈ જાય છે.)

'હું' : જૂઈ ચમેલીની ગંધ તને ગમે છે ને ? હું જ્યારે તારી પાસે આવું છું ત્યારે તારી ગરદન લાલ થઈ જાય છે ને ?

[હું કોઈ ખૂબ રત્નને જાણકારી અને મમત્વથી જુએ એવી રીતે દેવિકાને જુએ છે.]

'દેવિકા' : મને તારી જેમ વાતો કરતાં નથી આવડતું.

'હું' : અજિત તને નથી ગમતો ?

'દેવિકા' : (સાદાઈથી) ગમે છે.

'હું' : તો પછી... હું... ?

'દેવિકા' : તું મળે છે ત્યારે (સિન્સિયરલી) મને 'મારું' માણસ મળ્યું હોય એવું લાગે છે.

'હું' : દેવિકા, તને જોતાં જ એમ થઈ આવે છે કે હજી નારીમાં જે કાંઈ 'સૌંદર્ય', જે કંઈ... જે કંઈ... (શબ્દ શોધે છે) 'મંગળ', 'આદરણીય' (એક્કે શબ્દ એને બરાબર લાગ્યો નથી) એવું બધું બચી રહ્યું છે એ બધું તારામાં છે.

'દેવિકા' : તું બોલે છે ત્યારે એવું ગમે છે ! (આંખો નીચી.)

'હું' : તું મને ઓળખે છે ?... એટલે કે બરાબર ઓળખે છે ?

'દેવિકા' : બધી ખબર છે મને. પુરુષો બધા એવા જ હોય.

'હું' : દેવિકા, તું મારી વહુ થશે ? (દેવિકા એકદમ એને શરણે જાણે આવી જાય છે. હું એની હથેળીમાં આંગળી ફેરવે છે.) આપણે એક ઘરમાં રહીશું.

આપણું એક બાળક થશે. હું કમાઈશ, તું રાંધશે. (એનો અવાજ તેમ જ પ્રકાશ ધીમેધીમે પ્રલાપ અને અંધકાર જેવાં બનતાં જાય છે.) વીમાની કંપનીમાંથી લોન લઈ, આપણે કોઈ સોસાયટીમાં બે વીઘાં જમીન લેશું, માટીની ઢબલી લઈ એમાં રોજ એક એક આનો જમા કરીશું. મને તાવ આવે ત્યારે તું પોતાં મૂકીશ. તને મહિના રહેશે ત્યારે હું જૂઈ-ચમેલીની ક્યારી બનાવીશ. આપણે સુખેથી રહીશું.... સ...સને હ્સ્વ ઉ, સુ, ખ... અને કાંઈ નહિ ખ. આપણે અને આપણું સુખ.

[પ્રકાશ પરિવર્તન, અને હું તથા દેવિકા અસલી પોઝમાં દેખાય છે. હું ઊભેલો અને દેવિકા એની પાસે બેઠેલી.]

'હું' : (ઊભો ઊભો જ) ઊભી થા, ઊભી થા, દેવિકા, બેસ નહિ, મને ખબર છે. મને બધી જ ખબર છે. મેં જોયેલી છોકરીઓમાંથી તું જ સૌથી વધુ નૉર્મલ હતી. તારામાં કંઈ વિશેષ નહોતું. તું હતી. તારી સ્ત્રીજાતિ હતી, અને તારી યુવાની હતી.

'દેવિકા' : તું શું કહે છે, શું કહેવા માગે છે એ જ હું સમજતી નથી. (રડમસ)

'અજિત' : મને લાગે છે, મારે હવે જવું જોઈએ.

[કંઈ કહ્યા વગર જ ચાલ્યો ગયો હોય એમ ચાલ્યો જાય છે.]

'હું' : દેવિકા, તેં શા માટે મને છેતર્યો ? શા માટે ? શા માટે ? તેં તારી સ્ત્રિયાચરિતરની ચાલાકી મારી ઉપર અજમાવી ?

'દેવિકા' : તું શું કહે છે, હું ખરેખર સમજી શકતી નથી.

'હું' : આપણે સગાઈ કરી. આપણે ફરવા જતાં, આપણે.... પણ ઓહ, ઓહ (અજિત ગયાની દિશામાં નિર્દેશ) એ મૂર્ખ એ કચકડાની ફિલમવાળો, એ બીકણ, ફોસી બાયલો તને... તને...

'દેવિકા' : ના-ના, મારે કાંઈ જ સાંભળવું નથી. મારે કાંઈ જ સાંભળવું નથી.

'હું' : અને તું હજી મને પૂછે છે, તારો શો વાંક હતો ?

[દેવિકા ગોઠણમાં માથું નાખી ધ્રુસકે ધ્રુસકે રુએ છે.]

'હું' : ઊભી થા, ઊભી થા, વધુ ચરિતર નહિ કર. હું જાણું છું કે તું એ સંજોગોમાં બીજું કાંઈ કરી શકત નહિ, સારું થયું, એ બાળક જિંદગીભર એના બાપના નામને ખોટું ઉચ્ચારવાની જનમકેદમાંથી, અવતાર પામે એ પહેલાં જ છૂટ્યું. કોને ખબર એ છોકરો થાત કે છોકરી. અને કોને ખબર, કેટલાં બીજાં જીવનોમાં કેટલાં આંદોલનો ફેલાવત.

'દેવલાલ' : મને લાગે છે કે મારે કહેવાની વાતનો સમય હવે પાકી ગયો છે.

[સિગારેટ પૂરી કરી ઊભો થઈ દેવિકાને બંને ખભ્ભે એકએક હાથ મૂકી સાચવણપૂર્વક એની ખુરશી તરફ દોરી બેસાડી જાય છે, અને તમને કદાચ એકાએક 'હું' -ની દેવિકાને પાસે બેસાડી ભવિષ્ય વિશેની રમણીય વાતો યાદ આવી જાય. દેવલાલ પણ જાણે એવું જ કાંઈક દેવિકાને કહેતો - સ્પર્શથી - હોય એવું જણાય.]

'હું' : હું જાણું છું દેવલાલ. તારે શું કહેવું છે એની મને ખબર છે. આખી દુનિયા

ભરી પડી છે, નીતિસૂત્રોથી, બાઈબલોથી, ગીતાઓથી અને ઉપદેશગ્રન્થોથી, હું પોતે એક હજાર રત્નકણિકાઓ સડસડાટ મોઢે બોલી જઈ શકું છું. મને ભગવાન મનુથી માંડીને મોહનદાસ ગાંધીનાં ટાંકી લેવા જેવાં વાક્યો કડકડાટ આવડે છે. પણ સૃષ્ટિમાં હજી ધમાલ-રસ્સાકસી, પાયમાલી, અને વેરઝેરની શતરંજબાજીઓ બેફામ ચાલે છે. આ - આ જ, આપણી વિધિલિપિ છે. આપણે આમ જ જીવ્યા કરવાનું છે. એકબીજાને સોગઠાં બનાવી બનાવીને, એકબીજાને છેતરી છેતરીને, એકબીજા -

'દેવલાલ' જા-જા હવે તું સૂઈ જા.

['હું'ને એની પથારી ફરી પથરાવી સુવડાવી દે છે. જ્યાં એકદમ અંધકાર થઈ જાય છે, અને પછી પ્રકાશ થતાં, નથી ત્યાં પથારી, કે નથી હું. દેવલાલે એ દરમિયાન એક એક કરીને બધાયને વિદાય કરી દીધાં હોય છે. સ્ટેજ વચ્ચેનું ચોગાન દેવલાલ ફરી એકદમ હૂબહૂ 'હું'-ના ઊઠ્યા પહેલાં હતું એવું કરી દે છે. એશટ્રે, સિગારેટો, ખુરશીઓ, ચાના પ્યાલા અને બીજું બધું પરચૂરણ એમ ને એમ જ વેરાયેલું દેખાય છે. જાણે કંઈ બન્યું નથી. એ બધું 'ગોઠવવા'માં બીજાંબધાં પાત્રો દેવલાલને મદદ કરી શકે. દેવલાલ પ્રેક્ષકોને સીધા સંબોધે છે.]

'દેવલાલ' : તમે મને તો ઓળખો છો ! મારું નામ દેવલાલ; દેવલાલ મનોરદાસ દેસાઈ. તમે મને તો ઓળખો જ છો ! હું તમારામાંનો જ એક છું. (પગ ગોઠણ ઉપર ચડાવી) પણ આજે તમે ખરેખર 'મને' પણ ઓળખ્યો હશે. 'હું'ને જોયો ને ? એ ખરેખર 'હું' હતો, જેણે કોઈ દિવસ દેવલાલ નામ ધારણ કર્યું નથી. જેણે, એમ. એ., એલએલ. બી., 'રાષ્ટ્રભાષા કોવિદ'ની ડિગ્રીઓ હાંસલ કરી નથી. (ઊભો થઈ ડાબી બાજુએ જઈ પડદો સહેજ જમણી તરફ ખેંચે છે, પકડી રાખીને) આમ પ્રત્યક્ષ આવતો નથી. એ 'હું' કોઈ કોઈ વાર જ, ભાગ્યે જ કોઈ વાર (લિરિકલ) તાળીઓના ગડગડાટ સાંભળી નમતી સાંજે તમારી જેમ બારણાં ખખડાવી, વૅન્ટિલેટરમાં હાથ નાખી આગળિયો ઉઘાડી એના અંતર્મહલમાં કોઈ ચાલ્યું આવે છે, ત્યારે આમ બેબાકળો થઈ બધું બોલી ઊઠે છે. (પડદો ખેંચી જમણી તરફ લઈ આવે છે. અડધું સ્ટેજ ઢંકાઈ જાય છે.) બાકી આમ જુઓ તો મારામાં ને તમારામાં તત્ત્વતઃ કાંઈ તફાવત નથી. સિવાય કે (પડદો વધુ ખેંચે છે - પોણું સ્ટેજ) તમારા શરીરમાં જનમકેદની સજા ભોગવતો બેઠેલો તમારો 'હું' તમને પણ યાદ આવે, અને એ કદાચ મારા 'હું'થી જુદો નીકળે. (પડદો પૂરો બંધ કરતાં કરતાં) મારે જે કંઈ કહેવું હતું એ આ જ કહેવાનું હતું. એથી વધુ મારે કંઈ કહેવાનું નથી.

[પડદો બંધ કરી જમણી તરફથી દેવલાલ સ્ટેજ ઉપરથી ઊતરી જાય છે - પગથિયાં મુકાયાં હોય તો સારું - અને તમારી વચ્ચે ખોવાઈ જાય છે.]

3
પેન્સિલની કબર અને મીણબત્તી
'આદિલ' મન્સૂરી

પાત્રો : અસ્તિ, બામજી, વૃદ્ધ

[પડદો 1/3 જેટલો જ ઊઘડે છે. પડદાના 1/3 ઉઘાડમાંથી પ્રથમ નજરે આટલું જોઈ શકાય છે : એક વ્યગ્ર માણસ કોદાળીથી માટી ખોદી રહ્યો છે. એના પગ પાસે ખોદેલી માટીનો બે ફૂટ ઊંચો ઢગલો છે જેમાં એક ત્રિકમ ઊંધો ખોડાયો છે. ત્રિકમમાં એક કાળી થેલી ભરાવેલી છે. દૂર... સામે એક તૂટેલી દીવાલ પાસે બે મોટા પથ્થર છે. એક પથ્થર ઉપર એક ખૂબ જ ઘરડો માણસ, ધોળી દાઢી અને લાંબા, ધોળા વાળવાળો, જમીનને અડકતા સફેદ, પહોળા ઝભ્ભામાં સજ્જ બેઠો છે. બીજા પથ્થર પર એક મોટી મીણબત્તી બળે છે, એની બાજુમાં બીજી બે મોટી મીણબત્તીઓ છે, જે નથી બળતી. મીણબત્તીના પ્રકાશમાં પેલો વૃદ્ધ એક બુઠ્ઠા ચપ્પુથી પેન્સિલ છોલી રહ્યો છે. બે મિનિટ સુધી પ્રથમ માણસ કોદાળીથી માટી ખોદ્યા કરે છે. જમીનમાં ત્રણચાર ફૂટ જેટલો ખાડો થાય છે. બે મિનિટ માટી ખોદી પેલો માણસ હાંફી જાય છે અને કોદાળી એક બાજુએ મૂકી કેડે હાથ રાખી શ્વાસ ખાવા ઊભો રહે છે.

1/3 ઊઘડેલો પડદો હવે પૂરો ઊઘડે છે.

પેલો માણસ કોદાળી ઊંચકી ફરી ખોદવા જાય છે ત્યાં તો ખાડામાંથી કફનમાં લપેટાયેલો એક માણસ 'સબૂર સબૂર'ની બૂમો પાડતો બહાર ધસી આવે છે (એના ડાબા હાથમાં વગર સળગાવેલી એક બીડી છે અને ફાટી આંખે માટી ખોદનારને જોયા કરે છે. પછી એકદમ તેને કહે છે.)

જરા માચિસ હોય તો આપને.

નથી.

તું કોણ છે ?

નથી.

અહીં શું કરે છે ?

નથી.

આ બધું શું છે ?

નથી.

હું ક્યાં છું ?
નથી.
તારું નામ ?
અસ્તિ.
તારું નામ ?
બામજી.

અસ્તિ : અંદર શું કરતો હતો ?
બામજી : તું પહેલાં એ બતાવ કે બહાર તું શું કરતો હતો ?
અસ્તિ : કબર ખોદતો હતો.
બામજી : કોની ?
અસ્તિ : મારી.
બામજી : કારણ ?
અસ્તિ : (ત્રિકમમાં લટકતી થેલી તરફ ઈશારો કરે છે.)
બામજી : એમાં શું છે ?
અસ્તિ : મારાં ચોર્યાશી લાખ જનમોનાં પાપ છે.
બામજી : જા જા, એ બધાં પાપ તો મારાં છે, તારાં નથી.
અસ્તિ : એ પાપ મારાં છે.
બામજી : ના, એ તારાં નથી. મારાં છે.
અસ્તિ : તને જોઈતાં હશે તો આપી દઈશ; પરંતુ આ વાતનો સ્વીકાર કર કે એ પાપ મારાં છે.
બામજી : જો હું એ પાપ તારાં છે એનો સ્વીકાર કરી લઉં તો તારા ચોર્યાશી લાખ જનમોનો પણ સ્વીકાર કરવો પડે.
અસ્તિ : હાસ્તો.
બામજી : ના, ના, મારાથી એ નહીં બને, પરંતુ એ પાપ મારાં જ છે, મારાં જ છે, મારાં જ છે.

(બામજી એકદમ થેલી તરફ ધસી જઈ થેલી ઉઠાવી લે છે. ઉતાવળમાં થેલીમાંથી થોડાક ચણા બહાર વેરાઈ જાય છે, જેમાંથી થોડાક કબરમાં પણ પડે છે.)

બામજી : અલ્યા, આ તો શેકેલા ચણા છે.
અસ્તિ : એ ચણા નથી પણ ખરેખર મારાં પાપ છે. આ પાપ મેં ચોર્યાશી લાખ જનમોની યાતના વેઠીને ભેગાં કર્યાં છે. એક એક દાણા ખાતર એક એક જનમની યાતના વેઠી છે. જો જો (બામજીની એકદમ નજીક જઈ એને પોતાની ડાબી આંખની પાંપણ ઊંચકીને બતાવે છે.) જો, દેખાય છે કશું ?
બામજી : (ખૂબ ધારીને જોતાં) આ તો મોતિયો છે, તને મોતિયો થયો છે. ઑપરેશન

કરાવવું પડશે. જા જલદી જા, આંખની કોઈ સારી હૉસ્પિટલમાં.

અસ્તિ : હા, મોતિયો જરૂર છે, પરંતુ હવે ઑપરેશનની જરૂર નથી.

બામજી : કેમ ?

અસ્તિ : મોતિયાના ઑપરેશન વખતે મારું હૃદય બંધ પડી ગયું હતું. શહેરના બધાય મોટા ડૉક્ટરોએ મારા દેહને તપાસી મારા મૃત્યુની જાહેરાત કરી હતી, અને હવે હું આ મોતિયાની આરપાર બધું જોઈ શકું છું, બધુંય જોઈ શકું છું. તનેય જોઈ શકું છું અને તારી આરપાર મારા ચોર્યાશી લાખ જનમનાં પાપ પણ જોઈ શકું છું.

બામજી : હું આ ચણા ખાઉં ? બહુ ભૂખ લાગી છે.

અસ્તિ : પહેલાં તારે એક વાતનો ખુલાસો કરવો પડશે.

બામજી : ખુલાસો ! કઈ વાતનો ?

અસ્તિ : તું અંદર કબરમાં શું કરતો હતો ?

બામજી : એની તો એક લાંબી કથા છે, યાર !

અસ્તિ : એ કથા તારે મને સંભળાવવી પડશે.

બામજી : સાંભળ ત્યારે, આ કબરમાં હું પચીસ વરસથી રહું છું. અંદર ખૂબ ગંદકી થઈ ગઈ છે. મચ્છરોનો ત્રાસ પણ ઘણો છે. મોટું દુઃખ તો શહેરની બધીય ગટરોનું ગંદું પાણી મારા પગને અટકીને વહે છે. તેનું છે. ભેજવાળી માટીને લીધે સતત સળેખમ રહ્યા કરે છે. શરદી પણ સાલી મટતી જ નથી - તારી પાસે માચિસ હોય તો આપને, હવે બીડી પીધા વગર નહીં જીવી શકાય.

અસ્તિ : મારી પાસે પણ બીડીઓ જ છે. (ખીસામાંથી બીડીનું બંડલ કાઢીને બતાવે છે) હું પણ માચિસની શોધમાં ઘરેથી નીકળ્યો છું.

બામજી : સૂરજ પણ હજી નથી નીકળ્યો. નહિતર એની પાસે કાયમ માચિસ હોય છે.

અસ્તિ : ઊભો રહે, હું માચિસ લઈ આવું છું.

[પ્રેક્ષકો તરફ થોડું ચાલી, પ્રેક્ષકોને ઉદ્દેશીને]

બામજી : કોઈની પાસે માચિસ હોય તો આપો ને !

[પ્રેક્ષકવર્ગમાંથી કોઈ માચિસ મંચ ઉપર ફેંકે છે.]

અસ્તિ : લે, દોસ્ત, સળગાવ.

[બંને બીડીઓ સળગાવી માટીના ઢગલા ઉપર બેસે છે.]

બામજી : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડાનાં વર્તુળો કાઢતાં) અસ્તિ !

અસ્તિ : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડાનાં વર્તુળો કાઢતાં) હં.

બામજી : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડાનાં વર્તુળો કાઢતાં) અસ્તિ !

અસ્તિ : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડાનાં વર્તુળો કાઢતાં) હં.

બામજી : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડા કાઢતાં) અસ્તિ !

અસ્તિ : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડો કાઢતાં) હં.

બામજી : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડો કાઢતાં) અસ્તિ !

અસ્તિ : (બીડીનો ઊંડો દમ ખેંચી હવામાં ધુમાડો કાઢતાં) હં.

[બંને જણા ચણા ખાતા જાય છે.]

બામજી : તારાં લગ્ન થઈ ગયાં ?

અસ્તિ : હા, અને તારાં ?

બામજી : ના, મારે બાકી છે. પણ એક્કેય ચીજ શુદ્ધ ક્યાં મળે છે હવે ?

અસ્તિ : ઈંડાં સિવાય દરેક ચીજમાં ભેળસેળ થાય છે. આ વેપારીઓને તો ગોળીએ દેવા જોઈએ.

બામજી : ઈંડામાંય ભેળસેળ ચાલે છે. મરઘીનાં બદલે કાચબાનાં ઈંડાં પધરાવી દેવાય છે.

અસ્તિ : જા જા હવે, મરઘીનાં ઈંડાં અને કાચબાનાં ઈંડાંમાં કાંઈ ફરક જ નહીં હોય ?

બામજી : (ગળા ઉપર હાથ મૂકી) મારા સમ, કાચબાનાં ઈંડાં આબેહૂબ મરઘીનાં ઈંડાં જેવાં જ હોય છે. માણસજાત તો શું પણ ખુદ મરઘી અને કાચબા પણ ઓળખી ન શકે એવાં આબેહૂબ મળતાં હોય છે.

અસ્તિ : પણ આ બધું ક્યાં સુધી ચાલ્યા કરશે ? શું આનો ક્યારેય અંત નહીં આવે ?

બામજી : ના, બામજી, ના. આનો ક્યારેય અંત નહીં આવે. આ બીડીઓનો અંત આવી જશે. આ ચણાનો અંત આવી જશે. આ ખોદકામનો અંત આવી જશે, પણ એનો અંત નહીં આવે એ તો ચાલ્યા જ કરશે. કયામત સુધી ચાલ્યા જ કરશે... ચાલ્યા જ કરશે...

અસ્તિ : તારી પરીક્ષાનું શું થયું ? કશું વાંચે છે કે એમ જ ?

બામજી : પરીક્ષાને અઠવાડિયું બાકી છે પણ આ નવરાત્રિના ગરબાઓના કારણે વાંચવાનું બંધ પડ્યું છે.

અસ્તિ : આ ગરબાની શરૂઆત કોણે કરી ?

બામજી : એમાં વળી શું પૂછવાનું હોય ? અંબાજીએ જ સ્તો.

અસ્તિ : એમ કે ?

બામજી : હા, ત્યારે બોલો, શ્રી અંબે માતકી જય !

અસ્તિ : અંબે માતકી જય !

બામજી : અંબે માતકી જય !

અસ્તિ : અંબે માતકી જય !

બામજી : અંબે માતકી જય !

અસ્તિ : અંબે માતકી જય !

બામજી : અંબે માતકી જય !

અસ્તિ : અંબે માતકી જય !

બામજી : બીજા ચણા કાઢ ને !

અસ્તિ : આમ ને આમ જો તું બધા ચણા ખાઈ જઈશ તો હું ઈશ્વરને શું મોઢું બતાવીશ ? મારે ત્યાં એક એક દાણાનો હિસાબ આપવો પડશે.

બામજી : કહી દેજે કે બામજીને બહુ ભૂખ લાગી હતી તે એ ખાઈ ગયો.

અસ્તિ : ના, ના, મારાથી એવું નહીં કહી શકાય. લે, આ છેલ્લી મુઠ્ઠી ખાઈ લે, હવે નહીં મળે.

[બામજીને એક મુઠ્ઠી ભરીને ચણા આપે છે. બંને જણ ચણા ખાય છે. બામજી ચણાનો એક દાણો અધ્ધર હવામાં ઉછાળી મોં ફાડીને મોંમાં ઝીલે છે. અસ્તિ પણ તેમ કરવા જાય છે ને ચણો ઝીલવા મોં ફાડીને આકાશ તરફ જોઈ એક-બે ડગલાં ચાલતાં ખાડામાં પડી જાય છે. ખાડામાં અંધારું હોવાથી કશું જોઈ શકાતું નથી. બામજી ખાડાની ધાર પર બેસી અંદર માથું નમાવી જોરથી બૂમ પાડે છે.]

બામજી : અસ્તિ... અસ્તિ... અસ્તિ....

બામજી : અસ્તિ... અસ્તિ....અસ્તિ...

બામજી : અસ્તિ... અસ્તિ.... અસ્તિ...

[બામજી દીવાસળી સળગાવી અંદર જુએ છે. અંદર ધૂળમાં અસ્તિ બેશુદ્ધ થઈ પડ્યો હોય છે.]

બામજી : અરે આ તો મરી ગયો લાગે છે !

[બામજી ખાડામાં ઊતરી બેશુદ્ધ અસ્તિને ઉપાડીને બહાર લાવે છે. અને એના ચહેરા પર હળવે હળવે ફૂંકો મારવાનું શરૂ કરે છે. લગભગ એકાદ મિનિટ સુધી એને ફૂંકો માર્યા કરે છે. પછી અસ્તિ ભાનમાં આવે છે.]

અસ્તિ : બા...મ...જી...

બામજી : હં.

અસ્તિ : માચિસ તારી પાસે છે ?

બામજી : હા.

અસ્તિ : એક બીડી સળગાવીને આપને !

[બામજી બે બીડીઓ સળગાવે છે, એક પોતાના દાંતોમાં દબાવે છે, બીજી અસ્તિના હોઠ વચ્ચે ગોઠવે છે. પોતાની બીડીના જલદી જલદી ત્રણ-ચાર કશ ખેંચી અસ્તિની બીડી બદલી લે છે.]

અસ્તિ : (ધીરેથી આંખો ઉઘાડી) બીડી બદલી લીધી ?

બામજી : ના, લવંગિયા નાની જ આવે છે.

અસ્તિ : (કશ ખેંચતાં) એક બીજી સળગાવી દે.

[બામજી તેમ કરે છે.]

બામજી : એકદમ બેશુદ્ધ કેવી રીતે થઈ ગયો ?

અસ્તિ : થઈ ગયો નહીં, બનાવી દેવામાં આવ્યો.

બામજી : કેવી રીતે ?

અસ્તિ : ક્લૉરોફોર્મ દ્વારા.

બામજી : પણ આ બધું કબરમાં કેવી રીતે બન્યું ? મને તો કશી સમજ નથી પડતી.

અસ્તિ : સમજાતું તો મને પણ નથી. પરંતુ હકીકત મેં કહીં તેમ જ બની છે.

બામજી : જરા વીગતવાર વાત કરને.

અસ્તિ : અંદર પડતાં જ રબરનાં સફેદ મોજાંઓ પહેરેલા હાથોએ મને ઝાલી લીધો. પછી મને ઑપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યો. એક વિશાળ ખંડમાં મોટા ટેબલ પર ચત્તોપાટ સૂવડાવી દેવામાં આવ્યો. ચાર ડૉક્ટરો અને પાંચ યુવાન નર્સો મોં પર બુકાની બાંધી ભાવશૂન્ય આંખોથી મને જોઈ રહ્યાં હતાં. હું ખૂબ જ અકળામણ અનુભવી રહ્યો હતો. એક નર્સે મારા મોંમાં ચણાનો એક દાણો મૂકી હળવેથી કાનમાં કહ્યું કે આજે તમારા મોતિયાનું ઑપરેશન છે. પછી... પછી... મને ક્લૉરોફોર્મ સુંઘાડી બેશુદ્ધ બનાવી દેવામાં આવ્યો.

બામજી : પછી... પછી... શું થયું ?

અસ્તિ : હું એક હજાર વરસ સુધી બેશુદ્ધ પડ્યો રહ્યો અને દર સો વરસે અસ્તિ....અસ્તિ... વિષેની તારી બૂમો મને સંભળાતી રહી. હું ઇચ્છા હોવા છતાંય તને જવાબ ન વાળી શક્યો.

બામજી : એમ કેમ બન્યું ?

અસ્તિ : એનું કારણ બેશુદ્ધ થયા પહેલાં નર્સે મારા મોઢામાં મૂકેલો ચણાનો પેલો દાણો હતો. એ દાણો મારા ગળામાં જઈ એકદમ ફૂલી ગયો હતો અને હું ઇચ્છા હોવા છતાંય બોલી નહોતો શક્યો. શ્વાસ પણ ન લઈ શક્યો. અને મારું હૃદય બંધ પડી ગયું.

[બામજી મોટેથી હસવા લાગે છે. એના પ્રચંડ અટ્ટહાસ્યના પડઘાથી આખું વાતાવરણ હચમચી ઊઠે છે.]

અસ્તિ : તને હસવું આવે છે ? કેમ હસે છે ?

બામજી : [મોટેથી હસ્યા કરે છે. ખડખડાટ હાસ્યના પડઘાઓથી ફરી પાછું વાતાવરણ ગુંજી ઊઠે છે.]

અસ્તિ : તું કહે તો ખરો, કેમ હસે છે ?

[બામજી ખડખડાટ હસ્યા જ કરે છે. દરમિયાન દૂર તૂટેલી દીવાલ પાસેના પથ્થર પર બેઠેલો પેલો વૃદ્ધ બુઠ્ઠા ચપ્પુથી ખૂબ જ જહેમત ઉઠાવી પેન્સિલ છોલ્યા કરે છે અને પછી જ્યાં કાગળ પર લખવા જાય છે કે પેન્સિલની અણી તરત તૂટી જાય છે ને વૃદ્ધ અવિરતપણે પેન્સિલ છોલ્યા જ કરે છે, છોલ્યા જ કરે છે.]

બામજી : એક વાત કહું ?

અસ્તિ : એક શું, બે કહે.

બામજી : ના, ના, એક જ.

અસ્તિ : સારું બાપા, કહી નાખને જલદી !

બામજી : થોડાક ચણા આપને !

અસ્તિ : ના, હવે નહીં મળે.

બામજી : પ્લીઝ, આપી દેને !

અસ્તિ : તને ખબર નથી. એ એકઠા કરતાં મારે કેટલું કષ્ટ સહન કરવું પડ્યું છે. પૂરા ચોર્યાસી લાખ જનમ અને ચોર્યાશી લાખ વાર મૃત્યુના ખોળામાં માથું મૂકી સૂઈ જવું એ કાંઈ સહેલું નથી. આ ચોર્યાશી લાખ જનમોની યોનિમાંથી પસાર થતાં મારી ચામડી બહેરી બની ગઈ છે. મારી આંખોના ઊંડાણમાં કેટલાંય સૂરજોનાં હાડપિંજર લટકે છે, મારા કાનમાં દિશાઓના કપાયેલા હાથોની મુઠ્ઠીઓ ખૂલી ગઈ છે, મારી જીભ નીચે પવનની પાંસળીઓનું પોલાણ છતું થઈ ગયું છે.

બામજી : પ્લીઝ....

અસ્તિ : એકેય દાણો નહીં મળે.

[બામજી જમીન પર ઢળેલા દાણા વીણી વીણીને ખાય છે. લગભગ દોઢ મિનિટ સુધી બામજી જમીન પરથી દાણા વીણી વીણીને ખાધા કરે છે. પછી એકદમ થૂ થૂ કરતો ઊભો થઈ જાય છે અને મોઢામાંથી ચાવેલા દાણા થૂંકી નાખે છે.]

અસ્તિ : શું થયું એકદમ ?

બામજી : ચણાના બદલે કાંકરો આવી ગયો. મારાથી આ સહન નથી થતું. મને લાગે છે મારું માથું ફાટી જશે. ઓ... હ...

[બામજી બે હાથથી માથું દબાવી બેસી પડે છે. અસ્તિ એની નજીક દોડી આવી વ્યાકુળ થઈ એને પૂછે છે.]

અસ્તિ : શું થયું ? એકદમ શું થયું ?

[બામજી કશું બોલવા જાય છે પણ બરાબર બોલી શકતો નથી. ફરી પ્રયત્ન કરે છે અને]

બામજી : બી... ડી...

[.... અને બામજી બેશુદ્ધ થઈ જાય છે. બેશુદ્ધ બામજીના ચહેરા ઉપર અસ્તિ ધીમે ધીમે ફૂંકો મારવાનું શરૂ કરે છે. થોડી વાર ફૂંકો માર્યા પછી બામજી ભાનમાં આવે છે અને ધીરેકથી આંખ ઉઘાડી કહે છે.]

બામજી : અસ્તિ.

અસ્તિ : હં........

બામજી : બી... ડી.... બી.... ડી....

[અસ્તિ બામજીના ખીસામાંથી બીડીનું બંડલ કાઢી બે બીડીઓ સળગાવે છે. એક પોતે પીએ છે અને બીજી બામજીના હોઠો વચ્ચે ગોઠવી દે છે. બામજી અર્ધમૂર્છાવસ્થામાં છે. અસ્તિ પોતાની બીડીના બેચાર ઊંડા કશ

ખેંચી બામજીની મોટી બીડી સાથે બદલી લે છે.]

બામજી : બી... ડી... બદલી લી...ધી...

અસ્તિ : ના, પણ આ લવિંગિયા નાની જ આવે છે.

બામજી : એક બીજી સળગાવી આપને.

[અસ્તિ તેમ કરે છે.]

અસ્તિ : તું એકદમ બેભાન કેવી રીતે થઈ ગયો ?

બામજી : થઈ ગયો નહીં, બનાવી દેવામાં આવ્યો.

અસ્તિ : કેવી રીતે -

બામજી : હું ભોંય પર વેરાયેલા ચણા વીણી વીણીને ખાઈ રહ્યો હતો. પછી અચાનક એક કાંકરો મોઢામાં આવી ગયો. જેવો કાંકરો મારી દાઢો વચ્ચે દબાયો કે બે અદૃશ્ય હાથોએ મારું મોઢું જોરથી દાબી દીધું અને મારા નાક પાસે એક વિચિત્ર સુગંધવાળો સફેદ રૂમાલ રાખવામાં આવ્યો અને હું બેભાન થઈ ગયો. હું ઘણો લાંબો સમય બેભાન રહ્યો.

અસ્તિ : હજાર વરસ સુધી.

બામજી : હું ચોક્કસ ન કહી શકું, લગભગ એટલો કે એથી લાંબો સમય પણ હોય.

અસ્તિ : પછી...?

બામજી : પછી જોરથી કૂતરાનો અવાજ આવવાથી મારી જમણી આંખ સહેજ ઊઘડી ગઈ અને જોઉં છું તો એક વિકરાળ કાળો કૂતરો પોતાના લોહિયાળ જડબામાં મારા બંને પગ દબાવી ક્ષિતિજ તરફ મને ખેંચી જતો હતો. હું ભયથી છળી મર્યો અને ફરી બેશુદ્ધ બની ગયો.

અસ્તિ : પછી... પછી... શું થયું ?

બામજી : ઘણા લાંબા સમય પછી... મારી ડાબી સાથળમાં કૂતરાએ પોતાના દાંત ભરાવ્યા અને ફરી પાછું ક્ષિતિજ તરફ દોડવા માંડ્યું. હવે મારી સાથળમાંથી લોહી વહેવા લાગ્યું હતું - એ લોહીમાંથી મેં સૂર્યનું સર્જન કર્યું અને પૃથ્વી પર પહેલી વાર સવાર થઈ.

અસ્તિ : પછી પેલા કૂતરાનું શું થયું ?

બામજી : સવાર થતાં એણે મને છોડી સૂર્ય તરફ દોટ મૂકી. એ દોડતો જ રહ્યો, દોડતો જ રહ્યો. એનો શ્વાસ ફૂલી ગયો. એની લાંબી જીભ બહાર લબડી પડી, એના મોઢામાંથી ફીણ ઊભરાવા લાગ્યું છતાંયે દોડતો જ રહ્યો. મેં તિમિ તિમિ કહી એને ઘણી બૂમો પાડી - તિમિ, તિમિ. છતાંય એણે પાછું ફરીને જોયું પણ નહીં અને અંતે એક મોટી છલંગ મારી એ સૂર્યમાં કૂદી પડ્યો.

અસ્તિ : હં.... પછી ?

બામજી : જોરદાર પવન ફૂંકાવા માંડ્યો. ચારે દિશાએથી આંધીઓ ચઢી આવી, અને બધું ઊડવા લાગ્યું. વૃક્ષો, પર્વતો, મકાનો, રસ્તાઓ, માણસો, અવાજો, અવાજો, અવાજો, ઘૂમરીઓ ખાતા વંટોળનું એકેક વર્તુલ મારા ચહેરા સાથે અથડાઈ તૂટતું રહ્યું. ધીમે ધીમે હું ફરી ભાનમાં આવવા લાગ્યો.

[બામજી ખીસામાંથી બીડી કાઢી દાંતોમાં દબાવે છે અને માચિસ માટે ખીસાં ફંફોળે છે.]

બામજી : માચિસ ક્યાં ગઈ ? તારી પાસે છે ?

અસ્તિ : (પોતાનાં ખીસાં ફંફોળી) ના રે ભાઈ, તારી પાસે જ હશે. જરા બરાબર જો.

બામજી : (ફાંફાં મારતાં) પાછી સાલી ક્યાં જતી રહી ? અણીની ઘડીએ જ મળતી નથી !

[બામજી અને અસ્તિ બંને આમતેમ માચિસની શોધ કરે છે.]

અસ્તિ : માટીમાં દટાઈ ગઈ હશે.

બામજી : થેલીમાં મુકાઈ ગઈ હશે.

અસ્તિ : કબરમાં પડી ગઈ હશે.

[બામજી ચણાની થેલીમાં હાથ નાખે છે. અસ્તિ કબરમાં ઊતરે છે. અસ્તિ એકદમ ખાંસી ખાતો ખાતો કબરમાંથી બહાર નીકળી આવે છે અને જોરજોરથી ખાંસી ખાધા જ કરે છે. બામજી ખોળામાં થેલી રાખી મુઠ્ઠી ભરી ભરી ચણા ખાધા કરે છે.]

અસ્તિ : (ખાંસી ખાતાં ખાતાં) રહેવા દે... રહેવા... દે... [ખાંસી]

બામજી : (મોઢામાં ચણા ભર્યા હોવાથી સ્પષ્ટ બોલી શકતો નથી.) શું રહેવા દઉં ?

અસ્તિ : (દોડીને બામજીના ખોળામાંથી થેલી ઉપાડી લેતા) મારા પાપનું અસ્તિત્વ રહેવા દે. મારા અસ્તિત્વનો એ એક માત્ર પુરાવો છે. મારાં પાપ નહીં રહે તો મારું અસ્તિત્વ પણ નહીં રહે. એના વગર હું મારું અસ્તિત્વ પુરવાર કરી શકું એમ નથી. મારા ચોર્યાસી લાખ જન્મોનું અસ્તિત્વ પણ આની સાથે જ સંકળાયેલું છે.

બામજી : મારું અસ્તિત્વ પણ આની સાથે જ સંકળાયેલું છે.

અસ્તિ : ના. ના. તારું અસ્તિત્વ તો કબર સાથે જોડાયેલું છે. મારી સાથે જોડાયેલું છે. મચ્છરો સાથે જોડાયેલું છે. તારું અસ્તિત્વ... તારું અસ્તિત્વ તો ગટરોના ગંદા પાણી સાથે સંકળાયેલું છે. સળેખમ સાથે... બીડી... સાથે, માચિસ સાથે.

બામજી : ચાલ ત્યારે આપણે અસ્તિત્વવાદનો એક મહેલ બનાવીએ.

અસ્તિ : સાત માળનો.

બામજી : પણ એમાં બારીઓ નહીં મૂકવાની.

અસ્તિ : નિસરણી પણ નહીં.

બામજી : નિસરણીની જગ્યાએ દોરડાં લટકાવીશું.

અસ્તિ : દોરડાં તો ઊતરવા માટે, ચઢીશું કેવી રીતે ?

બામજી : દોરડાંનો પડછાયો પકડી.

અસ્તિ : બીજા માળે હું રહીશ.

બામજી : ત્રીજો માળ મારો.
અસ્તિ : ચોથો માળ ખાલી રાખીશું.
બામજી : ના, ભાડેથી આપી દઈશું, થોડીક આવક પણ થશે.
અસ્તિ : પાઘડી પણ લઈશું.
બામજી : પાંચમા માળે પરમેશ્વર.
અસ્તિ : છઠ્ઠો માળ

[માથું ખંજવાળે છે.]

બામજી : છઠ્ઠા માળે બાથરૂમ બનાવીશું.
અસ્તિ : પણ ત્યાં સુધી પાણી નહીં આવે.
બામજી : તો પછી બાથરૂમ સાતમા માળે.
અસ્તિ : પણ પાણી...
બામજી : પાણીની જરૂર નહીં પડે. સનબાથ લઈશું.
અસ્તિ : તો તો સાબુના પૈસા પણ બચશે.
બામજી : હા, અને ટુવાલ પણ નહીં ઘસાય.
અસ્તિ : નીચે એક ભોંયરું પણ બનાવવાનું.
બામજી : મહેમાનો માટે.
અસ્તિ : દરવાજા કાચના ઠીક રહેશે.
બામજી : ના, દરવાજા જોઈએ જ નહીં.
અસ્તિ : છત પણ નહીં
બામજી : પૂર્વદિશાની દીવાલ પણ નહીં.
અસ્તિ : દીવાલ ઉપર ખીંટીઓ પણ નહીં.
બામજી : ખીંટીઓ પર કપડાં પણ નહીં.
અસ્તિ : કપડાંમાં ખીસાં પણ નહીં.
બામજી : ખીસામાં બીડીઓ પણ નહીં.
અસ્તિ : માચિસ પણ નહીં.
બામજી : થેલી પણ નહીં.
બામજી : મોતિયો પણ નહીં.
અસ્તિ : મચ્છર પણ નહીં.
બામજી : બીડી કાઢને !
અસ્તિ : તું બહુ પીએ છે. તને કૅન્સર થશે.
બામજી : બીડી પીવાથી કૅન્સર ન થાય.
અસ્તિ : ત્યારે કૅન્સર શેનાથી થાય ?
બામજી : ચા પીવાથી.

અસ્તિ : હું ચા પીતો જ નથી.
બામજી : ન પીવાથીયે થાય.
અસ્તિ : મને કૅન્સર નથી.
બામજી : થશે.
અસ્તિ : મને કૅન્સર નહીં થાય.
બામજી : તને કૅન્સર થશે, થશે ને થશે.
અસ્તિ : મારા દાદાને થયું હતું.
બામજી : તારા દાદા ચા પીતા હતા ?
અસ્તિ : ના, દૂધ પીતા'તા.
બામજી : દૂધથી પણ થાય.
અસ્તિ : મારા દાદાને તો... મારા દાદાને તો...
બામજી : શું તારા દાદાને તો.... બોલી નાખને.
અસ્તિ : મારા દાદાને તો બીજાંય ઘણાં વ્યસનો હતાં.
બામજી : દાખલા તરીકે...
અસ્તિ : ચલમ ફૂંકે, પાન ખાય, તંબાકુ ખાય, તંબાકુ દાંતે પણ ઘસે.
બામજી : તારા દાદાને કૅન્સર થયું હતું ?
અસ્તિ : ગળામાં. મારા દાદાને તો બીજીયે ઘણી બીમારીઓ થઈ હતી.
બામજી : દાખલા તરીકે....
અસ્તિ : બ્લડપ્રેશર હતું.
બામજી : હાઈ કે લો ?
અસ્તિ : હાઈ.
બામજી : મને પણ હાઈ જ છે. બીજું ?
અસ્તિ : લકવો પણ થયો હતો.
બામજી : પછી ?
અસ્તિ : હરસમસા પણ નીકળ્યા હતા.
બામજી : લીલા કે સૂકા ?
અસ્તિ : સૂકા.
બામજી : મને લીલા નીકળ્યા છે. પછી ?
અસ્તિ : ખરજવું પણ થયું હતું.
બામજી : હં....
અસ્તિ : છેલ્લે પાયોરિયા થયો.
બામજી : તારા દાદાને મર્યે કેટલાં વર્ષ થયાં ?
અસ્તિ : મરે તારા દાદા, મારા દાદા તો હજી જીવે છે.

બામજી : હજુ જીવે છે ? શું કરે છે ?

અસ્તિ : ખેતી કરે છે.

બામજી : એમની ઉંમર કેટલી થઈ ?

અસ્તિ : એકસો વીસ વરસ.

બામજી : મારે એમને મળવું છે.

અસ્તિ : એ કોઈને નથી મળતા, હવે એ મૃત્યુ સિવાય કોઈને મળવા નથી ઇચ્છતા, લોકોથી એમને નફરત થઈ ગઈ છે.

બામજી : લાવ, એક બીડી કાઢને.

[અસ્તિ બીડી કાઢે છે. બામજી માચિસ માટે ખીસાં તપાસે છે.]

બામજી : માચિસ ?

અસ્તિ : માચિસ તેં ખોઈ નાખી છે, તારે શોધી આપવી પડશે. એ માચિસ આપણી નથી, એ તો પ્રેક્ષકોમાંથી એક ભાઈની છે. નાટક પૂરું થયા પછી એમને પાછી આપવી પડશે, પાછી નહીં આપીએ તો ઝઘડો થશે અને ઝઘડો થવાથી આપણી આબરૂના કાંકરા થઈ જશે. આપણને ઘર સુધી જવું ભારે પડી જશે.

[બામજી રડમસ ચહેરે માચિસ શોધવા ફાંફાં મારે છે. બામજી કબરમાં જઈ, માચિસ લઈ બહાર આવે છે.]

અસ્તિ : મળી ગઈ.

બામજી : મળી ગઈ ? હાશ.

[બંને જણા બીડી સળગાવે છે.]

અસ્તિ : (બીડી પીતાં પીતાં) લાવ, માચિસ મને આપી દે.

બામજી : ના, એ તારી નથી.

અસ્તિ : તારી નથી, પણ હું માંગીને લાગ્યો છું ને મારે પાછી આપવી પડશે.

બામજી : આજ સુધી કોઈએ માચિસ પાછી આપી નથી - મારી કેટલીયે માચિસ આમ ને આમ ઊપડી ગઈ હશે.

અસ્તિ : પણ....

બામજી : પણ... બણ....કાંઈ ના ચાલે, માચિસ પાછી નહીં મળે.

અસ્તિ : નહીં મળે ?

બામજી : થોડા ચણા આપે તો આપું.

અસ્તિ : ના, ચણા તો નહીં મળે, બીજું કશું માંગ.

બામજી : ચણા જ જોઈએ મારે તો.

અસ્તિ : (કમને મુઠ્ઠી ચણા આપી માચિસ લેતાં) કાળું કર તારું.

(અસ્તિ કોદાળી ઉપાડી કબર ખોદવાનું શરૂ કરે છે...)

બામજી : આ શું કરે છે ?

અસ્તિ : કબર ખોદું છું.

બામજી : પણ આ કબર તો મારી છે.
અસ્તિ : ના, આ કબર મારી છે.
બામજી : હરગિજ નહીં, આ કબર મારી જ છે.
અસ્તિ : ભલે એ અત્યાર સુધી તારી રહી હોય પરંતુ હવે તો મારી જ છે.
બામજી : એ કેવી રીતે બને ?
અસ્તિ : તું કહે તો તને મારા ચોર્યાશી લાખ જનમનાં બધાંય પાપ આપી દઉ. પણ આ કબર મને આપી દે.
બામજી : જો હું આ કબર તને આપી દઉ પછી તારા ચોર્યાશી લાખ જનમનાં પાપ લઈને હું શું કરું, એ બધાંને રાખું ક્યાં ?
અસ્તિ : કબર વિના હું પણ ક્યાં રાખું ?
બામજી : આ બાબત બહુ મહત્ત્વની છે. આમ ઊભાં ઊભાં આવી ગંભીર બાબત અંગે નિર્ણય ન લઈ શકાય.
અસ્તિ : બીજા કોઈની સલાહ લઈએ.
બામજી : અહીં બીજું કોઈ છે જ નહીં.
અસ્તિ : તું જ સલાહ આપ.
બામજી : જરા નિરાંતે બેસીને વિચાર કરીએ.

[બંને માટીના ઢગલા ઉપર બેસે છે.]

બામજી : બીડી તો કાઢ.

[અસ્તિ બે બીડી કાઢી સળગાવે છે. એક બામજીને આપે છે.]

બામજી : (બીડી પીતાં પીતાં) એક ઉપાય છે.
અસ્તિ : કયો ઉપાય ?
બામજી : આપણે સિક્કો ઉછાળીએ.
અસ્તિ : વાઘ પડે તો મારી.
બામજી : કાંટો પડે તો મારી.

[બામજી ખીસામાંથી આઠ આની કાઢી ઉછાળે છે, સિક્કો માટીમાં ઊભો પડે છે.]

અસ્તિ : આ તો ઊભો પડ્યો, લાવ હું ઉછાળું.

[અસ્તિ સિક્કો ઉછાળે છે, અને વાઘ પડે છે.]

અસ્તિ : (જોરથી બૂમ પાડે છે) વાઘ પડ્યો, કબર મારી... કબર મારી... કબર મારી...

[બામજી એકદમ હતાશ થઈ જાય છે.]

બામજી : થોડાક ચણા આપતો જા.
અસ્તિ : (મુઠ્ઠી ચણા આપતાં) સાચવીને ખાજે, એકેક દાણાનો હિસાબ આપવો પડશે.

[બામજી ચણા લઈ ખાવા માંડે છે. એક દાણો અસ્તિના મોંમાં પણ મૂકે

છે. દૂર મીણબત્તીના પ્રકાશમાં પેન્સિલ છોલતો વૃદ્ધ બે નવી મીણબત્તીઓ સળગાવી, એક હાથમાં બંને સળગતી મીણબત્તીઓ લઈ બીજા હાથમાં છોલેલી પેન્સિલ લઈ પોતાની બેઠક પરથી ઊભો થઈ અસ્તિની નજીક આવે છે અને પેન્સિલની અણી અસ્તિની પીઠમાં ઘોંચે છે. અસ્તિ ચમકી જઈ પાછળ જુએ છે.]

અસ્તિ : ઓહ... તું કોણ છે ?

વૃદ્ધ : આ કબર મારી છે.

અસ્તિ : પણ... પણ... આ કબર તો મારી છે, મેં ખોદી છે.

વૃદ્ધ : ખોદી ભલે તેં હોય, દૂર ખસી જા, કબર મારી છે.

અસ્તિ : તારી કેવી રીતે થઈ ગઈ ?

વૃદ્ધ : આ કબર માટે યુગોથી હું પેન્સિલ છોલી રહ્યો છું. મારા વાળ પણ ધોળા થઈ ગયા, મારાં હાડકાં પણ ઓગળી ગયાં. મારી આંખે મોતિયો પણ બાઝી ગયો, મારું ચપ્પુ પણ બુઠ્ઠું થઈ ગયું, મારી પેન્સિલ પણ છોલાઈ ગઈ. આ કબર મારી છે.

અસ્તિ : મેં મહેનત કરી તેનું શું ?

વૃદ્ધ : લે આ મીણબત્તી.

બામજી : મને ?

વૃદ્ધ : તું પણ... આ મીણબત્તી.

[બંનેને એકએક સળગતી મીણબત્તી આપી, વૃદ્ધ પેન્સિલ લઈ કબરમાં ઊતરી જાય છે.]

[પડદો પડે છે.]

પ્રેક્ષક વર્ગમાંથી એક અવાજ : મારી માચિસ તો આપતા જાવ, ભાઈ !

[અસ્તિ હાથમાં મીણબત્તી પકડી, પરદા પાછળથી બહાર આવી માચિસ આપી પાછો પરદા પાછળ ચાલ્યો જાય છે.]

4

હુકમ, માલિક

ચિનુ મોદી

પાત્રો : અધિકાર, જીન

દૃશ્ય-1

[સ્ટેજ પર પ્રકાશ થાય છે. અધિકાર ખુરશી પર બેઠેલો છે. બૂટની દોરી છોડવા સહેજ નીચો નમે છે, પણ તરત ટટ્ટાર ઊભો રહી ત્રણ તાળી પાડે છે એટલે મોટા ટેબલ પાછળથી જ એક સફેદ, વિચિત્ર ચહેરાવાળો. પણ, ડરામણો જીન ઊભો થાય છે અને અધિકાર પાસે આવી ગરદન ઝુકાવી, વિનત સ્વરમાં બોલે છે.]

જીન : હુકમ, માલિક.

અધિકાર : મારા બૂટની દોરી છોડ.

[જીન દોરી છોડવા કેડેથી નમે છે એટલે]

અધિકાર : પહેલાં ઊભો થા... ટટ્ટાર આમ ગરદન ઝુકાવીને નહીં.

જીન : (ગરદન ઝુકાવી) જેવો હુકમ, માલિક.

[પછી ગરદન ટટ્ટાર કરી ઊભો રહે છે.]

અધિકાર : તું જીન છે - જીન. અલ્લાદીનના ચિરાગથી પેદા થતા જીનથી પણ ઊંચા પ્રકારનો - આલા દરજ્જાનો - એ ખબર છે ?

[જીન ચૂપ રહે છે.]

અધિકાર : જાણવાની જરૂર નથી. બૂટની દોરી છોડ.

જીન : જેવો હુકમ, માલિક.

[જીન નીચે બેસી બૂટની દોરી છોડવાનું શરૂ કરે છે એને અધવચ્ચે અટકાવી.]

અધિકાર : છોડેલી દોરી ફરી બાંધી દે....

જીન : જેવો હુકમ, માલિક.

[જીન દોરી ફરી બાંધવા માંડે છે એટલે]

અધિકાર : (જીનને ખભેથી પકડી ઊભો કરી હચમચાવી નાખતાં) તારામાં અને મારા નોકર કોદરમાં કોઈ ફેર ખરો કે નહીં ? તું તો સાવ કોદરની જેમ વર્તે છે. મને આ બિલકુલ પસંદ નથી... દોરી બાંધવાનું બંધ કર...

[જીન ગરદન ઝુકાવી ચુપચાપ ઊભો રહી જાય છે.]

અધિકાર : (એને બાવડેથી ઝાલી, આગળ લાવતાં) તને ખબર છે, હું નાનો હતો ત્યારથી તને મેળવવા.... પણ જવા દે... તને કશું નહીં સમજાય... અહીંથી ટળ....

[જીન ચાલવા માંડે છે.]

અધિકાર : (રાડ પાડીને) નહીં. અહીં ઊભો રહે. આ...મ નહીં, ઊભો ના રહીશ- બેસી જા, નહીં. બેસીશ નહીં - તું... તું... (માથું ખંજવાળતાં) આ ખુરશી ખસેડ... ખસેડ નહીં, પછાડ... નહીં.... તું ગુલાબ લાવ... ગુલાબ નહીં, ગુલાબજાંબુ લાવ... અથવા... તું જા... મારી આંખો પાસેથી દીસતો રહે... જા....

જીન : જેવો હુકમ, માલિક...

[જીન ટેબલ તરફ જવા માંડે છે એટલે]

અધિકાર : અહીં આવ. અને એક વાત સમજ.... તું જીન છે. સફેદ જીન.... જીન આવે છે ત્યારે કેવો ખડખડ હસતો હોય છે... તું તો હસતો પણ નથી... તને હસતાં આવડતું જ નથી ? હસ કહું છું... આવું માંદું નહીં.... જીન જેવું... ભયાનક... આષાઢના આકાશમાં પાણી ભરેલાં કાળાં કાળાં ડિબાંગ વાદળ એકબીજાંસાથે અથડાય અને જે અવાજ થાય એવા ભયાનક અવાજમાં હસ... હજી જોરથી.... ગુફાઓ ધ્રૂજી ઊઠે એવું... પ્હાડ પડી જાય એવું...

[જીન અટ્ટહાસ્ય કરે છે. અધિકાર રાજી થાય છે. જીનના હાસ્ય વચ્ચે જ]

અધિકાર : બરાબર આવું જ.... પણ, હવે બંધ કર હસવાનું... બિલકુલ બંધ...

[જીન હાસ્ય સમેટી લે છે - ક્ષણાર્ધમાં જ.]

અધિકાર : હવે જ્યારે જ્યારે તું મારી પાસે પ્રગટ થાય અને મારી આંખો પાસેથી અદૃશ્ય થાય ત્યારે પણ આમ જ હસજે.... હા... હા... હા.... હા....

[જીન ચૂપ છે.]

અધિકાર : (પોતાનું હાસ્ય સમેટી) તને એ ખબર છે ને કે હું ત્રણ તાળી પાડું એની સાથે તું પ્રગટ થાય છે ?

[જીન ચૂપ રહે છે.]

અધિકાર : તને સાલ્લા કશું જ સમજાતું નથી - સિવાય કે હુકમ.... જા...

[જીન જાય છે - ટેબલ પાછળ બેસતાં પહેલાં જોરથી અટ્ટહાસ્ય કરે છે... હા... હા.... હા.... હા.... જીન અદૃશ્ય થાય છે એટલે.]

અધિકાર : (જીનના હાસ્યના પડઘા પડતાં) હા.... હા.... હા.... હા....

[થોડી વાર ખુરશીમાં બેસે છે. બૂટ જમીન પર લયબદ્ધ રીતે પછાડે છે. બૂટ પર અચાનક ધ્યાન જતાં]

અધિકાર : ચાઇનીઝ શૂઝ... વરસોની મારી ઇચ્છા હતી... ચાઇનીઝ સૂઝ લેવાં છે... પણ... છેક કલકત્તા ગયો, શૂઝની દુકાનમાં પહોંચ્યો.... ગમતાં શૂઝ કઢાવ્યાં.... બરાબર આવી પણ રહ્યાં ને કિંમત પૂછી તો.... અને

ગમતાં શૂઝ ખરીદી શકાયા નહોતાં... જ્યારે આ જીનને હુકમ કર્યો... તો ક્ષણના સોમા ભાગમાં ચાઇનીઝ શૂઝ હાજર.... પણ આ શૂઝ પહેરવાનાં મળ્યાં ત્યારે એ પહેરી બહાર ક્યાંય જવા ના મળે...આ ઓરડામાં જ પહેરી પહેરીને ફરવામાં લિજ્જત શી ? સાલ્લું.

[કંટાળો આવતાં બગાસું ખાય છે... ચપટી વગાડતાં વગાડતાં કૈંક વિચાર આવતાં ત્રણ તાળી પાડે છે એટલે અટ્ટહાસ્ય સાથે જીન હાજર થાય છે અને અધિકાર પાસે આવી, ગરદન ઝુકાવી ચૂપચાપ ઊભો રહે છે.]

જીન : હુકમ, માલિક...

અધિકાર : આ બગાસું આવે છે એ નથી જોતો ?

[જીન શૂન્યવત્]

અધિકાર : તારામાં કોદર જેટલી સૂઝ નથી. ચા લાવ.... ચા... કડક કમ સકર લિપ્ટન....

જીન : જેવો હુકમ, માલિક.

[ટેબલ સુધી જઈ... અટ્ટહાસ્ય સાથે વિદાય થઈ... થોડી વારે હાથમાં કપરકાબી સાથે પુનઃ દેખાય છે... અટ્ટહાસ્ય અને પછી પાસે આવી, અધિકારને કપરકાબી ધરે છે.]

અધિકાર : (હાથમાં કપરકાબી લેતાં) વાહ... અને હવે તું જા... ના, ના, અહીં જ ઊભો રહે. ચા પીશ ?

[જીન શૂન્યવત્]

અધિકાર : એક રકાબી...

[જીન શૂન્યવત્]

અધિકાર : (છેડાઈને) ચા પી.... મારો હુકમ છે.

[જીન અધિકારના હાથમાંથી કપરકાબી લઈ, ચા પી જાય છે.]

અધિકાર : હવે કેવી ચા પી લીધી ? ચા પૂરેપૂરી પીધી છે ને ? મારા હાથમાં કપરકાબી મૂક...

[ખાલી કપરકાબી જીન અધિકારના હાથમાં મૂકે છે એને જોતાં]

હં.... એકેએક ટીપું મારો વા'લો પી ગયો છે ને....

(થોડી વારે) લે. આ, ખાલી કપરકાબી મારે શું ફોડવાં છે ? અને બીજી ચા લઈ આવ.

જીન : જેવો હુકમ, માલિક....

[જીન જાય છે - અટ્ટહાસ્ય કરીને અદૃશ્ય થાય છે - ચા અને અટ્ટહાસ્ય સાથે પુનઃ પ્રકટ થાય છે - અધિકારને ચા આપે છે.]

અધિકાર : થેંક યૂ મિસ્ટર જીન, થેંક યૂ. આપ હવે જઈ શકો છો....

[જીન ઊભો રહે છે.]

અધિકાર : કેમ ઠોયા જેમ ઊભો છે ?

[જીન શૂન્યવત્]

અધિકાર : નવું નવું છે ને એટલે સાલ્લું યાદ નથી રહેતું કે મારો હુકમ થાય નહીં ત્યાં સુધી તું જઈ શકે નહીં... મારી ઇચ્છા મુજબ નહીં, હુકમ મુજબ કરવા તું બંધાયેલો છે... નહીં? સારું, સારું, મને ચા પીવા દઈશ નિરાંતે?

[જીન ચૂપચાપ ઊભો રહે છે.]

અધિકાર : (ચા પીતાં પીતાં) ચા ફક્કડ થઈ છે... [જીન શૂન્યવત્]

અધિકાર : (મોટેથી) હું કહું છું કે ચા ફક્કડ થઈ છે... [જીન શૂન્યવત્]

અધિકાર : (વધુ મોટેથી - છેડાઈને) તું બહેરો છે, અલ્યા? હું તારાં વખાણ કરું છું એય તને નથી સંભળાતું? [જીન શૂન્યવત્]

અધિકાર : લે, આ કપ લઈ જા...

[જીન અધિકારના હાથમાં રકાબી રહેવા દઈ, ખાલી કપ લઈ લે છે અને]

જીન : જેવો હુકમ, માલિક.

[જીન કપ લઈ ચાલવા માંડે છે એટલે]

અધિકાર : આ રકાબી કોના માટે રાખી? આ રકાબી દેખાતી નથી?

[જીન લગભગ ટેબલ સુધી પહોંચી ગયેલો છે એને અટકાવતાં.]

અધિકાર : કહું છું, આ રકાબી પણ લઈ જા...

[જીન તરત પાછો ફરી રકાબી લઈ]

જીન : જેવો હુકમ, માલિક...

[જીન જાય છે - અટ્ટહાસ્ય સાથે અદૃશ્ય થાય છે.]

અધિકાર : હવે શું કરું? ચા પણ પિવાઈ ગઈ... પહેલાં તો કેટલો ત્રાસ પડતો'તો. ઑફિસેથી થાક્યો-પાક્યો ઘેર આવું. બૂટની દોરી છોડવાનાય હોશ ના હોય અને મારે જાતે પ્રાઈમસ સળગાવવો પડે... ચા મૂકવી પડે... અને બપોરેતપોરે બિલ્લી દૂધ પી ગઈ હોય તો પાછા દોઢ ગાઉ દૂર દૂધ લેવા જવું પડે.... હવે તો ત્રણ તાળી ને જીન હાજર... હુકમ કરીએ કે ચા એટલે ચા હાજર.... સાથે ભાવનગરી ગાંઠિયા કહીએ તો અસ્સલ ભાવનગરી ગાંઠિયા હાજર કરે... (થોડી વારના મૌન બાદ) હવે તો ઑફિસ પણ નહીં... ક્યાંય બહાર જવાનું પણ નહીં... કોઈને મળવાનું પણ નહીં... આ ચાર દીવાલો વચ્ચે આ સફેદ જીને મારે માટે સ્વર્ગ ખડું કર્યું છે, સ્વર્ગ.... (આંખ મીંચકારતાં) અને આમ પણ ગમ્મત માટેય કંઈ ખોટો નથી... લાવ એને ફરી બોલાવું.

[અધિકાર ત્રણ તાળી પાડે છે. અટ્ટહાસ્ય સાથે જીન હાજર થાય છે. ગરદન ઝુકાવી ઊભો રહી]

જીન : હુકમ, માલિક.

અધિકાર : નૃત્ય... નૃત્ય કર...

[જીન સાવ યંત્રવત્, લગભગ ઠેકડાં મારતો હોય એવા પ્રકારનું નૃત્ય કરે છે.]

અધિકાર : આ શું ઠેકડા મારે છે? [જીન નાચ્યા કરે છે.]

અધિકાર : અરે, ઓ મૂરખ, આ નૃત્ય કહેવાય ? આ તો દારૂ પાયેલા વાંદરા જેવું તું કૂદ કૂદ કરે છે - આવું નહીં, આવું નહીં... જરાક સુંદર... લલિત પ્રકારનું નૃત્ય બતાવ... મારો હુકમ છે.

[જીન ઠેકડા મારવાનું મૂકી દઈ, નિર્જીવ પણ લલિત પ્રકારની અંગભંગિમાઓ કરતો હોય છે.]

અધિકાર : હવે સાથે કાંઈ ગાઈશ ?

[જીન વણસાંભળ્યે શબવત્ નૃત્ય કર્યા કરે છે.]

અધિકાર : કોઈ શૃંગારી ચીજ ગા... પાન ખાય સૈંયા હમારે... ગા... મારો હુકમ છે.

[જીન 'પાન ખાય સૈંયા હમારે' એવું કશુંક ગાતો હોય છે... આ બીભત્સ દૃશ્ય પર અધિકાર ખડખડાટ હસતો હોય છે અને લાઈટ ઑફ થાય છે.]

દૃશ્ય-2

[લાઈટ ઓન થાય છે ત્યારે અધિકાર કૈંક અંશે પ્રૌઢ થયેલો લાગે છે. એ ચાઈનીઝ શૂઝ જાતે પહેરે છે, દોરી બાંધતાં બાંધતાં અટકી જાય છે, પગમાંથી બૂટ કાઢી નાખે છે.]

અધિકાર : (બૂટની દોરી પકડી - બૂટને ઊંચે સુધી લઈ આવી) આ ચાઈનીઝ શૂઝ... સરસ પણ શા કામના ? ઘરની આ ચાર દીવાલો વચ્ચે જ એને પહેરી પહેરીને ફરવાનો પણ કંટાળો આવે છે. (શૂઝને) તમને નથી આવતો, હેં ? (બન્ને બૂટને દોરીથી હલાવતાં) ડોસાજી ડગરાજી - ચલો.

[બૂટ ફેંકી દે છે - ટીંગાટોળી કરીને.]

(થોડી વાર પહેલાં બૂટને જોઈ રહે છે - પછી સહેજ કંટાળો આવતાં - એક બૂટને ઊંચકીને) કાલની રમત.... ગઈ કાલની એની એ રમત... આજે પણ ફરી રમવી પડશે. સમય પસાર કરવા કોઈ બહાનાં તો શોધવાં જ પડે ને -

(પકડેલા બૂટને એક ભીંત તરફ લઈ જતાં) ચલો ડોસાજી, તમને રસ પડે એવી એક સાથે ઓળખાણ કરાવું... મિસ વૉલ, આ મિસ્ટર શૂ છે. ચાઈનાના છે. અને મિસ્ટર શૂ, આ મીસ વૉલ, મારાં વરસોનાં ફ્રેંડ છે... ફ્રેંડ ? આઈ હેઈટ.... ઓલ ઑફ ધેમ... ઍન્ડ આઈ હેઈટ યૂ ટૂ. મિસ્ટર શૂ.

(એમ કહીને પકડેલા બૂટને દીવાલ પર જોરથી ફંગોળે છે - સહેજવાર રોકાઈ) બૂટ ફેંક્યાથી દીવાલ હટતી નથી - મિસ્ટર અધિકાર.

[અધિકાર ઉશ્કેરાટ ઓછો થતાં સાવ હતોત્સાહ અનુભવે એ રીતે નિરાશ પગલે આમતેમ ફરતો હોય છે. કશુંક સૂઝતાં એ ત્રણ તાળી બહુ શિથિલ હાથથી હળવેકથી પાડે છે. અટ્ટહાસ્ય સાથે સફેદ જીન હાજર થાય છે. અટ્ટહાસ્યથી અધિકાર ધ્રૂજે છે, જીન નજીક આવી, ગરદન ઝુકાવી ઊભો રહે છે અને -]

જીન : હુકમ, માલિક -

અધિકાર : (ધ્રૂજતાં ધ્રૂજતાં) ભાઈ, આટલું મોટેથી શું કામ હસે છે ?

[જીન શૂન્યવત્]

અધિકાર : તારા રોજના આ પડછંદ અટ્ટહાસ્યથી હું મૂળસમેતથી કંપી કંપી ગયો છું. હવે તો કદાચ પડું પડું થઈ ગયો છું.

[જીન શૂન્યવત્]

અને તને મારી દયા પણ આવતી નથી ? કોઈ પથરા સાથે આટલો સમય હું રહ્યો હોત ને તો પણ પથરો પીગળ્યો હોત, પણ તું ?

[જીન શૂન્યવત્]

સાલ્લા, હું બકતો નથી, બોલું છું, સંભળાય છે તને ? હું બોલું છું, બોલું...

[જીન શૂન્યવત્]

મારા હુકમ સિવાય તને કશું જ સંભળાતું નથી... કશું જ સમજાતું નથી... ઊફ.

[જીન શૂન્યવત્]

તો હવે મારો હુકમ સાંભળ.

[જીન શૂન્યવત્]

મારો હુકમ છે કે મારી સાથે તું વાત કર...

[જીન એકદમ અધિકાર પાસે જઈ, હાથમાં હાથ લેતાં]

જીન : કેમ છો ? મઝામાં છો ? શું ચાલે છે હમણાં ? આજકાલ હવામાન બહુ ખરાબ છે, નહીં ? પણ, શું થાય ? ચાલો, આવજો... ટા... ટા... બાય, બાય, ગુડનાઈટ.

[જીન સહેજ ફરી, પાછો સંમુખ થઈ ચૂપચાપ ઊભો રહી જાય છે.]

અધિકાર : આમ બનાવટી રીતે નહીં... સહેજ સારી રીતે. હૃદયના ભાવથી... પ્લીઝ, મારી સાથે તું સરસ રીતે, ઉમળકાથી વાત કર. મારી સાથે આવતાં પહેલાં તેં કરેલી શરતનું હું પાલન નથી કરતો ? અને છતાં તું આમ મારાથી આઘો આઘો કેમ રહે છે ? તેં આવતાં પહેલાં શરત મૂકી હતી કે તું મારા ઘરમાં આવે એટલે બીજા કોઈ માણસને મારે ઘરમાં નહીં આવવા દેવાનો. છેલ્લાં વીસ-વીસ વરસથી આ ઘરમાં તારા આવ્યા પછી કોઈને મેં પગ મૂકવા દીધો છે ખરો, હેં ? [જીન શૂન્યવત્]

પણ, ખરું કહું દોસ્ત, આ બંધ ઓરડામાં... ઉફ... દુઃખ કહેવાથી ક્યારે ઓછું થાય છે ? પણ તું મારા સુખદુઃખમાં કેમ સામેલ થતો નથી ? મારાં સુખ, મારાં દુઃખની વાત હું તને કહું છું ત્યારે, અત્યારે, ઊભો છે એમ પથ્થરવત્ ઊભો રહે છે-નિષ્પલક આંખે, ભાવહીન ચહેરે, ઝુકાવેલી ગરદન સાથે...

[જીન પાસે જઈ]

તને ક્યારેય વાત કરવાની ઇચ્છા નથી થતી ? મારા કોઈ હુકમનો અનાદર કરવાનું મન નથી થતું ? ક્યારેય તને મારી કોઈ વાતથી આનંદ નથી

આવતો ? ગુસ્સો નથી ચડતો ? હું અને તું આ આવડા મોટા બંધ ઓરડામાં એકલા છીએ-વરસોથી. તને એનો કંટાળો નથી આવતો ?

[લગભગ રડમસ થઈને]

તને કહું છું - આ બધું તને કહું છું - તને - તને સંભળાય છે ?

[થોડી વાર પછી ગુસ્સે થઈ]

સાલ્લા, તને હુકમની જ ભાષા સમજાય છે અને મારે તને...

[ટટ્ટાર થવા પ્રયત્ન કરતાં]

મારા ગળામાં શોષ પડે છે - પાણી લાવ.

જીન : જેવો હુકમ, માલિક.

[જીન અટ્ટહાસ્ય સાથે અદૃશ્ય થઈ, પાણીના પ્યાલા સાથે પાછો આવતાં ફરી અટ્ટહાસ્ય કરે છે - ધ્રૂજતા હાથે અધિકાર પાણીનો પ્યાલો લે છે - યંત્રવત્ પાણી પી જીનને પ્યાલો પાછો આપે છે - જીન પ્યાલો લઈ ઊભો રહે છે.]

અધિકાર : પ્યાલો અંદર મૂકી આવ.

[અટ્ટહાસ્ય સાથે જીન પ્યાલો મૂકી, પાછો આવતાં પુનઃ અટ્ટહાસ્ય કરે છે. અધિકાર પાસે આવી, ગરદન ઝુકાવી ઊભો રહે છે.]

અધિકાર : તું કેમ પાછો આવ્યો ? જા. [જીન જવા માંડે છે એટલે]

ઊભો રહે.

[જીન ઊભો રહી જાય છે.]

આજે મારે તારું કામ છે. સાદું-સીધું નહીં. મોટું કામ છે.

[થોડાક મૌન પછી]

પૂછ તો ખરો કે કયું મોટું કામ છે ?

[જીન શૂન્યવત્]

સાલ્લા, મારી સાથે વાત કર - મારો હુકમ છે.

જીન : (યંત્રવત્) કેમ છો ? મઝામાં છો ? શું ચાલે છે હમણાં આજકાલ હવામાં...

અધિકાર : સ્ટોપ ઈટ.

(જીન બોલતો બંધ થઈ જાય છે એટલે) તું મારી સાથે આમ જ વર્તવાનો હોય તો... તો હું આજે આ બંધ બારણું ખોલી કોઈને પણ ઘરમાં બોલાવીશ - એની સાથે વાત કરીશ - સાલ્લું વીસ વીસ વરસથી કોઈએ મારી સાથે ઉમળકાથી વાત નથી કરી - એ તે કેમ ચાલે ?

[દોડીને, બંધ બારણું ખોલી નાખે છે - બારણે જઈ]

અધિકાર : બચુ, અહીં આવ તો - પી પી આપીશ - અહીં આવ તો... (આઠેક વર્ષનો નાનો છોકરો બારણા બહાર આવી ઊભો રહે છે.) આવ, બેટા, આવ. અંદર આવ, તને ચોકલેટ આપું...

[છોકરો ડરતો ડરતો અંદર પ્રવેશે છે - એ પ્રવેશે છે એની સાથે જ જીન ચીલઝડપે દરવાજો બંધ કરી આવેલા છોકરા પર તૂટી પડે છે -

એને ઊંચકીને મોટા ટેબલ પાછળ લઈ જાય છે અને અધિકાર આ બધું વિહ્વળ આંખે જોયા કરતો હોય છે - છોકરાની મરણચીસ સંભળાય છે એની સાથે કેળ પર કુહાડો પડ્યો હોય એમ અધિકાર ફસડાઈ પડે છે - અંગે લકવો પડતી વખતે જે પ્રકારે શરીર ખેંચાય એમ અધિકારનું શરીર ખેંચાય છે અને આ દૃશ્ય પૂરું થાય છે.]

દૃશ્ય-3*

[પ્રકાશ થાય છે ત્યારે અતિશય વૃદ્ધ એવો અધિકાર પથારીમાં સૂતેલો છે.]

અધિકાર : (થોડુંક ખાંસતાં) પા...ણી... મને પાણી આપો.

[કોઈ આવતું નથી.]

ઓ હું મરી ચાલ્યો રે... મારા ગળામાં શોષ પડે છે. (ખાંસતાં ખાંસતાં) આ ખાંસી... (સહેજ બેઠા થવાનો પ્રયત્ન કરે છે - ઢળી પડે છે - થોડી વાર મૌન -) જીન ક્યાં ગયો ? એ ચાલ્યો ગયો ? હા...શ ! (સહેજ વાર આંખો મીંચી રાખે છે.) પણ, મારો દવાનો સમય થયો છે... દ... વા... (કોઈ આવતું નથી.) ત્રણ તાળી પાડું ? (જમણો હાથ ઊંચકવા અધિકાર પ્રયત્ન કરે છે - હાથ ઊંચકાતો નથી. હાથ પડી જાય છે.) અરેરે, મને આ રોગ ક્યાં થયો ? લકવો ક્યાંથી પડ્યો ? મારું આખું જમણું અંગ ઝલાઈ ગયું છે.... પણ... ના... નહીં. પા....ણી... (ઝનૂન સાથે સમગ્ર શક્તિથી ડાબો હાથ ઊંચકે છે અને અટકી જાય છે.) ના, ના, આ ત્રીજી તાળી પાડીશ તો પે...લો હાજર થશે. હુકમ માગશે... નહીં, મારે એનાથી છૂટવું છે - કોઈ રીતેય છૂટવું છે. (થોડી વાર અટકીને) પણ, આમ ને આમ તો હું મરી જઈશ. અડધા અંગે લકવો પડ્યો છે ને... દવા વગર... પાણી વગર... પણ કાંઈ નહીં.... આ જીન મારે ન જોઈએ - આ કો...ણ મને ત્રીજી તાળી પાડવા મજબૂર કરે છે ? કો... ણ ? કો....ણ છે એ ? મારા ડાબા હાથને કોણ જમણા હાથ તરફ ધકેલે છે ? કોણ છે એ? કોણ છે ? નથી મારે તાળી પાડવી... ત્રીજી તાળી નથી જ પાડવી... પણ, ઓહ....

[અધિકાર ડાબા હાથને રોકવા સખત મહેનત કરતો હોય છે - અને છતાં ડાબો હાથ જમણા હાથ ભણી નમતો જાય છે - અટકાવે છે. આથી, અધિકાર પરસેવે રેબઝેબ થઈ જાય છે. આ સંઘર્ષમાં અધિકાર હાંફી જાય છે - થાકી જાય છે અને અતિશય સ્ટ્રેઈનને કારણે મૃત્યુ પામે છે અને મૃત્યુ પામતાની સાથે જ ડાબો હાથ જમણા હાથ પર આવી પડે છે અને ત્રીજી તાળી વાગે છે એની સાથે જ ટેબલ પાછળથી અટ્ટહાસ્ય સાથે જીન બહાર આવી, મરેલા અધિકાર પાસે માથું ઝુકાવી ઊભો રહે છે.]

જીન : હુકમ, માલિક.

[અને આ શબ્દોના પડઘાઓ સાથે પડદો પડે છે.]

*આ આખા દૃશ્યમાં અધિકારનો ટેઈપ કરેલો અવાજ રજૂ કરવો.

5

હું પશલો છું

ઈન્દુ પુવાર

પાત્રો : પશલો - વણકર યુવાન * ભગલો - સુથાર * રાજકુમારી * રાજા * રાણી * સેનાપતિ * દાસી.

દૃશ્ય - 1

સ્થળ : જંગલ.

[ભગલો લાકડામાંથી ઘોડા જેવું કશુંક બનાવી રહ્યો છે. પશલો લાકડાં લાવી ભગલાને આપતો હોય છે - બંને જણા કશી પણ સામગ્રી વિના માઈમથી બધું કરતા હોય છે.]

ભગલો : પશા, જોયું ? આ ઘોડો કેવો બન્યો છે ?

પશલો : સરસ બન્યો છે ભગા.

ભગલો : કપૂરચંદ શેઠના દીકરા માટે, ઊડતો ઘોડો બનાવવાનો છે.

પશલો : હેં ? ઊડતો ઘોડો ? ના હોય ભગા ?

ભગલો : અરે, તું જો તો ખરો.

પશલો : (કશોક અવાજ સંભળાતા) ભગા, ભગા સાંભળ છમ છમ છમ... કોઈક આવતું લાગે છે.

ભગલો : હા, હા, પશા શું કરીશું ?

પશલો : ચાલ સંતાઈ જઈએ.
(બંને જણા સંતાઈ જાય છે ત્યાં રાજકુમારી અને તેની સખી હાથમાં પૂજાનો થાળ લઈને પ્રવેશે છે.)

ચંપો : (બધે જોતી) અને કુંવરીબા, આજે જાણે કંઈક જુદું જ વાતાવરણ હોય એમ લાગે છે, નહીં ?

રાજકુમારી : તને તો જ્યારે ને ત્યારે બધું જુદું જ લાગતું હોય છે. ચાલ, છાનીમાની ભગવાનની પૂજાનું મોડું થાય છે.

ચંપા : તે હેં કુંવરીબા ? આપણા મહેલમાં પ્રભુનું સરસ મજાનું મંદિર હોવા છતાં અહીં જંગલના આ મંદિરે શું કામ પૂજા કરવા આવો છો ?

રાજકુમારી : ચંપા, માતાજી કહેતાં હતાં કે આ મંદિરે પૂજા કરવાથી મનની ઇચ્છાઓ ફળતી હોય છે.

ચંપા : તો તો અમારા કુંવરીબાને સરસ મજાના રાજકુમાર મળશે, નહીં ?

રાજકુમારી : હમણાં હમણાંની તું બહુ ચિબાવલી થઈ ગઈ છે હોં કે ચંપા !

ચંપા : લો, આ આવી ગયું મંદિર. હે પ્રભુ ! અમારાં કુંવરીબાની જે કંઈ માનતા હોય એ ફળજો.

રાજકુમારી : સારું સારું, લાવ થાળ, હું પૂજા કરી લઉં.
[કુંવરી પૂજા કરે. આંખ મીંચી ધ્યાન ધરે, આ દરમિયાન પશલો-ભગલો બંને બધું જુએ, બંનેમાં પશલો વધારે વિહ્વળ થઈ ગયો હોય.]

રાજકુમારી : ચંપા, આજે મારા હૈયાને થાય છે કે હું પ્રભુની આગળ નૃત્ય કરી એમને રીઝવું.

ચંપા : ઓહો, તો તો સોનામાં સુગંધ ભળી કહેવાય. કુંવરીબા તમારા નૃત્યથી પ્રભુ જરૂર પ્રસન્ન થઈ જવાના.

રાજકુમારી : તું ગીત ગાઈશ ચંપા ? તારા ગીત ઉપર હું નૃત્ય કરીશ.

ચંપા : કયું ગીત ? મને વળી ક્યાં ગાતાં આવડે છે ?

રાજકુમારી : બહુ લુચ્ચાઈ કર્યા વગર 'મેરે તો ગિરિધર ગોપાલ' વાળું ગીત ગા.

ચંપા : પરન્તુ કુંવરીબા મારો કાન તો છોડો, ભૈસાબ. જુઓ કુંવરીબા આજે તો તમારે જાતે ગીત ગાઈ નૃત્ય કરવું જોઈએ.

રાજકુમારી : હા, હા ચંપા તું કહે છે એમ જ કરું. હું જાતે ગાઈશ અને નૃત્ય કરીશ.
[રાજકુમારી ગાય, નૃત્ય કરે. આ દરમિયાન પશલો એકદમ પાગલ જેવો થઈ જાય, એકાદ વખત ત્યાં દોડી જવાનો પ્રયત્ન કરે, ભગલો પકડી રાખે. રાજકુમારી નૃત્ય કરી પ્રભુના ધ્યાનમાં લીન થઈ જાય.]

ચંપા : વાહ વાહ કુંવરીબા, આજ તો પ્રભુ જરૂરી રીઝ્યા હશે.

રાજકુમારી : પ્રભુ રીઝ્યા હશે કે નહીં એની મને ખબર નથી ચંપા પરન્તુ આજ મારો આનંદ સમાતો નથી. અને બીજી એક વાત કહું ચંપા ? આજ છે ને તે મારું ડાબુ અંગ ફરકે છે.

ચંપા : ત્યારે આજ ગમે તે લાભ થવાનો કુંવરીબા !

રાજકુમારી : લાભ થશે કે નહીં એની તો ખબર નથી પણ માતાજી ચિંતા જરૂર કરતાં હશે, ચાલ જલદી પહોંચી જઈએ.

ચંપા : હા કુંવરીબા, માતાજી તો અટારીએ જ ઊભાં હશે. મોડાં પડીશું તો માતાજી મને વઢશે. ચાલો.
[બંને જણાં જાય. ધીમે ધીમે પશલો, ભગલો બહાર આવે. પશલાની નજર રાજકુમારી જે દિશામાં ગઈ છે ત્યાં ચોંટી ગઈ હોય. ભગો થોડીક વાર આ જોઈ રહે, એકાદ વખત એને 'પશલો' કહી બોલાવે પણ પશલાનું ધ્યાન ન હોય.]

ભગલો : પશલા, એ પશલા ? એ ય બબુચક, એ બાજુ શું જોઈ રહ્યો છે ? (પશલાને ઝંઝોળે) ઓ બાઘા કઉં છું સાંભળે છે કે નહીં ?

પશલો : હેંએં ? હા, હા.

ભગલો : શું હેં ને હા કરે છે. કઉ છું તારું ધ્યાન ક્યાં છે ?

પશલો : ભગા, આ કોણ હતું ?

ભગલો : કોણ તે રાજકુંવરી અને તેની સખી.

પશલો : રાજકુંવરી ? વાહ શું રૂપ આલ્યું છે ભગવાને ભગલા. રાજકુંવરીનું રૂપ જોઈ મને કશુંક થઈ ગયું છે ભગલા.

ભગલો : ના, ના કશુંક થઈ ગયું હોય તો બેઠો બેઠો માખો માર. હેંડ હવે, પેલાં લાકડાં લાય જલદીથી.
(પશલો એમ ને એમ ઊભો રહે) એય, કઉ છું, સાંભળે છે કે નહીં ?

પશલો : આજ મારું મન કામમાં લાગે એવું લાગતું નથી.

ભગલો : પણ કંઈ કારણ ?

પશલો : ભગા, રાજકુંવરીને જોઈ છે ત્યારથી બસ મારું મન એની પાછળ પાછળ ભમ્યા કરે છે.

ભગલો : પાછળ ભમે કે આગળ ભમે, તને કશો ફાયદો થવાનો નથી, સમજ્યો ?

પશલો : એટલે તો થાય છે કે શું કરું ?

ભગલો : શું કરું તે કામ કર કામ. લાકડાં લાવ, ચાલ.

પશલો : (થોડીક વાર મંદિર સામે જોયા પછી) ભગા, તું મારું એક કામ કરીશ ?

ભગલો : કયું કામ ?

પશલો : હું અહીં-મંદિર આગળ-ચિતા તૈયાર કરું છું, તું ચિતાને અગ્નિ મૂકીશ ?

ભગલો : શું કામ ? તારે બળી મરવાની જરૂર શી છે ? કયું આકાશ તૂટી પડ્યું છે ?

પશલો : જો ભગા, હું રાજકુંવરી વગર જીવી શકું એમ નથી. અને રાજકુંવરી મને મળવાની નથી એટલે જો એનું નામ લેતો લેતો બળી મરું તો કદાચ આવતા જન્મે....

ભગલો : ગાંડો થયો કે શું પશલા ?

પશલો : મને ખબર છે ભગા, હું રહ્યો વણકર. સપનામાં પણ રાજકુંવરીનો વિચાર કરું તોય નકામું છે અને રાજકુંવરી વગર હું જીવી શકું એમ નથી એટલે મને મરવા દે ભગા, મને મરવા દે.

ભગલો : (મંદિર સામું જોતાં) પશા, મરવા કરતાં બીજો કોઈ રસ્તો વિચારીએ. કદાચ તારા પ્રેમને કારણે તને રાજકુંવરી મળીય જાય.

પશલો : ખરેખર ભગા, તું મને રાજકુંવરી મેળવી આપીશ ? તો હું આખી જિંદગી તારો દાસ થઈને રહીશ. જલદી રસ્તો બતાવ ભગા.

ભગલો : જો સાંભળ પશા, રાજકુંવરી ભગવાન વિષ્ણુની ભગત છે. હવે જો તું વિષ્ણુ ભગવાન બનીને એની પાસે જાય તો ?

પશલો : પણ હું એની પાસે જઈશ કઈ રીતે ? આ તો અર્થ વગરની વાત થઈ.

ભગલો : ભઈ પશા, જરાક સાંભળતો ખરો. જો હું તને લાકડાનું ઊડતું ગરુડ બનાવી આપીશ. જે તને રાજકુંવરીના મહેલ સુધી લઈ જશે. રોજ રાતે તારે વિષ્ણુનું રૂપ ધારણ કરી રાજકુંવરી પાસે પહોંચી જવાનું, બરાબર ?

પશલો : અરે વાહ, ભગા તારી બુદ્ધિ... ભગા, જલદીથી તું ગરુડ બનાવી આપ.

ભગલો : (ઝડપથી ગરુડ બનાવતો હોય એ રીતે) જો પશા, આ ગરુડની ચાંચ, આ ગરુડની પાંખ, આ ગરુડના પગ, આ જમણી પાંખમાં ઊડવાની કળ, ડાબી પાંખમાં નીચે ઊતરવાની કળ. પછી પછી પશાને હું પીતાંબર પહેરાવીશ... આમ, માથે મુગટ પહેરાવીશ, એક હાથમાં ચક્ર આપીશ, બીજામાં પદ્મ, ત્રીજામાં ગદા અને ચોથામાં શંખ આપીશ. પછી ગરુડ પર બેસાડી પદ્માસન વળાવી, આમ ચપટીમાં તને ઉડાડીશ રાજકુમારી પાસે... વાહ પશા, તું ખરેખર ભગવાન વિષ્ણુ જ લાગીશ ખરેખર....

[પશલો વિષ્ણુની જેમ ઊભો હોય પદ્માસન વાળી ત્યાં દૃશ્ય પૂરું થાય]

દૃશ્ય-2

સ્થળ : રાજમહેલ

[રાજકુમારી મહેલની અટારીએ ઊભી ઊભી પોતાના વાળ ગૂંથી રહી હોય, લગભગ ધ્યાનમગ્ન જેવી સ્થિતિ હોય ત્યાં અચાનક 'બાલે' 'બાલે' એવો અવાજ આવે. રાજકુમારીએ સાંભળ્યું જ ન હોય ફરી 'બાલે'નો અવાજ, રાજકુમારી આજુબાજુ જુએ ત્યાં, પશલાનો અવાજ આવે; આ બાજુ બાલે, હું તને પોકારું છું - રાજકુમારી પશલાને જુએ અને એકદમ આશ્ચર્યમાં પડી જાય.]

રાજકુમારી : આ પીતાંબર, આ મુગટ, આ શંખ, ચક્ર, ગદા, પદ્મ, આ છટા, આ તેજ....

પશલો : આશ્ચર્યમાં પડીશ નહીં બાલે, હું ભગવાન વિષ્ણુ, તારી ઉપર પ્રસન્ન થઈ, તને દર્શન દેવા આવ્યો છું.

રાજકુમારી : પ્રભુ ! આપ પોતે જગન્નાથ ? આપે મને દર્શન દીધાં ? પ્રભુ, પ્રભુ મારું જીવ્યું સાર્થક થયું પુરુષોત્તમ.

પશલો : બાલે ! હું જગત માટે પુરુષોત્તમ છું. પરન્તુ તારા માટે તો કેવળ પશો છું કેવળ પશો.

રાજકુમારી : પ્રભુ, પ્રભુ, મારો જન્મ સફળ થઈ ગયો.

પશલો : જો સાંભળ બાલે, હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું. તે જંગલમાં જઈ, મારી મૂર્તિ આગળ નૃત્ય કર્યું ત્યારીથી હું તારી ઉપર રીઝ્યો છું અને તેથી હું તારી સાથે ગાંધર્વ લગ્ન કરવા ઇચ્છું છું.

રાજકુમારી : આ શું હું સાંભળું છું પ્રભુ ? હું સ્વપ્નમાં તો નથી ને ?

પશલો : ના બાલે ના. તું જે સાંભળે છે એ સત્ય છે.

રાજકુમારી : પરન્તુ જગન્નાથ આપ ત્રિભુવનના નાથ. હું એક સામાન્ય સ્ત્રી. આપનું અને મારું લગ્ન ? પ્રભુ અને માનવીનું મિલન ?

પશલો : આવું કશું જ વિચાર્યા વગર મારી માગણી સ્વીકારી લે બાલે. મને પ્રસન્ન કરવાનો આ એકમાત્ર ઉપાય છે.

રાજકુમારી : જેવી પ્રભુની ઇચ્છા ! પ્રભુ હું યુગોથી આપની જ છું. આપ આ દાસીનો સ્વીકાર કરો પ્રભુ.

[એમ કહી ચરણોમાં ઢળી પડે. પશો એને ઊભી કરે.]

પશલો : તારું સ્થાન ત્યાં નહીં બાલે ! અહીં મારા હૃદયમાં છે. તું મારી દાસી નહીં, મારા હૃદયની સ્વામિની છે.

(એમ કહી પદ્મ સૂંઘી રાજકુમારીને આપે પછી) ચાલ, બાલે આપણે મુક્ત વિહાર કરીએ ચાલ.

દૃશ્ય : 3

સ્થળ : રાજમહેલ

[રાજા વિચારમગ્ન અવસ્થામાં સિંહાસને બેઠા છે. રાજાએ એક આંગળી કપાળે ટેકવેલી છે. આ એમની ટેવ છે. રાણીના હાથમાં પંખો છે. થોડી થોડી વારે એ પોતાના તરફ પંખો નાખી લે છે. રાણી અહીંથી તહીં આંટા મારે છે.]

રાણી : મહારાજ, તમે તો રાજા છો કે કોણ છો ? (એક આંટો માર્યા પછી પંખાથી પવન નાખ્યા પછી) મહારાજ, તમે તો રાજા છો કે કોણ છો ?

રાજા : (અચાનક ઝબકીને) શું કહ્યું ? રાજા ? ક્યાં છે રાજા ?

રાણી : શું ક્યાં છે રાજા, ક્યાં છે રાજા કહ્યા કરો છો. અરે, હું તમને કહું છું મહારાજ.

રાજા : (સ્વસ્થતાપૂર્વક) હા, હા, મને કહો છો રાણી. હું જરાક રાજકાજના વિચારમાં ડૂબેલો હતો ને એટલે !

રાણી : મારું કપાળ ડૂબેલા હતા !

રાજા : શું થયું તમારા કપાળને ? લાવો, જરા જોઉં તો.

રાણી : મારા કપાળને કશું થયું નથી, હું કહું છું આપનું ગુપ્તચરખાતું ઊંઘે છે મહારાજ.

રાજા : શું કામ ઊંઘે ? હે મારું ગુપ્તચર ખાતું ઊંઘે છે ? ક્યાં છે સેનાપતિ ?

રાણી : અરે, આપણા બેની વાતમાં સેનાપતિ ક્યાંથી આવ્યા ? પહેલા મારી વાત તો સાંભળો. કહું છું આ આપણી કમળકુંવરી ખરીને ?

રાજા : હા, હા, કમળકુંવરી, કમળકુંવરી.

રાણી : (રડમસ અવાજે) મારી ફૂલ જેવી નાજુક કમળકુંવરી મહારાજ, બદલાયેલી કેમ લાગે છે ? આખો દિવસ એકલી એકલી અટારીએ બેસી રહે છે, ખાતી નથી, પીતી નથી. બોલતી નથી, ચાલતી નથી. બસ આખો દિવસ આકાશમાં જોયા કરે છે, એની તપાસ કરી છે તમે ?

રાજા : સેનાપતિ ? સેનાપતિ !

સેનાપતિ : (પ્રવેશ કરી) મહારાજની જય હો, હુકમ મહારાજા...

રાજા : સેનાપતિ, રાજકુમારી કેમ બદલાઈ ગઈ છે એની તપાસ કરી છે તમે? તમારું ગુપ્તચર ખાતું ઊંઘતું લાગે છે સેનાપતિ.

સેનાપતિ : અરે, ઊંઘતું હોય અને આપ કહેતા હો તો હમણાં જગાડી દઈએ મહારાજા આમ. (ચપટી વગાડે, રાજા સેનાપતિનો હાથ પકડી લે)

રાણી : શું તમે ય સેનાપતિ મહારાજની હામાં હા પુરાવો છો.
રાજા : સેનાપતિ, કુંવરી કેમ બોલતી નથી ?
સેનાપતિ : કેમ બોલતી નથી ?
રાજા : કેમ ખાતી નથી ?
સેનાપતિ : કેમ ખાતી નથી ?
રાજા : કેમ પીતી નથી ?
સેનાપતિ : કેમ પીતી નથી ?
રાજા : ઉપાય સેનાપતિ ઉપાય.
રાણી : (રાજાએ કપાળે ટેકવેલી આગળી તરફ દૃષ્ટિ કરી) આમ આંગળી કપાળે ટેકવવાથી રસ્તો કે ઉપાય નહીં સૂઝે મહારાજ. અરે કોઈ છે કે ચંપાને મોકલો.
રાજા : ચંપાનું શું કામ છે અહીં રાણી ?
સેનાપતિ : સાચી વાત છે, ચંપાનું શું કામ છે અહીં ? મહારાણીબા, હું ચપટીમાં બધો ભેદ ઉકેલી નાખીશ. (એમ કહી ચપટી વગાડી ગોળ ગોળ ફરે)
રાણી : મહારાજ, કહું છું ચંપાને બોલાવો.
રાજા : સેનાપતિ, કહું છું ચંપાને બોલાવો. તમે સ્વયમ્ જઈ બોલાવી લાવો.
સેનાપતિ : હમણાં બોલાવી લાવ્યો મહારાજ.

[સેનાપતિ થોડીક વારમાં જઈ પાછો આવે, સાથે ચંપા પણ હોય]

ચંપા : હુકમ મહારાણીબા, આપે મને યાદ કરી ?
રાણી : કોણ ચંપા, મારી દીકરી ? આવ, આવ ચંપા, તું તો હમણાં હમણાંની મારી પાસે આવતી જ નથી.
ચંપા : ના, ના મહારાણીબા એવું નથી પણ....
રાજા : રાજકુંવરી હમણાં હમણાંની બદલાયેલી કેમ લાગે છે ચંપા ?
સેનાપતિ : જલદી બોલ, કુંવરીબા બદલાયેલાં કેમ લાગે છે ?
રાણી : મહારાજ, મહારાજ તમારા આવા સવાલોથી ચંપા દીકરી ગભરાઈ જશે. હં ચંપા દીકરી, કમળકુંવરીને કંઈ થયું છે ?
ચંપા : ના રે ના મહારાણી બા, કુંવરીબા તો લીલાલહેર કરે છે.
રાજા : (ચમકી) લીલાલહેર ? કોની સાથે ?
ચંપા : એટલે કે મહારાજા, મજા કરે છે મજા.
રાણી : પણ દીકરી, મને તારા ચહેરા પરથી કશોક ભેદ લાગે છે.
ચંપા : ના રે ભૈસાબ એવો કશો ભેદ છે જ નહીં મહારાણીબા.
રાજા : સાચેસાચું બોલ નહીંતર તને ફાંસીની સજા કરવામાં આવશે. ચંપા....
સેનાપતિ : હા, સાચું બોલ, નહીંતર તને ફાંસીની સજા થશે.
ચંપા : પણ મને કશી જ ખબર નથી મહારાજા....

રાજા : સેનાપતિ ફાંસી....

સેનાપતિ : સૈનિકો... ફાંસી...

ચંપા : મહારાણીબા, મહારાણીબા આપ અભયદાન આપો તો મારે એક વાત કહેવી છે.

રાણી : હા, હા બેટા ! જા મારા તરફથી અભયદાન છે.

રાજા : મારા તરફથી પણ....

સેનાપતિ : અભયદાન છે.

ચંપા : હું સાચું કહું તો તમે મને કશું કરશો નહીં ને ?

રાણી : કહ્યું ને ચંપા, તું તો મારી દીકરી બરાબર છે.

ચંપા : છેલ્લા કેટલાક દિવસોથી મહારાણીબા, કુંવરીબાને મળવા રાત્રે...

રાજા : શું કહ્યું ? રાજકુંવરીને મળવા કોઈ આવે છે ? સેનાપતિ, સેનાપતિ, તમારું ગુપ્તચર ખાતું ઊંઘે છે.

રાણી : પહેલાં બધી વાત સાંભળો, મહારાજ.

ચંપા : મહારાજા! પરન્તુ આપને એમાં ગુસ્સે થવાની કે દુ:ખી થવાની જરૂર નથી. આપને ખબર છે. કુંવરીબાને મળવા કોણ આવે છે ?

રાણી/રાજા : ના.

ચંપા : છેને, મહારાણીબા; છેને કુંવરીબાને મળવા સાક્ષાત વિષ્ણુ ભગવાન આવે છે.

રાજા/રાણી/સેનાપતિ : શું કહ્યું સાક્ષાત વિષ્ણુ ભગવાન ?

ચંપા : હાસ્તો વળી ! અહીં શું પ્રભુનું રૂપ છે, શું પ્રભુની વાણી છે, શું પ્રભુનું તેજ છે, શું પ્રભુની છટા છે !

રાજા/રાણી/સેનાપતિ : (ચંપાને દંડવત્ પ્રણામ કરતા) ચંપા, ચંપા, તું અમારાથી મહાન છે. તું અમને જલદીથી પ્રભુનાં દર્શન કરાવ ચંપા, જલદીથી દર્શન કરાવ.

ચંપા : (ત્રણેને ઊભાં કરી) મહારાજ રાત્રે ભગવાન પધારશે, ત્યારે હું કુંવરીબાને પૂછી જરૂર આપને દર્શન કરવા લઈ જઈશ, હવે હું જાઉં મહારાણીબા....

રાણી : હા, હા, દીકરા તું જા (ચંપા જાય છે) વાહ. મારા પ્રભુ, મારા નાથ આપે મારી પુત્રી પર કૃપા કરી મારી ઈકોતેર પેઢી તારી.

રાજા : (ઉત્સાહમાં નાચતાં) સેનાપતિ, સેનાપતિ, નગરમાં ઢંઢેરો પીટાવી આ વાત જાહેર કરો. ઉત્સવ ઊજવવાની તૈયારી કરો.

રાણી : શી ઉતાવળ છે મહારાજ, પહેલાં પ્રભુનાં દર્શન કરી પાવન થઈએ પછી ઉત્સવ. બોલો મહારાજ, પહેલાં દર્શન પછી ઉત્સવ.

રાજા : સેનાપતિ, બોલો પહેલાં દર્શન પછી ઉત્સવ.

સેનાપતિ : મહારાજા, પહેલાં દર્શન પછી ઉત્સવ.

(ત્રણે જણાં ગોળ ગોળ ઉપર પ્રમાણે બોલે ને સ્ટેજ પર અંધારું થાય.)

દૃશ્ય-૪
સ્થળ : રાજમહેલ

(ચંપા, ફૂલના ગજરા બનાવતી હોય, રાજકુમારી અહીંથી તહીં ફરતી હોય)

ચંપા : કુંવરીબા ઓ મારાં કુંવરીબા....

રાજકુમારી : શું છે અલી ચંપા ?

ચંપા : કેમ, આમ એકલાં એકલાં, કયા વિચારમાં અહીંથી તહીં ફર્યા કરો છો ?

રાજકુમારી : શું કરું ચંપા, એકે એક પળ, મારું મન પ્રભુમાં જ ઘુમ્યા કરે છે.

ચંપા : એવું જ હોય કુંવરીબા. ચાલો હું આપને તૈયાર કરી દઉં વળી પાછા પ્રભુને પધારવાનો સમય થશે.
(ચંપા રાજકુમારીના માથે વેણી બાંધે હાથે ગજરા બાંધે ને બંને વાતો કરે)

રાજકુમારી : ચંપા હમણાં હમણાંનો મારી અને પ્રભુની વચ્ચે એક મીઠો ઝઘડો ચાલી રહ્યો છે.

ચંપા : હાય હાય બા, પ્રભુ સાથે તે ઝઘડો કરાતો હશે ? તમે ય ખરાં છો હોં.

રાજકુમારી : પહેલાં તું મારી વાત સાંભળ તો ખરી, ચંપા ! પ્રભુ કહે છે તું મારી ભક્તિ ના કર, પૂજા ના કર. તું મને તારો પ્રેમ આપ, સ્નેહ આપ.

ચંપા : એમાં પ્રભુએ ખોટું શું કહ્યું કુંવરીબા ?

રાજકુમારી : અલી ચંપા, તું એટલો તો વિચાર કર, એ પ્રભુ, હું સામાન્ય માનવી પછી ? હું એમની ભક્તિ ના કરું તો શું કરું ? પ્રભુને વળી પ્રેમ થતો હશે ? એમની તો પૂજા થાય પૂજા.

ચંપા : આવી બધી વાતોમાં મને કશી ખબર ના પડે. જુઓ કુંવરીબા, પેલા પૂજાના થાળમાં બધો પૂજાપો છે. હવે હું જાઉં ?

રાજકુમારી : ઉતાવળ છે તારે ?

ચંપા : અરે, આજ તો અમારાં કુંવરીબાને જોઈને પ્રભુ એકદમ મોહિત થઈ જવાના.

રાજકુમારી : જાને બહુ ચીડવ્યા વગર.

ચંપા : મેં તો જવાનું કહ્યું તું જ. હું જાઉં છું.
(ચંપા જાય, રાજકુમારી પ્રભુના આસન તરફ જોઈ 'મેરે તો ગિરિધર ગોપાલ' વાળું ગીત બબડતાં બબડતાં લીન બની જાય, ત્યાં 'હું આવી ગયો છું, સખી' એવો પશલાનો અવાજ સંભળાયો)

રાજકુમારી : આવી ગયા, પ્રભુ ?

પશલો : હા સખી કહે, કોનું ધ્યાન ધરતાં હતાં ?

રાજકુમારી : કોનું તે વળી આપનું, પ્રભુ ! આજ તો આપે ખૂબ વાર લગાડી.

પશલો : હા સખી, આજે મારે જરા મોડું થયું છે. ચાલો, આપણે બહાર અગાસીમાં જઈને બેસીએ, સરસ મજાની ચાંદની ખીલી છે.

રાજકુમારી : ના પ્રભુ, પહેલાં હું આપની પૂજા કરવા માગું છું. બીજું બધું.

પશલો : સખી, પૂજા શું કામ ? મારી પૂજા કરનારનો ક્યાં તોટો છે આ જગતમાં? સખી, હું તમારી પૂજાનો ભૂખ્યો નથી, હું તમારા પ્રેમનો ભૂખ્યો છું.

રાજકુમારી : આપની વાત સાચી પ્રભુ, પરન્તુ મારા પ્રભુની પૂજા કરવી એ મારી પવિત્ર ફરજ છે.

પશલો : ચાલો સખી, પ્રેમની વાતો કરવામાં પવિત્ર ફરજ સમાયેલી છે.

રાજકુમારી : ના પ્રભુ, પહેલા પૂજા. આજ તો હું ખૂબ આનંદમાં છું પ્રભુ, એટલે તે દિવસે જંગલના મંદિરમાં આપની મૂર્તિ આગળ જે મેં નૃત્ય કરેલું એ જ નૃત્ય હું આજે આપની સમક્ષ કરવા માગું છું.

પશલો : સખી, હું એમને એમ પણ તમારી ઉપર પ્રસન્ન છું પછી પૂજા, નૃત્ય શું કામ ? એના કરતાં ચાલો આપણે પ્રેમમાં ડૂબી, પૂજા, ભક્તિ બધું ભૂલી જઈએ.

રાજકુમારી : ના પ્રભુ, આજે હું આપની વાત માનવાની જ નથી. અહીં બિરાજો પદ્માસન પ્રભુ, હાથમાં પદ્મ ધારણ કરો.
[રાજકુમારી પશલાની પૂજા કરે, પછી 'મેરે તો ગિરિધર ગોપાલ'વાળું ગીત ગાઈ નૃત્ય કરે નૃત્ય પૂરું થવાના સમયે રાજારાણીનો પ્રવેશ થાય - ચંપા સાથે]

રાજા-રાણી : ક્યાં છો પ્રભુ ? ક્યાં છો દીનાનાથ, ત્રિભુવનના ધણી.
[બંને જણાં પગમાં લાંબાં થઈ જાય.]

પશલો : (એમને ઉઠાડવાનો પ્રયત્ન કરતાં) ઊઠો મહારાજ, આ આપને નથી શોભતું.

રાજા : આપે મને મહારાજા કીધો ? ના, ના દીનાનાથ, હું મહારાજા પ્રજાનો છું, આપનો કેવળ દાસ છું દાસ.

રાણી : અને હું મારા પ્રભુની જનમ જનમની દાસી.

પશલો : ના, ના, રાણીબા. હું તો આપના પુત્ર સમાન છું. આપ મને ખોટું ગૌરવ ના આપો.

રાણી : ખોટું ખોટું ગૌરવ અમને આપી ગગને ના ચઢાવો પ્રભુ. અમે તો તણખલાને તૂલ્ય છીએ.

સેનાપતિ : (શ્લોક ગાતા) શાન્તાકારમ્ ભુજગ શયનમ્...
[એમ કહી આખો શ્લોક પૂરો કરે, પશલો અકળવકળ આંખોથી જોયા કરે, એના ચહેરા પર નરી વેદના હોય ત્યાં.]

રાજા : સેનાપતિ ધૂન, રાણી ધૂન (કહી ધૂન ગાય).
શ્રીમન નારાયણ, નારાયણ, નારાયણ
પ્રભુ નારાયણ, પ્રભુ નારાયણ.
[બધાં ધૂન ગાતાં હોય. પશલો અકળાતો હોય ત્યાં દૃશ્ય પૂરું થાય.]

દૃશ્ય-5

સ્થળ : જંગલ

[જંગલમાં ભગલો બેઠો બેઠો પોતાનું કામ કરતો હોય છે.]

ભગલો : કેટલા બધા દિવસ ગયા ? પશો મળ્યો નથી. શું કરતો હશે ? મારો બેટો એ ફાવી ગયો અને મારા નસીબમાં તો આ લાકડાં છોલવાનું રહ્યું ! ખેર, મિત્ર સુખી થયો એટલે ઘણું. પણ એણે મને મળવાનું મન નહીં થતું હોય ? કે પછી ક્યાંક પકડાઈ તો નહીં ગયો હોય ? શી ખબર પડે ? સાવ મૂરખ જ કહેવાય ને !

[થોડી વાર કામમાં ચિત્ત લગાડે એટલામાં પશલો આવે.]

પશલો : ભગા, ભગા શું કરે છે દોસ્ત ?

ભગલો : કોણ પશો ? આવ, આવ પશા, તું કેટલો બધો યાદ આવતો હતો એ ખબર છે ?

પશલો : અરે, ત્યાં મહેલમાં મને પણ તું પળેપળ યાદ આવતો હતો.

ભગલો : ભઈ, તને મહેલ મળ્યો પછી મિત્રને શેનો યાદ કરવાનો હતો ?

પશલો : ના, ના, ભગા એવું બોલીશ નહીં. મને આ મહેલ પણ તારા લીધે જ મળ્યો છે ને !

ભગલો : ઠીક છે, ઠીક છે, પહેલાં એ તો કહે, તું મજામાં તો ખરો ને ?

પશલો : હોય, મજામાં છું.

ભગલો : અરે, તું તો નસીબદાર કહેવાય પશા. રાજકુંવરી જેવી રાજકુંવરી મળી, પછી તારે બીજું શું જોઈએ ?

પશલો : ખૂબ નસીબદાર છું ભગા. એટલો બધો નસીબદાર કે...

ભગલો : કેમ આમ કરડાકીમાં બોલે છે પશા ? તારે કંઈ દુઃખ છે કે પછી કુંવરીને બધી ખબર પડી ગઈ છે ?

પશલો : ખબર પડી ગઈ હોત કે હું માણસ છું ને આ તો મારો વેશ છે તો તો સારું જ થાતને ભગા !

ભગલો : તું આજે અવળું કેમ બોલે છે પશા ? મને લાગે છે કે તારે જરૂર કંઈક દુઃખ છે. મને નહીં કહે ભૂંડા ?

પશલો : ભગા, રાજકુંવરી મળશે એ મોહમાં, હું ભગવાન તો બન્યો. પણ રાજકુંવરી તો મને હજી ભગવાન માનીને જ બધી રીતે વર્તે છે.

ભગલો : મને કંઈ સમજાયું નહીં પશા.

પશલો : ભગા, ભગા, રાજકુંવરી મને ભગવાન માની મારી પૂજા કરે છે, મારી ભક્તિ કરે છે. હું જીવતો જાગતો માણસ એના માટે આ મંદિરની મૂર્તિ છું મૂર્તિ.

ભગલો : પણ એમાં તને વાંધો શું છે પશા ? ભલા ત્યારે મમ્મૂ મમ્મૂથી કામ છે કે ટપૂટપૂથી...

પશલો : મારે રાજકુંવરીનો પ્રેમ જોઈએ છે ભગા પ્રેમ. એની ભક્તિ નહીં. ભગા, ભગા હવે તો રાજા, રાણી, સેનાપતિ અરે આખું નગર મને ભગવાન માનતું થઈ ગયું છે. આ બધાને કઈ રીતે સમજાવું કે ભગવાન નહીં માણસ છું માણસ.

ભગલો : હેં આખું નગર તને ભગવાન માને છે ?

પશલો : એટલું જ નહીં ભગા, સાંજ-સવાર મારી આરતી થાય છે, મારી ધૂન થાય છે. અને મારે પૂતળાની જેમ બેસી રહેવું પડે છે - આમ.

[પશલો પદ્માસન વાળી ઊભો રહે. આ જોઈ ભગલો ચમકે]

ભગલો : એ જ મૂર્તિ એ જ મૂર્તિ, મેં કાલે સપનામાં જોઈ હતી એ જ મૂર્તિ, મારા પ્રભુ પુરુષોત્તમની તું... તું... તમે પ્રભુ.

પશલો : ભગા, ભગા કઈ મૂર્તિ ? શું કહે છે તું ?

ભગલો : પ્રભુ તમે મને અંધારામાં રાખ્યો ? મને માયામાં ડૂબેલો રાખ્યો ? મને છેતર્યો ?

પશલો : ભગા તું કોને કહે છે આ બધું ? હું પશલો છું, તારો દોસ્ત.

ભગલો : પ્રભુ ! પ્રભુ ! અત્યાર સુધી મારાથી દગો કર્યો ? મારો વાંકગુનો હોય તો માફ કરશો મારા પુરુષોત્તમ.

પશલો : ભગા, હું પુરુષોત્તમ નહીં તારો દોસ્ત પશો છું પશો.

ભગલો : ના, પ્રભુ હવે હું છેતરાવાનો નથી. તમે તો દેવાધિદેવ ભગવાન વિષ્ણુ છો.

પશલો : ભગા, ભગા, તું ? તું ય આવું માનીશ ? ના, ના ભગા હું તારો દોસ્ત પશો છું. મારે ભગવાન નથી થવું ભગા, મારે પશલો જ રહેવું છે. હું પશો પશો પશો છું.

[એમ કહી પશલો રડી પડે. ધીમે ધીમે શેષશાયી વિષ્ણુની જેમ થઈ જાય એ જોઈ]

ભગલો : એ જ પ્રભુ ! તમે જ સાચા પ્રભુ છો મારા નાથ !

[દૃશ્ય પૂરું થાય]

દૃશ્ય-6

સ્થળ : રાજમહેલ

[પશલો બેસે છે એ આસન ખાલી છે. રાજા, રાણી, સેનાપતિ, દાસી, રાજકુમારી બધાં બેઠાં બેઠાં ધૂન 'શ્રીમન નારાયણ'ની ગાતાં હોય છે.]

રાજા : કમળકુંવરી, બેટા જો તો ખરી પ્રભુ પધાર્યા કે નહીં ?

રાજકુમારી : હા પિતાજી, ત્યાં સુધી આપ ધૂન કરો.

રાજા : હા, હા, ધૂન બોલો ધૂન - શ્રીમન નારાયણ નારાયણ નારાયણ.

[ધૂન ચાલે એટલામાં પશલો આવે, આ બધું જોઈ પાછો વળવા જાય, રાજકુમારી હાથ પકડી પાછા લાવે.]

રાજકુમારી : પિતાજી, પિતાજી પ્રભુ પધાર્યા.

[રાજા ઊભા થઈ ફૂલ લઈ પ્રભુને વધાવે, સેનાપતિ પંખો નાખે, રાણી એમને આસન સુધી દોરી જાય.]

રાજા : બેટા કમળકુંવરી, આરતીની તૈયારી કરો.

રાજકુમારી : પિતાજી આરતી તૈયાર છે પ્રગટાવું એટલી વાર.

[રાજકુંવરી આરતી પ્રગટાવવાનો અભિનય કરે, પશલો પોતાની જગ્યા પર ઊંચો-નીચો થયા કરે, રાજા, 'બોલો બધા પ્રભુ પુરુષોત્તમની જય' એની સાથે જયઘોષ થાય અને પછી આરતી શરૂ થાય.]

બધાં : જય કમળા સ્વામી, પ્રભુ જય કમળા સ્વામી
સત્યનારાયણ સ્વામી (2) ત્રિભુવન બહુ નામી... જય કમળા સ્વામી
ભિન્ન ભિન્ન રૂપ ધરેલ ભક્તોના ભય હરવા
પ્રતાપ પ્રસર્યો પ્રભુ તવ (2) જગનું જય કરવા... જય કમળા સ્વામી

[આરતી શરૂ થતાં પશાનો દોસ્ત ભગો આવે છે અને આરતી ગાવામાં એ જોડાઈ જાય છે. પશલો જોશ જોશથી બૂમો પાડે છે 'હું પશલો છું' 'હું માણસ છું' હું પશલો છું, 'હું ભગવાન નથી' પરંતુ એની બૂમો કોઈ સાંભળતું નથી. બધાં આરતી ગાવામાં લીન છે અને પડદો ધીમે ધીમે પડે છે.]

6

દીવાલ

સુભાષ શાહ

પાત્રો : પુરુષ : 35 વર્ષ. * સ્ત્રી : 30 વર્ષ. યુવાન : વૃદ્ધ : પરિચિત : ઉંમર અનુકૂળતા પ્રમાણે.

મંચ પર ડાબેથી જમણે જતી, મુશ્કેલીથી ચઢી પેલી બાજુ જઈ શકાય એટલીટ ઊંચી દીવાલ. આગળ રસ્તો. દીવાલને અડીને જમણી બાજુ એક બાંકડો. પડદો ખૂલે ત્યારે આછા પ્રકાશમાં દીવાલની પાછળથી એક સ્ત્રીની ચીસો સંભળાય છે.

અવાજ : અરે કોઈ સાંભળો છો કે નહીં ?... રસ્તા પરથી કોઈ પસાર થાય છે કે નહીં ?.... રસ્તા પર ફરનારા બધા મરી ગયા !.... અરે કોક તો જવાબ આપો ?... અહીં હું મરી રહી છું... કોક તો બચાવો... બચાવો... હે ભગવાન, ચીસો પાડી પાડીને થાકી... કોક તો જવાબ આપો... કોક તો મને બચાવો....કોક તો મને પેલી બાજુ લઈ જવા આવો...

[દરમ્યાન એક યુવાન વ્યક્તિ ડાબી બાજુથી પ્રવેશે છે. દીવાલની નજીકથી પોતાની ધૂનમાં મસ્ત ચાલે છે. બૂમોથી અચાનક ચમકે છે. બચાવવાનો વિચાર કરે છે પણ બે એક વખત ખૂબ જ ઊંચી દીવાલને જોઈ વિચાર પડતો મૂકી જમણી બાજુ પસાર થઈ જાય છે.]

હવે શું થશે ?... મારો ઘણીય મૂઓ કેવો છે ?... ચીસો પાડી પાડીને થાકી ગઈ... બીજે બધે ભટકતો હશે... શોધતો જ હશે... પણ અહીં નહીં આવે... (મોટેથી) અરે કોઈ છે કે ?... લોકોય ખરા છે... રસ્તો છે છતાં આવતા નથી... અરે આ રસ્તા શું કામ બનાવ્યા છે ? અમથા ?... અલા કોક તો રસ્તા પરથી મરવા નીકળો... કોક તો ફરકો... બધા મરી પરવાર્યા ?....

[દરમ્યાન એક વૃદ્ધનો જમણી બાજુથી પ્રવેશ ચીસો સાંભળી અટકે છે. થોડીક ક્ષણો બાંકડા પર બેસી હસે છે. ઊઠીને ચાલવા માંડે છે.]

ગામને છેવાડે તે કંઈ દીવાલ બંધાતી હશે !.... અને તેય રસ્તાની અડોઅડ... દીવાલ બાંધવાની જરૂર જ શી ?... સરકારમાંય મૂઆ મૂરખ જ ભેગા થયા લાગે છે....

(સ્વગત્) અરે પણ મારું શું થશે ?... હે ભગવાન, શું રસ્તાની પેલી બાજુથી કોઈ જ પસાર નહીં થતું હોય.... કોઈને મારો અવાજ નહીં

સંભળાતો હોય ? કોઈ... કોઈ જવાબ સરખો પણ આપતું નથી ? બધા અચાનક બહેરા તો નહીં થઈ ગયા હોય ને ?... કે મારો અવાજ ધીમો નીકળતો હશે !... દીવાલને કારણે અવાજ રોકાઈ તો નહીં જતો હોયને ?... (ખૂબ મોટેથી) અરે, કોઈ સાંભળો છો કે ?.. હું અહીં મરવા પડી છું.... દીવાલની આ બાજુથી બોલું છું.... કોણ છો તમે... છો ખરા ને ? બોલો... જવાબ આપો.... (ખૂબ મોટી ચીસ પાડી) કોક તો બોલો. જવાબ આપો... (રડે છે)

[દરમ્યાન એક 40 વર્ષનો પુરુષ હાંફતો હાંફતો ડાબી બાજુથી પ્રવેશે છે. છેક જમણા છેડા સુધી પહોંચી જાય છે અને સ્ત્રીની ચીસોથી ચમકી અટકી જાય છે. પાછો આવી દીવાલ પાસે ઊભો રહે છે. ચીસો ધ્યાનથી સાંભળે છે. ચહેરા પર આનંદ.]

પુરુષ : (અવાજને અટકાવવાને પ્રયત્ન કરતાં) અરે સાંભળ સાંભળે છે કે ? તું અહીં છે ? ક્યાંથી બોલે છે ?
(સ્ત્રી જવાબ નથી આપતી. રડવાનું અને બોલવાનું ચાલુ છે) હવે રડવાનું બંધ કર અને પૂછું છું એનો જવાબ આપ.

અવાજ : (રડતાં રડતાં) શું જવાબ આપું, ચીસો પાડી પાડીને અડધી થઈ ગઈ. ક્યાં ગયા હતા ?

પુરુષ : તને શોધવામાં જ આખો દિવસ ગાળ્યો. મને ક્યાંથી ખબર પડે કે તું અહીં હોઈશ.

અવાજ : જાણવું હોય એને તો બધી ખબર પડે. બીજે બધે ભટક્યા પણ અહીં જ ના આવ્યા.

પુરુષ : પણ ત્યાં તું ગઈ કેવી રીતે ? શું કામ ગઈ ?

અવાજ : અત્યારે સવાલો પૂછવાનો સમય છે ? મને બહાર કાઢો.

પુરુષ : બરોબર છે. પણ તું એ બાજુ ગઈ કેવી રીતે ? ક્યાંથી ચઢીને ગઈ ? અહીં તો આજુબાજુ એવું કશું જ દેખાતું નથી જેના પર ચઢીને એ બાજુ જઈ શકાય.

અવાજ : મને જ ખબર નથી કે હું અહીં કેવી રીતે આવી. આંખ ખૂલી અને જોયું તો હું અહીં હતી.

પુરુષ : (ચીઢાઈને) જવા માટે બીજી કોઈ જગા ના મળી તે ત્યાં ગઈ ? મુરખ.

અવાજ : (અડધું રડતાં) તમે તો ખરા છો. કહેવાનું ને ન કહેવાનું બધું જ કહો છો. બધું જ પૂછ્યા કરો છો.

પુરુષ : (સમજાવતાં) સારું જો સાંભળ, તું એ બાજુ કેવી રીતે ગઈ એ મને વીગત વાર કહે એટલે હું પણ એ રીતે ત્યાં આવી શકુ અને તને બહાર કાઢી શકું.

અવાજ : ફરી પાછી એ જ વાત, હું તો અહીં જખ મારવા આવી જ છું. અહીં આવવા જેવું છે તે પાછા તમેય અહીં આવો. આવોને ! સંસાર અહીં જ માંડીએ. હું અહીંથી ત્યાં આવવા ચીસાચીસ કરું છું અને તમારે અહીં આવવું છે.

પુરુષ : તો પછી હું તને અહીં લાવી શી રીતે ?

અવાજ : એ મને શું પૂછો છો. જિંદગીમાં આજ સુધી મને પૂછીને કશું કર્યું છે તે આમાં પણ પાછા મને જ પૂછો છો.

પુરુષ : ઓ હો, તું તો મૂરખ જેવી વાત કરે છે. કહેતી હો તો....'

અવાજ : હા, હવે હું મૂરખ લાગીશ, કેમકે તમે ત્યાં છો અને હું અહીં છું. તમે પુરુષ છો અને હું બૈરી છું; એટલે હું મૂરખ જ લાગવાની.

પુરુષ : મર ત્યારે. તું મરવાને જ લાયક છે. આડીઅવળી વાત કરવી હોય તો હું તો આ ચાલ્યો. એક તો કામધંધો છોડી સવારનો તને શોધવા ભટક્યા કરું છું. થાકીને લોથ થઈ ગયો, હોટલમાં ખાધું ના ખાધું કરી ફરી પાછુ ટાંટિયા તોડવાનું શરૂ કર્યું. અને અહીં તારી આ મોકાણ, સ્ત્રીની જાત જ નકામી.

અવાજ : હા, હા, દો ગાળો. હૉટલમાં લહેરથી ખાધું, લટાર મારતા નીકળ્યા અને અચાનક અહીં આવી પહોંચ્યા એમાં તો જાણે મોટો વાઘ માર્યો. ભટક્યા અને શોધ કરી તે મારા પર ઉપકાર કર્યો એમ ? મને અહીંથી બહાર આવવા દો પછી એક ક્ષણ પણ હું તમારી સાથે નથી રહેવાની.
[દરમ્યાન એક પુરુષ ધીમી ચાલે ડાબી બાજુથી પ્રવેશે છે. જે આ પુરુષનો અલ્પ પરિચિત છે. પુરુષની એ પરિચિત પર નજર પડતાં એ સભાન થઈ જાય છે. અહીં વાતચિત દરમ્યાન એને ટાળવાનો પ્રયત્ન કરે છે.]

પુરુષ : (પરિચિતને) કેમ છો ? હા. મઝામાં.

પરિચિત : કેમ આમ સ્હેજ અસ્વસ્થ દેખાવ છો ?

પુરુષ : એ તો કંઈ નહીં, કંઈ નહીં. અમસ્તુ.

[પાછળથી સ્ત્રીનો અવાજ ચાલુ છે પણ ધીમો]

પરિચિત : પણ આ અવાજ ક્યાંથી આવે છે ?

પુરુષ : આ અવાજ ને ? હા, હું પણ એ જ વિચારતો હતો આ અવાજ આવે છે ક્યાંથી ?

અવાજ : અરે સાંભળો છો ? ક્યાં મરી ગયા ?

પરિચિત : (પુરુષને) તમને કહે છે ?

પુરુષ : શું ?

પરિચિત : મરવાનું.

અવાજ : તમે તે ધણી છો કે કોણ છો ?

પરિચિત : તમારી પત્ની છે ?

પુરુષ : પત્ની ? હા, પત્નીનો અવાજ. કોની પત્ની છે ?

અવાજ : મને જવાબ કેમ નથી આપતા ? ક્યાં ગયા ?

પરિચિત : તમે એની સાથે જ વાત કરતા હતા ને ?

પુરુષ : હા, પણ એ તો અમસ્તો જ. એ મારી કશું જ નથી. આ તો હું પણ તમારી જેમ જ કુતૂહલથી જોતો હતો.

પરિચિત : વાતો નહોતા કરતા ?

પુરુષ : હા, જરા પૂછતો હતો. શું છે, કોણ છે, વગેરે. બસ જશો ?

પરિચિત : લો સિગારેટ પીશો ?

પુરુષ : ના... હા, લાવો.
(બન્ને સિગારેટ સળગાવે છે.)

પરિચિત : આવો અહીં બાકડા પર બેસીએ.

પુરુષ : ના, ના, મારે જવું છે. કામ પર (ટાળવાનો પ્રયત્ન કરે છે, અને પોતે જ જવાનું શરૂ કરે છે.) લો આવજો ત્યારે.... બસ આવજો.
(બંન્ને સામસામેની દિશામાં જાય છે. પરિચિત અદૃશ્ય થાય કે તરત લિજ્જતથી સિગારેટ દમ ખેંચતો પુરુષ પાછો આવે છે. એ સ્ત્રીની સાથેની વાતચિત જાણે ભૂલી જ ગયો છે. ચીસો ચાલુ છે પણ ખૂબ જ ધીમી અને દૂરથી આવતી. પુરુષનું એ તરફ ધ્યાન જ નથી. એ નિરાંતે આવી બાંકડા પર બેસી બેએક કશ ખેંચે છે. ત્યાં જ દીવાલની પેલી બાજુથી કાદવના લોચા અથવા ધૂળ અને કાગળના ટુકડા જેવું આ બાજુ પુરુષ પર પડે છે. અને સ્ત્રીની ચીસો એકદમ વધી ગયેલી નજીકથી સંભળાય છે.

અવાજ : ક્યાં મરી ગયા હતા ? કોની સાથે વાતો કરતા હતા ? ચીસો પાડી પાડીને મારું તો ગળું ફાટી ગયું, અને તમે ત્યાં નિરાંતે બેઠા છો. (પુરુષ બાઘા જેવો બની એકદમ ઊભો થઈ જાય છે.) એમ બાઘાની જેમ ઊભા શું રહ્યા છો ? (વિરામ. પુરુષ જમણી તરફ ચાલવા માંડે છે. થોડુંક ચાલે છે ત્યાં જ) અરે એમ ક્યાં ચાલ્યા ? (પુરુષ તરત અટકી જાય છે. વિરામ. સિગારેટ પીએ છે) એમ ધુમાડા ક્યાં સુધી કાઢ્યા કરશો ? (વિરામ. પુરુષ સિગારેટ નીચે નાખી પગતળે કચરી નાખે છે અને સ્થિર ઊભો રહે છે.) આમ પાછા આવો (પુરુષ પાછો ફરી ચાલે છે. દીવાલની વચ્ચે આવે છે. ત્યાં જ) બસ. (પુરુષ અંદર જાય છે. વિરામ. ચીસો બંધ. અચાનક અરે, આમ મૂંગા કેમ થઈ ગયા ? કંઈક બોલો તો ખરા !
[પુરુષ હવે ખરેખર ભાનમાં આવે છે. ઉપરની બધી જ ક્રિયાઓ પુરુષ હીપ્નોટાઈઝડ થઈ ગયો હોય તે રીતે કરે છે.]

પુરુષ : હેં હા, તે હું ક્યાં મૂંગો છું. પણ તું બોલવા જ ક્યાં દે છે. (વિરામ) તારે બહાર આવવું છે કે નહીં ?

અવાજ : ના આવ્યો હોત, તો આમ ચીસો પાડી મરી ગઈ હોત ?

પુરુષ : સારું જો સાંભળ. હું ઘરે જઈ એક મોટું સ્ટૂલ અથવા ટેબલ કે નિસરણી જેવું કંઈક લઈ આવું છું. એ સિવાય તો ત્યાં આવી જ નહીં શકાય. અને પછી તને ઝડપથી બહાર લાવું.

અવાજ : પણ ત્યાં સુધી હું અહીં કરું શું ?

પુરુષ : (જતાં જતાં) મૂંગી બેસી રહે. આટલી વાર સુધી ત્યાં રહી તો થોડી વાર વધારે.

અવાજ : હા, તમારે ક્યાં વેઠવું છે ? તમારે તો ઠીક છે તે બોલ્યા કે થોડી વાર વધારે. પણ અહીં કેવું છે એ તમને ખબર છે ? એક ઘડી પણ રહેવાય એવું નથી.

મારું મન જાણે છે કે હું ક્યાં છું.

પુરુષ : (પાછો આવી) અરે હા, એ તો તને હું પૂછવાનું જ ભૂલી ગયો કે ત્યાં શું છે ? (સહેજ હસીને) કહે તો ખરી, ખરેખર એ બાજુ શું છે ? અને તને સાચું કહું ? હું જ્યારે ખૂબ નાનો હતો ને ત્યારથી મારા મનમાં એક આશ્ચર્ય તો હતું જ. જ્યારે જ્યારે હું આ દીવાલ પાસેથી પસાર થયો છું, નિશાળે જતાં કે નોકરીએ જતાં, ખેતરે જતાં કે ઘરે જતાં ત્યારે અચૂક મનમાં થાય કે આ દીવાલ કોણે બાંધી હશે ? શું કામ બાંધી હશે ? શું હશે એની પાછળ ? ઘરમાં હું ઘણીવાર પૂછતો બધા જ જુદી જુદી વાતો કરતા. કોક કહે ત્યાં ભૂત રહે છે. કોક કહે અરે, ત્યાં તો જીનની મહેફિલ જામે છે. અડધી રાતે ત્યાંથી જુદા જુદા અવાજો આવે છે. કોક વળી એમ કહેતું કે એ બાજુ તો સ્વર્ગ છે. એ રાજાએ રચેલું સ્વર્ગ. અને માણસ મરણની ખૂબ નજીક હોય ત્યારે એને આ દીવાલની આરપાર જવાનો રસ્તો દેખાય છે. આજે મારા ચાલીસ વર્ષના આશ્ચર્યનો અંત આવશે. કહે એ બાજુ શું છે ?

અવાજ : હા, હવે મને બહાર કાઢવાને બદલે તમને મોટી મોટી વાતો સૂઝશે. કલ્પનાના ઘોડા દોડાવશો. અને હું અહીં સડ્યા કરીશ.

પુરુષ : (હસીને લાડથી) કહું છું, ખરેખર એ બાજુની વાત માંડ. હું આ બાંકડા પર બેસી સાંભળું છું મજા આવશે.

(બાંકડા પર બેસે છે.)

અવાજ : તમે આમ ના કરો. મને તડપાવો નહીં. હું બહાર આવી તમને બધું જ કહીશ. પહેલાં મને એ બાજુ લાવવાની વ્યવસ્થા કરો.

પુરુષ : ખરી છે તું... બહાર આવ્યા પછી તું બધું જ ભૂલી જઈશ. મને ખાતરી છે. અને પ્રયત્ન કરીશ તો પણ પૂરુંપૂરુ સાચું તો નહીં જ કહી શકે. એટલે અત્યારે જ જે દેખાય છે તે બોલ્યા કર.

અવાજ : હે ભગવાન, હવે મારું શું થશે ? તમે સમજતા કેમ નથી ? અહીં હવે મારાથી એક ક્ષણ પણ રહેવાય તેમ નથી. (આજીજી) હું તમારે પગે પડું છું. મને ગમે તે રીતે અહીંથી બહાર કાઢો. હું તમને બધું જ કહીશ. મને બધું જ યાદ રહેશે. મહેરબાની કરી તમે નિસરણી લઈ આવો.

પુરુષ : નિસરણીની કોઈ જરૂર નથી. તું ત્યાંનું વર્ણન કરવા માંડ અને અચાનક તને બહાર આવવાનો રસ્તો મળી જશે. આંખ બંધ કરી બોલવા માંડ. જેવી રીતે આંખ ખોલતાં તું ત્યાં હતી એવી જ રીતે આંખ ખોલતાં તું અહીં હોઈશ. બધું જ ભુલાઈ ગયેલું યાદ આવશે. અને તું અહીં ફરી પાછી મારી પાસે દીવાલની આ બાજુ આવી જઈશ. અથવા કદાચ દીવાલ જ નહીં હોય. શરૂ કર વહાલી. ભગવાને જ મને રોક્યો. જો નિસરણી દ્વારા ત્યાં આવવાનો પ્રયત્ન કર્યો હોત તો કોણ જાણે શું ય થાત. મને હવે બધું જ સમજાય છે. બધી જ ખબર પડતી જાય છે. દીવાલની આ બાજુ આવવાનો રસ્તો છે જ નહીં. નિસરણીથી ક્યારેય આ બાજુ આવી ના શકાય.

અવાજ : તો શું મારાથી ત્યાં નહીં જ અવાય ? તમે કશું જ નહીં કરો ? હું અહીં જ

તડપ્યા કરીશ ? (રડે છે) જોઈ લીધો તમારો પ્રેમ. હવે મને બધી ખબર પડી ગઈ. બહુ ડંફાસ મારતા હતા તે... (વગેરે)

પુરુષ : રડ નહીં. શાંત થા.... તને બહાર આવવાનો જ હું રસ્તો બતાવું છું. દીવાલની વાત કર. દીવાલની એ બાજુની વાત કર. દીવાલને સમજવાની વાત કર. માંડીને વાત કર અને તું આ બાજુ સરકી આવીશ.

અવાજ : (સ્હેજ કબૂલ થતાં) ખરેખર ? પણ પછી તમે....

પુરુષ : શરૂ કર. હવે શું કામ સમય બગાડે છે ? એમાં કંઈ સાર નથી. એ તારે માટે પણ યોગ્ય નથી. (મોટો વિરામ. દરમ્યાન પુરુષ સિગારેટ સળગાવી બાંકડા પર બેસી એકધ્યાને પીધા કરે છે.)

અવાજ : (સ્પષ્ટ અને એકધારો) દીવાલની આ બાજુ કંઈ નથી. દીવાલ પણ નથી. મને બધું જ સ્પષ્ટ દેખાય છે. દીવાલ, તમે, પ્રેક્ષકો, પ્રકાશ, અંધકાર બધું જ. હા, અહીં માત્ર એક વેરાન રણ છે. ચારે બાજુ રેતી જ રેતી છે. મારી ચીસોથી ઘસાઈ ગયેલા ખડકો રેતી થઈ પેલા સમુદ્રમાં વહી જાય છે. મારો અવાજ તમારા સુધી પહોંચતો નથી. તમારી ચીસો દીવાલની આ બાજુ ક્યારેય આવી નથી. મારી ચીસો દીવાલની પેલી બાજુ ક્યારેય ગઈ નથી. અને છતાંય આપણે.... હું બધું ભૂલતી જાઉં છું. હું કોણ છું. અહીં શા માટે આવી છું. તમે કોણ છો. તમે મારા પતિ છો. આપણા લગ્ન વખતે પણ આ દીવાલ હતી. મેં ક્યારેય તમારો હાથ પકડ્યો નથી. મેં ક્યારેય તમને ચુંબન કર્યું નથી. છતાંય આપણે હંમેશા સાથે જ જીવ્યા. હું તમને અને તમે મને શોધતા રહ્યા. (પુરુષ સ્તબ્ધ થઈ સાંભળ્યા કરે છે.) અને કદાચ અંત સુધી આપણે એકબીજાને શોધતા રહીશું.

[છેલ્લા વાક્યો બોલાય એ દરમ્યાન સ્ત્રી દીવાલમાંથી બહાર સરકી આવે છે. સ્થિર ચાલે ચાલતી પુરુષની પાસે આવી અટકે છે.]

પુરુષ : (હર્ષથી) આવી ગઈ ? કેવી રીતે આવી ?

સ્ત્રી : (ઝબકીને) હેં, હા, આવી ગઈ. ક્યાં આવી ? તમે....

પુરુષ : મશ્કરી કરે છે ? તારા પતિને નથી ઓળખતી ?

સ્ત્રી : હા, પતિ નહીં ? દીવાલની પેલી બાજુથી તમે જ બૂમો પાડતા હતા ને ! તમે ત્યાં શા માટે ગયેલા ?

પુરુષ : (હસીને) પહોંચ્યા પછી ખબર જ નથી પડતી કે અહીં આપણે શું કામ આવ્યા. તારે પણ એવું જ થયેલું ને ?

સ્ત્રી : ખરા છો તમે. હું ક્યાં દીવાલની પેલી બાજુ ગઈ છું. હું તો હંમેશા આ બાજુ હતી.

પુરુષ : તો કદાચ દીવાલ ખસી હશે.

સ્ત્રી : દીવાલ તે વળી ખસતી હશે ?

પુરુષ : સારુ ચાલ હવે ઘરે જઈએ. ખૂબ મોડું થયું છે.

સ્ત્રી : ઘરે જઈને શું કરીશું ? મને તો ખૂબ જ થાક લાગ્યો છે.

પુરુષ : તો એમ કર તું આ બાંકડા પર બેસ.

સ્ત્રી : અને તમે ?

પુરુષ : હું તારા માટે નાસ્તો લેતો આવું.

સ્ત્રી : તે તમે મને નાસ્તો શા માટે ખવરાવો છો ?

પુરુષ : (હસીને) મને પેલા રાજાની વાત સાચી લાગે છે.

સ્ત્રી : કઈ વાત ?

પુરુષ : મરણ નજીક હોય ત્યારે દીવાલની પેલી પાર જવાનો રસ્તો દેખાય છે.

સ્ત્રી : પણ એનું અત્યારે શું છે ?

પુરુષ : આપણે એવો નાસ્તો કરીએ કે....

સ્ત્રી : કે મરણની નજીક પહોંચી જઈએ એમ ?

પુરુષ : હા.

સ્ત્રી : તમે મૂરખ છો. છેલ્લી ક્ષણ સુધી કોઈને ખબર પડે છે કે હવે મોત આવ્યું ?

પુરુષ : તો પછી પેલા રાજાની વાત ખોટી ?

સ્ત્રી : એ તમે રાજાને પૂછી આવો.

પુરુષ : પણ પહેલાં નાસ્તો તો કરીએ.

સ્ત્રી : સારું ચાલો.

[બન્ને અસ્પષ્ટ વાતો કરતા અદૃશ્ય થાય છે. અંધકાર. પ્રકાશ. બંન્ને દાખલ થાય છે. બંન્નેનું મૃત્યુ નજીક છે. આ બતાવવા કૂતરાનું રુદન, પાડા પર આવતા યમનું છાયાચિત્ર, નાનું તાંડવ નૃત્ય અથવા બંન્નેનો અભિનય, એવાનો ઉપયોગ કરી શકાય. અથવા બીજું ગમે તે જે દિગ્દર્શકની સૂઝ પર છોડવામાં આવે છે. દરમ્યાન સ્ત્રી મંચ પર રહે છે. પુરુષ સીધો દીવાલમાં અદૃશ્ય થઈ જાય છે. અથવા તેને દીવાલની પેલી બાજુ જવાનો રસ્તો દેખાય છે અને એના પર ચાલી પેલી બાજુ પહોંચે છે. અથવા એ મંચ પરથી અદૃશ્ય થઈ. દીવાલની પેલી બાજુ પહોંચે છે એવું સૂચન મૂકવું. અને દીવાલની બંન્ને બાજુથી સ્ત્રી અને પુરુષના નીચેના સંવાદો એકદમ ઝડપથી પણ બંન્ને મુડ સ્પષ્ટ થાય એ રીતે બોલવા. સંવાદોમાં પુરુષ ચીસો પાડે છે – નાટકની શરૂઆતમાં સ્ત્રીની જેમ. અને સ્ત્રી જાણે કે સ્વર્ગમાં હોય એમ ખૂબ જ સ્વસ્થ અને સુખથી સ્વગતોક્તિ કરે છે.]

પુરુષ : બચાવો, મને કોઈ બહાર કાઢો.

સ્ત્રી : પૃથ્વી પર આવું સુખ મેં ક્યારેય અનુભવ્યું નથી.

પુરુષ : અરે કોઈ છે ? કોઈ જવાબ આપો.

સ્ત્રી : કેવું સુંદર એકાંત ?

પુરુષ : બધા મરી ગયા છો કે શું ? બચાવો.

સ્ત્રી : મરીને પણ આવું સુખ ?

પુરુષ : અરે તું ક્યાં ગઈ ? સાંભળે છે કે નહીં ?

સ્ત્રી : કોઈ જ બંધન નહીં. કોઈ જ મુક્તિ નહીં.

પુરુષ : અરે હું અહીં ફસાઈ ગયો છું.

સ્ત્રી : હે પ્રભુ, શું તારું સ્વર્ગ અહીં પૃથ્વી પર જ છે? તેં મારા જેવી પુણ્યાત્માને અહીં પ્રવેશ આપ્યો છે?

પુરુષ : (રડે છે) મને કોઈ બહાર કાઢો. મારે પેલી બાજુ આવવું છે. કોક તો રસ્તા પરથી પસાર થાવ અને તું પણ ક્યાં ગઈ.... ક્યાં ગઈ....

સ્ત્રી : હવે હું ક્યાંય પાછી નહીં જાઉં. પૃથ્વી પર તો નહીં જ. દીવાલની પેલી બાજુ પણ નહીં. હે ભગવા ન મારા પતિને પણ.

[અચાનક સ્ત્રી અટકી જાય છે. પુરુષની ચીસો ચાલુ છે અને સામેથી સ્ત્રી પણ અચાનક ચીસો પાડવાનું શરૂ કરે છે. બંન્ને જણ બચાવો, કોઈ અહીંથી બહાર કાઢો. કોઈ છે કે નહીં, મારે પેલી બાજુ આવવું છે. બધા મરી ગયા કે શું... વગેરે વગેરે ચીસો પાડે છે. ચીસો વધતી જ જાય છે. દરમ્યાન પડદો પડે છે.]

7

ત્રીજો પુરુષ

રઘુવીર ચૌધરી

પાત્રો : પુરુષ-1 : સિદ્ધાર્થ રાંદેરિયા * પુરુષ-ર : પરેશ રાવળ * સ્ત્રી : સરિતા જોષી * લેખક : ડી. એસ. મહેતા * દિગ્દર્શક : સુરેશ રાજડા * પ્રૉમ્પ્ટર : પંકજ શાહ

(પુરુષ-1 મંચના મધ્ય ભાગમાં ગોઠવેલી પાટ વચ્ચે ખોળામાં ઓશીકું રાખી ઉપર કાગળ ગોઠવી લખવા જાય છે.)

પુરુષ-1 : અંતથી શરૂ કરું કે આરંભથી ? શો ફેર પડશે ? તો (લખવા લાગે છે) એક હતી રાજકુમારી. હા, રાજકુમારી તો હતી જ. અમે સાથે રમતાં.

પુરુષ-2 : (પુરુષ-1ના ચિત્તમાંથી બહાર આવતો હોય એમ એની પીઠ પાછળથી) સાથે રમતાં ? ક્યાં રાજમહેલમાં કે સપનામાં ?)

પુરુષ-1 : ના, રસ્તામાં. એક રસ્તો હતો, એમાં.

પુરુષ-2 : એમ રાજકુમારીઓ રસ્તામાં પડી હશે !

પુરુષ-1 : તો હુંય ક્યાં રસ્તામાં પડ્યો હતો ?

પુરુષ-2 : અત્યારે તો એમ જ લાગે છે.

પુરુષ-1 : કોણ છે 'લ્યા તું આમ વચ્ચે ટપકી પડનારો ? (ઊભો થાય છે. એની જગ્યાએ પુરુષ-2 ગોઠવાઈ જાય છે.) કોણ છે મને આમ અધવચ્ચે અટકાવી દેનારો ? આ સ્મરણની સમાધિમાં ભંગ પાડનારો તું કોણ છે ? બોલ ! આમ મલકાયા વિના હૈયે હાથ મૂકીને બોલ. મારા ફૂટું ફૂટું થતા શબ્દને તારા અવાજમાં બીડી દેનારો તું કોણ છે ?

પુરુષ-2 : જે તું નથી તે.

પુરુષ-1 : હું શું નથી ? હું છું એ જ પૂરતું છે, પછી શું નથી એની ભાંજગડમાં શા માટે પડું ? મને સંતોષ છે.

પુરુષ-2 : પણ મને નથી.

પુરુષ-1 : કંઈ વાંધો નહીં. તને તો શું, આખી દુનિયાને મારાથી સંતોષ ન હોય તોય શું ? બીજાઓના સંતોષ માટે હું પેદા થયો નથી, બલ્કે હું તો બધામાં અસંતોષ જગવવા આવ્યો છું, જેથી સૌ વિકસી શકે.

પુરુષ-2 : તારા સિવાય.

પુરુષ-1 : કેમ તું મને ઘમંડી માને છે ? અરે મૂર્ખ, તારે ખાતરી કરવી હોય તો જા,

આખા ગામમાં દાંડી પીટીને પૂછી આવ કે મારા જેવો આખાબોલો, અક્કલનો ખાં અને દિલનો રાજા બીજો છે કોઈ ?

પુરુષ-2 : તારા જેવો બીજો હોય એથી ગામને શો લાભ ?

પુરુષ-1 : અરે ગમાર, લાભની વાત તે ગામ જાણે કે રામ ?

પુરુષ-2 : રામ એટલે તું, ખરું ને !

પુરુષ-1 : હા, હા, હું, એક નહીં પણ સાત વાર.

પુરુષ-2 : આપબડાઈ કર્યા વિના રહેવા દે ને !

પુરુષ-1 : (ગુસ્સેથી) હવે જાય છે તું મને સલાહ આપ્યા વિના ?

પુરુષ-2 : હું જાઉં તો તું નિરાંતે રાજકુમારીની વાર્તા લખીને મન બહેલાવી શકે, ફૂલગુલાબી સપનામાં રાચી શકે, ખરું ને !

પુરુષ-1 : તારે શી પંચાત ? જા ને ભાઈ જતો હોય તો.

પુરુષ-2 : હું તો આ બેઠો તારી સામે. (બેસે છે.)

પુરુષ-1 : જૂતિયા મારી. બેસતો'તો તે સૂઈ જા ને !

પુરુષ-2 : સૂઈનેય ઊંઘીશ નહીં. તારી કપોલ-કલ્પનાઓ સાંભળીશ.

[આડો પડે છે.]

પુરુષ-1 : મૂંગો મર, નહીં તો આ ઓશીકું મારીશ.

પુરુષ-2 : બીજું તો તારી પાસે હોય છેય શું ?

પુરુષ-1 : કેમ ? આ પેન છે, હાથ છે. જો (ઊઠીને પગ ઉપાડતાં) મારું પાટું ?

પુરુષ-2 : રહેવા દે. મારા કરતાં તને વધુ વાગશે.

પુરુષ-1 : સાચી વાત છે, સાલું, બીજાને મારવા જતાં મને જ ચચરે છે. હું લેખક ખરો ને ! બીજું ભલે કશું હોઉં કે ન હોઉં પણ લેખક તો ખરો જ !

પુરુષ-2 : એય પાછું તારે કહેવું પડે છે !

પુરુષ-1 : જે સાચું હોય એ બીજા ન કહે તો આપણે કહેવું, એવો પહેલાંથી મનમાં ઠરાવ કીધેલો છે.

પુરુષ-2 : મને તારી આ સચ્ચાઈની વાતથી કંટાળો આવવા લાગ્યો.

પુરુષ-1 : તારું બગાસું મને ચડશે, જા, જરા જલદી જા.

પુરુષ-2 : તારા કહેવાથી નહીં. (ઊઠે છે.)

પુરુષ-1 : મારા કહેવાથી એક પાંદડુંય ફરકતું નથી, એની મને ખબર છે.

પુરુષ-2 : કેમ એકાએક નમ્ર થઈ ગયો ?

પુરુષ-1 : તું જાય તો લખી શકું, માટે.

પુરુષ-2 : ભલે તો લખ : એક હતી રાજકુમારી – (જતાં જતાં ઊભો રહે છે.)

પુરુષ-1 : અરે હા, મારે એ જ લખવાનું હતું :

એક હતી રાજકુમારી !
નો'તો રાજા ને નો'તી રાણી. એક હતી૦

રમતી'તી એ તો થઈ ફૂલની વાણી
વાત કરે સૌરભ-શી નજરું ઢાળી. એક હતી૦

(ગાવા પ્રયત્ન કરે છે.)

પુરુષ-2 : (પાછા આવતાં) મારો વા'લો, આ તો ગાય છેય ખરો !

પુરુષ-1 : તને અદેખાઈ આવી ? તો તો હું નાચવાનો.

પુરુષ-2 : તારા જેવું તો મનેય આવડશે.

પુરુષ-1 : તો આવી જા. નાચીએ. અહીં કોણ કહેનાર છે એટલે કે રોકનાર છે ?

પુરુષ-2 : ચાલ ત્યારે.

[બંને જણા હાથ પકડીને નાચવાની તૈયારી કરે છે ને પહેલી પંક્તિ ગાય છે. ત્યાં સ્ત્રી ત્વરાથી પ્રવેશે છે.]

પુરુષ-1 : તું નહોતો માનતો ને ? જો છે ને !

પુરુષ-2 : શું જોઉં ? આ રાજકુમારી છે ? આ તો – આ તો આખી સ્ત્રી છે.

પુરુષ-1 : રાજકુમારી હવે મોટી થઈ ગઈ ગાંડા, જા, હવે તું ડાહ્યો થઈને જતો રહે અહીંથી.

સ્ત્રી : તમે બંને જતા રહો.

પુરુષ-1 : તમારે અહીં ગાવું હશે.

પુરુષ-2 : નાચવું હશે.

પુરુષ-1 : કદાચ નાટક કરવું હશે.

સ્ત્રી : એ બધું તમારે મારી પાસે કરાવવું છે. મારે તો માત્ર – મારે તો માત્ર –

પુરુષ-1 : શું ? શું ?

સ્ત્રી : મારે તો – મારે તો આંસુ સારવાં છે.

[જતી રહે છે.]

પુરુષ-2 : આ ન સમજાયું.

પુરુષ-1 : વાત જરા લાંબી છે. વાત બહુ લાંબી તો નથી પણ યાદ આવતાં જ જરાક થાક લાગવા જેવું થયા કરે. (પુરુષ-2ને) તું નિરાંતે એક બાજુ બેસ. (પાટ પર બેસીને) હા, તો, અહીં કોઈ નથી. (પુરુષ-2 અંદર જાય છે.) સામે એક સરોવર છે અને સાથે એક સ્મરણ છે. સ્મરણમાં આંસુ છે, આંસુ યાદ આવે છે. ચહેરો દેખાય છે. અરે, ડૂબતો શ્વાસ પણ સંભળાય છે.... લોકો કહે છે કે હું આવો છું, તેવો છું. ભાઈ, તમે કહો એવો છું. પણ આંસુને તો ઓળખ્યું કે નહીં ? ભલે હું જાતે બરાબર રડી શકતો ન હોઉં. કદાચ છે પણ એવું જ. રડવાની તાલીમ જ જરા કાચી રહી ગયેલી. હોય ! એક પોટલામાં કેટલું સમાય ! ન રડ્યાનો હવે અફસોસ શો ? હા, હૃદયના કોક અજાણ્યા ખૂણે ખટક્યા કરે છે કે યોગ્ય ક્ષણે આંસુ લૂછી ન શકાયાં.

સ્ત્રી : (નવા વેશે પ્રવેશતાં) કોની વાત કરો છો ?

પુરુષ-1 : તમે સાંભળી ગયાં ? હું તો સ્વગત બોલતો હતો. મારા પોતાના કાન પણ નહીં સાંભળે એવી આશા હતી. ત્યાં તો તમે –

સ્ત્રી	: ખરા છો ! તમને ખબર હતી કે હું આવવાની છું, મન મૂકીને વાત કરવા આવવાની છું. ત્યારે તમે સ્વગત બોલવા બેસી ગયા !
પુરુષ-1	: જૂની ટેવ, એની સાથેય આવું થતું.
સ્ત્રી	: એ કોણ ? સાચે જ એ કોઈ બીજી વ્યક્તિ હતી કે તમે મને ઓળખી નથી ?
પુરુષ-1	: (ઊભો થઈને ધારીને જોઈ રહે છે.) જો તમે એ જ હો તો મારે કહેવું જોઈએ કે તમે બદલાઈ ગયાં છો.
સ્ત્રી	: ના, હું બદલાઈ નથી, સમય બદલાયો છે.
પુરુષ-1	: પણ પેલાં આંસુ ?
સ્ત્રી	: એની વાત તો બહુ લાંબી છે.
પુરુષ-1	: તો બેસીને કહો (હાથથી સાહીને બેસાડે છે.) ગંભીર વાત કહેવાની હોય ત્યારે બેસવું જોઈએ, હં, ચલાવો વાત આંસુની.
સ્ત્રી	: તમે જાણતા હશો કે થોડાક યુગ પહેલાં –
પુરુષ-1	: તમે એ રીતે બોલ્યાં કે જાણે યુગ એટલે ઘડી.
સ્ત્રી	: ઘડી, પળ, દિવસ જે માનો તે. તો, થોડાક યુગ પહેલાં શંકર અને કામદેવ વચ્ચે યુદ્ધ થયેલું.
પુરુષ-1	: યુદ્ધો થતાં જ રહે છે. ભલે થાય. મારાથી રોક્યાં રોકાવાનાં નથી. હાં યુદ્ધ થયેલું શંકર અને કામદેવ વચ્ચે, પણ કેમ થયેલું ?
સ્ત્રી	: કામદેવનો ચન્દ્ર શંકર ચોરી ગયેલા.
પુરુષ-1	: શી વાત કરો છો ! શંકર અને ચોરી ? આ તો વાડ ચીભડાં ગળે એના જેવું થયું.
સ્ત્રી	: એ તો થતું જ રહેવાનું. પણ શંકર રહ્યા સાવ ભલાભોળા. પકડાઈ ગયા, કામદેવે ચન્દ્ર માગ્યો પાછો. શંકર નામકર ગયા. પછી તો કામદેવ એના લાવલશ્કર ને રસાલા સાથે ચડી આવ્યો. ભારે યુદ્ધ થયું. એ જોયું ન જતાં ચન્દ્ર મારી પાસે આવ્યો. મેં ઊંઘમાં ને ઊંઘમાં સ્મિતને બદલે એને આંસુ આપી દીધાં.
પુરુષ-1	: એ મારી પાસે ન આવ્યો એ સારું થયું. મારી પાસે તો સ્મિત કે આંસુ કશું જ નથી.
સ્ત્રી	: ત્યારે તમને એનો રંજ છે ખરો ?
પુરુષ-1	: કેમ, હું માણસ નથી ?
સ્ત્રી	: છો, સારા માણસ છો.
પુરુષ-1	: હું તમારી સાથે સહમત થાઉં છું.
સ્ત્રી	: આભાર. પણ જરા અતડા છો. ક્યારેક બોલો છો ત્યારે એટલું બધું બોલો છો કે જાણે સાગરમાં ભરતી આવી, પણ સાંભળવા જઈએ ત્યાં ઓટ શરૂ થઈ જાય.
પુરુષ-1	: આનો અર્થ તો એ થાય કે તમે મને –

સ્ત્રી : તમે દરેક વસ્તુને વધારે પડતી સ્પષ્ટ કરી દેવા માગો છો.

પુરુષ-1 : એથી ઊલટું મને તો એમ લાગ્યા કરે છે કે હું હજી કશું સ્પષ્ટ કરી શક્યો નથી.

પુરુષ-2 : (પ્રવેશતાં) અને એ તારાથી થવાનું પણ નથી.

પુરુષ-1 : તારી હાજરીમાં તો નહીં જ. બાળા, તમે આને ઓળખો છો ?

પુરુષ-2 : પહેલાં તારી જાતને ઓળખી લે.

પુરુષ-1 : એ માટેય તું ક્યાં તક રહેવા દે છે ? એક તો આ એકાંતમાં ભંગ પાડ્યો ને ઉપરથી સલાહ આપવા લાગ્યો.

પુરુષ-2 : તું કોઈને સલાહ નથી આપતો ?

પુરુષ-1 : તે, હું કરું એ બધું તારે કરવું એવો નિયમ છે ? હું તો મન થાય તો આ સરોવરમાંય કૂદી પડું.

પુરુષ-2 : તો હું પણ તારી પાછળ કૂદી પડીશ.

પુરુષ-1 : મને બચાવવાની જરૂર નથી.

સ્ત્રી : એ તમને બચાવવા નહીં, ડુબાવવા પડશે.

પુરુષ-1 : તમે થોડી વાર પછી બોલ્યાં, પણ બોલ્યાં સાચું. જગતમાં મારો સૌથી મોટો દુશ્મન આ છે.

પુરુષ-2 : અને મિત્ર ? આ ?

પુરુષ-1 : હવે તું જાય છે ? હરામખોર !

પુરુષ-2 : ખબરદાર, આગળ આવ્યો છે તો ક્યાંયનો નહીં રહે.

પુરુષ-1 : ખેર, તને નિઃશસ્ત્ર જોઈને મારો ક્રોધ શમી ગયો. હું રાણો પ્રતાપ હોત તો કેવું સારું ! ઓછામાં ઓછી બે તલવાર તો મારી પાસે હોત !

પુરુષ-2 : તારી ઇચ્છા હોય તો હું બે શું, ત્રણ તલવાર લઈ આવું. પહેલાં આપણે બે દ્વંદ્વયુદ્ધ કરીએ અને જે જીતે એની સાથે પછી આ બાજુ લાડી લડે.

સ્ત્રી : મને તો એમ કે તમે કંઈક બીજું જ કહેશો - જે કપાઈ મરે એની પાછળ સતી થવાનું.

પુરુષ-1 : અમે એવા જુનવાણી નથી. સ્ત્રીઓ તરફ ક્રૂર નથી.

પુરુષ-2 : તું મારા વતી વાત ન કર. સુંદર નાયિકાઓ ઝેર પીએ એ મને તો ગમે છે. અને તને પણ –

પુરુષ-1 : હવે તું જાય છે અહીંથી ? (ધક્કા મારે છે. પુરુષ-2 સહેજે ચસતો નથી.) તો તારે પગે પડું છું ભાઈ, જા. ભાઈસા'બ જા. આ બે ઘડીનું એકાંત બગાડ મા.

પુરુષ-2 : એમ માનજે કે મારે બદલે તું ગયો છે.

[ત્વરાથી જાય છે.]

પુરુષ-1 : જોયું ? જગત કેવું ઈર્ષાળુ છે !

સ્ત્રી : શેની ઈર્ષા ?

પુરુષ-1 : આ આપણા એકાંતની.

સ્ત્રી : જ્યાં વ્યક્તિ બે હોય ત્યાં એકાંત શાનું ?

પુરુષ-1 : પહેલાં તો બે જ હોય ને ! પછી એક થાય. પ્રેમનું અદ્વૈત પછી સધાય.

સ્ત્રી : તમે માત્ર બોલો છો, અનુભવતા નથી.

પુરુષ-1 : અને તમે જે અનુભવો છો એ બોલતાં નથી. (નજીક બેસે છે) ક્યારેક તો એમ જ લાગે છે કે તમે કશું બોલતાં નથી (હાથમાં હાથ લે છે) હું ખોટું કહેતો હોઉ તો આ સરોવરના સોગંદ ! એમાં કોઈક ખૂણે કદાચ ખીલ્યું હોય તો એ રક્ત કમલના સોગંદ ! એમાં તરતા મધ્ય રાત્રિના ચન્દ્રના -

સ્ત્રી : બસ હવે થોડી વાર મૌન.

પુરુષ-1 : આવી સુંદર મજાની આલંકારિક ભાષા બોલું છું ને તમને કંઈ થતું નથી ?

સ્ત્રી : (ઊભી થતાં, સ્વગત) હવે આ માણસને શું કહેવું ?

પુરુષ-1 : એમ છટકી જવા નહીં દઉ. (ખેંચી લાવીને બેસાડે છે, સ્ત્રીને એ ગમે છે.)

સ્ત્રી : થાય છે કે ટેકો મળે તો ઊંઘી જાઉ.

પુરુષ-1 : (શોધીને ઓશીકું લઈ આવી પોતાના પડખે – ખભે ગોઠવી આપે છે) બેસો ! નિરાંતે બેસો ! તમને એમ લાગવું ન જોઈએ કે હું સાવ બરછટ અને તમારી કાળજી રાખતો નથી. તમે ઊંઘી લો, હું આમ બેસીશ.

[ત્યાં પુરુષ-2 ખડખડાટ હસતો પ્રવેશે છે.]

પુરુષ-1 : એ ભાઈ, જરા ધીમે હસ. એ ઊંઘે છે.

પુરુષ-2 : એ ઊંઘે છે કે તારા આ અનાડી શબ્દોને મૂલવે છે એની તને ક્યાં ખબર છે ? જડભરત, એ શેનો ટેકો માગતી હતી ને તું શું લઈ આવ્યો ?

પુરુષ-1 : તું પશુ છે. બેપગો પાડો છે. તારામાં સૌન્દર્યની કશી સૂઝ નથી. સ્ત્રી સાથેના વ્યવહારમાં એસ્થેટિક સેન્સ હોવી જોઈએ.

પુરુષ-2 : એવી વેવલાઈ રહેવા દે. એને તો પુરુષ જોઈએ છે, શી વૉન્ટ્સ એ હી-મૅન, એ હી-મૅન !

પુરુષ-1 : તું કેવો મૅન છે ? મારી જગાએ તું હોત તો ?

પુરુષ-2 : એને લઈને આ સરોવરમાં કૂદી પડત.

પુરુષ-1 : એ તો નરી છેતરપિંડી, એક જાતની હિંસા.

સ્ત્રી : હું એની જ રાહ જોતી હતી.

[સ્ત્રી ત્વરાથી જતી રહે છે ત્યાં દિગ્દર્શક પ્રવેશ કરે છે.]

પુરુષ-2 : કેમ કેવું લાગ્યું ?

દિગ્દર્શક : ફાઈન.

પુરુષ-1 : એની કૉમેન્ટ ?

દિગ્દર્શક : નથિંગ અગેન્સ્ટ યુ.

પુરુષ-2 : તો તમે મૂંઝાયેલા કેમ લાગો છો ?

દિગ્દર્શક : લેખક હજી આવ્યા નહીં.

લેખક : (પ્રેક્ષકગૃહમાંથી પ્રવેશતાં) આવેલો છું. તમને દેખાયો નહીં. (સૌને) કેમ છો મિત્રો ?

દિગ્દર્શક : તમને પરિચય કરાવું. આ છે (પુરુષ-1ની ભૂમિકા કરનારનો પરિચય) અને આ છે (પુરુષ-2ની ભૂમિકા કરનારો પરિચય.)

લેખક : અને સ્ત્રીની ભૂમિકા કરનારને તો હું ઓળખું જ છું.

દિગ્દર્શક : લેખક ખરા ને !

લેખક : લેખકો કરતાં દિગ્દર્શકો સ્ત્રીઓને વધુ નજીકથી ઓળખતા હોય છે.

દિગ્દર્શક : થૅન્કસ (બંને પુરુષ અભિનેતાઓને) તમે જાઓ. આજે તો અમારે સાથે બેસીને થોડુંક -

લેખક : શું મારે તમારે માટે કોઈ નવું નાટક લખવાનું છે ?

દિગ્દર્શક : એ તો આ કેવું જાય છે તેના પર આધાર રાખે છે.

લેખક : કેમ કંઈ મુશ્કેલી ?

દિગ્દર્શક : બે મુશ્કેલી છે. એક તો તમે અલગ અલગ પ્રવેશ લખ્યા છે.

લેખક : એક વ્યક્તિના જીવનના જુદા જુદા તબક્કા બતાવવા મારે -

દિગ્દર્શક : પણ આમ ટુકડાને લીધે -

લેખક : સમગ્રપણે એમાંથી એક ચિત્ર ઊભું થશે.

દિગ્દર્શક : પણ આટલા બધા ચેઈન્જ ઓવરને લીધે પ્રેક્ષકના મન પર -

લેખક : વચ્ચે વચ્ચે સંગીત અને ચોથા અવાજમાં કાવ્યપંક્તિઓ મૂકી શકાય.

દિગ્દર્શક : પણ એથી યુનિટી ઑફ ઈમ્પ્રેશન ઊભી થશે ? પ્રેક્ષકો નાટકની પકડમાં રહેશે ખરા ?

લેખક : બેસી રહે એટલે બસ.

દિગ્દર્શક : પણ એવું ન થઈ શકે કે એક જ દૃશ્યરૂપે નાટક લખાય ?

લેખક : એમાં લાંબો જીવનપટ કેવી રીતે સમાવવો ? બધું સાંકેતિક કરી દેવું પડે.

દિગ્દર્શક : જ્યારે આપણે ચં. ચી.ના માનમાં આખો પ્રસંગ ઊજવી રહ્યા છીએ ત્યારે-

લેખક : એટલે તો તૈયાર થયો કે ચં. ચી. નિમિત્તે નાટક લખવું. સૂઝ્યું પણ ખરું. એક વ્યક્તિના મનમાંથી બીજો પુરુષ અને સ્ત્રી બહાર આવે, એમની સાથે જ સંવાદ, સંઘર્ષ થાય અને છેવટે -

દિગ્દર્શક : તમારી સ્કીમ તો સારી છે પણ એ જોઈને ચં. ચી. માટે આદર ન જાગે તો-

લેખક : આપણે જાહેર કરી શકીએ કે આ નાટક ચં. ચી. વિશે છે એવું કોઈએ માની લેવું નહીં; જોકે એવું જાહેર કરવાથી વહેમ પાકો થાય. અને આ પ્રસંગે માત્ર નાટક જ ભજવવાનું હોય તો આ જ શા માટે, એવો પ્રશ્ન થાય.

દિગ્દર્શક : યસ. અને આ પાછું આપણે છેલ્લે ગોઠવ્યું છે. તેથી છેવટની અસર -

લેખક : એય ખરું. જોકે મારી છાપ એવી છે કે ખોટું લાગવું જોઈએ એવી બાબતે

પણ ચં. ચી.ને ઘણી વાર ખોટું નથી લાગતું. આ નાટક જોઈને એમના માટે પ્રેક્ષકના મનમાં આદર જાગે કે ન જાગે પણ સહાનુભૂતિ તો જાગશે જ.

દિગ્દર્શક : કોઈ ફૅન્ટસી લડાવો ને ! ચં. ચી. દેશનો સી. સી. રાજા.

લેખક : રાજા તો બનાવીએ પણ પછી રાજપાટની શી વલે થાય ? જેનો સ્વભાવ જ બધું છોડતા જવાનો હોય એ -

દિગ્દર્શક : કેમ ? 'બાંધ ગઠરિયાં' એમણે જ લખી છે ને ?

લેખક : પછી 'છોડ ગઠરિયાં' પણ એમણે જ લખી.

દિગ્દર્શક : એય ખરું. તો એમ ન થઈ શકે ? સી. સી. એમના ડ્રૉઈંગ રૂમમાં બેઠા હોય ને -

લેખક : એમને પોતાનો ડ્રૉઈંગ રૂમ છે જ ક્યાં ? હોય તો વેઈટિંગ રૂમ છે.

દિગ્દર્શક : તો એમ કરો, એમને ત્યાં બેસાડો અને જુદાં જુદાં ક્ષેત્રની વ્યક્તિઓ એમને મળવા આવે એ દ્વારા એમના વ્યક્તિત્વનાં બધાં પાસાંનો પરિચય કરવો.

લેખક : શક્ય છે. એથી નાટક એ દૃશ્યરૂપે લખી શકાય.

દિગ્દર્શક : તો લખો, જામશે.

લેખક : એ તો ચં. ચી. જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓ સાથે કેવી રીતે વર્તે છે, એના ઉપર આધાર રાખે છે. આદર ઊભો કરવાની સભાનતા રાખીએ તો એકવિધતા આવી જાય. મૉનોટોની લાગે. તમારે કાર્ડબોર્ડ કૅરેક્ટર જોઈએ છે કે થ્રી ડાઈમેન્શનલ ? તો પછી આ નાટકનું રહેવા દઈને મૉક ટ્રાયલ જ કરો ને !

દિગ્દર્શક : મૉક કોર્ટના અમારા અનુભવ સારા નથી.

લેખક : એ તો એમાં ભાગ લેનાર પર આધાર રાખે છે. હં, તો તમે નાટકના ક્ષેત્રમાં આવ્યા ત્યારે ચં. ચી.નું કેવું હતું ? એક નવા અભિનેતા અને પછી દિગ્દર્શક તરીકે તમને એમના માટે અહોભાવ તો હશે જ. એમની કઈ કૃતિઓ તમને ગમેલી ?

દિગ્દર્શક : આપણે ચા પીતાં પીતાં વાત કરીએ.
[બંને જાય છે. પ્રકાશ-પરિવર્તન. પુરુષ-1 ખુરશી ખસેડીને બેસે છે. એના વાળની એકબે લટ ધોળી થઈ છે. સ્ત્રી આવીને પગે લાગી સાડીનો છેડો સરખો કરતી ઊભી રહે છે.]

પુરુષ-1 : ઘૂઘરા ક્યાં મૂક્યા ?

સ્ત્રી : નથી લાવી.

પુરુષ-1 : મેં શું કહેલું ?

સ્ત્રી : મને એમ કે તમે ભૂલથી કહ્યું હશે.

પુરુષ-1 : તમે આ દિગ્દર્શક કરતાં વધુ સમજતાં લાગો છો.

સ્ત્રી : પણ નાટકમાં વળી ઘૂઘરાની શી જરૂર ?

પુરુષ-1 : દલીલ ન કરો. નાટકમાં તો ઘૂઘરા બાંધવા પડે ને મુજરોય કરવો પડે,

સમજ્યાં ?

સ્ત્રી : શું કહ્યું ?

પુરુષ-1 : મારું કપાળ. હવે જાઓ તમારે જવું હોય તો.

સ્ત્રી : ક્યાં ?

પુરુષ-1 : તમારે ઘેર. મારે તમારે માટે નાટકમાં ભલામણ નહોતી કરવી જોઈતી. હું સુંદર સ્ત્રીઓને નોકરીએ રાખવાનો વિરોધી છું.

સ્ત્રી : ત્યારે તમને સૌંદર્ય ઓળખતાં આવડે છે ખરું ?

પુરુષ-1 : જુઓ, હું ગુસ્સે થયા પછી કોઈનો નથી હોં.

સ્ત્રી : પણ મેં સાંભળ્યું છે કે તમે સ્ત્રીઓ પર ગુસ્સે થતા નથી.

પુરુષ-1 : એ તો બધી જૂની વાતો થઈ ગઈ. હવે તો હું મારી જાત પર પણ ગુસ્સે થઈ જાઉં છું.

સ્ત્રી : મને તમારા માટે સહાનુભૂતિ થાય છે.

પુરુષ-1 : બીજું કંઈ ?

સ્ત્રી : ચિંતા પણ થાય છે કે (અટકીને) ક્યારેક ગાંડા થઈ જશો.

પુરુષ-1 : શું કહ્યું ? (સ્ત્રીને ખભેથી પકડી હચમચાવી નાખે છે.)

સ્ત્રી : મેં તો આગાહી કરી હતી, પણ તમે તો અત્યારે જ ગાંડા થઈ ગયા.

પુરુષ-1 : થયો હોઈશ પણ તમારી પાછળ નહીં. જુઓ, કાન ખોલીને સાંભળી લો. આપણે પ્રેમબેમમાં પડતા નથી. અહીં તો એક ઘા ને બે કટકા. જાઓ, ઘૂઘરા લઈ આવો.

સ્ત્રી : પણ સમજાવો તો ખરા ?

પુરુષ-1 : જાઓ પછી સમજજો. (સ્ત્રી જાય છે) મને ખાતરી છે કે તમને નહીં સમજાય. ક્યાંથી સમજાય ? કર્યો છે કોઈએ મારા મનનો વિચાર ? મારી મથામણનો ખ્યાલ ? આસમાનના તારા છાબડીએ ભરી લાવવાના મનસૂબા સેવનારો હું આજે એક ફૂલના મોલે વેચાઈ રહ્યો છું. કોઈ મારી આજ્ઞા પાળતું નથી, કોઈ સલાહ માનતું નથી. અરે કોઈ કાન માંડીને મારી વાત પણ સાંભળતું નથી. અને પાછા ઉપરથી કટાક્ષ કરવામાં આવે છે. શું હું જળની ગતિ અને ચાંદનીનો સ્પર્શ અનુભવતો નથી ? શું હું ફૂલના સૌન્દર્યને એની સુગંધ સાથે પામી શકું એવો રહ્યો નથી ? પથ્થરના પૂતળામાંય પ્રાણ પૂરનારો હું સંવેદનનો સૂત્રધાર, કોઈનું માનવાનો નથી. હું કર્તા છું. હવે તો હું જ મારો પરીક્ષક ને હું જ મારું પ્રમાણ. ચાલ, પેલાઓ સાથે કડક હાથે કામ લઉં અને એક ગતિસ્ફૂર્તિના દૃશ્યનું અભિનવ વિધાન કરું. (નેપથ્ય ભણી જોઈ) ચાલો, શરૂ કરો, સહેજ પણ પ્રમાદ, વિલંબ કે ઉપેક્ષા નહીં ચાલે.

[પુરુષ-2 અને સ્ત્રી પ્રવેશે છે.]

આવો અને ગુર્જર રંગભૂમિનું આપણું સ્વપ્ન સિદ્ધ કરો.

(ખુરશી લઈ ખસી જાય છે. પુરુષ-2 અને સ્ત્રી ચક્રગતિએ મંચના

મધ્યભાગમાં ચાલે છે.)

સ્ત્રી : આપણે પ્રેમ અને રૂપની સૃષ્ટિ રચતાં રચતાં કેટલે સુધી આવી પહોંચ્યાં ?

પુરુષ-2 : સાગરકિનારે.

સ્ત્રી : સાગરકિનારેથી નીકળીને પાછાં ત્યાં જ આવી પહોંચ્યાં ?

પુરુષ-2 : તમારી ઇચ્છા શી હતી ?

સ્ત્રી : ઇચ્છા ? ઇચ્છાથી શું ? મને બીક હતી કે આપણી ગતિ રણ ભણી છે.

પુરુષ-2 : રણની જેમ સાગર પણ ખારો જ હોય છે. પુરુષની છાતીમાં ડહોળાતાં સંતાપ જેવો ખારો !

સ્ત્રી : તમે તમારી વાત કરી કે બધા પુરુષોની ?

પુરુષ-2 : તમે શું સમજ્યાં ?

સ્ત્રી : મને તો બધા પુરુષો સરખા લાગે છે.

પુરુષ-2 : તમે કહો એ ખરું. જેવો તમારો અનુભવ. અને તમે અનુભવ્યું એ તમારું સત્ય. કેમ કે સત્યની પ્રતીતિ વ્યક્તિગત હોય છે.

સ્ત્રી : તમે થાક લાગે એવું બોલો છો.

પુરુષ-2 : થાક્યાં હો તો બેસીને વાત કરીએ.

સ્ત્રી : એમની સૂચના તો એવી છે કે આપણે ચાલ્યા જ કરવું.

પુરુષ-2 : તમે એના માટે બહુવચન વાપર્યું ?

સ્ત્રી : કેમ ભૂલી જાઓ છો કે આપણે એમને લીધે જ અહીં છીએ.

પુરુષ-2 : એના સાંભળતાં આવું બોલશો નહીં, નહીં તો ફૂલીને ફાળકો થઈ જશે.

સ્ત્રી : કદાચ ગુસ્સે પણ થાય. ચાલો, ઊભા થાઓ. આગળ ચાલીએ. નહીં તો એ આવશે ને –

પુરુષ-2 : અરે હા, સાટકો લઈને આવવાનું કહ્યું છે. એના શબ્દોમાં કહું તો મારી મારીને ચામડી ઉતારી નાખીશ ! (પાછાં બંને ત્વરાથી ચક્રગતિએ ચાલવા લાગે છે.)

પુરુષ-2 : (થોડી વાર પછી) સમય બદલાતો લાગે છે.

સ્ત્રી : મને થયું કે સામેના પાણીમાં આગ લાગી.

પુરુષ-2 : થોડી વાર પછી સૂરજ પોતે જ એ આગમાં કૂદી પડશે.

સ્ત્રી : એ મારાથી જોયું નહીં જાય.

પુરુષ-2 : તો તે ક્ષણે મને વળગી પડજો.

સ્ત્રી : આ તમારી અંદરનું પાપ બોલ્યું.

પુરુષ-2 : જ્યાં જ્યાં સંતાપ ત્યાં ત્યાં પાપ.

સ્ત્રી : તમે તો હવે એનો જ જાપ શરૂ કરી દીધો.

પુરુષ-2 : પાપ વિશે વાતો કરવાથી જરા સારું લાગે છે.

સ્ત્રી : બસ હવે બંધ કરો, નહીં તો હું શાપ આપીશ.

પુરુષ-2 : પેલા અર્જુને કહ્યું છે કે પાપ કરતાં શાપ સારો. જોકે તમારી પાસેથી તો મને –

સ્ત્રી : આપણે આડવાતે ચડી ગયાં.

પુરુષ-2 : તો ઝડપ વધારો.

સ્ત્રી : (સહેજ ઝડપ વધારતાં) બસ ?

પુરુષ-2 : આ ઝડપ કહેવાય ?

સ્ત્રી : કેવા ક્રૂર છો તમે ! (બેસી પડે છે.)

પુરુષ-2 : (ગતિ ઘટાડતાં) ઊભાં થાઓ. ભૂલી ન જાઓ કે આપણને શું કહેવામાં આવ્યું છે.

સ્ત્રી : ઓહ ! આ તો અસહ્ય છે. (ઊભી થાય છે. ચાલતી નથી) જુલમ છે આ તો.

પુરુષ-2 : આપણે આમ ને આમ ચાલતાં રહેવાનું છે. આમ ને આમ.

સ્ત્રી : ક્યાં સુધી ?

પુરુષ-2 : છેક અદૃશ્ય થઈ જવાય ત્યાં સુધી.

સ્ત્રી : કોનાથી ?

પુરુષ-2 : બીજા કોનાથી વળી ? એનાથી.

સ્ત્રી : એને શો અધિકાર છે આમ આપણને કાઢી મૂકવાનો ?

[ત્યાં પુરુષ-1 પ્રવેશે છે. એની ઉંમર વધેલી લાગે છે, એના હાથમાં બે ચાબુક છે.]

પુરુષ-2 : (ઝડપ વધારતાં) લો હવે, કરો અધિકારની વાતો. આ આવ્યો તમારો – આપણો સગલો.

સ્ત્રી : (અનુસરતાં) મૂંગા રહો. જરા ડહાપણ વાપરો.

[પુરુષ-1 એમની વચ્ચેના પાછલા ભાગમાં બંને હાથમાં લટકતા ચાબુક રાખી ઊભો રહે છે.]

પુરુષ-2 : હવે ડહાપણ શા ખપનું ? એના હાથમાં ચાબુક છે. એક નહીં પણ બે.

સ્ત્રી : તો આપણા માટે જુદા જુદા લાવવાની શી જરૂર હતી ?

પુરુષ-2 : એક જરા હળવો હશે, રેશમી હશે.

પુરુષ-1 : (વચ્ચે આવતાં) ના. બંને સરખા છે. લો, પકડો. (બંને ચાલતાં અટકે છે) આવડશે કે પહેલાં શીખવી લઉં ? બંને જણાં એકસાથે મારા પર તૂટી પડો. ખતમ કરી નાખો મને. મિટાવી દો આ તખ્તા પરથી. લો, જોઈ શું રહ્યાં છો ? તમારે અલોપ નથી થવું તો મારો લોપ કરી નાખો. (પુરુષ-2 અને સ્ત્રી હસી પડે છે.) હું આવી ગંભીર વાત કરું છું ને તમે મુક્ત કંઠે હસો છો ? લો (બંને હસવાનો અવાજ મોટો કરે છે.) મારો ઉપહાસ ન કરો. સાંભળો. હું બોલું છું એ સંભળાય છે કે નહીં ?

[ખડખડાટ હાસ્ય વચ્ચે અંધકાર. ત્રણેયનું પ્રસ્થાન]

લેખક : (પ્રવેશતાં) કેમ ભાઈ અંધારું કર્યું ? ચર્ચા નથી કરવી ?

(પ્રકાશ થાય છે.)

દિગ્દર્શક : તમે જરા વહેલો પ્રવેશ કર્યો.

લેખક : સ્ટેજનું આકર્ષણ ખરું ને ! ખાસ તો તમારા સ્ટેજનું. બોલાવો તમારા કલાકરોને !

દિગ્દર્શક : એ બધાં તો મેકઅપ ઉતારવા લાગી ગયાં હશે.

લેખક : કેમ, આનું આ દૃશ્ય બીજી રીતે ભજવવું નથી ? તમે કહેતા હતા કે એકનું એક દૃશ્ય બે રીતે ભજવી શકાય. જુદાં જુદાં પાત્રોના પૉઈન્ટ ઑફ વ્યૂથી.

દિગ્દર્શક : હા, ભજવી શકાય. એ રીતે લખાયું હોય તો.

લેખક : તમે મારી પાસે બીજી વાર લખાવરાવ્યું એથી મને થયું કે તમનેય વધુ મહેનત પડે એવું કરું.

દિગ્દર્શક : એનો વાંધો નહીં પણ એમાંથી ચં. ચી. પ્રગટ થવા જોઈએ.

લેખક : એ પ્રેક્ષકો પર આધાર રાખે છે.

દિગ્દર્શક : પણ દિગ્દર્શકને તો પહેલાં સમજાવું જોઈએ ને !

લેખક : એ જરૂરી છે ? ક્યારેક લેખકને જ સમજાયું ન હોય પછી દિગ્દર્શકને ક્યાંથી સમજાય ?

દિગ્દર્શક : તેથી તમે આ દૃશ્યમાં એવું બતાવ્યું કે ચં. ચી.ને દિગ્દર્શક તરીકે નિષ્ફળતા મળી છે ? અરે ભાઈ પ્રૉમ્પ્ટર ?-

પ્રૉમ્પ્ટર : હમણાં બોલ્યા એ લાઈન જ નથી. એ તો તમને એ નિષ્ફળ કેમ લાગ્યા એમ પૂછો છો.

દિગ્દર્શક : હા, તમને સી. સી. નિષ્ફળ કેમ લાગ્યા ?

લેખક : તમને એવું લાગ્યું ? મેં તો દિગ્દર્શન માટેના એમના પરિશ્રમની વાત કરી છે. પોતે તૂટીફૂટી જાય ત્યાં સુધી કેવા વળગી રહે છે એ કહ્યું છે. જે માણસ સમર્પિત થઈ જાય એના માટે નિષ્ફળતા કેવી ? મારે મન તો, ચં. ચી.... ભાઈ પ્રૉમ્પ્ટર, મારે મન તો, ચં. ચી. કેવા છે ?

પ્રૉમ્પ્ટર : હીરાની કણ....

લેખક : તૂટીને ખંડખંડ વેરાઈ ગયેલા સાચા હીરા જેવા છે.

દિગ્દર્શક : એને માટે પાછું પ્રૉમ્પ્ટિંગ લેવું પડે છે ?

લેખક : તમને લેતાં સંકોચ ન થાય માટે. હાં, તો તમે રહ્યા આજના સફળ દિગ્દર્શક, તેથી એક એક પ્રયોગે તમે પાંચ-દસ હજારનો વકરો કરો એટલે તમને ચં. ચી. એવા લાગ્યા હશે. પણ તમારું આઈ. એન. ટી.નું ઠીક ચાલ્યું. એમ ચં. ચી.ની કલ્પનાનું નટઘર અસ્તિત્વમાં આવ્યું હોત તો એ ભારતનો બીજો અલકાઝી કે શંભુ મિત્રા હોત.

દિગ્દર્શક : ત્યાં જ તમે પકડાઈ જાઓ છો. મારા હિસાબે તો શંભુ મિત્રા હોત, અલકાઝી હોત ને સી. સી. પણ હોત. સી. સી. માટે માપદંડ શા માટે ?

લેખક : બસ ત્યારે, આપણા હૃદયમાં ચં. ચી. માટે આદર હોય તો એમના વિશે

વ્યંગમાં કહેવાયેલું પણ વહાલું લાગે.

દિગ્દર્શક : મુંબઈના કલારસિકોને તો આદર છે જ.

લેખક : હું જાણું છું કે અહીંના લેખકોને પણ પ્રેમ છે. અને તમે જાણો છો કે મને – (અંદર જોઈ) મને તો શું છે ?

પ્રૉમ્પ્ટર : બસ એટલું જ છે.

દિગ્દર્શક : જેટલું હોય એટલું; એ તમારા લખાણમાંથી પ્રગટ થવું જોઈએ.

લેખક : તો ચાલો, નવી ગિલ્લી નવો દાવ. એકાદ સરસ દૃશ્ય લખી નાખીએ. સપનામાં લખ્યું હોય એવું.

દિગ્દર્શક : પાછું સાવ સ્વપ્નિલ ન થઈ જાય. એમના જીવનના કેટલાક નક્કર અનુભવો આવવા જોઈએ.

લેખક : હું જાણું છું, એમાંથી કેટલાક તમને અત્યારે જ કહી દઉં ? તમે પાસ કરો એ લખું.

દિગ્દર્શક : વેરી ગુડ. તો થવા દો. કંઈ પીશો ?

લેખક : માત્ર ચા.

દિગ્દર્શક : (સિગારેટ ધરતાં) પ્લીઝ હૅવ ઇટ.

લેખક : (સિગારેટ લઈને મૂકી રાખતાં) તો સાંભળો. એક વાર ચં. ચી. બીજાલેખક સાથે ટ્રેનમાં એવી ચર્ચાએ ચડી ગયા કે ગાડી છેલ્લા સ્ટેશને જઈ પાછી ફરી ત્યાર સુધી એમની ચર્ચા ચાલતી રહી.

દિગ્દર્શક : આનું તો તમે પહેલાં આખું દૃશ્ય લખેલું.

લેખક : તમે વાંચેલું કે નહીં એની ખાતરી કરવી હતી. ચં. ચી. રહ્યા આજીવન પ્રવાસી તેથી તે એ દૃશ્ય તમારે ભજવવું જોઈતું હતું. ખેર, એક વાર એક પરદેશના રેડિયો-સ્ટેશનમાં જાતને છુપાવીને ઘૂસી ગયેલા.

દિગ્દર્શક : જાસૂસી કરવા ?

લેખક : ના, જ્ઞાન વધારવા. પણ એ લોકો રેડિયોમાં કામ કરનારને પ્રવેશવા દેતા નહીં. ચં. ચી.એ વિચારી લીધું. આપણે એક વીગત નહીં જાહેર કરીએ તો આપણામાં બીજા જે અનેક ગુણો છે એ ઓછા ઊડી જવાના છે ? આવું સુંદર રેડિયો-સ્ટેશન જોયા વિના પાછા જવું એમાં ડહાપણ નથી. પોતાના જીવનની એક હકીકત ઓછી કરીને એમણે પ્રવેશ મેળવ્યો. બધું ધરાઈને જોયું અને ધરાઈને એમની સાથે વાતો કરી.

દિગ્દર્શક : પછી વાર્તાલાપ આપ્યો કે નહીં ?

લેખક : ચં. ચી.ને તમે બજારમાં મોકલો તોય વાર્તાલાપ આપ્યા વિના પાછા ન આવે તો પછી આ તો રેડિયો-સ્ટેશન. એમણે ઑફર સ્વીકારી લીધી.

દિગ્દર્શક : ચં. ચી. નમ્ર તો ખરા જ, નિખાલસ પણ.

લેખક : અહીં તો પૈસા પણ મળવાના હતા. પેલાઓએ કહેલું કે તમતમારે મન મૂકીને બોલજો. થાય એટલું લાંબું થવા દેજો. એમાંથી અમે સાડા ચૌદ મિનિટનું તૈયાર કરીશું.

દિગ્દર્શક : પણ ચં. ચી. સાડા ચૌદ મિનિટે જ પૂર્ણવિરામ મૂકીને ઊભા થઈ ગયા હશે ખરું ને ?

લેખક : હા, આકાશવાણીનો અનુભવી જ સાડા ચૌદ મિનિટમાં પૂરું કરી શકે.

દિગ્દર્શક : એ પકડાયેલા ખરા ?

લેખક : પકડાયા હોત તો અહીં પાછા ક્યાંથી આવત ? ઊલટાની એમની કદર થઈ. નિયામક એમને ઓળખતો હતો.

દિગ્દર્શક : હા, પરદેશમાં એમને ઓળખે ખરા.

લેખક : આપણા કરતાં વધુ સારી રીતે.

દિગ્દર્શક : બસ તો ? ચાલો. અરે પણ ભૂલ્યો, ચા હજી આવી નથી.

લેખક : તમે મગાવી જ નથી.

દિગ્દર્શક : સૉરી, ભૂલી ગયો. તમારી વાતમાં એવો રસ પડ્યો કે –

લેખક : કે પછી કશાક વિચારમાં હતા ?

દિગ્દર્શક : ના, ના, અરે ભાઈ ચાનું કહેજે.

લેખક : (પ્રૉમ્પ્ટર ચાનું કહેવા સામી બાજુ જાય છે એને રોકીને) અરે ભાઈ, તું ન જતો, તારી અહીં જરૂર પડશે.

દિગ્દર્શક : હં, આપણે કયા મુદ્દા પર આવેલા ?

લેખક : મુદ્દાઓથી દૂર રહીને આપણે માત્ર વાતો કરતા હતા. ચં. ચી.ના નક્કર અનુભવોની.

દિગ્દર્શક : પણ આમાં જેને જેન્યુઇન એક્સ્પીરિયન્સ કહી શકાય એવો તો –

લેખક : એક યાદ આવે છે, પણ એ અહીં –

દિગ્દર્શક : કહો તો ખરા.

લેખક : એક વાર એમણે ભાષણ કરવા જવાનું હતું. રાત્રે ભારે વરસાદ થયો. રસ્તામાં એક વહેળો આવે. પાણીથી છલોછલ. કેડ સમું ઊંડાણ. ચં. ચી.તો ઊભા જ રહી ગયા. વરસાદમાં થોડાઘણા ભીંજાયા હોઈએ તો જુદી વાત. શ્રોતાઓની સહાનુભૂતિ વધે. પણ આ તો અડધા કોરા ને અડધા –

દિગ્દર્શક : માંડી વાળ્યું ?

લેખક : માંડી વાળે એ બીજા. તરત રસ્તો કાઢ્યો. ધોતિયું પલળવા ન દીધું, સામે કાંઠે જઈને કુશળતાથી પહેરી લીધું.

દિગ્દર્શક : મેં જેન્યુઇન એક્સ્પીરિયન્સની વાત કરી હતી અને તમે –

લેખક : કેમ, આ જેન્યુઇન નથી ? તમે જ કહો, ચં. ચી. વિના બીજા કોઈ ગુજરાતી લેખકમાં આવી હિંમત ખરી ?

દિગ્દર્શક : સાચું, પણ મારે નાટક જોઈતું હતું.

લેખક : ચં. ચી. વિશે નહીં પણ એમના જેવા માણસ વિશે લખી આપું, જેથી નાટક સારું થાય તો પચ્ચીસ વર્ષ પછી પણ –

દિગ્દર્શક : કેમ, પચ્ચીસ વર્ષ પછી શું ? અમે તો ચં. ચી.ની શતાબ્દી પણ ઊજવવાના છીએ.

લેખક : તો હવે હું લખી મોકલું એવું ભજવજો. અને યાદ રાખજો.

પ્રૉમ્પ્ટર : યાદ છે ?

લેખક : હા, આ બરાબર યાદ છે કે હું ચં. ચી.ને કોઈથી કમ નથી માનતો. બલ્કે દુલો રાજા માનું છું. એમના વિશે કંઈ ઘસાતું લાગે તો માનજો કે વેરભાવે ભજું છું.

દિગ્દર્શક : વી શેલ ટેક ઇટ ઇન આ ટ્રુ સ્પિરિટ.

લેખક : થેન્ક્યુ.

[બંને જણ જાય છે. પ્રકાશ-પરિવર્તન. હવે પ્રૌઢ દેખાતો પુરુષ-1 બે ખુરશી લઈને પ્રવેશે. એક બાજુ ગોઠવતાં બોલે છે.]

પુરુષ-1 : આવો, અરે આવો આવો. એમ બહાર શા માટે ઊભાં છો ?

[પુરુષ-2 અને સ્ત્રી સંકોચ સાથે પ્રવેશે છે.]

બેસો, આ તમારી જ જગા છે.

સ્ત્રી : હવે ક્યાં સુધી બેસી રહીશું ?

પુરુષ-1 : તમારા માટે નહીં તો મારા માટે બેસો.

પુરુષ-2 : બેસો ત્યારે, ડોસાનું મન રાખો.

પુરુષ-1 : શું કહ્યું ? ડોસો ? હું (સ્ત્રીને) તમે એની સાથે સહમત છો ?

સ્ત્રી : (પુરુષ-1ની સામે જોયા વિના) હકીકત સાથે તો સહમત થવું જ પડે ને ! (૧-ને) હાં, તો તમે તમારું કામ કરો. અમારી ચિંતા ન કરતા.

પુરુષ-1 : લો કરો વાત ! મારે ત્યાં બેઠાં છો ને ચિંતા ન કરું ?

પુરુષ-2 : એમ માનજો કે અમે તમારે ત્યાં નથી. તમે કહેતાં'તા ને કે આજે તમારે ઘર ગોઠવવાનું છે. તો ગોઠવો.

સ્ત્રી : ક્યારેક તો માણસે ઠરીઠામ થવું જ રહ્યું ! હાં, તમતમારે અમારી હાજરીનો ખ્યાલ રાખ્યા વિના પોતાનું જ ગોઠવો.

પુરુષ-1 : (એક બાજુના ટેબલ પરની ગઠરિયાં છોડતાં) એમાં શું ગોઠવવાનું હતું ? જુઓ. આ દીવાલો તો પહેલાંથી ગોઠવાયેલી જ છે ! આ તળિયું પણ મોટો ધડાકો થાય ત્યારે જ ધ્રૂજે છે. પણ કશું પડતું નથી. અકળાઉં છું તો બારી બહાર જોઉં છું. આ બારીમાંથી ક્યારેક બહારની ધૂણી આવે છે ને મારી આંખના મોતિયા પકવે છે. (બીજી બારી બતાવતાં) આ બારીમાં થઈને ઘોંઘાટ અંદર આવે છે ને ધીમે ધીમે ઠરીને મારી બહેરાશને પોષણ આપે છે. (ત્રીજી બારી બતાવતાં) આ બારીમાંથી સ્મશાન દેખાય છે. એમાં વેતાળ નામે મારો એક મિત્ર રહે છે. મિત્ર ખરો પણ દૂરથી જ પ્રશ્ન પૂછે છે ને આ ઉંમરેય મને મૂંઝવી નાખે છે. (એ બારી પાસે સ્થિર ઊભો રહે છે.)

પુરુષ-1 : આ માણસ પોતાને વીર વિક્રમ માનતો લાગે છે.

સ્ત્રી : કેમ વિક્રમ વૃદ્ધ નહોતો થયો ?

પુરુષ-2 : તને એના માટે સહાનુભૂતિ થઈ ?

સ્ત્રી : એને તો મારા માટે સહાનુભૂતિ છે જ.

પુરુષ-2 : સ્વાભાવિક છે.

સ્ત્રી : તું કંઈક જુદું સમજતો લાગે છે.

પુરુષ-1 : (આગળ આવી થોડી વાર દૂર મૂંગા ઊભા રહ્યા પછી) અરે માફ કરજો, હું તો ભૂલી જ ગયેલો કે તમે અહીં છો. સારું થયું કે તુરત યાદ આવી ગયું. હાં તો – હું તને કંઈક કહેતો હતો કે તમે મને –

પુરુષ-2 : આપણે એને કંઈ કહેલું ?

સ્ત્રી : હા, ઘર ગોઠવવા અંગે.

પુરુષ-2 : તું જરા એની પાસે જઈને કહી દે કે એનું ગોઠવે અને આપણી બાબતે નિશ્ચિંત રહે.

સ્ત્રી : તું જ કહી દે ને !

પુરુષ-2 : હવે એને કશું કહેવાનું મન થતું નથી.

પુરુષ-1 : અરે હા, ઠીક યાદ આવ્યું. હું આ ઘરની એટલે કે મકાનની વાત કરતો હતો. આ સ્થિર દીવાલો, આ ક્યારેક કંપતું તળિયું, બહારની સૃષ્ટિને અંદર ડોકિયાં કરાવતી આ બારીઓ - એ બધું તો આપોઆપ છે. મારે પોતે તો બેત્રણ વસ્તુ જ ગોઠવવાની છે. આ બાજુ એક નાનું મેજ, એના ઉપર એક બાજુથી કોરા રહેલા કાગળ, અહીં એક ખાટલો ને વચ્ચે એક નાનો ઘોડો, જેના ઉપર મારી દવાઓ રહેશે. માણસ માટે ભાતભાતની દવાઓ બનાવવામાં આવી છે તો થોડીક આપણે પણ કેમ ન રાખવી ? હું તો દવા ભેગી જ્યોતિષશાસ્ત્રની એકબે ચોપડીઓ પણ રાખીશ. ગ્રહોના યોગ અને માણસના રોગને ઘણો સંબંધ છે. (સ્થિર, પોતાનામાં મગ્ન દેખાય છે.)

સ્ત્રી : આ માણસ જ્યોતિષમાં માનતો હશે ખરો ?

પુરુષ-2 : કેમ તારે તારા જોષ જોડાવવાં છે ?

સ્ત્રી : હું એને વિશે કશુંક વિચારું છું એય તને ગમતું નથી ?

પુરુષ-2 : મારા ગમા-અણગમાનો સવાલ નથી. સવાલ એ છે કે હવે તારા વિશે વિચારે છે કે કેમ ?

સ્ત્રી : તો, ચાલ આપણે જઈએ.

પુરુષ-2 : ક્યાં ?

સ્ત્રી : બહાર.

પુરુષ-2 : (ઊઠીને અંદર ભણી ચાલવા જાય છે.) ચાલો.

સ્ત્રી : (એને પકડીને પાછો ખેંચી લાવતાં) એ તો અંદરનો રસ્તો છે. આમ જઈએ (પ્રેક્ષાગારમાં ઊતરવાનાં પગથિયાં બતાવતાં) બહાર...

પુરુષ-2 : છેવટે તેં સાચો રસ્તો શોધી કાઢ્યો. ચાલો.

[બંને પ્રેક્ષાગારમાં ઊતરીને દેખાવાં બંધ થાય છે.]

પુરુષ-1 : હું શું કહેતો હતો ? અરે હા, જે કહેતો હતો એના વિચારે ચડી ગયેલો, ગ્રહોના વિચારમાં ઊંડો ઊતરી ગયેલો. એક યોગ એવો છે કે જાતકના મૃત્યુ વખતે એની પાસે કોઈ હાજર ન હોય. એના માથે હાથ મૂકીને પોતે કંઈક ગુમાવ્યું છે એવું કહેનાર કોઈ ન હોય. એટલું જ નહીં, દૂરથી પણ એના માટે રોનાર કોઈ ન હોય. (પુરુષ-2 અને સ્ત્રીની ખાલી ખુરશીઓ ભણી નજર કરતાં) સાચું કહું છું હો. તમે કેમ બોલતાં નથી ? કંઈક તો બોલો... મારો વિરોધ તો કરો.

[મંચ પરનો પ્રકાશ મંદ થાય છે અને પ્રેક્ષાગારમાં પહોંચેલાં પુરુષ-2 અને સ્ત્રીનો સંવાદ સંભળાય છે.]

પુરુષ-2 : અમને હવે એની કશી વાત સંભળાય એમ નથી.

સ્ત્રી : કારણ કે અમે હવે તમારી સાથે છીએ.

પુરુષ-2 : તમારે એને વિશે કંઈ જાણવું હોય તો એને પૂછશો નહીં.

સ્ત્રી : કદાચ તમને એને વિશે જાણવાનું મન નહીં થાય, પણ જો થાય તો હું છું.

[સ્ટેજ પર સ્મશાન નિર્દેશથી બારી પર પ્રકાશ. પુરુષ-1 ત્યાં ઊભો છે.]

પુરુષ-1 : વેતાલ, એ વેતાલ ! આવ, અહીં આવ. આજે તને હું વાર્તા કહું. પછી હું જ તને સવાલ પૂછું. હા, સવાલ પૂછીને એવો મૂંઝવી નાખું કે બેટમજી પછી ચૂં કે ચાં ન કરે. આમ આવ. શું કહ્યું ? ત્યાંથી જ સંભળાશે ? તો સાંભળ. શું કહ્યું ? ગાઈને સંભળાવું ? ભલે, એમ.

એક હતી રાજકુમારી !
નો'તો રાજા ને નો'તી રાણી. એક હતી.
રમતી'તી એ તો થઈ ફૂલની વાણી,
વાત કરે સૌરભ-શી નજરું ઢાળી, એક હતી-૦

[લેખક અને દિગ્દર્શક અંદરથી જ વાતો કરતા હોય એમ પ્રવેશે છે.]

લેખક : બોલો, હવે કંઈ કહેવા જેવું રહ્યું ?

દિગ્દર્શક : એટલું કે આ દૃશ્ય ચં. ચી. વિશે ન હતું.

પુરુષ-1 : મને લાગ્યું કે આ મારા વિશે હતું.

[દરમ્યાન સ્ત્રી અને પુરુષ-2 મંચ પર આવી જાય છે.]

સ્ત્રી : આ વળી એમ કહેતા હતા કે –

પુરુષ-2 : તો તમે શું કહેતાં'તાં ?

લેખક : માફ કરજો, તમે બે તો હતાં જ નહીં. લેખકના ચિત્તમાંથી પ્રગટ થઈને છેવટે સહુની સાથે ભળી ગયાં.

પુરુષ-1 : અહીં લેખક એટલે તો હું કે તમે ?

લેખક : તમે. આ એકપાત્રીય નાટક હતું.

દિગ્દર્શક : એથી સાબિત થાય છે ખરું કે એ ચં. ચી. વિશે હતું ?

લેખક : કશુંય સાબિત કરવાની જરૂર જ શી છે ?

દિગ્દર્શક : તોપણ એટલું તો સાબિત થયું કે આ નાટક ચં. ચી. વિશે ન હતું.

પુરુષ-1 : તો મારા ઇન્વોલ્વમેન્ટનું શું ?

પુરુષ-2 : અને મારા એન્કાઉન્ટરનું ?

સ્ત્રી : એ બધું આપણે પછી સમજીશું, ચાલો.

લેખક : જતાં પહેલાં ચં. ચી.ને શુભેચ્છાઓ તો આપતાં જાઓ !

સ્ત્રી : હમણાં જ આપી. ને હવે એ લખશે એ નાટક ભજવીને પણ શુભેચ્છા આપીશું.

લેખક : ચં. ચી. નાટક લખે એ શક્ય છે.

દિગ્દર્શક : પણ એમના વિશે નાટક લખવું અશક્ય છે.

લેખક : અને લખાય તો ચં. ચી. સિવાય બીજા કોઈથી ભજવાય એ પણ એટલું જ અશક્ય છે.

દિગ્દર્શક : અમે અમારી નિષ્ફળતાઓ સ્વીકારીને ચં. ચી.ની સફળતા ઇચ્છીએ છીએ.

સ્ત્રી : એમને સદાસર્વદા જીવવાની વિનંતી કરીએ છીએ.

લેખક : અને હવે ગુર્જર રંગભૂમિને આશીર્વાદ આપવા અત્રે આમંત્રીએ છીએ.

દિગ્દર્શક : આવો પધારો. આ તમારી જગા તમને અર્પણ કરીએ છીએ.

[પડદો]

8
ટેલિફોન
હસમુખ બારાડી

પાત્રો : મંજુ * સંજીવ

[ટેલિફોનની ઘંટડી - મંજુનો પ્રવેશ]

મંજુ : હલ્લો, કોનું કામ છે ? - તમે કયો નંબર લગાવ્યો છે ? ના, પણ આ તો 3373839 છે. (મૂકવા જાય છે.) ના. મારું નામ મંજરી નથી - ના, અહીં કોઈ મંજરી નથી; પડોશમાંય નથી - એલિસબ્રિજ. બરાબર - ના, સંજય નહીં, સંજીવ એપાર્ટમેન્ટ - (કંટાળીને) રોંગ નંબર, પ્લીઝ.

[મૂકે છે. જાય છે. ફરી ઘંટડી. સંજીવનો પ્રવેશ.]

સંજીવ : યસ ? 3373839 : સંજીવ એપાર્ટમેન્ટ ! - બરાબર ! - કોનું કામ છે ?... કોનું ? - આપ કોણ બોલો છો ? એમાં સરપ્રાઈઝ શું રાખવાનું ? - ના, મને તમારો અવાજ ન ઓળખાયો. આપણે મળ્યાં લાગતાં નથી - સારું, બોલાવું છું, એક મિનિટ - મંજુ, એ મંજુ - (અંદરથી અવાજ : એ આવી-) ... પ્લીઝ હોલ્ડ ઓન.

[રિસિવર મૂકે છે. સંજીવ અંદર જાય છે. મંજુ આવે છે.]

મંજુ : યસ - હું ઈઝ સ્પીકિંગ ? - ના, માફ કરજો, ઓળખાણ ન પડી. - હા, હું મંજુ - મારો અવાજ આમ તો બદલાયો છે થોડો - હા, દેખાવેય થોડો - પણ ના, હજી તમારી ઓળખાણ નથી પડી - કોણ ? રણધીર? રણધીર પટેલ ? - હજી કંઈ બેસતું નથી. પ્લીઝ, મારી પાસે ઝાઝો વખત નથી - અરે થોડી વાર પહેલાં તમે ફોન કરેલો ? - ના, મને તમારા જેવો અવાજ લાગેલો - શું ? કેટલાં વરસ - ? ના, હજીય કોઈ રણધીર પટેલ યાદ નથી આવતા - સંજીવે તમારો અવાજ ઓળખેલો ? - સારું, માફ કરો, રણધીરભાઈ, નથી ઓળખાણ પડી - બોલો, તમારે શું કામ છે ? - તો મળવા આવો, પણ ઊભા રહો, મારે મારા પતિને અનુકૂળ છે કે નહીં, - શું ? - બહાર ? - એકલી ?... માફ કરજો, પણ હું બહાર, એકલી કોઈને મળતી નથી. - પણ એવું શું કામ છે, ને તમે કોણ છો, એની ઓળખાણેય હજી - હેં ? મજા ? - વ્હોટ ? - (માઉથ પર હાથ મૂકી) એ સાંભળો છો ? સંજીવ, જલ્દી.... (ફોનમાં) ના, ના કહ્યું ને તમને

[ફોન કાનથી દૂર રાખે છે, સંજીવ પ્રવેશે એટલે એને ફોન આપે છે.]

સંજીવ : (થોડું સાંભળી) એ મિસ્ટર, જરા મોં સંભાળીને બોલો - શું ? - અને ન આપું તો ? વ્હોટ ? તમે છો કોણ ? - શું કામ છે ? - નોનસેન્સ...! (રિસિવર પછાડીને મૂકે છે).... ઓળખે છે એને ?

મંજુ : ના.

સંજીવ : તો પછી ?

મંજુ : ફોન તો તમે મને આપ્યો હતો.

સંજીવ : એણે તારું નામ દીધું એટલે... કહે : મારા અવાજનું એને સરપ્રાઈઝ થશે.

મંજુ : મને કોઈ રણધીર પટેલ યાદ નથી આવતો. અને એય આવું કહી શકે એવા કોઈને....

સંજીવ : એણે શું કહ્યું ?

મંજુ : અડધું તો તમે સાંભળ્યું.

સંજીવ : એની પહેલાં ?

મંજુ : પહેલાં મને કહે : બહાર મળવા આવ - એકલી !

સંજીવ : હં.

મંજુ : અને પછી બધું ગંદું ગંદું -

સંજીવ : ખરા માણસો હોય છે. ગમે ત્યાં રોંગ નંબર લાગી જાય એટલે -

મંજુ : પણ તમે તો કહો છો, એણે મારું નામ કહ્યું !

સંજીવ : ના, યાદ કરતાં હવે એમ લાગે છે, કે એણે તારું નામ નહોતું કહ્યું. આપણા મકાનનું નામ કહ્યું - સંજીવ એપાર્ટમેન્ટ.

મંજુ : ને નંબર ?

સંજીવ : નંબર એણે બરાબર કહ્યો હતો.

મંજુ : એટલે કોઈ જાણભેદુ ?

સંજીવ : કોને ખબર ? હશે, ચાલો, આપણે હવે -

[બન્ને ઊભાં થાય. ફરી ઘંટડી.]

હલો - તમે છો કોણ, મિસ્ટર.... શું ? - કંઈ લાજશરમ છે ? આ સંસ્કારી મધ્યમ વર્ગનું કુટુમ્બ છે - શું ? તમે અત્યારે સામે હોત, તો મેં તમારું ગળું જ દાબી દીધું હોત - ના, એને હું ફોન નહીં આપું - અને ફરીથી ફોન કર્યો છે, તો - (ફોન મૂકે છે.)

મંજુ : શું થયું ?

સંજીવ : એણે મૂકી દીધો.

મંજુ : એવું જ ગંદું બોલતો હતો ?

સંજીવ : હા, આ માણસ હશે કોણ ? શા માટે આમ - ?

મંજુ : એ ફોન ક્યાંથી કરતો હશે ?

સંજીવ : પબ્લિક ટેલિફોન નથી લાગતો.

મંજુ : રણધીર પટેલના નામનો ફોન તો નથી ડિરેક્ટરીમાં ?

[બંને ડિરેક્ટરી જુએ છે.]

સંજીવ : આવો માણસ પોતાનું સાચું નામ ન આપે.

મંજુ : ડિરેક્ટરીમાં નથી. આપણે પોલીસને કહીએ ?

[ફરી ઘંટડી]

વાગવા દો. આપણે નથી ઉપાડવો.

સંજીવ : પણ એ જ માણસ ન હોય તો ?

મંજુ : તમને કોઈનો ફોન આવવાનો હતો ?

સંજીવ : ઈમરજન્સીમાં કોઈ પણ ફોન કરે – કદાચ, કારખાનેથી –

[સંજીવ ઉપાડે છે – થોડું સાંભળીને મૂકી દે છે.]

મંજુ : એ હતો ? શું કહ્યું ?

સંજીવ : કહે : પોલીસને નહીં કહેશો.

મંજુ : એટલે ? આપણી વાત એ ક્યાંયથી સાંભળે છે ?

સંજીવ : ... પછી કહે : આવા ફોન પછી બધાં આવું વિચારે એની મને ખબર છે.

મંજુ : નાલાયક !

સંજીવ : અને કહે : તમે કંઈ બોલ્યા વિના આ ફોન મૂકી દેશો એ પણ હું જાણું છું.

મંજુ : રાસ્કલ ! આપણે પોલીસને જ કહી દઈએ... પણ બીજી વીગતો શું આપીએ ?

સંજીવ : હું ટેલિફોન એક્સચેન્જમાં ફરિયાદ કરું ?

મંજુ : પણ ધારો કે હવે ફોન ન આવે તો ?... એને કોઈ આવો જ રોંગ નંબર લાગી જાય તો ?....

[ઘંટડી. બન્ને સ્તબ્ધ બની જુએ. મંજુ ઉપાડવા જાય.]

સંજીવ : તું ન ઉપાડીશ, એ તારું નામ જપ્યા કરે છે – ના કહું છું તને – પ્લીઝ....

[મંજુ ફોન ઉપાડીને બાજુમાં મૂકે છે.]

મને એમ, કે તું એની સાથે વાત કરીશ.

મંજુ : આમ ઉપાડીને બાજુમાં મૂક્યા કરશું, એટલે પોતાની મેળે –

સંજીવ : હા. એ ઠીક છે. ક્યાં સુધી એ લગાડ્યા કરશે ? પણ ધારો કે કોઈનો ખાસ ફોન હશે તો ?

[મંજુ ઉપાડવા જાય.]

સંજીવ : તું એને સાંભળીશ નહીં – પ્લીઝ – (મંજુ રિસિવર ક્રેડલ પર મૂકે છે.) હાશ....

મંજુ : મેં ય એના જેવા થવાનું નક્કી કર્યું છે. એ ફોન કર્યા કરશે, અને હું એને ઉપાડીને આમ –

[ઘંટડી]

સંજીવ : આનો અર્થ એ કે આની પહેલાંનો ફોન એનો નહોતો.

મંજુ : કેમ ?

સંજીવ : આટલા જલ્દી સાત આંકડા ન લાગે.

મંજુ : તો ઉપાડી જુઓ - પણ આ કદાચ પેલા રણધીરનો જ હશે... ઉપાડો... જોઈ તો જુઓ... આવા કેવા સાવ ? (પોતે જ ઉપાડે છે)... રાસ્કલ, બદમાશ, પાજી - મહેરબાની કરીને અમારો કેડો છોડ -

[પછાડીને મૂકે છે.]

સંજીવ : ઊકળી ઊઠ્યું ને તારું લોહી ?

મંજુ : મને કહે : જેમ આ ફોન ઉપાડવો પડ્યો તેમ - (અટકે.)

સંજીવ : તેમ ? તેમ શું ? - (અટકી) હું એને બરાબરનો પાઠ ન શીખવું તો - (ઝડપથી ફોન ઉપાડે, ડાયલ કરે.) હલ્લો, ઓપરેટર - મારે તમારા ડિવિઝનલ ઈજનેર સાથે વાત કરવી છે. શું નંબર કહ્યો ? (રિસિવર મૂકે.)

મંજુ : ના. તમે એનું રિસિવર પકડીને ડાયલ ટોન ચાલુ રાખો, નહીં તો પાછો વળી, એનો ફોન -

[સંજીવ બીજો નંબર જોડે]

સંજીવ : હું સંજીવ માણેક બોલું છું - 3373839 - અમારા ઉપર એક ખૂબ ગંદો ફોન અવારનવાર આવ્યા કરે છે. - અત્યાર સુધીમાં આ - (મંજુ ત્રણ આંગળી બતાવે.) ચોથી વખત - શું ? હા, પુરુષ અવાજ - નામ રણધીર પટેલ કહે છે - ના, અમારો એવો કોઈ પરિચિત નથી - શું ? - અરજી ? પણ કાલે રજા છે. અને આજે તો ઑફિસ બંધ થઈ ગઈ હશે - સાહેબ, કંઈ જલ્દી થાય એવું - કાનના કીડા ખરી પડે એવું એવું બોલે છે - સારું, સાહેબ (મૂકે છે.) કહે : શોધી કાઢવાની રીત છે, પણ -

મંજુ : ટૂંકમાં સોમવાર પછી મેળ પડે... આપણને કોઈ મિત્ર મદદ ન કરે ? ... કોઈની સલાહ લઈએ ?

સંજીવ : મને એમ થાય છે, કે ફોન શોધનારને ફોનના આવા ઉપયોગની ખબર પડે, તો આપઘાત કરે બિચારો !

મંજુ : તમને આવે વખતે ખરું બધું સૂઝે છે. ફોન ન ઉપાડવાનો કે ઉપાડીને બાજુએ મૂકવાનો કોઈ અર્થ નથી, અને મારાથી હવે એની વાત સાંભળી શકાય એમ નથી.

સંજીવ : તું સ્વસ્થ રહે. આપણે -

મંજુ : આપણે આ ફોન જ કાઢી નાંખીએ.

સંજીવ : પછી મારા ધંધાનું શું ? તું રોજ બપોરે મારા ફોનની રાહ જુએ છે એ -

મંજુ : એના વિના મને ચાલશે. તમને ખરેખર તકલીફ પડે ?

સંજીવ : લોકોને અંગત મળવા જવું પડે - એમનેય અહીં ધક્કો ખાવો પડે. અમુક સરકારી માણસો ઑફિસ સમય દરમ્યાન છૂટથી વાત ન કરે -

મંજુ : પણ તમને ખરેખર ન ચાલે ? આવો ફોન વારંવાર આવે, તો -

[ત્યાં જ ઘંટડી.]

એ આપણી વાત સાંભળતો જ હોવો જોઈએ.

સંજીવ : સંજોગો એવા છે, કે અકસ્માત પણ યોજનાપૂર્વકનો લાગે, મંજુ. (ઉપાડે. સામેથી કોઈ અવાજ નથી. માઉથ પર હાથ મૂકે છે.) કોઈ બોલતું નથી.

મંજુ : તમે બોલો પછી એ ટેપ ચાલુ કરે ને ?

સંજીવ : પણ કામનો ફોન હોય તોય સામો માણસ મારા અવાજની આશા રાખે ને ?... હું બોલું ?

મંજુ : ના, કામનો હશે, તો ફરી કરશે.

સંજીવ : વચ્ચેનો એક ફોન ચોક્કસ એનો નહોતો. એટલે ધારો કે આ -

[સામેથી ફોન કપાયો છે.]

મંજુ : શું થયું ?

સંજીવ : એણે કાપી નાંખ્યો. (રિસિવર મૂકે.) આ ફોન કામનો હોય અને ન પણ હોય. અમારો સેલ્સમેન જો ફોન કરતો હશે, તો પબ્લિક ફોનમાં એનાં પૈસા -

મંજુ : પણ તમારા અવાજ વિના એ પૈસા નાંખે જ નહીં ને ? કંઈ ઘોંઘાટ આવતો હતો ?

સંજીવ : ના, એણેય કદાચ માઉથ પર હાથ રાખ્યો હશે. પેલા ટેલિફોનવાળા ઈજનેર સાહેબ કહેતા હતા, કે આવા કિસ્સા ક્યારેક ક્યારેક બને છે, અને મોટા ભાગના આવા માણસો પરિચિતોમાંથી જ હોય છે - આપણને આશ્ચર્ય થાય એવા.

મંજુ : પણ આ માણસ કોણ હશે ? એનો અવાજ એટલો રૂક્ષ, કઠોર નથી.

સંજીવ : હા, ભાષાય શુદ્ધ બોલે છે. કોઈ બોલીનો સ્વરભાર પણ નથી.

મંજુ : કોણ હશે ? એ કેવો હશે ? જાડો તો નહીં જ હોય; પણ આંખો સહેજ લાલ હશે - થોડીક - કદાચ, થોડી મૂછોય હશે - મને એમ લાગે છે કે ક્યાંક બેઠો બેઠો ફોન કરતો હશે - પગ લંબાવીને - સ્ટૂલ ઉપર - અને ફોન એના ખોળામાં હશે - કદાચ, એ સિગરેટ પીતો હશે !

સંજીવ : મંજુ, આ તને શું થઈ ગયું છે ?

મંજુ : અને સિગરેટ નહીં પીતો હોય, તો બેઠો બેઠો બીજું કંઈ પીતો હશે - શરબત, કૉફી -

[ઘંટડી]

સંજીવ : મંજુ, તું શું બકે છે એનું તને ભાન છે ?

મંજુ : હું ફોન ઉપાડું ?

સંજીવ : ના, એ એનો જ હશે - ના કહ્યુંને તને ?

[મંજુ ઉપાડે, બાજુમાં મૂકે.]

મંજુ : આવું ક્યાં સુધી ચાલ્યા કરશે ? એ તો સ્ટૂલ પર પગ લંબાવી ખોળામાં ફોન મૂકી, કૉફીનો કપ પીતાં પીતાં ડાયલ મચડ્યા કરશે; અને આપણે અહીં આમ ફફડ્યા કરવાનું ?

સંજીવ : તો શું કરી શકીએ આપણે ?

મંજુ : મેં કોઈની આંતરડી કકળાવી નથી. ભગવાન મને આ શેની સજા કરતો હશે ?

સંજીવ : પણ આવડી નાની વાતમાં તારો ભગવાન ક્યાં આવ્યો ?

મંજુ : આ નાનકડી વાત નથી. એ મારું નામ જપ્યા કરે છે એમ તમે કહો છો, અને તમે સારા માણસ છો કે મારામાં શંકા કરતા નથી, બાકી - પણ બીજા જાણશે, તો શું કહેશે ?

સંજીવ : તું શું કામ બીજાની ચિંતા કરે છે ? મને ખબર છે ને કે આ શું છે ?

મંજુ : તો કહો, શું છે આ ? છે કોઈ જવાબ ? ના, સંજીવ, મારાથી આ સહન નથી થતું. આપણે કંઈક કરવું પડશે.

સંજીવ : શું ?

મંજુ : હું એને મળું ? બોલાવું ?

સંજીવ : તને એનામાં રસ પડવા માંડ્યો ?

મંજુ : ના, તમે મને શું સમજો છો ?

સંજીવ : પણ તો શા માટે તારે એવાને મળવું છે ?

મંજુ : કોણ જાણે - મને તો મનમાં આવ્યું તે કહી દીધું. કદાચ, કદાચ એની સાથે ડાયલોક કરવાથી -

સંજીવ : ધાર, કે એ તને - (અટકે.)

મંજુ : હા, તમારી વાત સાચી છે. પણ ક્યારેક મને એમ લાગે છે, કે એ દુઃખી હોવો જોઈએ - એકલો ! એને કંઈક અન્યાય થયો હશે.

સંજીવ : કોઈ બીજાએ અન્યાય કર્યો તોય વેર આપણા પર વાળવાનું ?

મંજુ : વેર વાળનારને લીલાસૂકાનો ખયાલ ક્યાંથી રહે, સંજીવ ?

સંજીવ : જો, ફિલસૂફી છોડ - અને ફ્રોઈડનું તો નામ જ ન લઈશ.

મંજુ : ધારો, કે તમે કાઢી મૂકેલો પેલો મિકેનિક હશે તો ?

સંજીવ : એનો અવાજ તો હું ઓળખું ને ?

મંજુ : પણ એનો ઉશ્કેરેલો કોઈ બીજો માણસ નહીં હોય ?

સંજીવ : મંજુ, તું ગાંડી થઈ જઈશ આમ ને આમ. જા - સૂઈ જા થોડી વાર.

મંજુ : મેં ભૂખ્યો કાઢેલો કોઈ ભિખારી તો નહીં હોય ? પેઢી દર પેઢી અન્યાય થયો છે એ આપણો ચોથો ભાઈ હશે ?

સંજીવ : કયો 'ચોથો ભાઈ', મંજુ ?

મંજુ : શૂદ્ર !.... મનુ ભગવાનની વર્ણ-વ્યવસ્થાનો શૂદ્ર !

સંજીવ : કેવી વાત કરે છે, મંજુ ?... પ્લીઝ...!

મંજુ : કદાચ, કદાચ આ રણધીર -

સંજીવ : ચૂપ મરીશ હવે ?

[ઘંટડી હવેથી ત્રણ વખત વાગીને બંધ થાય છે.]

રેડિયોની જેમ વન-વે ફોન ન હોઈ શકે ? આપણે સૂચના આપવી હોય તે આપી દેવાય. આવું કંઈ સાંભળવાનું તો નહીં !

મંજુ : પણ તમારે ખાસ તો સંદેશા લેવાનાય હોય છે ને ?

સંજીવ : કે પછી ટેલિગ્રામની જેમ - મન પડે, તો જ જવાબ આપવાનો ! આ માણસ તો આપણા ઘરમાં ઘૂસી જાય છે. પણ આપણાથી એને કંઈ થઈ શકતું નથી. ને તોય -

મંજુ : ને તોય, એ તો સ્ટૂલ પર પગ લંબાવીને સિગરેટ ફૂંક્યા કરશે; ફોન મચડ્યા કરશે !

સંજીવ : હા !

મંજુ : એ આટલું ગંદું ન બોલતો હોત તો ? એનો અવાજ સારો છે - ઘેરો. સ્પષ્ટ ઉચ્ચારો -

[ઘંટડી - ત્રણ વખત]

સંજીવ : મંજુ, તું એને મળે તો ?

મંજુ : મને એવાના હાથમાં સોંપો છો ? ધારો, કે એ મને -

સંજીવ : હા, ધાર, કે એ તને - ?

મંજુ : તો પછી ?

સંજીવ : પણ ધાર, કે એ એટલો ખરાબ ન પણ હોય... ધાર, કે એની સાથે ડાયલોગ કરવાથી -

મંજુ : પ્લીઝ !.... મને એ મળે એટલે સૌ પહેલાં તો ફોનનું રિસિવર હું એના એક કાનમાં ઘોંચી બીજા કાનમાંથી કાઢવાની છું. અને -

સંજીવ : મંજુ, તું સ્વસ્થ રહે.

મંજુ : હું સ્વસ્થ જ છું.

સંજીવ : (ડાયલ કરી) હલ્લો, ડિવિઝનલ ઇજનેર સાહેબ ? હું સંજીવ માણેક - 3373839 - પેલા અનઆઈડેન્ટીફાઈડ કોલર વિશે - શું ? એ કોઈ એક ફોનનો ઉપયોગ નથી કરતો ? - એટલે ? - ત્રણ વખત તમારી સૂચના પ્રમાણે - પણ ત્રણેય વખત જુદો જુદો એનો નંબર હતો ? - પણ એની વચ્ચે વધુ વખત નહોતો ગયો - શું ? - અમે હજી ચાલુ રાખીએ ? - સાહેબ, આજે ચાર દિવસ થયા - સારું, સાહેબ. (રિસિવર મૂકે છે) મંજુ, તું ચિંતા ન કર. મેં વ્યવસ્થા કરી દીધી છે. એ હવે ફોન નહીં કરે.

મંજુ : એટલે એને પોલીસે પકડી લીધો ?

સંજીવ : એમને નામઠામ વિના કેવી રીતે ખબર પડે ?

મંજુ : ટેલિફોનવાળાએ નામઠામ ન આપ્યાં ?

સંજીવ : એણે કહ્યું : કોઈ એક જ ફોનનો એ ઉપયોગ નથી થતો, એટલે મુશ્કેલી પડે છે.

મંજુ : તો 'વ્યવસ્થા કરી છે.' એટલે શું ? તમે એને મળ્યા ? એની સાથે વાત કરી ? એને માર્યો ?

સંજીવ : ના.
મંજુ : તો શું પ્રાર્થના કરી ? માનસિક તરંગો મોકલ્યા ? તમે મારું આ રીતે રક્ષણ કરવાના છો ? આના કરતાં તો પેલા - પેલા કરાટેવાળા જોડે મેં લગ્ન કર્યાં હોત, તો આજે -
સંજીવ : એ કરાટેવાળો આનો અવાજ સાંભળીને, એના અવાજ દ્વારા ફોનમાંથી એને ખેંચી કાઢત કેમ ?

[ઘંટડી - ત્રણ વખત]

સંજીવ : (છાપામાંથી વાંચતો હોય તેમ) કહે છે, કે અમુકતમુક પંથના અને વિચારસરણીના માણસો આ શહેરમાં ઊતરી આવ્યા છે. ચોરી, લૂંટફાટ અને બોમ્બ ફેંકવાના કિસ્સા ખૂબ વધી ગયા છે.
મંજુ : ગઈ કાલે આપણા બાજુવાળાના છોકરાને કોઈ ઉપાડી ગયું.
સંજીવ : મારી બે પાર્ટીના ચેક આજે બેન્કમાંથી પાછા આવ્યા.

[ઘંટડી - ત્રણ વખત]

સંજીવ : હું તને કહું આ કોણ ફોન કરે છે ?
મંજુ : ખબર છે તમને ?
સંજીવ : તારો પેલો મિત્ર હતો ને -....
મંજુ : એની તમને ખબર હતી ?... તો પછી -
સંજીવ : આટલા દિવસ મેં કેમ ન કહ્યું, એમ ? પણ તેં ય મને એની પહેલેથી ક્યાં વાત કરી હતી ?
મંજુ : પણ મેં પરણ્યા પછી છેતર પિંડી નથી કરી.
સંજીવ : તું એને સાવ ભૂલી ગઈ હતી ?
મંજુ : કેવા વિલન જેવા ડાયલોગ બોલો છો !
સંજીવ : વિલન કોણ – હું કે એ ?
મંજુ : તમે – તમે - લાખવાર તમે ! એ તમારી પેલી સગલી જેવો નહોતો.
સંજીવ : કઈ સગલી ?
મંજુ : – જેની લિપ્સ્ટીક લાગેલી સિગરેટ ચૂસવી તમને બહુ ગમે છે એ !
સંજીવ : (બૂમ પાડી) મંજુ ! અને તું હજી પેલી જૂની પર્સ કેમ નથી ફેંકી દેતી, એ કહું તને ?
મંજુ : (ચીસ પાડી) સંજીવ !

[સામાન્ય ઘંટડી]

સંજીવ : (આવેગમાં ફોન ઉપાડી) હલો - હા, સંજીવ - મારી તબિયતનું તારે શું કામ છે ? એ નથી. નથી, કહ્યું ને તને - અને ધારો કે હોય. ને ન આપું તો શું કરી લઈશ ? - જુઓ, મિસ્ટર, તમારાથીય વધુ ગંદી વાતો અને ગાળાગાળી મને આવડે છે - પણ શું કામ, શું કામ તમે આ બધું કરો છો ? - હું એને ફોન નહીં આપું નહીં આપું - નહીં આપું

[એનાથી રિસિવર મુકાતું નથી, મંજુ એને મુકાવે છે.]

મંજુ. : પણ તો તમે ફોન ઉપાડો છો શા માટે ?

સંજીવ : ન ઉપાડવાથી એને અટકાવી શકાશે ? કાનમાં આવીને જે આવું તેવું બોલે, એ બીજું શું નહીં કરે ? એના અવાજનું માધ્યમ મારી મુઠ્ઠીમાં હોય, તોય મારાથી એને આટલી આંગળી નથી અડકાડી શકાતી....આ હિંસા કહેવાય, મંજુ, હિંસા !

[ઘંટડી. મંજુ ઉપાડે.]

મંજુ : ઓહ.... સંજીવ તો ગયા.. હજી હમણાં જ - તમે ફોન મૂક્યો કે તુરત જ -.... (માઉથ પર હાથ) એને તમારી જોડે વાત કરવી છે - (માઉથમાં) પણ એ નથી, પ્લીઝ, રણધીરભાઈ. પણ એમણે મને ફોન ન આપ્યો, એમાં હું શું કરું ? - ફરીથી આપશે કે નહીં, એનીય મને ક્યાંથી ખબર પડે ? - હું રજા લઈ લઉં ?-.... તમે જ એની સાથે વાત કરી લેજો -

[ઝડપથી મૂકી દે છે.]

સંજીવ : (હજી મૂકતી હોય છે ત્યાં જ) મંજુ, ફેંક, ફેંક એને જલ્દી.

મંજુ : શું થયું ?

સંજીવ : (સ્વસ્થ થતાં) મને થયું : તારા હાથમાં આ રિસિવર નહીં પણ કંઈક બીજું છે.

મંજુ : તમે કેમ આમ, આટલા બધા, અસ્વસ્થ થઈ જાઓ છો ?

સંજીવ : પણ મંજુ, મને આ ફોનનો આકાર ફરીથી બદલાતો લાગે છે - જો... જાણે રણધીર માથે હાથ મૂકીને સૂતો છે....

મંજુ : સંજીવ, તમે સ્વસ્થ રહો.

સંજીવ : હા... પણ મંજુ, આપણે એક કામ તો કરીએ જ. થોડું કરિયાણું અને ખાવાપીવાની વસ્તુઓનો બે ત્રણ મહિનાનો સ્ટોક ભરી દઈએ.....

મંજુ : બેન્કમાંથી થોડા પૈસા ઉપાડી લઈએ.

સંજીવ : ને મારી સિગરેટ... પંદરેક દિવસનાં છાપાં અગાઉથી મંગાવી રાખીએ... ને મને એમ થાય છે, કે એ બીજાં બધાંનેય ફોન કરતો હશે ?... બીજાં બધાંનેય આવા ફોન આવે છે, કે આપણને એકલાને જ ?

મંજુ : બધાંને એવી તકલીફ હોય, તો તો સરઘસો, હડતાલો, સ્ટે ઓર્ડરો, તપાસ પંચો શરૂ થાય !... પણ બધાંને એવું પુછાય ?... બીજાં આપણા વિશે શું ધારે ? પેલા રમાબેન, શાંતાબેન, સુધીરભાઈ....

સંજીવ : આપણા ઘરમાં કંઈ હથિયાર જેવું નથી ?

મંજુ : થોડા પત્થરો ભેગા કરી રાખીએ ?

સંજીવ : પછી એને આ બારણા પાસે ઢગલો કરી, એના પર કંઈ ઢાંકી દઈએ - તારી સાડી, કે કંઈ ઓછાડ જેવું... ઢગલો છે એની કોઈને ખબર ન પડે એ રીતે !

મંજુ : (એની સામે જોઈ - ફ્લેટ અવાજે) સંજીવ, તારા આ કાન તો જો - મોટા

ને મોટા થવા માંડ્યા છે... સૂપડા જેવડા.... એને.... એને હલાવીશ નહીં બહુ...! અરે, એમાંથી ફોન પડી જશે, સંજીવ !

[ઘંટડી - ત્રણ વખત.]

મંજુ : સંજીવ, પણ આપણા વિશે એને બધી ક્યાંથી ખબર હોય ? મને લાગે છે, તમે બધું તમારા મનમાંથી ઊપજાવી કાઢેલું કહો છો !

સંજીવ : નવાઈ તો મનેય થાય છે. પણ એણે મને કહ્યું : મેં હજી ત્રણ વરસનો ટેક્સ ભર્યો નથી. અને સ્ક્રેપમાં કાઢી, ઉધારેલો માલ મેં મફતલાલને વેચી દીધો છે એનીય એને ખબર હતી, બોલ !

મંજુ : મનેય એ કહે : આજે તમે ફોલ વગરની સાડી પહેરી છે... અને પછી મને કહે -

[ઘંટડી - ત્રણ વખત. પત્ની ફોન ઉપાડ્યા વિના, જાણે ફોન પર વાત કરે. હવે પછી કોઈ પણ વસ્તુ કે ફર્નિચરનો ભાગ ઉપાડી અથવા એને અડકીને ફોન પર વાત કર્યાનું બતાવી શકાય.]

હં - બોલો : હા, મંજુ - મજામાં - એક કલાકમાં તબિયતને શું થઈ જવાનું છે ? - સંજીવેય મજામાં છે શું ? હજી કપડાં જ બદલતી હતી એટલે ચણિયો જુદા રંગનો છે - પણ તમને આ બધી ક્યાંથી ખબર પડી જાય છે ? - કહોને, હવે - જુઓ, ફરી પાછું ? - એવું બોલશો, તો ફોન મૂકી દઈશ - શું ? (જાણે રિસિવર મૂકી દે છે.) જાઓ ! હું તો આ ચાલી અંદર ! (જાય)

સંજીવ : (ફોનને ઉદ્દેશી) રણધીરભાઈ, પ્લીઝ, હવે તો અમને શાંતિથી રહેવા દો. અમારો ફોન એટલો બધો એન્ગેજ આવે છે કે મારો ધંધો રખડી પડ્યો છે. મહેરબાની કરો - છેવટે, એક વિનંતી છે : દર કલાકે નહીં, દર ત્રણ કલાકે ફોન કરો. અને બને તો રાતના નહીં કરશો પ્લીઝ... (બહાર)

[સંજીવ બે હાથ જોડીને ફોનને નમે છે. ઘંટડી વાગે છે, ત્રણ વખત. મંજુ રિસિવર ઉપાડ્યા વિના જ વાત કરે છે.]

મંજુ : - આજ કેમ મોડું કર્યું ? રાહ નહીં, પણ - મોડું નથી થયું, બોલો ? ટેવ કહેવી હોય તો કહેવાય, પણ બહુ સારી ટેવ નથી ને ! શું ? - એટલે એમ, કે ટેવ ન પાડું તોય તમે ફોન કર્યા વિના રહેવાના છો ? ના હોં, ગંદું સાંભળવાની ટેવ પડી નથી અને પાડવીય નથી; ને તો તો હું તરત જ ફોન મૂકી દઈશ - શું ? એવું બોલવાથી તમને ફાયદો શો થાય છે ? - ફરી પાછું ! જાઓ, મૂકી દઉં છું !

[કહે છે લાડથી પણ રિસિવર મૂકી જ દે છે .]

સંજીવ : (ફોનને ઉદ્દેશી) જુઓ સાહેબ, રિયાલિસ્ટીક વાત કરજો, તમારે શું જોઈએ છે ? કેટલા ઢીંગલા ગણી આપું, તો ફોનનો તમે કેડો છોડશો ?- શું ? કેશ, કારખાનું, મકાન, કંઈ પૂરું નહીં પડે ? તો ? શરમ આવવી જોઈએ તમને, મિસ્ટર ! આબરૂદાર સદ્‌ગૃહસ્થ તમને વિનંતી કરે એનો અર્થ એ નહીં કે- શું ? તમારો મેં આ ટોટો નથી પીસી નાંખ્યો એટલું જ બાકી રહ્યું છે, સમજ્યા ? મંજુ શું કામ આડી આવે એમાં ? (મંજુ તરફ ફરે છે.)....

મંજુ, તું એમાં આડી આવે ?

મંજુ : શેમાં ?

સંજીવ : હું આ રણધીરનો ટોટો પીસી નાંખું તેમાં ?

મંજુ : પણ એ તમને મળે ત્યારે ને !

સંજીવ : ધાર કે મળે – તો ?

મંજુ : તમે ટોટો પીસો એની પહેલાં, આ ફોન જ હું એને માથે ન મારું ?

સંજીવ : (ફોનને ઉદ્દેશી) જોયું ? તું એમ માને છે કે મંજુને તું ગમે છે ?... એક તો અમે તને દર ત્રણ કલાકે ફોન કરવાની છૂટ આપી; અને ઉપરથી – બદમાશ !

[ઘંટડી, ત્રણ વખત.]

મંજુ : કહે છે, કે આ શહેરના એકેએક કુટુંબમાં અનિષ્ટ ઘર ઘાલીને બેઠું છે. કોઈ પણ બહાને એ ઘૂસી જાય છે, અને પછી જાત જાતના આકારો લે છે, અનેક પ્રકારના પડકારો, લલકારો કરે છે.

સંજીવ : – કોઈ એને કાઢવાની હિંમત કરી શકતું નથી.

મંજુ : – કોઈને એના વિના ચાલતું નથી.

સંજીવ : કહે છે કે, ક્યારેક એનો આકાર જૂની થઈ ગયેલી પર્સ જેવો હોય છે–

મંજુ : – અને ક્યારેક સિગરેટ કેસ પર મૂકેલી લિપ્સ્ટીક જેવો !

સંજીવ : – હવે તો એની અહીં કોઈ વાતેય નથી કરતું.

મંજુ : – અમે એને અમારી સંસ્કૃતિમાં સમાવી લીધું છે.

[ઘંટડી – ત્રણ વખત.]

યસ, મંજુ સ્પિકિંગ – એ ભલે... ઓ. કે. – ના, કંઈ વાંધો નથી. . ચોક્કસ, ચોક્કસ ! (જાણે રિસિવર મૂકે છે.)

સંજીવ : (થોડી વાર એની સામે જોઈ રહી) તું હવે કોઈ વિરોધ નથી કરતી, દલીલેય નથી કરતી ?

મંજુ : એટલે ?

સંજીવ : તું એની બધી વાતમાં હા એ હા જ કરતી હતી !

[ફોન બતાવે છે.]

મંજુ : હં, હં ! પણ એ રણધીરનો ફોન નહોતો !

સંજીવ : તો ઠીક, મને એમ કે – (અટકે.)

[ઘંટડી વાગે. મંજુ રિસિવર ઉપાડે – ઘરમાં ક્યાંય પણ ફરતાં ફરતાં]

મંજુ : કોણ ? – હા, બોલો – ખાસ – કંઈ નહીં, માથું ઓળતી હતી.

સંજીવ : (જાણે જુદા ફોન પર) હલ્લો, ડિટેક્ટીવ એજન્સી ? – હું સંજીવ માણેક બોલું છું.

મંજુ : (જાણે ફોન પર) ના એવો તો કોઈ ઘોંઘાટ નથી. સંજીવ કોઈની સાથે ફોનમાં વાત કરી રહ્યો છે.

સંજીવ : (જુદો ફોન) વાત એમ છે, કે અમારા પર કોઈનો ફોન આવે છે, પણ એ શોધી શકાતો નથી. તમે એમાં કંઈ મદદ કરી શકો ?

મંજુ : (જાણે ફોન પર) ના, રણધીર, કામ તો એટલું જ રહે છે – ના રે, હજી રસોયણ આવતી નથી. પણ રામોં આજથી આવવા માંડ્યો છે.

સંજીવ : (જુદો ફોન) શું ? – સમજ્યો : એને અમુક રંગનાં કપડાં પહેરાવી બોલાવીએ – પણ પછી – પછી તો તમે એને –

મંજુ : ના રે – હમણાં રાતરાણી વાવી છે – એટલે અંધારું તો મઘમઘતું થઈ જાય છે. – સારું, આવજો.

સંજીવ : ઓ. કે. – ઈટ વીલ બી ડન, સર.

[જાણે બન્ને ફોન મૂકે. બન્ને એકબીજાંને જુએ.]

મંજુ, એવું નક્કી કર્યું છે, કે તું એને અમુક રંગનાં કપડાં પહેરીને ક્યાંક આવવાનું કહે – અને તું એને મળે એટલે એને પકડી લઈએ.

મંજુ : ...સંજીવ, હું એને મળી !

સંજીવ : હેં ? મળી ? – હં – પછી ? – એ કેવો છે ? – કોણ છે ?... બોલ ને, શું થયું ?

મંજુ : શું થાય ?

સંજીવ : હં – હં... પહેલી વખત મળી ?

મંજુ : હા, આ ઘરમાં પહેલી વખત મળી !

સંજીવ : એટલે ? બહાર ઘણી વખત મળી હતી ?... એકલી ?

મંજુ : મેં તમને કહ્યું તો હતું. પેલી વખત ગઈ ત્યારે જ કહ્યું હતું !

સંજીવ : હં – હં !

મંજુ : તું મને કેમ પૂછતો નથી. એ મને શું કહે છે ?... શું કરે છે ?... કહું ?

સંજીવ : તું મને એટલો કાયર ગણે છે ?... મંજુ, તને મારા માટે લાગણી રહી છે ?

મંજુ : આવું શું બોલતો હોઈશ ?

સંજીવ : પણ આ બધું....

મંજુ : તો શું થાય, કહે ?... અને છે ને, ક્યારેક તો એ ખૂબ ડાહ્યો હોય છે. ખૂબ સારી રીતે વર્તે –

સંજીવ : પણ ક્યારેક ?

મંજુ : હા, ક્યારેક ક્યારેક જ હવે તો. પહેલાં એ થોડી બળજબરી કરતો – પણ હવે મને શું નથી ગમતું એની એને ખબર પડી ગઈ છે ! હવે એ મને ક્યારેય નારાજ નથી કરતો... અને ક્યારેક તો વળી તારી જેમ –

સંજીવ : મારી જેમ ?... શું ?

મંજુ : સાવ તારી જેમ નહીં, પણ તોય એટલું બધું હવે ખરાબેય નહીં.

સંજીવ : હં – હં.... હું હવે અહીં રહું ?

મંજુ	: અહીં ?
સંજીવ	: આ ઘરમાં ?
મંજુ	: હાસ્તો; કેમ આવું પૂછે છે ?
સંજીવ	: એ હવે અહીં રહેશે ને ?
મંજુ	: રણધીરે હજી કંઈ કહ્યું નથી.
સંજીવ	: પણ કહે, તો રહેવા દેજે.... આપણી પેલી આરામખુરશી અને સ્ટૂલ એને અહીં મૂકી આપજે - ફોન પાસે.

[ઘંટડી વાગે છે.]

9

સરનામા વગરનું મોત

શ્રીકાંત શાહ

પાત્રો : રોહિત પંડ્યા * પરિમલ દેસાઈ * નિશા દેસાઈ * શ્વેતા દેસાઈ * આરતી પંડ્યા * અંશુ * પટેલસાહેબ

સમય : કોઈ પણ દિવસની સવાર.

સેટ : સ્ટેજની એક બાજુ... પરિમલનો ડ્રૉઈંગરૂમ.
સ્ટેજની બીજી બાજુ... રોહિતનો ડ્રૉઈંગરૂમ.
પરિમલનો ડ્રૉઈંગરૂમ... લાઈટિંગ... લાલ કલરનું.
રોહિતનો ડ્રૉઈંગરૂમ... લાઈટિંગ... લીલા કલરનું.
એટલે કે... બંને ડ્રૉઈંગરૂમનું લાઈટિંગ બે જુદા જુદા કલરનું.
બંને ડ્રૉઈંગરૂમની વચ્ચે ખાલી જગ્યા.
આ ખાલી જગ્યામાં... એક લૅમ્પ-પોસ્ટ.

પરિસ્થિતિ : પરદો ખૂલે ત્યારે -

1. પરિમલના ડ્રૉઈંગરૂમમાં.... પરિમલ મૅગેઝીન વાંચતો બેઠો છે... શ્વેતા એક બાજુ બેઠી બેઠી ચીતરે છે.
2. રોહિતનો ડ્રૉઈંગરૂમ ખાલી છે... વચ્ચે વચ્ચે નાટક દરમ્યાન... રોહિતના ડ્રૉઈંગરૂમમાં આરતી દાખલ થાય, કશુંક કરે... બેસે.... ચાલી જાય... વગેરે.

શ્વેતા : ઝાડ ઉપર પંખી ચીતરું ?

પરિમલ : હં.

શ્વેતા : ઝાડ ઉપર કેવાં પંખી બેસે, પપ્પા ?

પરિમલ : હં... હં.

શ્વેતા : ઝાડ ઉપર કેવાં પંખી બેસે ?

પરિમલ : પાંખવાળાં.

શ્વેતા : પંખી હોય તો... પાંખ તો હોય ને !... પણ કેવાં ?

પરિમલ : મેના-પોપટ-કાબર-ચકલી....

શ્વેતા : મને પોપટ ચીતરતાં આવડે છે...

પરિમલ : તો પોપટ ચીતર...

[શ્વેતા પોપટ ચીતરવા માંડે છે. પરિમલ મૅગેઝીન વાંચ્યા કરે છે.]

[નિશા દાખલ થાય છે.]

શ્વેતા : મમ્મી ! જો મેં શું ચીતર્યું ?... ઝાડ.... નદી... પર્વત....

નિશા : (ચિત્રમાં જોઈને) નદીમાં પાણી ઓછું છે.
પરિમલ ! શું પ્રોગ્રામ ?

પરિમલ : સાંજે બહાર જઈશું.

નિશા : ક્યાં ?

પરિમલ : Any Where...

નિશા : મુવી ?

પરિમલ : ઈંગ્લિશ... મુવી...

નિશા : ઝાબ્રીસ્કી પોઈન્ટ....?

પરિમલ : શ્વેતાનું શું કરીશું ?

નિશા : અંકલને ત્યાં....

[રોહિત દાખલ થાય છે... વર્ષોનો પરિચિત, આત્મીય હોય એ રીતે વર્તે છે.]

રોહિત : હલ્લો એવરીબડી !... શું કરે છે શ્વેતા !
વીસમી તારીખે તારી ટેસ્ટ છે ને તું ચીતરકામ કરે છે ? નમસ્તે નિશાભાભી... આજે તો કંઈ વટમાં છો ને શું ? એઈ પરિમલ ? મારા શેન્ડેલીઅરનો ઑર્ડર આપી દીધો ?

[રોહિત ઘરનો જ માણસ હોય તેમ બેસે છે. પરિમલ-નિશા કોક અજાણ્યો માણસ ઘરમાં ઘૂસી ગયો હોય તેમ વર્તે છે... કોઈ જાણે રોહિતને ઓળખતું નથી.]

[પરિમલ-નિશા એકબીજાની સામે જુવે છે. રોહિતની સામે અજાણ્યાની જેમ જોઈ રહે છે.]

રોહિત : શું છે ? કેમ આમ ડિસ્ટર્બ્ડ લાગો છો ?

પરિમલ : કોણ છો તમે ?

રોહિત : (હસે છે... નિશા સામે જોઈ)... ઝઘડો થયો છે ?

નિશા : (પરિમલને) Who is he ? I have never seen him...

રોહિત : શ્વેતા ! ચીતરવાનું બંધ કર... લેસન કરવા બેસી જા. બુધવારે શીખવેલા એડિશન-સબટ્રેકશન્સના દાખલા આવડી ગયા ?

પરિમલ : Excuse me.

રોહિત : બોલ, એઈ સેતુડી !
નિશાભાભી ! શ્વેતાએ દાખલા કર્યા ?

પરિમલ : Who are you ?

રોહિત : નિશાભાભી ! તમારી ગ્રીન પાયલની સાડી ઉપર આરતીએ ફૂદળી ભરત

કર્યું છે... મસ્ત લાગે છે.

નિશા : (પરિમલને) કોણ આરતી ?

પરિમલ : જેન્ટલમેન ! તમારે કોનું કામ છે ?... તમે... કઈ રીતે અમને બધાને ઓળખો ?

રોહિત : પરિમલ ! ફિયાટને કલરમાં મોકલી દીધી..... તારો મનપસંદ પીકોક બ્લ્યુ કલર જ... કરવાનું કહ્યું છે.

પરિમલ : તમારે... કોનું કામ છે ?... તમે.

રોહિત : શું નાટક માંડ્યું છે ?... તમે... તમે કહીને શી વાત કરે છે ? મેલોડ્રામેટિક લાગે છે.

પરિમલ : હશે... પણ... તમે મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો. તમે કોણ છો ?... તમારે કોનું કામ છે ?

રોહિત : This is enough.
નિશાભાભી, શ્વેતાને એક અઠવાડિયું હું મારે ત્યાં લઈ જાઉં છું... મેથ્સ કરાવી લઉં... ને ઈંગ્લિશની એક્સરસાઈઝ.

નિશા : શ્વેતા ! તારી સ્કૂલમાં છે ? (રોહિતને)... તમે શ્વેતાના....

પરિમલ : મારી વાતનો જવાબ આપો.. તમારી... ઈન્ટ્રોડ્કશન આપશો ?

રોહિત : I am fed up. પરિમલ, શું તમે... તમે કર્યા કરે છે ? નિશાભાભી ! શું થયું છે ?

નિશા : તમે પરિમલના રિલેશનમાં છો ?

પરિમલ : ના. મારા રિલેશનમાં નથી... નિશા !... હું ઓળખતો પણ નથી.

રોહિત : પરિમલ ! This is height of obscenity. આવી ઓબ્સીન મજાક મને નથી ગમતી.

નિશા : અમને પણ નથી ગમતી...

પરિમલ : તમારું નામ શું છે ?

રોહિત : If this is a joke...It is becoming sick....

પરિમલ : તમારું નામ શું છે ?... તમે કોણ છો ?

રોહિત : શ્વેતા ! તારા પપ્પા મારું નામ પૂછે છે... જવાબ આપ.

નિશા : શ્વેતાને બદલે તમે જ જવાબ આપો તો !

રોહિત : પરિમલ ! છોડને યાર !... નિશાભાભી ! આજે આરતી કહેતી હતી કે... ડ્રાઈવ-ઈનમાં જઈએ... જવું છે ?

પરિમલ : (રોહિત સામે જોઈ રહે છે.) પ્લીઝ જેન્ટલમેન !
Now this is height of indecency.-
Would you be explicit and tell me...
Who you are and why you are here ?

રોહિત : (ગંભીર બનીને)... મને પૂછે છે ?....

પરિમલ : હા... તમને.

રોહિત : તું મને પૂછે છે કે હું કોણ છું ?... મારું નામ શું છે ? નિશાભાભી !.... I don't know what's got into that man... But I think -

નિશા : મહેરબાની કરીને કહેશો કે તમે કોણ છો ?

પરિમલ : હું તમને ઓળખતો નથી... મેં તમને ક્યારેય જોયા નથી. હું તમારું નામ જાણતો નથી... હું તમને ક્યારેય મળ્યો નથી... તમે શી વાત કરો છો એ મારી સમજમાં આવતું નથી... અને તમે કઈ રીતે અમને બધાંને...
[રોહિત ઊભો થઈ પરિમલ પાસે જાય છે. તેનો હાથ પકડી હલાવે છે... પરિમલ હાથ છોડાવે છે.]

રોહિત : I think your mind is depolarized.
તમે લોકોએ એલ. એસ. ડી. લીધું છે ?

પરિમલ : અમે નોર્મલ છીએ... But are you sure that you do not suffer from any delusions ?

નિશા : Or hellucinations...

રોહિત : You are adding insults to injuries.

પરિમલ : લિસન મેન !... ટોલરન્સની હદ આવી ગઈ. એક વખત તમને કહ્યુંને કે... અમે તમને નથી ઓળખતા... નથી ઓળખતા... હવે શું ?

રોહિત : કે.... નથી ઓળખવા માંગતા ?

પરિમલ : એમ માનો... હવે મહેરબાની કરીને તમારી ઓળખાણ આપો.

રોહિત : (ગંભીર બનીને).... પરિમલ ! મારી સાથે તારે સંબંધો ન રાખવા હોય તો...It is your freedom. પણ... આવી બેહૂદી રીતે... મારી મજાક કરીને... બેઈજ્જત કરીને....

પરિમલ : જેન્ટલમેન ! હું તમને ઓળખતો જ નથી... તો સંબંધ કાપી નાખવાની વાત ક્યાં આવી ?

નિશા : તમે કેમ સમજતા નથી ?... અમે તમને ઓળખતા નથી એટલે જ પૂછી રહ્યાં છીએ કે તમારી ઓળખાણ આપો.

રોહિત : હું ઓળખાણ આપું ?... મારી ?

નિશા : તમારું નામ... એડ્રેસ... આઈડેન્ટિટી...

શ્વેતા : (ઊભી થઈને) મમ્મી ! હું આવું.
[રોહિત તેને પકડવાનો પ્રયત્ન કરે છે. શ્વેતા અજાણી વ્યક્તિથી સંકોચાઈને ચાલી જતી હોય... એમ અજાણી બનીને ચાલી જાય છે.]

રોહિત : My Goodness !... I have a premonition of disaster... પરિમલ ! સાચે જ તું...

પરિમલ : સાચે જ... હું... તમને... ઓળખતો નથી.

રોહિત : You mean to say.... તું - મને... રોહિત પંડ્યાને.... ઓળખતો નથી !

પરિમલ : ના.... હું કોઈ રોહિત પંડ્યાને ઓળખતો નથી.
નિશા : (વિચારે છે)... રોહિત... પંડ્યા.... પરિમલ ? પેલા હરિપ્રસાદભાઈના...
પરિમલ : મિ. પંડ્યા ! તમે અમને બધાને કઈ રીતે ઓળખો ? કોઈ મિચ્યુઅલ ફ્રેન્ડ....

[રોહિત ગંભીર બનીને... જોયા કરે છે.]

રોહિત : તમને બંનેને કોઈ 'એમ્નેસિયા'નો એટેક....
નિશા : પ્લીઝ મિ. પંડ્યા !
પરિમલ : You are losing the final point of balance..... મિ. પંડ્યા ?
રોહિત : મિ. પંડ્યા... મિ. પંડ્યા... મને રોહિત કહીને બોલાવો. પરિમલ ! પ્લીઝ.... મને જવાબ આપ.... તું... તું... This is Absurd.
પરિમલ : તમે સી. આઈ. બી. કે સી. બી. આઈ....
રોહિત : Stop it.... જેની સાથે તું કૉલેજમાં ભણ્યો.... હૉસ્ટેલમાં સાથે રહ્યો.. બાર વર્ષ જેની સાથે પસાર કર્યાં... તેને...
પરિમલ : હું બૉમ્બે વિલ્સન કૉલેજમાં... ભણ્યો છું.
રોહિત : આપણે વિલ્સનમાં સાથે નો'તા ?
પરિમલ : I do not recollect...
રોહિત : હૉસ્ટેલમાં ?
પરિમલ : મારો રૂમ-પાર્ટનર નિમેષ હતો.
રોહિત : એક વર્ષ.... નિમેષ કુલકર્ણી.
નિશા : તમારી વાઈફનું નામ આરતી છે ?
રોહિત : નથી ઓળખતાં ?
નિશા : ના.
રોહિત : તમારી ગ્રીન વાયલની સાડી...?
નિશા : મારી પાસે કોઈ ગ્રીન સાડી નથી.
પરિમલ : તમે અહીં શું કરો છો... મિ...?
રોહિત : (તાકી રહે છે.) પરિમલ ! કાં તો હું ગાંડો થઈ ગયો છું...
પરિમલ : I understand your sentiments...
રોહિત : નૉનસેન્સ !... સાંભળ પરિમલ ! તું જો મજાક કરતો હોય તો... હવે હદ આવી ગઈ છે.
પરિમલ : હું મજાક નથી કરતો...
રોહિત : Sure.
પરિમલ : Absolutely....
નિશા : ઓન ધી કોન્ટ્રરી... તમે તો અમારી મજાક નથી કરતા ને ?

રોહિત : સાચ્ચે જ... તમે બંને મને નથી ઓળખતાં ? મારું નામ નથી જાણતાં ? મને ક્યારેય જોયો નથી ?

પરિમલ : મિ. પંડ્યા ! Do not get excited.... પણ...

રોહિત : ગયા બુધવારે હું અને આરતી. મારી વાઈફ...સાંજે અહીં જમેલાં... અને તમે નિશાભાભી ! સ્ટફ્ડ પરોઠા....

નિશા : ગયા બુધવારે ?... પરિમલ ! બુધવારે તો આપણે શ્વેતાને કાંકરિયા લઈ ગયેલાં...: અને ક્વૉલિટીમાં જમેલાં....

પરિમલ : રાઈટ... મિ. શ્રીવાત્સવ મળેલા....

રોહિત : બુધવારે... અમે અહીં જમ્યાં નથી એમ.... તું કહેવા માગે છે ? શ્વેતાને... એડિશન-સબસ્ટ્રેક્શન્સના દાખલા... શ્વેતા ક્યાં ગઈ ?... શ્વેતાને બોલાવો...

નિશા : શ્વેતા... એઈ સેતુ !... અહીં આવ તો એક મિનિટ....

[શ્વેતા આવે છે.]

રોહિત : સેતુ ! તું મને નથી ઓળખતી ? રોહિત અંકલને ?

પરિમલ : શ્વેતા ! તું આમને ઓળખે છે ?

શ્વેતા : ના પપ્પા !

રોહિત : તું મને નથી ઓળખતી ?... પેલો સ્ટ્રીપ્સવાળો પ્લાઝા... કોણે અપાવેલો ?

શ્વેતા : એ તો મારા પપ્પાએ અપાવેલો.

રોહિત : My God !.... શ્વેતા ! તારી મૅથેમૅટિક્સની નોટ-બુક લાવ તો....

નિશા : લાવ ! જરા જોવી છે....

[શ્વેતા નોટ લાવે છે... આ ગાળા દરમ્યાન રોહિત અજંપાભરી રીતે બેઠો છે. જોઈ રહ્યો છે.]

રોહિત : લાવ ! મને આપ.

[રોહિત નોટ ખોલી દાખલા કાઢે છે.]

રોહિત : આ દાખલા કોણે કર્યા છે ?... આ... કોના અક્ષરો છે ?

[પરિમલ નોટ જુવે છે.]

નિશા : આ દાખલા તો... અશોકે કરાવ્યા છે. અશોક એન્જિનિયર...

રોહિત : શ્વેતા ! આ દાખલા કોણે કર્યા છે ?

શ્વેતા : અશોકકાકાએ...

[રોહિત... દિગ્મૂઢ બનીને જોયા કરે છે.]

નિશા : નોટ મૂકી દે તારા દફતરમાં...

શ્વેતા : મમ્મી ! હું શેફાલી જોડે રમવા જાઉં છું...

[શ્વેતા જાય છે.]

પરિમલ : Now what do you have to say, Mr. Pandya ?

રોહિત : નિશાભાભી ! પરિમલ સાથેના તમારા કોર્ટ-શિપના પિરિયડમાં તમે મારા રૂમમાં મળતાં હતાં. યાદ આવે છે ? પાલડી... દરેક વખતે મારે ફિલ્મ જોવા જવું પડતું...

નિશા : કોર્ટ-શિપના પિરિયડમાં તો અમે એટલી બધી જગ્યાએ જતાં કે... કેમ પરિમલ ?

રોહિત : શ્વેતાને સ્કૂલે મૂકી ત્યારે... મારા ઘરે પાર્ટી રાખેલી...

પરિમલ : Correct... પાર્ટી રાખેલી અહીં... આ રૂમમાં આતશબાજી કરેલી... જાદુગરને બોલાવેલો...

રોહિત : શ્વેતાના જન્મ-દિવસે.... નહીં કે... સ્કૂલે મૂકી ત્યારે...

નિશા : તમે કશું પીશો ?..... ચા કે કૉફી ?

રોહિત : થેન્ક યૂ ! હું ચા નથી પીતો...
તમારો જન્મદિવસ... નિશાભાભી ! ૫ ફેબ્રુઆરી,
પરિમલ, તારો જન્મદિવસ... ૩૦ નવેમ્બર.
અને શ્વેતા... ઑગસ્ટની અઢાર તારીખ
તમારા બન્નેનાં લગ્ન થયાં... ડિસેમ્બરની ૨૯ તારીખે....

પરિમલ : વંડરફૂલ !... ખાસ્સું હોમવર્ક કર્યું છે !

[રોહિત જોઈ રહે છે.]

નિશા : હું કૉફી મૂકું. પરિમલ ! તું પીશ ?

રોહિત : મારે કશું જ પીવું નથી... પ્લીઝ !
પરિમલ ! તારા ફાધરને હાર્ટ-એટેક આવેલો... ને તેમને ઈન્ટેન્સિવ-કેર નીચે રાખેલા. ત્યારે... ત્રણ દિવસ સુધી... સતત... હું હૉસ્પિટલમાં રહેલો... યાદ છે તને ?

પરિમલ : યાદ છે !... એ વખતે નિશા પ્રેગનન્ટ હતી... પણ... હૉસ્પિટલમાં તો... મારો સાળો રહેતો....

રોહિત : અશ્વિન.... નર્સની જોડે ચેડાં કરતો. ને રાતના હૉસ્પિટલનું રાઉન્ડ લેવા નીકળતો... હું યાદ નથી આવતો ને ?

પરિમલ : ના.

રોહિત : સોસાયટીના આ મકાન માટે... વીસ હજાર રૂપિયા ભરવાના હતા...

પરિમલ : Do not tell me... કે એ પૈસા તમે આપેલા !

રોહિત : પરિમલ-પરિમલ ! શું થયું છે તને ?
બાર બાર વર્ષનો સંબંધ... સ્નેહ... ક્યાં ભુલાઈ ગયો ? કેમ કરતાં ભૂંસાઈ ગયો ?

પરિમલ : મિ. પંડ્યા ! જે ક્યારેય નો'તું તેના ભુલાઈ કે ભૂંસાઈ જવાની કેમ વાત કરો છો ? આપણા વચ્ચે ક્યારેય કશું જ નો'તું.

રોહિત : તો તારી જિંદગી વિશેની આ ઝીણી ઝીણી વિગત... એકએક બનાવ.. પ્રસંગ... ઘટના... વાત... વાતચીત... આ બધું...

પરિમલ : E. S. P. અથવા તો ડેટા-કલેક્શન.... અથવા તો... કયો તફાવત હોય છે. આપણાં બધાંની જિંદગીમાં? તમે ઇન્ટેલિજન્ટ છો... થોડું લોજિક... થોડી માહિતી...

રોહિત : Do not talk rot. આ મારા કપાળ ઉપર પડેલો ઘા દેખાય છે તને ?

પરિમલ : હા !

રોહિત : મારા મકાનનું ઇન્ટિરિયર ચાલતું હતું... તે દિવસે... આપણે અહીં... રસોડામાં જમતા હતા... આરતી, હું, તું અને નિશાભાભી. તું... જમતાં જમતાં અથાણાની બરણી લેવા ઊભો થયો... બરણી છટકી...અને મારા કપાળ ઉપર...

પરિમલ : મિ. પંડ્યા ! તમારા કોઈ પણ ઘા માટે હું જવાબદાર હોઉં તો... I am sorry.
પણ... તમને નથી લાગતું કે આવા ઘા બતાવીને કોઈની સ્મૃતિ ઢંઢોળવી... એ Morbidity... છે ?

રોહિત : (ચીસ પાડીને) પરિમલ...!
[રોહિત ઊભો થઈ જાય છે... અત્યંત વ્યાકુળ બનીને રૂમમાં આંટા મારે છે. તેના વર્તનમાં અનિશ્ચિતતા, વ્યાકુળતા અને ઉન્માદ છે. એક મિનિટ સુધી તે આ અવસ્થામાં વર્તે છે.]
[નિશા ઊભી થઈ પાણીનો ગ્લાસ લાવે છે. રોહિતને આપે છે.]
[રોહિત ગ્લાસ સામે જોઈ રહે છે.]

રોહિત : રિડક્શન-સેલમાંથી ખરીદેલા. એક ડઝન તારા માટે... એક ડઝન મારા માટે...
(નિશાને) No thank you.

[થોડી વાર પછી]

રોહિત : I fail to understand... પરિમલ !
બાર વર્ષ... દિવસો... રાતો... મહિનાઓ... વર્ષો સાથે રહ્યા. ખાધું-પીધું, લડ્યા-ઝઘડ્યા, સુખ-દુઃખ રડ્યા, કકળ્યા... શું શું નથી કર્યું સાથે ?

તારી આંખમાં કણું પડ્યું તો... મારી આંખમાં આંસુ આવ્યાં.
જિંદગીએ તને ગલીપચી કરી તો હું હસી પડ્યો.
તું જમવા બેઠો... તો મને ભૂખ લાગી.
જીવનનો કયો એવો પ્રસંગ છે કે જેમાં હું હાજર નો'તો ? વાંચતી વખતે મને ઊંઘ આવતી... તો તું ચા બનાવી દેતો. નિશાને તું પ્રેમ કરતો... તો મને રોમાંચ થતો.
આરતીની આંખમાં ઝળઝળિયાં આવતાં... તો નિશાભાભી રડી પડતાં.
તારી નોકરી, લગ્ન, શ્વેતાનો જન્મ, બાપુજીની બીમારી, મકાનનું વાસ્તુ, હર્નિયાનું ઑપરેશન, ફર્નિચર-કપડાંલત્તાંની ખરીદી, બુઝ-પાર્ટી...
આ ઘરની કઈ વસ્તુ એવી છે કે જે મારી જાણ બહારની હોય ?

તારી જિંદગીનો કયો ખૂણો-ખાંચરો એવો છે કે... જ્યાં મેં પગ ન મૂક્યો હોય ?
અને... અને.... આજે તું મારું નામ પૂછે છે ?
મારી ઓળખાણ માગે છે ?
મને ઓળખતો નથી ?
કેમ... શા માટે... કેમ હું ભુલાઈ ગયો ?
કેમ હું ભૂંસાઈ ગયો ?

નિશા : મિ. પંડ્યા ! તમે ઉત્તેજિત થઈ ગયા છો !

રોહિત : પરિમલ ! તું... મને ભૂલી ગયો... પણ તારી જિંદગીનો એક મોટો હિસ્સો... પણ ભૂલી ગયો ?

પરિમલ : I am telling you truth, Mr. Pandya ! I swear... પણ તમે જે કાંઈ બોલી ગયા, મને કશું જ યાદ આવતું નથી. આ મારી એકલાની વાત નથી... પણ નિશા-શ્વેતા....

નિશા : અમારી જિંદગીના તમે કેટલા બધા રેફરન્સીઝ આપ્યા... તો પણ... મિ. પંડ્યા... અમને સાચે જ....

રોહિત : માણસને પોતાની ઓળખાણ આપવી પડે... પોતાની સાબિતી આપવી પડે... મરણિયા બનીને... વલખાં મારતાં મારતાં... કહેવું પડે... કે જુવો ! આ તમારી સામે ઊભેલો માણસ... તમારો સ્વ-જન છે... સંબંધી છે... તમારાં સુખ-દુ:ખનો સહભાગી છે.... તમારા ખભા ઉપર મૂકેલા મૈત્રીભર્યા હાથની છાપ.... હજુ આજે પણ જીવંત છે... તાજી છે... જુવો ! જરા તપાસો ! ... જરા આંખ ઊંચી કરીને દૃષ્ટિ તો માંડો ? તમે અનુભવેલા વિષાદમાં... ક્યાંક તેનો વિષાદ પણ છુપાયેલો છે. તમારી એકલતામાં... ક્યાંક તેનો સથવારો છુપાયેલો છે. તમારા મૌનમાં... ક્યાંક તેની વાણી છુપાયેલી છે. અને આ બધું ચીસ પાડી પાડીને કહેવું પડે ?... સંબંધ તાજો કરવા... કોઈની સ્મૃતિ ઢંઢોળવી પડે ? ઓળખાણ આપવા છતાં....એકલતા સહન કરવી પડે ? કમનસીબી... કમનસીબી... કમનસીબી સિવાય બીજું કશું જ નહીં.

પરિમલ : તમે એમ કહેવા માગો છો કે... આપણા વચ્ચે વર્ષોનો સંબંધ હોવા છતાં... હું તમને ભૂલી ગયો છું ?

રોહિત : ના. તું તારી જિંદગીને ભૂલી ગયો છે...
અને... હવે મારામાં એ તાકાત રહી નથી... કે હું તારી જિંદગીને ડખોળી... ડખોળી... તને યાદ કરાવું કે... તું ક્યાં ક્યાં... તને ભૂલી ગયો છે ?
મિ. પરિમલ દેસાઈ ! તમને કદાચ નહીં સમજાય કે હું શું અનુભવી રહ્યો છું ?... પણ ક્યારેય.... તમે પોતે તમને પોતાને યાદ કરી શકો... તમે પોતે તમને યાદ આવો... ત્યારે રોહિત પંડ્યા... સાગર ફ્લૅટ્સમાં... રહે છે... ત્યાં આવી પહોંચજો.
સાગર ફ્લેટ્સ...B-૩... દરવાજે મારી નેમ-પ્લેટ લગાવેલી છે. અને

...મિસિસ દેસાઈ !... તમારા ઘરની વસ્તુઓ...
અને દીવાલોને... તમારી જિંદગીને... ક્યારેક નવરા પડો અને ખોતરવા બેસો... ત્યારે મારું કે આરતીનું નામ નીકળી આવે... તો... આ મારું કાર્ડ છે... ફોન કરજો...

[કાર્ડ આપે છે.]

નિશા : મિ. પંડ્યા !...વાંધો ન હોય તો...અમને તમારા વિશે થોડુંક કહોને ! ... તમે અહીં શું કરો છો ? બિઝનેસ... સર્વિસ...

[રોહિત જોઈ રહે છે.]

પરિમલ : નિશા !... Stop it.
મિ. પંડ્યા (ઊભો થાય છે... હાથ લંબાવે છે શેકહેન્ડ માટે) I am really sorry.

[રોહિત... શેકહેન્ડ કરતો નથી.]

રોહિત : બાઈ મિસ્ટર દેસાઈ ?...
Sorry... if I have caused you any trouble or hurt... your feelings.
બાઈ મિસિસ દેસાઈ ! શ્વેતાને કહેજો કે લેશન બરાબર કરે.

[ઊભો થઈ... સડસડાટ ચાલ્યો જાય છે. નિશા-પરિમલ... જોઈ રહે છે. બંને અત્યંત ગંભીર છે. હવે પછી... પરિમલના ડ્રૉઈંગરૂમમાં... કાં તો આ પાત્રો બેસે અને માઈમ કરે અથવા... થોડી વાર પછી ચાલ્યા જાય અને ક્યારેક ક્યારેક આવન-જાવન કરે.]

[રોહિત વિંગમાં ચાલ્યો જાય છે... રોહિતના ડ્રૉઈંગરૂમમાં કોઈ નથી.]

લાઈટિંગ : (૧) રોહિત પરિમલના ડ્રૉઈંગરૂમમાંથી નીકળી જાય... એ જ વખતે... રોહિતના ડ્રૉઈંગરૂમની લાઈટ-ઑફ. માત્ર પરિમલના રૂમની જ લાઈટ ચાલુ. રેડ લાઈટ... શક્ય હોય તો... આ રેડ લાઈટ વધારે તીવ્ર બનાવવી.
(૨) રોહિત જ્યારે પોતાના ડ્રૉઈંગરૂમમાં દાખલ થવાનો હોય... ત્યારે... તેના ડ્રોઈંગરૂમની લાઈટ ચાલુ કરવી. ગ્રીન લાઈટ.
(૩) જે વખતે ગ્રીન લાઈટ ચાલુ થાય ત્યારે... રેડ લાઈટ ડીમ કરવી, પણ ચાલુ રાખવી.
...થોડા સમય પછી... પોતાના ડ્રૉઈંગરૂમમાં દાખલ (રોહિત) થાય છે... એક ખુરશી ઉપર બેસે છે... હતાશ... ભગ્ન... થોડી વાર બેસી જ રહે છે. કશુંક કરતો... નથી... માત્ર વિચાર્યા કરે છે... થોડી વાર પછી... આરતી દાખલ થાય છે... એકાએક કોઈ વ્યક્તિને ડ્રૉઈંગરૂમમાં બેઠેલી જોઈ... ચમકે છે.

[રોહિત.... આરતીને આવેલી જોઈ... બોલે છે.]

રોહિત : પરિમલને ત્યાં ગયેલો....
આજે આપણે ડ્રાઈવ-ઈનમાં જતાં નથી.

આરતી : આપને કોનું કામ છે ?

[રોહિત... આરતીને સાંભળતો નથી... પોતાના વિચારોમાં ખોવાયેલો છે.]

રોહિત : અંશુ ક્યાં ગઈ ?...

આરતી : માફ કરશો ?... પણ આપને કોનું કામ છે ?

[રોહિત... એકાએક આ પ્રશ્ન સાંભળીને... ઊભો થઈ જાય છે... આરતીને આંખો ફાડી ફાડી જોયા કરે છે.]

રોહિત : શું... શું પૂછ્યું તેં ?

આરતી : મારા મિસ્ટર બહાર ગયા છે... અંશુનું કામ છે ?... બોલાવું ?

રોહિત : (જોઈ રહે છે... લાંબો સમય) .... આરતી... પ્લીઝ.

[ખુરશી ઉપર બેસી જાય છે.]

આરતી : આપ અંશુના મિત્ર છો ?... આપનું નામ ?

રોહિત : My God.

[આરતી અવાજ કરે છે...]

આરતી : (વિંગમાં જોઈને)... અંશુ... અહીં આવ તો... કોક તને મળવા આવ્યું છે.

[અંશુ આવે છે.]

અંશુ : નમસ્તે !... આપને મારું કામ છે ?

રોહિત : (આરતીને) એક ગ્લાસ પાણી....

આરતી : Sure...

[પાણી લેવા જાય છે.]

અંશુ : આપની તબિયત... સારી નથી ?

રોહિત : No. Thank you....સારી છે.

અંશુ : આપ... મારા જીજાજીના મિત્ર છો ?

[આરતી પાણી લાવે છે.]

રોહિત : થેન્ક યૂ !...

અંશુ : આપનું નામ ?....

રોહિત : રોહિત... રોહિત પંડ્યા.

આરતી : Co-incidence ! મારા... મિસ્ટરનું નામ પણ... રોહિત છે.

રોહિત : તમે મને ઓળખો છો ?

આરતી : ના.... કાંઈ ખ્યાલ આવતો નથી.

રોહિત : તું...અંશુ ?

અંશુ : No... જીજાજી સાથે કદાચ મળ્યાં હોઈએ... પણ... I am not sure...

[રોહિત મૂંગો બની જાય છે.]

આરતી : (અંશુને) I thought.... કે તારા કોઈ મિત્ર છે. તને મળવા આવ્યા છે.

અંશુ : જીજાજીને મળવા આવ્યા છે.... (રોહિતને)... આપને જીજાજીનું કામ છે ?

રોહિત : આરતી !... તું... તું... તું પણ મને નથી ઓળખતી ?

આરતી : I am sorry.... કોઈ ચોક્કસ ખ્યાલ આવતો નથી.

રોહિત : અંશુ... તને ?

અંશુ : sorry .... મને પણ કાંઈ 'ક્લીક' થતું નથી.

રોહિત : શું થવા બેઠું છે ?... Whether everybody is playing mischief or... I have gone crazy ?
[ઊભો થાય છે... અને અંદરની બાજુ જવા પ્રયત્ન કરે છે...પછી અટકી જાય છે.]

રોહિત : અરીસો આપશો જરા ?....

અંશુ : અરીસો.... You mean mirror ?

રોહિત : પ્લીઝ ! ... કામ છે....

[આરતી... અંશુ સામે જુવે છે... અરીસો લેવા જાય છે.]

અંશુ : અરીસો ન જોવો હોય તો.... You look quite handsome and tidy....

[આરતી અરીસો લાવે છે.]

રોહિત : થેન્ક યુ... (અરીસામાં પોતાને જુવે છે) (લાંબો સમય)... એ જ ચહેરો... એ જ આંખો... બધું એનું એ જ છે...
[અરીસા પાછો આપે છે.] Then what has happened ?... Why have I lost my identity ?... My significance ?....

આરતી : એકાદ કલાક પછી... આવશો તો ચોક્કસ મળશે... અથવા તો કોઈ મેસેજ...

રોહિત : આરતી... અંશુ ! તમને બંનેને શું થયું છે !... તમે મને નથી ઓળખતાં.... મને... રોહિત પંડ્યાને....?
No...No.... futile... Everythile is futile...
absurd.... nonsense.

અંશુ : તમને શું થાય છે ?... હેલ્થ સારી નથી ?

રોહિત : આરતી ! મારી સામે !... ધ્યાનથી જો... આ ચહેરો તને પરિચિત નથી લાગતો ?... તું... તું આ ચહેરાને... નથી ઓળખતી ?

આરતી : I think... કે આપણે ડેલહાઉસીમાં... મળેલાં
અંશુ !... તને યાદ આવે છે... અમે હનીમુન માટે ડેલહાઉસી ગયેલાં ? ... (રોહિતને)... તમે એકાએક રાત્રે બીમાર પડી ગયેલા... અને મારા મિસ્ટર... રાત્રે બે વાગ્યે... તમારા માટે ડૉક્ટરને લાવેલા...
રાઈટ મિ. પંડ્યા ?... એ વાતને આઠેક વર્ષ થઈ ગયાં એટલે... ભૂલી

ગઈ... આઈ એમ સૉરી !... ક્યારે આવ્યા તમે ?

રોહિત : આરતી !.....

આરતી : No ?... તો... કોઈ ખ્યાલ નથી આવતો.
વાંધો ન હોય તો... તમે જ તમારી ઈન્ટ્રોડકશન આપોને ? આમ પણ... મારી મેમરી... ખરાબ છે....

અંશુ : એક બાબત નક્કી છે કે... તમે અમને ખૂબ સારી રીતે ઓળખો છો... અને અમને બંનેને... તુંકારે બોલાવો છો... એટલે સાબિત થાય છે કે... તમે અમારા વડીલ છો... રાઈટ... રોહિતભાઈ !

રોહિત : તમારા... મિસ્ટરનો ફોટોગ્રાફ... રેડિયોગ્રામ ઉપર પડ્યો છે... લાવશો ?

અંશુ : Sure.... હું જ લઈ આવું.

[અંશુ જાય છે.]

આરતી : હજુ સુધી કેમ ન આવ્યા ?... ખાસ કહીને ગયા'તા કે જમવાના સમયે તો હું આવી જ જઈશ... તમે મિ. પંડ્યા ! અમારી સાથે જમશો ને ?

રોહિત : ના. થેન્ક યૂ...

[અંશુ આવે છે - ફોટોગ્રાફ લઈને]

રોહિત : આ... આ ફોટોગ્રાફ તમારા મિસ્ટરનો છે ?
No, it is impossible !

[ફોટોગ્રાફ કોક બીજા માણસનો છે.]

આરતી : યસ !... એમાં ઈમ્પોસિબલ જેવું શું છે ?... આ મારા મિસ્ટરનો જ ફોટોગ્રાફ છે.

અંશુ : સ્માર્ટ લાગે છે ને ?

રોહિત : But... How it is possible ?... કઈ રીતે... આ ફોટોગ્રાફ....

આરતી : તમને કેમ આટલી બધી નવાઈ છે ?

રોહિત : Are you quite sure... આ તમારા હસબન્ડનો જ...

આરતી : હા... હા... હા... મારા હસબન્ડનો જ ફોટોગ્રાફ છે.
[રોહિત ફોટોગ્રાફ... જોઈ રહે છે... પછી ધીમેથી એક બાજુ મૂકે છે.]

અંશુ : રોહિતભાઈ ! I fail to understand.... But what is your problem ?...

રોહિત : આજે સવારે બ્રેકફાસ્ટમાં તમે... કોર્નફ્લેઈક્સ... આમલેટ...

અંશુ : Wrong... આજે બ્રેકફાસ્ટ મેં તૈયાર કરેલો.
ફ્રેન્ચ ટોસ્ટ, મેથીના ગોટા...

રોહિત : ફિયાટ કાર... કલર માટે આપી છે... નંબર ૪૨૯૨

આરતી : Again wrong... એમ્બેસેડર કાર... નંબર ૫૭૭૫

રોહિત : બધું જ બદલાઈ ગયું ?... વસ્તુઓ... વ્યક્તિઓ...

[પટેલસાહેબ પ્રવેશ કરે છે.]

પટેલ : નમસ્તે આરતીભાભી !... ક્યાં ઊપડી ગયા છે સાહેબ ? કેમ અંશુબેન? ડ્રાઈવિંગ આવડી ગયું ?

અંશુ : જીજાજી ક્યાં શીખવે છે ?....

આરતી : કેમ પટેલસાહેબ ! ભાભીની તબિયત કેમ છે ?

પટેલ : એમ ને એમ. છ શૉક અપાવવા પડશે... જોઈએ !... સારું થઈ જાય તો ભગવાનનો ઉપકાર...
(રોહિત ઉપર નજર પડતાં)... ગેસ્ટ છે ?

આરતી : હા ! મારા મિસ્ટરને મળવા આવ્યા છે... (રોહિતને)... પટેલસાહેબ ! અમારા નેબર છે.. એક્ઝિક્યુટિવ એન્જિનિયર...

રોહિત : નમસ્તે... પટેલસાહેબ !

પટેલ : નમસ્તે... આપનું નામ ?

અંશુ : રોહિતભાઈ....

પટેલ : શું કરો છો ?... બિઝનેશ ?

રોહિત : Nothing important....

આરતી : શું કામ હતું, પટેલસાહેબ !

પટેલ : સ્ક્રૂ-ડ્રાઇવર જોઈતું હતું.. પંખો... ખોલવો છે...

આરતી : સ્ક્રૂ-ડાઈવર ?... કોણ જાણે ક્યાં પડ્યું હશે ? અંશુ, તને ખબર છે ?

અંશુ : No....

રોહિત : (ધીમેથી... મક્કમતાથી.. શબ્દો છુટ્ટા પાડીને)
અરીસાવાળા કબાટના... જમણી બાજુના ખાનામાં...
[આરતી...અંશુ...પટેલસાહેબ આશ્ચર્યથી રોહિત સામે જોઈ રહે છે.]

અંશુ : એક મિનિટ....

[અંદર જાય છે... અને સ્ક્રૂ-ડ્રાઈવર લાવે છે.]

આરતી : (રોહિતને)... તમને ક્યાંથી ખબર ?

અંશુ : તમે... તદ્દન અજાણ્યા માણસ... પહેલી વખત આ ઘરમાં આવો છો... ને તમે કઈ રીતે જાણી શક્યા ?

પટેલ : તમે તો જાણભેદુ નીકળ્યા...

રોહિત : Just.... મને એમ થયું કે... સ્ક્રૂ-ડ્રાઈવર કબાટમાં જ હોય ને...

આરતી : અરીસાવાળો કબાટ... જમણી બાજુનું ખાનું....

અંશુ : યાદ આવે છે મોટીબહેન !... તેમણે કહેલું... રેડિયોગ્રામ ઉપર તમારા મિસ્ટરનો ફોટોગ્રાફ પડ્યો છે... કઈ રીતે જાણ્યું તેમણે ?
તમને કઈ રીતે ખબર પડી કે અંદર રેડિયોગ્રામ છે ?

રોહિત : ગેસ-વર્ક.... અનુમાન...

આરતી : તમે કોણ છો ?... અમારા ઘર વિશેની... આટલી બધી જાણકારી તમારી પાસે ક્યાંથી આવી ?

રોહિત : પ્લીઝ !.... મેં અમસ્તું કહેલું....

અંશુ : I don't belive....

આરતી : મારા મિસ્ટર સાથે તમારો પરિચય કઈ રીતે ?

રોહિત : Accidently... મળ્યા... પરિચય થયો.

આરતી : ક્યાં ?... ક્યારે ?

રોહિત : તમે... નાહક શંકાશીલ બની રહ્યાં છો... હું તો...

અંશુ : તમે આ ઘરમાં દાખલ થયા ત્યારથી જ... મને... કોઈ strange feeling... થયા કરતી હતી.

આરતી : તમે કોણ છો ?....

પટેલ : આ ઘર વિશે તમે કઈ રીતે... આ બધું જાણો ? કઈ વસ્તુ ક્યાં પડી છે....

અંશુ : Your personality and behaviour... is quite disturbing....

રોહિત : Sorry... મેં જાણ્યે-અજાણ્યે.... આપને દુઃખ પહોંચાડ્યું હોય તો....

આરતી : દુઃખ ?... મને તો આશ્ચર્ય થાય છે કે... અમારા ઘર વિશે..; તમારા જેવા એક અજાણ્યા માણસ પાસે.... આટલી બધી ઈન્ફોર્મેશન ક્યાંથી આવી ?

Really speaking... I am worried....

રોહિત : ના. ના... હું કોઈ ભયજનક માણસ નથી... છતાં... તમને એવું લાગતું હોય તો....

પટેલ : ખોટું નહીં લગાડતા... રોહિતભાઈ !... પણ... હમણાં હમણાં એવું બને છે ને... કે... કોઈ ઉપર વિશ્વાસ રખાતો નથી. તમે તો સારા માણસ છો... પણ તો'ય... જમાનો ખૂબ ખરાબ છે.

સાંજે પાંચેક વાગ્યે આવશો તો.... કેમ આરતીબહેન ! પંડ્યા સાહેબ... અચૂક મળશે.

રોહિત : I understand...

[ઊભો થાય છે.]

Sorry... તમારા હસબન્ડને હું એક જ વખત મળ્યો છું.... છતાં... તમારી જિંદગી વિશે... કઈ રીતે... હું આટલું બધું જાણી શક્યો... તેનું આશ્ચર્ય... મને પોતાને જ છે... મારા જેવો અજાણ્યો માણસ....

અંશુ : તમારું નામ... સરનામું... ટેલિફોન નંબર... જરા કાગળમાં લખી આપશો ?... જીજાજી પૂછે તો...

[આરતી લેટર-પેડ આપે છે.]

રોહિત : જવા દો... શી જરૂરત છે ?... હું આવતી કાલે તેમને ઑફિસમાં... મળવાનો જ છું.

આરતી : પ્લીઝ... રેફરન્સ માટે...

[રોહિત... કચવાતે મને લેટરપેડ લઈ તેમાં લખે છે... Rohit Pandya.]

[એકાએક પોતાની ફાઉન્ટન સામે જોઈ રહે છે.]

રોહિત : (સ્વગત) Surprising....
લીલી શાહી ભરેલી... બ્લૅક ક્યાંથી થઈ ગઈ ?
બ્લૅક કઈ રીતે લખાવા માંડ્યું ?

[ફાઈન્ટન-પેન છંટકારે છે.]

[બીજી વખત રોહિત પંડ્યા લખે છે.]

શું છે... આ બધું ?... શું બની રહ્યું છે મારી આજુબાજુ ?

અંશુ : તમારો હાથ ધ્રૂજે છે...

રોહિત : હા, I am feeling nervous...

આરતી : એડ્રેસ ?...

રોહિત : એડ્રેસ ?...

[રોહિત ચકળ-વકળ આજુબાજુ જુવે છે.]

[તે ખોવાઈ ગયો છે... તેને કશું જ યાદ આવતું નથી... તે બેસી જાય છે.]

અંશુ : તમારું હોમ-એડ્રેસ... પોસ્ટલ એડ્રેસ... માત્ર રોહિત પંડ્યાથી કોઈ ખ્યાલ ન આવે....

પટેલ : શું થાય છે તમને ?

રોહિત : No... I am quite alright....
હું આજે જ બૉમ્બેથી આવ્યો... એટલે... એડ્રેસ તો... પણ તમારા મિસ્ટરને કહેજો કે... તમારો જ, નામેરી... એક માણસ આવેલો... એ... બધું સમજી જશે.

આરતી : ક્યાંય ઊતર્યા નથી ?... હૉટેલમાં... કોઈ રિલેટિવને ત્યાં...

રોહિત : ના... અહીં કોઈ મારું રિલેટિવ નથી...
સીધો જ અહીં આવ્યો...

પટેલ : લગેજ ?

રોહિત : સ્ટેશનના ક્લૉક-રૂમમાં...

[ઊભો થાય છે.]

રોહિત : Sorry for this invasion...
મેં આપને બધાને... હેરાન કર્યા....

આરતી : તમારું બૉમ્બેનું સરનામું ?

રોહિત : Forget it... સરનામા વગર... માત્ર નામથી જ... તમારા મિસ્ટર... મને ઓળખી શકે છે કે...

અંશુ : માત્ર.... નામ એ ઓળખાણ નથી... મિ. પંડ્યા !

રોહિત : (અંશુ સામે જોઈ રહે છે)... હા !... કદાચ નામ.... ઓળખાણ...

એડ્રેસ.... પરિચય.... સંબંધ.... કશું જ પૂરતું નથી.
આવજો... આરતી... No મિસિસ પંડ્યા !
આવજો... અંશુબહેન... પટેલસાહેબ... ક્યારેક વિચારજો !... આ ઘરમાં જ જીવતા માણસો... આ ઘરના જાણીતા માણસો... ભૂલી ગયેલા... ત્યારે... એક અજાણ્યા માણસે... આવીને... સ્ક્રૂ-ડ્રાઈવર શોધી આપેલું....
આવજો...

[રોહિત બહાર નીકળી જાય છે.]

[આરતી-અંશુ... પટેલસાહેબ... જોઈ રહે છે.]

પટેલ : આવા અજાણ્યા લોકોને ઘરમાં પેસવા જ ન દેવા.

અંશુ : Something fissy.... મોટીબહેન !

આરતી : Mysterious man....

[લાઈટ... ડીમ.]

[બંને ડ્રૉઈંગરૂમની લાઈટ એક સરખી.
બંને ડ્રૉઈંગરૂમમાં કોઈ નથી.
ધીમે ધીમે... બંને ડ્રૉઈંગરૂમની લાઈટ ફેડ-આઉટ.
રોહિત... સામેની બાજુએથી... સ્ટેજ ઉપર... પ્રવેશ કરે છે. અને બંને ડ્રૉઈંગરૂમની વચ્ચેની જગ્યામાં લૅમ્પ-પોસ્ટ પાસે આવીને ઊભો રહે છે.
- ઓડિયન્સ તરફ મોં કરીને.
માત્ર... તેની ઉપર ફોકો-લાઈટ...]

(પડદો)

10

સોદો

મનુભાઈ પંચોળી (દર્શક)

પાત્રો : કૅપ્ટન હોસ : ઑસ્ટ્રિયા અને સ્વિટ્ઝર્લૅન્ડની સરહદે આવેલી કોઈક નજરબંદી છાવણીનો તથા જિલ્લાનો વડો. * ફ્રાઉ હાના : શ્રીમતી હોસ * ચાર્લ્સ : તેમનો પુત્ર *. વેલનબર્ગ : યહૂદી સંરક્ષણ સમિતિના પ્રતિનિધિ. * એરિઝ : યહૂદી કેદી * ઉર્શલા : યહૂદી કેદી કુમારિકા. * બિશપ લોડ : ખ્રિસ્તી બિશપ.

- (સૂચિત પાત્ર -) આઇકમેન યહૂદી નરસત્રનો કર્તાહર્તા.

સમય : બીજા વિશ્વયુદ્ધનો અંત ભાગ.

સ્થળ : ઑસ્ટ્રિયા સ્વિટ્ઝર્લૅન્ડની સરહદ પરનો નાઝી કબજા હેઠળનો જિલ્લો.

દૃશ્ય પહેલું

હોસ : હાના !

હાના : આવી (આવે છે.)

હોસ : આજે મારે... મારે ભાગે કપરું કામ આવ્યું છે - તારી મદદની જરૂર પડશે.

હાના : તે તો સ્વીકૃત છે. મને કહો.

હોસ : જો થોડી વાર પછી અહીં એક અમેરિકન યહૂદી આવશે - તે એક સોદો કરવા આવે છે, અને તારે ચતુરાઈથી સોદો થતો અટકી ન જાય તે જોવાનું છે.

હાના : પણ છે શું ?

હોસ : ત્યારે તને સમજાશે. એ અત્યંત ગુપ્ત - બધાથી ગુપ્ત વાત છે.

હાના : બધાથી ? તો....

હોસ : તું ચા-નાસ્તો લઈને આવજે ને સંભળાય તે સાંભળજે. પછી કાંઈક સૂઝે તો મદદ કરજે. પણ મારે આ કામ પાર ઉતારવાનું છે. આઇકમેને ભળાવ્યું છે.

હાના : મને એનું નામ ગમતું નથી. તમને અત્યારે તેણે ભળાવ્યું છે તે સાંભળું છું ત્યારે ઊલટાની ધ્રુજારી થાય છે.

હોસ : તું જર્મન સ્ત્રી છે, ને જર્મન કૅપ્ટનની સાથીદાર છે.

હાના : તમે કૅપ્ટન ન હોત ને હું કૅપ્ટનની સ્ત્રી ન હોત - (ચાર્લ્સ દાખલ થાય છે.)

ચાર્લ્સ : પપ્પા !

હોસ : તારે ટટ્ટાર ઊભા રહેવું જોઈએ, ચાર્લ્સ. (ચાર્લ્સ ટટ્ટાર થઈ જાય છે.) હવે જર્મન કિશોર જેવો લાગે છે. કહે.

ચાર્લ્સ : પપ્પા, તમે એરિઝને અહીંથી ખસેડો છો ?

હોસ : હા. તેવા હુકમો થયા છે.

ચાર્લ્સ : એરિઝ મને સારું બાગકામ શીખવે છે.

હોસ : તેવા બીજા મળી રહેશે. હુકમ થાય એટલે જવું જોઈએ.

ચાર્લ્સ : કોનો હુકમ ? ક્યાં ? આપણા તો કેટલાય બાગવાન બદલાયા છ મહિનામાં.

હોસ : આ બધું પૂછવાનું ન હોય. તારે, મારે, તારી માએ. સૌએ હુકમ થાય તે પ્રમાણે કરવાનું.

ચાર્લ્સ : (ધીમેથી) હા, એ તો કરવાનું. પણ મને એરિઝ ગમે છે.

હોસ : તે યહૂદી છે - કેદી છે. એવા સાથે બહુ સંબંધ ન રાખવો.

હાના : તમે ઉર્શલાને પણ મોકલી દેવા ધારો છો ?

હોસ : આજની વાત પર આધાર છે. મોકલવી પણ પડે.

હાના : તે મને ફ્રેન્ચ ભાષા અને રીતભાતમાં સારી રીતે મદદગાર થાય છે.

હોસ : આ લોકોનું દુઃખ જ એ છે કે બધા ભારે હુશિયાર હોય છે.

હાના : પણ આપણી ફ્રાંસમાં બદલી થશે ત્યારે ફ્રેન્ચ બાનુઓને પણ ઝાંખી પાડતાં મને આવડવું જોઈશે ને ? તે ભારે મદદગાર છે.

હોસ : હશે, પણ ઉપરના હુકમ આગળ આપણું શું ચાલે ?

હાના : પણ આને તો તમે બચાવો જ.

ચાર્લ્સ : એરિઝને પણ પપ્પા !'

હોસ : હમણાં જાઓ. જુઓ હોર્ન વાગ્યું (મોટર ઊભી રહેવાનો અવાજ આવે છે. વેલનબર્ગ દાખલ થાય છે.)

વેલનબર્ગ : શુભપ્રભાત, કૅપ્ટન હોસ.

હોસ : (ટટ્ટાર રહીને) સ્વીકારું છું. (વેલનબર્ગ હાથ લંબાવે છે, હોસ તેને અડક્યા સિવાય બેસવાનો ઈશારો કરે છે.)

વેલનબર્ગ : મારે શાં સૂચનો સાંભળવાનાં છે ?

હોસ : હું તમને સારા સમાચાર આપવા ધારું છું. આવા સમાચાર પહેલાં તમને કદી મળ્યા નથી. તમે યહૂદી છો ને ?

વેલનબર્ગ : હા. અને તેને માટે મને ગૌરવ છે.

હોસ : એ વાત રહેવા દો. પણ મેં કહ્યું ને કે હું તમને અદ્દભુત સમાચાર આપવાનો છું.

વેલનબર્ગ : આ વર્ષોમાં ઘણું અદ્દભુત - ન માની શકાય તેવું ચિંતવી શકાય તેવું બની ગયું છે.

હોસ : દાખલા તરીકે ?

વેલનબર્ગ : દાખલા તરીકે ઓસવીચ બુશનવાલ્ડ-ડાચુનાં ઝેરી સ્નાનઘરો.

હોસ : એ વાતો ચર્ચવાની હું રજા આપતો નથી.

વેલનબર્ગ : હું તો તમે અદ્ભુત સમાચારની વાત કરી એટલે બોલ્યો. રોમન સમ્રાટ ટીટસના સમયથી અમે તો અદ્ભુત બનાવો જ જોતા આવ્યા છીએ - બે હજાર વર્ષ ગણોને.

હોસ : પણ આજે કહીશ તેની તોલે કાંઈ નહિ આવે.

વેલનબર્ગ : સાંભળવા આતુર છું.

હોસ : જુઓ, અમે નક્કી કર્યું છે કે તમે જો લઈ જવા તૈયાર હો તો દસ સ લાખ યહૂદીઓને સરહદ પાર જવા દેવા.

વેલનબર્ગ : સાંભળું છું.

હોસ : દસ લાખ - તમે ઇચ્છો તેવા સાજા-સમા, દસ લાખ - જે અમારા પંજામાં, અમારા પગ નીચે, અરે ! અમારા જઠરમાં છે.

વેલનબર્ગ : આશ્ચર્યજનક તો ખરું.

હોસ : માત્ર આશ્ચર્યજનક ! અદ્ભુત, ન મનાય તેવું !

વેલનબર્ગ : માનવું મુશ્કેલ પડે તેવું તો છે.

હોસ : રોમન સમ્રાટ ટીટસે પણ તમારા પર આટલી દયા નહોતી બતાવી, જેરૂસલેમના સર્વનાશ વખતે.

વેલનબર્ગ : શા પરથી કહો છો ?

હોસ : સીધું સાદું છે. ટીટસ કાંઈ બધા યહૂદીઓનો - કુલ ઝપટ યહૂદીઓનો નાશ કરવાની તાકાતવાળો ન હતો. તેની તલવારો-ભાલાં તમારામાંના બધાનો નાશ ન કરી શકત.

વેલનબર્ગ : હા, તમે... તમે ઝેરી ગૅસનાં સ્નાનઘરોમાં તે કરી શકો તેમ છો. હા, ઝેરી ગૅસનું સ્નાન.

હોસ : કરી શકો છો ? કર્યું છે.

વેલનબર્ગ : ભૂલ્યો, કર્યું છે. અહીં, આ ઓરડા સુધી તેની હૃદય ધબકતું બંધ કરી દે તેવી બદબૂ આવે છે.

હોસ : (સૂંઘતો) મને તો કાંઈ આવતી નથી. એ તો અહીંથી પચીસ કોસ દૂર છે.

વેલનબર્ગ : (ધીમેથી) તેને માટે તમારું નાક બદલવું જોઈએ.

હોસ : તમે અમારી ભલમનસાઈનો વધારે પડતો લાભ લો છો.

વેલનબર્ગ : ના, હું તો તમને વાસ નથી આવતી માટે સૂચન કરું છું. તમે યહૂદી સ્ત્રીઓનાં ગર્ભાશયો દૂર નથી કર્યાં ? યહૂદી પુરુષોનાં અંડાશયો ઈંડાની જેમ નથી અલગ કર્યાં ? અંગોપાંગો બદલાવવામાં - અરે ! ખુદ... જવા દો એ વાત. આપણે ખુશ સમાચાર જ સાંભળીએ.

હોસ : હા, અમે તમે કહો છો તેમ કર્યું છે. તેથીયે વધારે કર્યું છે. તમે જાણો છો - અમે તમારી યહૂદણોને મારતાં પહેલાં એના વાળ કાપી નાંખ્યા

છે. જાણો છો, આ તમે જેના પર પગ ટેકવ્યો છે તે શેતરંજી એના વાળની બનેલી છે ? (વેલનબર્ગ પગ ઊંચકી લે છે.)
તેમનાં હાડકાંની રાખનું ખાતર બનાવ્યું છે.

વેલનબર્ગ : રહેવા દો. તમે બધું કરી શકો - ટીટસથી ન થયું તેવું બધું.

હોસ : હું એ જ તમને સમજાવવા માગું છું કે બધું જ કરી શકીએ તેમ છીએ, બધું અમારી હથેળી-પંજામાં છે. કોઈ તમારું અમેરિકા એમને છોડાવી શકે તેમ નથી - છતાં દસ લાખ યહૂદીઓને અમે છોડી દેવા તૈયાર છીએ.

વેલનબર્ગ : સમજાય છે તમારી આ અદ્‌ભુત ઉદારતા.

હોસ : આ ઉદારતા જ છે. અમે કેટલા ટન ખાતર, કેટલા ટન ચરબી, કેટલા સોનાની રેખવાળા દાંત, કેટલા કિલોગ્રામ સુંવાળા ચમકતા વાળ ખોશું તે ગણાવું ? તમારી યહૂદણોને વાળ સાચવતાં પણ ગજબના આવડે છે.

હાના : ચા લાવું !!

વેલનબર્ગ : અરે ! હું ભૂલી ગયો. માફ કરો મને. હું જીનીવાથી ચાનું પડીકું લાવ્યો છું. લ્યો તેની જ બનાવો. (નમીને ચાનું પેકેટ આપે છે, હાના લઈને અંદર જાય છે.)

હોસ : તમે રેડક્રૉસના પ્રતિનિધિ છો ?

વેલનબર્ગ : રેડક્રૉસ અને યહૂદી રક્ષણ સમિતિનો.

હોસ : તમે (ટેબલ પર હાથ ટેકવતાં) તમે - અમે દસ લાખને એમ ને એમ આપીએ તેવું તો નહિ ધારતા હો -

વેલનબર્ગ : તમે છોડશો તેવું જ હું નથી ધારતો.

હોસ : જર્મન સિપાહી બચ્ચો જૂઠું નથી બોલતો.

વેલનબર્ગ : એ વિષે આપણે વાત જ ન કરીએ.

હોસ : તમને અમારામાં વિશ્વાસ ન હોય તો વાત જ શી રીતે થાય ?

વેલનબર્ગ : (મક્કમતાથી) સ્વાર્થના પાયા પર.

હોસ : હં -

વેલનબર્ગ : જુઓ, તમારી હરોળો તૂટવા માંડી છે - રશિયનો નજીક આવવા માંડ્યા છે.

હોસ : અમારી હરોળો અકબંધ છે.

વેલનબર્ગ : હશે, જર્મનીની અંદર. અહીં તો નથી - કોઈ કહેશો તોયે માનશે નહિ. (હાના ચા લઈને આવે છે.)

હોસ : (ચા પીતાં) હં, ચા ખરે જ સરસ થઈ છે. તમે લાવ્યા ક્યાંથી ? આવી 10,000 કિલોગ્રામ આપો, 10,000ને છોડી મૂકીએ.

હાના : ચા ખરે જ અદ્‌ભુત છે. કોણ જાણે કયા જમાનામાં આવી ચા પીધી હતી ? યહૂદીઓની કિંમત પેટે ચા લેવી એમાં કાંઈ ખોટું નથી.

વેલનબર્ગ : તમારે સાચા-ખોટાનું શું ? એ વાત છોડો. દસ લાખ યહૂદીઓને શું લઈને છોડશો ?

હોસ : પહેલાં તો આવી ચા દસ હજાર કિલોગ્રામ.

વેલનબર્ગ : હું -

હોસ : પછી, દસ હજાર ગોટી સાબુ.

વેલનબર્ગ : બદલામાં ?

હોસ : 10,000 યહૂદીઓ, પણ સાબુ સુગંધી જોઈએ.

વેલનબર્ગ : હું -

હોસ : 10,000 ખટારા મર્સિડીઝના - આઠ સ્પેર ટાયર સાથે.

વેલનબર્ગ : બદલામાં ?

હોસ : પાંચ લાખ યહૂદીઓ.

વેલનબર્ગ : ઓછા ન ગણાય ? તમને તો યહૂદીઓની કિંમત એક સાબુની ગોટી જેટલી જ છે. (ટેલિફોનની ઘંટડી વાગે છે.)

હોસ : હેલ્લો, જીનીવા ? કોનું કામ છે ? વેલનબર્ગનું ! (વેલનબર્ગને) લ્યો, તમારી પત્ની વાત કરવા માગે છે.

વેલનબર્ગ : હેલ્લો, એરીઝની વાત કરે છે ? નક્કી થશે તો તપાસ કરીશ. ને તારી માસીની દીકરી ઉર્શલા, ફ્રેન્ચ ભાષામાં નિષ્ણાત - હા - તપાસ કરીશ - આ વાત પાટે ચડશે તો.

હાના : (હળવેથી) એરીઝ ? અમારે ત્યાં જ માળી છે.

વેલનબર્ગ : સારું, આગળ વાત ચલાવીએ ?

હોસ : દસ હજાર બ્લેડ અસ્ત્રોના સેટ સાથે.

વેલનબર્ગ : શક્ય તો છે.

હોસ : જુઓ, સાંભળી લ્યો. 10 હજાર કિલોગ્રામ ચા, દસ હજાર સુગંધી સાબુ, દસ હજાર ટ્રક, આઠ સ્પેર ટાયર સાથે - દસ હજાર બ્લેડ-અસ્ત્રા સાથે - ને જર્મની છોડી મૂકશે દસ લાખ યહૂદીઓને. જબ્બર દરખાસ્ત નથી ?

વેલનબર્ગ : પણ આ પાળશો તેની ખાતરી શું ?

હોસ : જર્મન નાયક પર અવિશ્વાસ છે ને ! ઊભા રહો, (ટેલિફોન જોડે છે.) 'હા પાડે છે પણ વિશ્વાસ પડતો નથી - આપણે દસ હજારને ખાતરી આપવા, પહેલાં જ છોડી દઈએ.' આપ સંમત છો? તો વાત કરું ? (ટેલિફોન મૂકીને) મિ. વેલનબર્ગ, તમે ભાગ્યશાળી છો... આઇકમેન 'હા' પાડે છે. અમે જર્મનો બે-વચની નથી.

હાના : આપણે બે-વચની હતા પણ નહિ. આ તો બધા યહૂદીઓએ ઈંગ્લાંડ-અમેરિકાને ચડાવ્યા અને આપણે લડવું પડે છે.

હોસ : ફ્યુરરનો હુકમ છે કે સ્ત્રીઓએ જાહેર ચર્ચામાં ન પડવું - તેવું તું જાણે છે, વહાલી ?

હાના : એ હું જાણું જ છું, પણ.....

હોસ : જુઓ, મિ. વેલનબર્ગ, તમને - તમારી રેડક્રૉસ સંસ્થાને, અને તમારા

યહૂદી કાવતરાખોરોને ખાતરી થાય કે જર્મન રાષ્ટ્રના આગેવાનો બે-વચની નથી, એટલે અમે દસ હજાર યહૂદીઓને તમે કહો તે તારીખે, કહો ત્યાં સરહદપાર સોંપશું. આમ માલ મળ્યા પછી તમારો માલ મોકલજો. વચન અમે પહેલાં પાળશું.

વેલનબર્ગ : (કટાક્ષથી) માલ - સાજોસમો મળશે ને ?

હોના : કૅપ્ટન હોસ મારા પતિ છે એટલા માટે નથી કહેતી - પણ તેઓ સહેજ ઘણા માયાળુ છે.

ચાર્લ્સ : પપ્પા, પપ્પા-એરીઝને લેવા આવ્યા છે. (બે જર્મન સિપાહીઓ દાખલ થાય છે, સલામ કરી પરબીડિયું આપે છે.) (ચાર્લ્સ હોસને ઘૂંટણીએ હાથ મૂકીને) પપ્પા તમે માયાળુ છો, એરીઝને ન મોકલો.

હોસ : (ટેલિફોન જોડે છે) 'કમાંડર, તમારે એરીઝની તાત્કાલિક જરૂર છે ? અનિવાર્ય છે ? જરા ફરી વિચારી જુઓ - હું એને હમણાં છૂટો કરી શકું તેમ નથી - હા, હા, તમને હુકમ મોકલી આપીશ. હા, હા, તમને બધું પતાવવાના હુકમો છે - બરાબર છે - શું કહ્યું ? પાદરી બધાને ઉશ્કેરે છે ? હા, અહીં મોકલો, સાંજના.'

(પરબીડિયા પર લખીને - આવેલ સિપાહીઓને) લઈ જાઓ. આ એરીઝ હમણાં અહીં રહેશે. (ચાર્લ્સને થાબડી) 'બસ, તું રાજીને ! જા, એરીઝને કહે તે ચિંતા ન કરે.'

(એરિઝ દાખલ થાય છે - ફિક્કો, પાતળો, કપાળ પર એક બે ઘાનાં નિશાન છે.)

એરીઝ : કૅપ્ટન હોસ, મને ત્યાં જવામાં કાંઈ વાંધો નથી.

હોસ : એની તો મને ખબર છે. તમારામાંના કોઈને વાંધો નથી - એટલા તમે અવળચંડા છો.

એરીઝ : અમારે બધાને બીજું સ્થાન જ ક્યાં છે ?

હોસ : તું જા.

એરીઝ : મને વાંધો નથી જવામાં, કોઈકે તો મારા બદલે જવું પડશે ને ?

હોસ : (જવાનો ઇશારો કરે છે) વેલનબર્ગ, તો હવે પાક્કું ?

વેલનબર્ગ : પાક્કું તો કેમ કહું ? તમારી આ દરખાસ્ત હું જીનીવામાં યહૂદી સહાય સમિતિ પાસે મૂકીશ - અને તમને ખબર આપીશ. હા, આ દસ લાખને પસંદ કોણે કરવાના ?

હોસ : અમારે જ. તે બધાં સાજાસમા હશે તેટલું ખરું, પણ તમે ફ્યુરર સામે કાવતરું કરનારા - મૃત્યુની સજા પામેલાને માગો - તેને અમે આપીએ તેવું તો ન જ બને. હું સ્પષ્ટ વહેવારમાં માનું છું - એટલે સ્પષ્ટતાથી કહી દઉં કે એની પસંદગી અમે જ કરશું. પણ રાજકીય કાવતરામાં ન સપડાયાં હોય તેવાનાં નામનોની તમે ભલામણ કરી શકો છો.

વેલનબર્ગ : આ ઉર્શલાના નામની ભલામણ કરું ?

હોસ : જરૂર, જરૂર, ઉર્શલાની સેવા કેદી તરીકે લેવા કરતાં નોકર તરીકે લેવાનું

મારી પત્નીને વધારે ગમશે.

હાના : એમ જ છે. તે મને એટલું સારું ફ્રેન્ચ શીખવે છે. ફ્રેન્ચ ભાષા જ નહિ – ફ્રેન્ચ રસોઈ પણ. હું તો ફ્રાંસ જઈએ ત્યારે તેને ઘરકામભાર સોંપવાનું કરું.

વેલનબર્ગ : અને આ એરીઝ ?

હોસ : તે મિજાજી છોકરો છે, પણ મને વાંધો નથી.

વેલનબર્ગ : જીનીવાથી અમે સંમતિ મોકલીએ. તેને થોડી વાર પણ લાગશે. કારણ કે બધો માલ અમેરિકન વિદેશ અને ફોજી કચેરીની સંમતિ મેળવ્યા પછી મોકલી શકશું.

હોસ : સમજી શકું છું.

વેલનબર્ગ : ત્યાં સુધી આ બંનેને તમે તમારા ગૅસ ચેમ્બરમાં નહિ મોકલો ?'

હોસ : એ માટેની રજા મંગાવીશ.

હાના : તમે પહેલા દસ હજારમાં એમને શા માટે ન મોકલો ?

હોસ : યાદી તો આઈકમેન કરે, પણ તે રજા હું મેળવીશ.

વેલનબર્ગ : હું એ બંનેને મળી શકું ?
(પોતાની બૅગમાંથી પાકીટો કાઢી) આ ફ્રાઉ હોસને માટે, આ નાના ચાર્લ્સ માટે - આ સિગરેટનાં પૅકેટ કૅપ્ટન હોસ માટે. ઉર્શલા અને એરીઝ માટે હું ધારું છું કે હું આપી શકું.

હાના : લાવો, તેને હું આપી દઈશ.

હોસ : અહીં મૂકી દો. અમારે નિયમ મુજબ તે તપાસવાં પડશે.

વેલનબર્ગ : અંદર કદાચ બોમ્બ ન હોય તેમ જોવા !

હોસ : કાંઈ ઝેર જેવું છે કે નહિ તે અમારે તપાસવું જોઈએ, કેદીઓનાં જીવનના અમે રખેવાળ છીએ.

વેલનબર્ગ : એ વિષે વાત ન કરીએ તો જ સારું. કેવી ભૂંડી હવા આવે છે – પેલી દિશામાંથી.

હોસ : આપણું કામ પૂરું થયું છે. તમે એ બંનેને મળો – એ ભૂંડી હવામાંથી દસ લાખને બચાવવામાં તમે સંમત થવા જેટલા ડાહ્યા નીવડજો. જર્મન રીશની મૂળભૂત નીતિ વિષે અન્યથા સાંભળવાનો મને કાંઈ હક્ક નથી – (ઊભો થઈ, ટટ્ટાર રહી) 'હેઇલ હિટલર.'

ચાર્લ્સ : હેઈલ હિટલર.

હાના : હેઈલ હિટલર.
(વેલનબર્ગ મૂંગો રહે છે. ત્રણે જણ જાય છે. કેદીના પોશાકમાં, ડેવીડના નિશાન વળગાડેલ પીળા તકતાવાળાં ઉર્શલા અને એરીઝ દાખલ થાય છે.)

ઉર્શલા : (દીવાલના એક ભાગને અડકી) જર્મન વ્યવસ્થાશક્તિ અદ્ભુત છે. કશુંય નોંધાયા વિના રહેતું નથી.

વેલનબર્ગ : એ વ્યવસ્થાશક્તિનો મને પરિચય છે. ને હું તેની કદર કરું છું.

એરીઝ : તમે આપણા ભાઈઓને બચાવવા કોઈ સોદો કરવા આવ્યા છો ?

વેલનબર્ગ : સોદો કરવા હું આવ્યો નથી. મને વાત કરવા એમણે નિમંત્ર્યો છે - પણ તમે જાણ્યું કઈ રીતે ?

ઉર્શલા : અભાગિયાનાં અંતઃકરણો બહુ સક્ષમ હોય છે. પણ આ વાત તો ફ્રાઉ હોસે મને કરી, તેઓ ઘણાં માયાળુ છે.

એરીઝ : હું તમને વગરપૂછ્યે સલાહ આપું - આમાં તમે ન પડો.

વેલનબર્ગ : શા સારું આપણા દસ લાખ યહૂદીઓને ન બચાવવા ? મોઝીઝનું બીજ સલામત રાખવું તે શું શરમાવનારું છે ?

એરીઝ : કોઈનેય બચાવવા તે શું કામ શરમાવનારું હોય ? પણ આ રીતે નહિ.

વેલનબર્ગ : મને સમજાવો.

એરીઝ : આ દસ લાખના બદલામાં તમે જે મોકલશો – આપશો તે બધું બાકીનાને પૂરા કરવામાં વાપરશે – તમે જ બધાને પેલી ગૅસ ચેમ્બરોમાં મોકલવાના ખટારા પૂરા પાડશો ?

વેલનબર્ગ : તે બધાંને બચાવવાનું શક્ય ન હોય માટે આ દસ લાખને પણ ન બચાવવા?

એરીઝ : બધાં સાથે મરે.... ગીત ગાતાં મરે. તેમાં જ યહૂદીઓનું ગૌરવ છે. તમે જાણો છો કે કેટલા મૂઆ છે ? જર્મની, ઝેકોસ્લોવાકિયામાં ! અરે ! ઈસ્ટોનિયામાં તો એક પણ હવે નથી. લાખ્ખો રાખમાં મળી ગયા, હવે થોડાને તમને સોંપી તે બધા સદગૃહસ્થની છાપ લેવા માગે છે. તમે તેમાં શું કામ મદદગાર થાઓ ?

ઉર્શલા : તેમાં પણ કેટલાક માયાળુ છે. દા. ત. શ્રીમતી હોસ.

એરીઝ : કારણ કે તેમના ગળા પર.....

ઉર્શલા : ચુપ-એરીઝ, આપણું કામ મોઝીઝનું બીજ સચવાઈ રહે તે જોવાનું છે.

વેલનબર્ગ : બીજ જ નહિ, એમાં પણ ઉત્તમ બીજ. એરીઝ, એવા ઉત્તમોમાંનો તું એક છે, ઉર્શલા બીજી છે. ઉર્શલા, તને યાદ આવે છે કે તું કૅન્ટકીમાં હતી, ત્યાં નદીકાંઠે તારાં માસા-માસીનું ઘર હતું, તું ત્યાં રમવા-કૂદવા જતી.

ઉર્શલા : બરાબર યાદ છે બાળપણના એ નચિંત દિવસો.

વેલનબર્ગ : તારી માસીની એક છોકરી હતી.

ઉર્શલા : રાચેલ – અમે ખૂબ ઘોડેસવારી કરી છે સાથે.

વેલનબર્ગ : એ રાચેલનો હું પતિ છું. તેનો હમણાં જ ફોન હતો કે મારે તને છોડાવવી.

ઉર્શલા : રાચેલને મારા વતી અભિનંદન દેજો - પણ હું છું ત્યાં જ ઠીક છું.

એરીઝ : મારી તો વાત જ ન કરશો. જેમણે અમને માત્ર માલસામાન જ માનેલ છે, અમારાં ગુહ્યોને પગ નીચે પેચ્યાં છે, ના – ના તેમને દયાવાનનું મોરું ચડાવવા હું નહિ દઉં.

ઉર્શલા : એરીઝ, કૃપા કરીને થોડો સંયમ રાખ.

એરીઝ : તારા આ સોનેરી, સુંવાળા વાળ ક્યાં ગયા ? તારા માથા પરનો રૂમાલ જરા હટાવ. (જઈને માથાનો રૂમાલ દૂર કરે છે) વેલનબર્ગ તને ગૅસ ચેમ્બરમાં લઈ જતી વખતે.....

ઉર્શલા : (ધીમેથી) હા, તે વખતે - પણ ફાઉ હોસે મને છેક બારણા પાસેથી પાછી ખેંચી આણેલી. લગભગ દ્વંદ્વયુદ્ધ કરીને કૅપ્ટન હોસ જોડે. વેલનબર્ગ - તમે તો જાણો છો કે જેહોવાએ સોડોમ શહેરમાં દસ સજ્જનો હોય તોપણ એ શહેરનો નાશ ન કરવાનું વચન આપ્યું હતું - સોડોમમાં દસ જણ પણ ન મળ્યા - તે તેનું કમભાગ્ય, અહીં દસથી વધારે સજ્જનો છે.

વેલનબર્ગ : એ બધી ચર્ચા કે નિર્ણયો મારી સત્તા બહારના છે.

ઉર્શલા : તમારા અંતઃકરણ પાસે નિર્ણય લેવરાવવાનું તો તમારી પાસે છે. જેહોવાને જ ન્યાયાધીશ થવા દો.

વેલનબર્ગ : એરીઝ - આવા દસ લાખને હું બહાર લઈ જઈશ. ભલે તેઓ માલ કહે કે મિલકત કહે. તેમના કહેવાથી તમે માલ બની જતા નથી. તમે બધાં અમૂલ્ય છો. બધાંને બચાવાતાં નથી. અને તે મારા ગજા બહારનું કામ છે. તેથી દસ લાખને ન બચાવવા તેવી વાત વાજબી નથી.

ઉર્શલા : હું તમારી સાથે સંમત છું. જેટલાને આ નરકમાંથી બચાવાય તેટલાને બચાવો.

એરીઝ : ગૌરવભેર.

વેલનબર્ગ : હા - જેટલા શક્ય તેટલા ગૌરવથી. હા, અમે લાચારી નહીં કરીએ. તેં કહ્યું તેમ તેમનેય ગરજ છે, સારા દેખાવાની હવે.

એરીઝ : કારણ કે રશિયનો નજીક આવી રહ્યા છે. તેઓ તેનાથી ફફડે છે. તેમના પગ માટીના છે.

વેલનબર્ગ : બધા પાપીઓના.

ઉર્શલા : રાચેલને કહેજો કે હું તેની વાત નથી સ્વીકારી શકતી. મારું સ્થાન અહીં આ નરકાગારને કાંઠે જ છે. આપણી યહૂદીઓની વિશેષતા આપણે જીવી શકીએ છીએ તેમાં નથી - મરી શકીએ છીએ તે જ આપણો વારસો છે.

એરીઝ : અને મરીએ છીએ પણ લડતાં લડતાં. વાર્સોના ઘેટ્ટોમાં જર્મન લશ્કરને આપણે ત્રણ અઠવાડિયાં થંભાવેલું. હા, પણ એમને મદદ કેમ ન પહોંચાડી શક્યા ? કે જર્મનોની જેમ બીજાને પણ યહૂદી માલની કાંઈ પડી નથી ?

વેલનબર્ગ : (ધીમેથી) રશિયનો પોતે ચૂપચાપ ૪૦ કિ. મી. દૂર ઊભા રહ્યા. આપણાં વિમાનોને જમીન પર ઊતરી બળતણ ન લેવા દીધું.

એરીઝ : ઓહ ! આવા મિત્રો ?

વેલનબર્ગ : એટલે જ કહું છું : આવા દુશ્મનો કે આવા મિત્રોથી છટકી જઈએ.

એરીઝ : ક્યાં ?

વેલનબર્ગ : જેરૂસલેમમાં.

ઉર્શલા : નેક્સ્ટ યર ઇન જેરૂસલેમ - આવતે વર્ષે જેરૂસલેમમાં.

વેલનબર્ગ : ના, સુધારો, નેક્સ્ટ મંથ - આવતે મહિને.

સિપાહી : (દાખલ થઈને) તમારી મુલાકાત પૂરી થઈ છે.

વેલનબર્ગ : (ઊઠતાં) વિચાર કરજો.

ઉર્શલા : કરીશ.

એરીઝ : નહિ બની શકે. (હાના પ્રવેશે છે.)

હાના : આ બંનેને આશ્વાસન આપ્યું ને ?

વેલનબર્ગ : તેમને દુન્યવી આશ્વાસનની જરૂર નથી રહી.

હાના : તમે સફળ થાઓ.

વેલનબર્ગ : શુભેચ્છા માટે આભાર.

દૃશ્ય બીજું

(પાત્રો : હોસ, બિશપલોડ, હાના, એરીઝ, ઉર્શલા, ચાલ્સ)

હોસ : બિશપ, તમે માન્યું હશે કે પીછેહઠ કરતી વખતે જર્મનોમાં અવ્યવસ્થા હશે, ખરું ને ?

લોડ : હોય પણ ખરી.

હોસ : તો હવે તમને ખાતરી થઈ ને કે એવું નથી – કૅપ્ટન હોસના જિલ્લામાં તો તેવું નથી જ.

લોડ : અને હોય તો ?

હોસ : તો તો આ એરીઝ અને તમે પકડાઈ પાછા ન આવ્યા હોત.

લોડ : હું સાચું કહું ? (દુશ્મન તોપો ફૂટતી હોવાના અવાજો આવે છે.) કહું, શો વાંધો છે ? જુઓ કૅપ્ટન, એરીઝ પકડાઈ ગયો – પણ મેં તો તેવા બીજા ૯૦ જણને ઑસ્ટ્રિયાની સરહદ પાર કરાવી સ્વીટ્ઝર્લૅન્ડ મોકલ્યાં છે.

હોસ : ૯૦ જણને ? (હાથ પછાડીને) નવ પણ અસંભવિત છે.

લોડ : તેમ જ માનો – મને શું વાંધો છે ? મારે માટે તો ઊલટું સારું છે. મારાં બારણાં ખુલ્લાં રહેશે.

હોસ : તમે જીવતા રહેશો તો.

લોડ : ખ્રિસ્તી બિશપની તમે કતલ કરશો ?

હોસ : કાનૂન પાસે બધા સરખા છે. પણ મારે એ જાણવું છે કે તમે ખ્રિસ્તીએ આ યહૂદી કૂતરાઓને બચાવવા શા સારું જોખમ ખેડ્યું ? એ લોકોએ જિસસને ક્રૂસે ચડાવ્યા – 'ક્રૂસે ચડાવો' જેવી બૂમો જિસસની છેલ્લી રાતે પાડી હતી. અને પાઈલેટે એ તટસ્થ ગવર્નરે તો પોતાના હાથ ધોઈ નાખી કહ્યું હતું કે મારા હાથ ચોખ્ખા છે – મારા માથે કાંઈ નહિ. તે વખતે એ જ યહૂદીઓએ 'અમારા અને અમારાં સંતાનોને માથે – તેમ કહેલું' તમે શું નથી જાણતા ? આ લોકો એ મસીહાને મારવાનું પાપ ભોગવે છે તેમ બધા સાચા ખ્રિસ્તીઓ જાણે છે.

લોડ : નવા કરારમાં તે અંતિમ રાતના વર્ણનમાં આવું લખ્યું છે. પણ એ બૂમો પાડનારામાં આ એરીઝ હતો ? કે આ ઉર્શલા ? આ બેન કે આ વેઝરમેન હતા ? નવા કરારમાં તો એમ પણ કહ્યું છે કે તમારા દુશ્મનોને તમારી

જેટલા જ ચાહજો. વેરનો બદલો ક્ષમાથી આપજો. મારા ધણીને મારવામાં એરીઝના કોઈ પૂર્વજનો હાથ હોય તો તેને મેં આ વેશ પહેર્યો ત્યારથી ક્ષમા કરી છે, કોઈ કાળો નથી - કોઈ ગોરો નથી - કોઈ શેઠ નથી - કોઈ ગુલામ નથી. મારા ધણીના દરબારમાં બધા એક બાપનાં સંતાન છે. મેં મારા ભાઈને એના જ ભાઈના કેદખાનામાંથી બચાવ્યો છે - કારણ કે હું આ પૃથ્વી પર કોઈ કેદખાનું રહે તેમ ઈચ્છતો નથી.

હોસ : આવું જ હોય તો હું ખ્રિસ્તી નથી - હું એરીઝ જેવા ચેપી જંતુઓને કેદમાં રાખવામાં જ દુનિયાનું ભલું જોઉં છું.

લોડ : તમે ખ્રિસ્તી નથી જ. તમે કેદખાનામાં નહિ - તમે તો એરીઝને ગૅસચેમ્બરમાં મોકલવામાં માનો છો.

હોસ : એમ જ. (ઘંટડી વગાડે છે. સિપાઈઓ આવે છે.) આ નિમકહરામ કૂતરાને લઈ જાવ, કેદી છાવણીમાં. મેં એને અહીં બાગવાન તરીકે છૂટો રાખ્યો તેનો તેણે સારો બદલો આપ્યો.

એરીઝ : કૅપ્ટન હોસ, હું કૂતરો નથી અને નિમકહરામ પણ નથી.

હોસ : ચુપ.

એરીઝ : કાલે-પરમ દિવસે હું ચુપ થવાનો (તોપો-ગોળાની ધણધણાટી) પણ આ ચુપ નહિ થાય.

હોસ : રશિયનો પાસે આવ્યા છે માટે તમે બધા મગરૂર બન્યા છો. પણ યાદ રાખજો કે રશિયનો અહીં પહોંચે તે પહેલાં તમે નહિ હો - ગૅસચેમ્બરો રાતદિવસ ચાલશે.

ચાર્લ્સ : પપ્પા, એરીઝને શોધી આવ્યા છે, અરે આ રહ્યો એરીઝ - એનું મોઢું સૂજી ગયું છે - અને આંખે શું થયું ?

હોસ : ચાર્લ્સ-ઘરમાં જા, જા તારી મા પાસે.

ચાર્લ્સ : પણ પપ્પા, એના હાલ સારા નથી !

હોસ : ન જ હોય, શા સારું નાસી ગયો ? તેનું નામ તો વેલનબર્ગની યાદીમાં હતું - નિમકહરામ - કૂત્તો, હુક્કર - કહીંનો.

બિશપ : જુઓ કૅપ્ટન, તમે અહીં અઠવાડિયાના જ મહેમાન છો.

હોસ : ભલે એક જ ઘડીનો હોઉં - મારી ફરજ બજાવતાં કોઈ રોકી નહિ શકે. (સિપાઈઓને) આને લઈ જાઓ - ફરજ તે ફરજ.

એરીઝ : કૅપ્ટન, ફરજ તમારે જ નથી હોતી - બીજાને પણ હોય છે. તમે મારું નામ પેલી દસ લાખની યાદીમાં મૂક્યું હતું, તે માટે. તમારો અને ફ્રાઉ હોસનો આભારી છું.

હોસ : (તોપોની ધણધણાટી સાંભળતો) તો શા સારું નાઠો ?

એરીઝ : મારે તમારી દયા નહોતી જોઈતી. છૂટા થવું તે મારો અધિકાર હતો - મારી ફરજ હતી.

બિશપ : ને મારી ફરજ હતી કે તેને સંઘરીને નાસી જવાનો રસ્તો દર્શાવવો.

હોસ : પણ તે રાતે તારી ગેરહાજરી કેમ ન પકડાઈ ? (બધા ચૂપ છે.)

ચાર્લ્સ : મમ્મીએ જ તેને રાત રોકાવા કહ્યું હતું - ને ચોકીદારોને પણ મને કહેવા કહ્યું હતું કે જરૂરી કામે એ ગામમાં તે રોકાશે.

હોસ : (ચમકીને) હાનાએ ?

હાના : (આવીને) હા, (તોપોના અવાજ નજીક આવતા જાય છે) એ મારી ફરજ હતી.

હોસ : ફરજ ? યહૂદીને બચાવવાની ?

હાના : ના. મારા પતિને બચાવવાની (પાસે જઈ ખભે હાથ મૂકી) જુઓ હોસ, આપણે ધરતીકંપ પર ઊભાં છીએ, ગણ્યા દહાડામાં આ કેદીઓ ચોકીદારો હશે, એ આપણે કદાચ કેદી હશું. તે વખતે કહી શકું કે મારો પતિ નર્યો પશુ ન હતો, તેનામાં પણ દયા હતી, એટલા માટે એને ભાગવાની અનુકૂળતા ગોઠવી આપી.

હોસ : તેં, તેં ?

હાના : હા, મેં મારા હોસને માટે.

હોસ : તું આવી કાયર ?

હાના : કાયર નહિ, મારા પતિ માટે પ્રેમાળ - મારા બાળકો માટે હેતાળ.

હોસ : મારે એવો પ્રેમ નથી જોઈતો. જા, જા - તારા ઓરડામાં - રજા ન આપું ત્યાં સુધી બહાર પગ નહિ મૂકતી.... (હાના ચૂપ ઊભી રહે છે.) જા, કહું છું - આઈકમેન આ જાણે તો શું કહેશે મને ?

ઉર્શલા : (દાખલ થઈને) તેને તમે કહેજો કે તમે જે કારણે દસ લાખ યહૂદીઓ છોડી મૂકવાનું વિચાર્યું તે કારણે મારી પત્નીએ એકને છોડી મૂકવાનું કર્યું.

હોસ : એટલે ?

ઉર્શલા : એટલે કે આઈકમેને આવનારા પરાજયમાં યહૂદીઓની આ નરાધમ કત્લેઆમનો આરોપ આવે ત્યારે પોતાના બચાવ માટે આ દસ લાખને છોડી દેવાનો કાર્યક્રમ વિચાર્યો - નર્યા સ્વાર્થથી - નર્યા સ્વાર્થથી - એવું નથી કૅપ્ટન ?

હોસ : હોય પણ ખરું. આઈકમેનનો ન્યાય તોળનાર હું કોણ ?

ઉર્શલા : આટલા બધાનો રોજ રોજ ન્યાય તોળો છો - ને આઈકમેનની આ વાત પર ન્યાય તોળતાં બીઓ છો તે જર્મન કાયરતા છે.

હોસ : ચુપ. મને કાયર કહો છો ?

એરીઝ : છો જ. નહિતર જેના વંશને તમે નેસ્તનાબૂદ કરવા માગો છો તેમાંના દસ લાખને છોડી મૂકવાની યોજના કરી શા માટે ? એટલા જ માટે કે દુનિયાની અદાલત પાસે બચાવ કરવાનું કાંઈક બહાનું - એકાદું તરણું મળે. (હોસ ચૂપ રહે છે.)

બિશપ : કૅપ્ટન, એવું હોય પણ ખરું.

હોસ : હોય તો ખોટું શું ?

બિશપ : કશુંય ખોટું નથી - તેમ હોય તો સાચું જ છે એ. પણ તેમ હોય તો ફાઉ

હોસે પણ સાચું જ કર્યું છે, તેને તમારે નજરબંદ નહિ કરતાં ધન્યવાદ આપવા જોઈએ.

હોસ : લગીરે નહિ, તેને આવો હક્ક નહોતો. આઈકમેનને આવો નિર્ણય લેવાનો અધિકાર હતો - એ મારા ઉપરી છે.

એરીઝ : એણે એના ઉપરીને પૂછ્યું છે ખરું આ બાબતમાં ?

હોસ : પૂછ્યું જ હશે.

એરીઝ : હું શરત મારીને કહું છું કે ફ્યુરર આ જાણતા જ નથી. અને મને લઈ જાઓ તેની પાસે. હું આ બધું જણાવું તેને, તો - તમે આઈકમેન - બધાંને તે -

હોસ : (ગભરાઈને) ફ્યૂરર જાણતા નહિ હોય ? ન પણ જાણતા હોય - કોઈને નહિ જણાવવા મને આઈકમેને કહ્યું હતું - કોઈનેય નહિ.

ઉર્શલા : ખાતરી કરી લો. હું અને એરીઝ ફ્યુરર પાસે સાક્ષી તરીકે આવવા તૈયાર છીએ.

હોસ : (ગભરાતો) ના ના, વાત તો કોઈનેય ન જ થાય. (તોપોના અવાજો નજીક ને નજીક આવતા જાય છે - મોટેથી) એ આઈકમેનનો સવાલ છે. એના અંતરાત્માને ઠીક લાગ્યું તે કર્યું હશે.

બિશપ : (હસીને) તો ફ્રાઉ હોસના અંતરાત્માને પણ ઠીક લાગે તેમ કરવા દો.

હોસ : પણ બિશપ, તમને એ કેમ નથી સમજાતું કે આઈકમેન જે કરી શકે તે હાના ન કરી શકે.

બિશપ : કેમ ન કરી શકે ? અંતરાત્મા કેવળ આઈકમેનને જ છે ?

ઉર્શલા : અને તેને જ શું પોતાની જાતને બચાવવાનો હક્ક છે અને ફ્રાઉ હોસને પોતાના પતિને, પોતાના ચાર્લ્સને બચાવવાનો હક્ક નથી ?

હોસ : ખાસ્સું ગોટાળિયું થઈ ગયું છે આ પ્રકરણ.

બિશપ : કશું ગૂંચવાયેલું નથી. એક વાર સૌને અંતરાત્મા છે, ને અંતરઆત્માનો સાચવવા સૌને જોખમ લેવાનો હક્ક છે તેવું માનો તો કશું ગોટાળિયું નથી - બધું ચોખ્ખુંચટ છે કૅપ્ટન હોસ.

એરીઝ : પણ અંતરાત્માને સાચવવા જોખમ લેવું જોઈએ ને ? જેમ તમે લીધું. એ માટે તમે હળાહળના ગૅસચેમ્બરમાં જવાના - હું જવાનો, ફ્રાઉ હોસ નજરબંધી થવાના. કૅપ્ટન હોસમાં એ હોશ નથી. તેને તો વગરજોખમે માલનો સોદો કરવો હતો. અને હજુ વગરજોખમે પ્રિયતમાનો પ્રેમ જોઈએ છે.

હોસ : તમે યહૂદીઓ બહુ બુદ્ધિશાળી છો તે અમે જાણીએ છીએ.

ઉર્શલા : ના કૅપ્ટન, અમે સામાન્ય છીએ.

હોસ : ના, ના, તમારા જેટલાં દુ:ખ કોણ વેઠી શકે ?

ઉર્શલા : એ જુદી વાત છે. જેહોવાનો એ પ્રતાપ છે.

હોસ : ખાસ્સી ગૂંચવણ ઊભી થઈ છે. (ઘંટડી વાગે છે.) જીનીવા હા, હું હોસ - વાતચીત પ્રમાણે બધું કબૂલ છે તમને ? સરસ, સરસ - ખબર આપું છું. યોગ્ય સ્થાને - પંદર દહાડામાં બધું પતી જશે - બસ - બસ. (ટેલિફોન

મૂકતાં.)
બિશપ, બધું ઊકલી ગયું હવે. હાના, હાના, (ગંભીર મુખે હાના આવે છે.) મને માફ કર - ફરજ તે ફરજ છે. હું હવે બધું પતી ગયું છે. સોદો એ લોકોને કબૂલ છે. પંદર દહાડામાં બધાને મોકલી આપશું. એરીઝ-ઉર્શલા-બધાંને.

બિશપ : પણ પંદર દહાડા આ તમારું કતલખાનું તો બંધ રાખો.

હોસ : પૂછવું જોઈએ. (ટેલિફોન કરતાં) હં - હં - બધું કબૂલ છે. જીનીવાને - હવે આગળ વધવા સૂચના મોકલો. વખત નથી. અહીં તોપોના ગોળા પહોંચે તે પહેલાં - હા - અવિલંબે આપણે સમયની સાથે શરત માંડી છે. (ટેલિફોન મૂકે છે.)
(તોપના જોર જોરથી ધડાકા-ટેલિફોનની ઘંટડી વાગે છે.) શું ? શું ? કહો છો ? ગૅસચેમ્બર પર તોપનો ગોળો પડ્યો - બધું તૂટી ફૂટી ગયું ? ચાલુ થાય તેવું નથી ? સમજ્યો, હા - હા, સમજાય છે - હું ત્યાં આવું - નીકળું છું.

બિશપ : ગૅસચેમ્બર પર તોપના ગોળા પડ્યા.

હાના : અહીં પણ હવે પડશે.

હોસ : પડશે તો જોઈ લેશું. આપણે જર્મનો છીએ - ગભરાવાનું નહિ. (બિશપને) તમે બધા જઈ શકો છો, ઘરમાં નજરબંદી તરીકે.

બિશપ : ઉર્શલા, એરીઝ - તમે વચન આપો કે અહીંથી હું છું ત્યાં સુધી નાસી નહિ જાઓ.

હોસ : પણ જોજો રશિયાના હાથમાં ન પડતા. હાના, તું જરૂરી સામાન પૅક કરવા માંડ.

એરીઝ : કૅપ્ટન - અમે તારી સૂચના પર ધ્યાન આપશું. પણ તમે પણ એક સૂચના માનો - વગરવિલંબે ચાર્લ્સને ફાઉ હાનાને અહીંથી મોકલી આપો.

હોસ : (જતાં) હા - હા, તે બરાબર છે. હું રીશનો નોકર છું. તેઓ ક્યાં છે ?

ઉર્શલા : (બારીમાંથી જોઈ -) અરે ! વિમાનમાંથી પૅરેશૂટિયા ઊતરે છે. ચાર્લ્સ, મારી જોડે ચાલ - તને કોઈ નહિ ઓળખે. (હાથ પકડીને લઈ જાય છે.)

બિશપ : હોસ તમે જાઓ. નહિતર ત્યાં કૅમ્પમાં તમારા રક્ષકો કાંઈકને ગોળીએ દેશે. ગૅસચેમ્બરો ગઈ, પણ ગોળી ક્યાં નથી ? હું અહીં જ છું - તમે પાછા આવો ત્યાં સુધી ફાઉ હોસને કાંઈ ન થાય તે જોઈશ.

હોસ : (બિશપનો હાથ પકડતાં) આભાર, અરે ! ઉર્શલા ક્યાં ગઈ ?

એરીઝ : ચાર્લ્સને લઈને ક્યાંય સંતાવા - હવે તો એ જ રહ્યું છે ને ?

હોસ : (જતાં જતાં) હાના માફ કરજે, કડવા બોલ કહ્યા હોય તો - (એરીઝ સાથે હાથ મિલાવતાં) તું પણ મને માફ કરજે - બને તો.

એરીઝ : (ગણગણતાં) નહિ બને, કદાચ.

હોસ : હરકત નથી. (જાય છે.)

11

ભૃગુસંહિતા

પ્રકાશ કાપડિયા

શ્લોકનો નિરંતર ધ્વની

શનિ : કોણ છે ? કોણ સાદ પાડી રહ્યું છે કાળને ? બ્રહ્માંડનાં નિરંતર. અવિરત ચાલતા આ અનંતચક્રમાં કોણ ધ્વનિનો વિક્ષેપ પાડી રહ્યું છે ? કોનો છે આ મંત્રનિનાદ, મંગળ ?

મંગળ : ધ્વનિ પ્રકૃતિનાં એક ગિરિશૃંગ પરથી આવી રહ્યો છે, શનિ મહારાજ.

શનિ : આ મંત્રનિનાદ બ્રહ્માંડમાં વમળ ઉત્પન કરી રહ્યો છે મંગળ, એને ત્વરિત રોકો. વરુણને કહો કે એને સ્થાનભ્રષ્ટ કરીને તોફાનમાં ફંગોળે.

મંગળ : એ નિષ્ફળ નીવડ્યો છે. એ ઋષિપુત્રના મુખમાંથી નીકળતા કાળની અર્ચનાના શબ્દોએ એની આજુબાજુ એક અભેદ કવચ બનાવી નાખ્યું છે. ચંદ્રને વરુણના લાખ પ્રયત્નો છતાંય મહાસાગરનાં મોજાં ઋષિપુત્રના પગને સુધ્ધાં ભીંજવી શક્યા નથી અને અમંગળ શક્તિઓ નિષ્ફળ નીવડી છે.

શનિ : મંગળ, કોણ છે આ ઋષિપુત્ર, જેણે ગ્રહોની યુતિનેય પડકારી છે ?

મંગળ : ભૃગુ.

શનિ : ભૃગુ ?

મંગળ : હા વલયપતિ, ભગભગતાં અગ્નિનાં ધ્વની ને પ્રકૃતિનાં સંયોજનથી એની ઉત્પત્તિ થઈ છે. એનું કથન છે કે એણે આપણી પ્રકૃતિને ઓળખી છે. આપણા અસ્તિત્વને કાલ્પનિક રીતે વિભાજીત કરી, ચોકઠાં રચી, નાની ચોકડીઓમાં બંધ કર્યું છે. જેને એ કુંડળી કહે છે. અને આવી કુંડળીઓનો એક ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથ પર સમયની મહોર મરાવવા એણે તપશ્ચર્યા આદરી છે.

શનિ : આ વાત અશક્ય છે એ જાણતો નથી.

ભૃગુ : પ્રણામ વલયપતિ

શનિ : આ શું અનર્થ માંડ્યો છે ઋષિપુત્ર ?

ભૃગુ : મહારાજ, આપની પ્રકૃતિની ઓળખને ભોજપત્ર પર ઉતારી ગ્રંથનું સ્વરૂપ આપી રહ્યો છું, જેથી પ્રતિભાસંપન્ન ઓળખથી વંચિત દુનિયાના શૂદ્ર

માનવો તમને ઓળખતાં થાય.

શનિ : એ અશક્ય છે ભૃગુ.

ભૃગુ : હું પણ એક માનવ જ છું વલયપતિ અને જેમ મેં તમને.

મંગળ : એ તારો ભ્રમ છે. અમે તો બ્રહ્માંડના વિહંગ.

ભૃગુ : ના મંગળ મહારાજ, મેં તમને ઓળખ્યા છે. તમે રક્તવર્ણ, અગ્નિતત્ત્વ અને દક્ષિણ દિશાના અધિષ્ઠાતા પુરુષ. તમે માનવીમાં ઉત્તેજના ને તૃષ્ણા જન્માવો, જેથી માણસ દુઃખી થાય. ભાઈબહેનના સંબંધોના કર્તા પણ તમે જ. ચંદ્રની અસર માનવીની મતિપર, ગુરુની પ્રકૃતિ સહાયતાની, છળકપટ રાહુના હથિયાર ને કેતુ ક્રૂરતાનો દ્યોતક છે. તમે, તમે શ્યામવર્ણ, તીક્ષ્ણ પ્રકૃતિ, સંકટકારક, નિરંતર માનવીની કસોટી કરતાં ફરો છો. આજે તમે અહીં આવ્યા એ મારી કસોટી જ છે ને શનિ મહારાજ.

શનિ : ભૃગુ, શનિની વક્રદૃષ્ટિ એ તો માનવીનું આયખું મીંચાઈ જાય. મંગળની પાઘડી જો કોઈ પહેરે તો ત્રાસની પરાકાષ્ઠા રચાય. રાહુની રંજાડ ને કેતુનો વળગાડ જો વળગેને તો જિંદગી આખી તારો માનવ એક જ પ્રશ્ન પૂછતો રહે કે હું માનવ થયો તો શું કામ થયો ?

ભૃગુ : તમારી એ શક્તિ વિશે મને કોઈ જ શંકા નથી, કારણ કે હું પણ તણખલાની જેમ તમારા તોફાનમાં ફંગોળાયો છું. પણ ખરે વખતે મને નક્ષત્રો ને ગણિતના જ્ઞાનનું દોરડું કામે આવ્યું. પછી તો તમને ઓળખવા સાવ સહેલું હતું. આંગળીના વેઢે તમને માપી શક્યો. તમારી આડીઅવળી ભ્રમણકક્ષાને ભોજપત્ર પર ઉતારી શક્યો ને તારવી શક્યો કે તમારી શક્તિને પણ મર્યાદા હોય છે. તમારા સમય દરમ્યાન તમે માનવીના મનને નબળું પાડી શકો. પરંતુ માનવી જો અગાઉથી જાણે તો એમાંથી બચી શકે. તમારી સર્વોપરિતાથી પર થઈ શકે.

શનિ : માનવી ને ગ્રહની શક્તિને સમતુલ્ય ન ગણ ભૃગુ. સમય સુધી પહોંચતા પહેલાં તારે અમારો સામનો કરવો પડશે.

ભૃગુ : આ ગ્રંથ રચીને મેં મારા મંતવ્યને આલેખ્યું છે. હવે જે ઘડાશે તે ગ્રંથ પ્રમાણે જ.

મંગળ : આ ગ્રંથના બધા જ સિદ્ધાંતો ખોટા પડશે. એ તારો ભ્રમ છે કે અમે ભ્રમણકક્ષામાંથી ક્યારેય બહાર ન જઈ શકીએ. શક્ય છે તારું આ પુસ્તક સમયની મહોર વગર રહી જાય.

ભૃગુ : મહારાજ કાળાન્તરે કદાચ ભૃગુ રહે ન રહે પરંતુ આ ગ્રંથ આ કુંડળી પુસ્તક જેમાં બંધ છે ગ્રહોની ઓળખનું અસ્તિત્વ, બાર રાશિમાં રચાતું ચોકઠાઓમાં સપડાયેલું માનવીના ભાગ્યનું હાડપિંજર જે હંમેશ રહેશે અને ઓળખાશે.

-: ભૃગુ સંહિતા :-

મહારાજા : સંતાનની ઝંખના કોને નથી હોતી વેદાચાર્ય, કોને નહીં ?

વેદાચાર્ય : વ્યથિત ન થાવ રાજન.

મહારાજ : ના વેદાચાર્ય, નથી જોઈ શકતો હું આ રાજનું આંધળું ભવિષ્ય.

વેદાચાર્ય : રાજન્, કેટલાક પ્રશ્નના ઉત્તર ખુદ બ્રહ્મા પાસેય નથી હોતા તો જ્યોતિષ માટે તો મુશ્કેલ બને જ માટે સમયનાં સંકેતની રાહ જુઓ.

મહારાજા : નહીં વેદાચાર્ય સમયની જેમ સતત ટકોરા બંધ જીવતા પ્રશ્નનો ઉત્તર હું તમારી પાસેથી મેળવીને જ રહીશ. અને મને તમારા પર વિશ્વાસ છે મહર્ષિ હું યાચું છું તે ફક્ત તમારી આગાહી. જો તે મારી વિરુદ્ધમાં હશે તોય હું ખુશીથી સ્વીકારી લઈશ.

વેદાચાર્ય : જ્યોતિષ ભવિષ્ય કથે છે, પરંતુ બધું સાચું જ ઠરે એ જરૂરી નથી. મારા જેટલી આસ્થા આ જ્યોતિષશાસ્ત્રમાં બીજા કોને હશે ? છતાંય કહું છું કે આ શાસ્ત્ર સનાતન નથી. મનોબળ સર્વસ્વ છે. ગ્રહોની શક્તિ કરતાં ઈચ્છાશક્તિ પ્રબળ છે.

સેનાપતિ : વેદાચાર્ય, એ કદાચ સાચું હશે. પણ એ તમારા સમ્ ઉચ્ચ મનોબળ ધરાવતી વ્યક્તિ માટે અમારા જેવા માનવીનું ગ્રહો સામે શું ગજું ?

વેદાચાર્ય : ક્ષત્રિય તો અદૃશ્ય શત્રુ સામેય લડવામાં વીરતા સમજે સેનાપતિ, ને તમે સંજોગો સામે હાર માનો છો ? ગ્રહો એ બીજું કોઈ નહીં તમે પોતે જ છો.

કવિપ્રિય : એમના કહેવાનો આશય એ ન હતો વેદાચાર્ય પણ આજ સુધી તમારી આગાહી કદી ખોટી ઠરી નથી. એટલે ફક્ત ઘરપત ખાતર તમે એ તો કહી શકો ને કે રાજન્ અને રાજમાતાની કુંડળીમાં સંતાનયોગ છે કે નહીં.

મહારાજા : મહર્ષિ, તમારા એ શબ્દો સાંભળવા તો હું અહીં સુધી આવ્યો છું.

વેદાચાર્ય : (માનસિક પ્રત્યાઘાત) 'આ કેવા ધર્મસંકટમાં નાખી દીધો રાજન્ તમે. ગ્રહો તો તમારા ને મારા દુશ્મન બનીને બેઠા છે. પણ આ વાત હું તમને શી રીતે કહું ?'
કેટલાક સમયથી હું રાજરાણીની કુંડળીનો અભ્યાસ કરું છું. અને એવા નિર્ણય પર પહોંચ્યો છું કે રાજરાણીને સંતાનયોગ છે.

મહારાજા : સાંભળ્યું તમે ?

શનિ : સાંભળ્યું મંગળ, ભૃગુશાસ્ત્રને આધારે થયેલી આ આગાહી સત્ય ઠરવી ન જોઈએ.

મંગળ : પણ શનિ મહારાજ, આપણા આ અમંગળ કાર્યને પૂર્ણસ્વરૂપ આપશે કોણ ?

શનિ : મંગળ, નબળું મન સેનાપતિનું ને કરતૂત કારભારીનું.

સેનાપતિ : સાંભળો કારભારી, વેદાચાર્યની આગાહી પ્રમાણે રાજ્યને વારસ મળે તો આપણાં શમણાંની ધૂળમાં મળે માટે કશુંક વિચારો.

કારભારી : બસ સેનાપતિ, હવે તો ના રહે બાંસ ને ન બાજે બાંસુરી.

સેનાપતિ : એટલે ?

કારભારી : એટલે ઉત્તરખંડના યુદ્ધમાં મહારાજા અશ્વાર બનીને જશે પણ પાછો ફરશે માત્ર અશ્વ.

સેનાપતિ : બસ મંત્રીશ્વર બસ, આટલું તો પૂરતું છે. હવે તો....

મહારાજા : બસ વેદાચાર્ય તમારા આટલા શબ્દોએ તો મારા જીવનમાં સંજીવનીનું કામ કર્યું છે. મને તો કાષ્ઠનાં રમકડાંય જીવતા ભાસવા લાગ્યા છે, કવિપ્રિય.

કવિપ્રિય : જી.

મહારાજા : અંતઃપુરમાં જઈ વિષાદ્દદને જીવતી રાણીને કહો કે હવે ચિંતાને નેવે મૂકી પ્રસન્નચિત્ત રહે. આવનાર અતિથિની ખબર આવી છે.

કવિપ્રિય : જી.

મહારાજા : બીજું રાણીને પ્રસન્નચિત્ત રાખવાનો ભાર તમારી કવિતા પર.

કવિપ્રિય : આજ્ઞા પ્રમાણે જ થશે રાજન્ !

મહારાજા : હવે આશીર્વાદ સાથે વિદાય આપો મહર્ષિ.

વેદાચાર્ય : વિદાય ?!

મહારાજા : હા. આપણા રાજ્યનાં ઉત્તરખંડમાં આતંક ફેલાયો છે. કદાચ યુદ્ધ...

વેદાચાર્ય : યુદ્ધ ?!

સેનાપતિ : હા મહર્ષિ યુદ્ધ.

વેદાચાર્ય : પણ રાજન્ જો હાલના સંજોગોમાં યુદ્ધ થાય તો તો...

સેનાપતિ : હં... હં... મહર્ષિ યુદ્ધ માટે ક્ષત્રિય કદી કોઈને પૂછતો નથી.

મહારાજા : હા વેદાચાર્ય આગાહી અમારી તરફેણમાં હોય તો વધુ પડતા વિશ્વાસનો ધોકો ને વિરુદ્ધ હોય તો અમારું મનોબળ પ્રથમથી પાંગળું બનશે.

કારભારી : એનાં કરતાં આ વાતમાં ગ્રહોને જ ગ્રહોનું કામ કરવા દઈએ તો.

[બધા જાવ]

શિષ્ય : ગુરુજી.... કોઈ ઊંડા વિચારમાં, કોઈ ઊંડા મનોમંથનમાં વેદના અનુભવતા હોય એવું લાગે છે.

વેદાચાર્ય : હં... હા વત્સ, સહદેવની વેદના અનુભવી રહ્યો છું. વત્સ, મને મહારાજાની કુંડળીમાં ઘૂવડનો સાદ સંભળાય છે. એક પૂતળાની રાખ થતી દેખાય છે.

શિષ્ય : એટલે.... એટલે ગુરુજી રાજનૂની કુંડળીમાં ઘાત....?!! પણ એ તો અશક્ય છે. મહર્ષિ તમે જ હમણાં કહ્યું કે રાણીબાની કુંડળીમાં સંતાનયોગ છે, તો પછી આ વાત....

વેદાચાર્ય : એ આગાહી અક્ષરશઃ સાચી છે કે રાજબાની કુંડળીમાં સંતાનયોગ છે, પરંતુ રાજનૂની કુંડળીમાં નથી.

કવિપ્રિય : વૈશાલી, વૈશાલી, વૈશાલી સાંભળ્યું તે રાજજ્યોતિષીએ આગાહી કરી છે કે રાણીમાને સંતાનયોગ છે.

વૈશાલી : તમને આટલા ખુશ જોઈને હું તો કાંઈ જુદું જ સમજી હતી. મને થયું આપણી વાત.

કવિપ્રિય : વૈશાલી, મનને વિષાદનું ઘર ન બનાવ. વૈશાલી પછી ઉમંગને આવવા કોઈ બારણું રહેતું નથી.

વૈશાલી : કવિપ્રિય, અત્યારસુધી તો મારી ને મહારાણીની વેદના સમતુલ્ય હતી પરંતુ હવે તો આ આગાહી પણ થઈ ગઈ. પણ મારું શું કવિપ્રિય ? મારે આ જન્મ આમ વંધ્યાનું શીર્ષક શિશ પર લઈને જ જીવવાનું ?

કવિપ્રિય : સમયને માણસની મશ્કરી કરવાનો પૂરો હક્ક હોય છે. વૈશાલી ! માણસે એ ઉપહાસ સહન કરીનેય જીવવું પડે છે.

વૈશાલી : ક્યાં સુધી કવિપ્રિય ક્યાં સુધી આ ઉપહાસ.... આ વંધ્યત્વનાં મેણાંથી બચવા મેં મારું મુખ શાહમૃગની જેમ જમીનમાં ખોડી દીધું છે. પણ હવે.... હવે મને ત્યાં પણ ગૂંગળામણ થાય છે. હું શ્વાસ નથી લઈ શકતો અને હવે જીવવાનું તે કોને માટે ને ક્યાં સુધી.

કોઈ નાનીનાની પગલીઓ મારા દરવાજા સુધી આવશે એ આશાએ ને આશાએ આયખાંનો ઉંબરો ઘસી નાખ્યો પણ કાલીઘેલી ભાષાની સાંકળ બારણે ન વાગી તે ન જ વાગી. આ બધો દોષ માત્ર આગાહીનો....

કવિપ્રિય : ના વૈશાલી, સમયનો. ક્યારેક સમય આપણી સાથે ચાલતો હોય છે. આપણો ભોમિયો બનીને અને ટૂંકા રસ્તા પરથી શિખર પર તો પળમાં પહોંચાડી દે. શિખર પર પહોંચવાનો આનંદ માણવા ક્ષણભર આપણી આંખો મીંચાય ને સમય નામનો ભોમિયો અદૃશ્ય થઈ જાય. પોતે જાય તો જાય પણ સાથે શિખરનેય લેતો જાય. આંખ ખૂલે ત્યારે આપણને ખબર પડે કે આપણે ઊભા તો છીએ. દુનિયાથી આટલે ઉપર પણ આપણા પગ તળે ધરતી જ નથી. આપણે પણ આવી જ મશ્કરીનો ભોગ બન્યા છીએ.

વૈશાલી : કવિપ્રિય પહેલાં તમારા શબ્દો સાંભળીને મન માની જતું. તમારી કવિતા હૃદયને સ્પર્શી જતી, પણ જ્યારથી જીવતી જાગતી કવિતાને સ્પર્શવાનો મોહ જાગ્યો છે ને ત્યારથી કશામાં જીવન જેવું લાગતું નથી. હવે તો થાય છે કે મારું મોત આણીને આ જીવતી તરસને મારી નાખું.

કવિપ્રિય : ના, વૈશાલી તું.....

ચંચલ : કવિરાજ, મહારાણી વિરાજ સ્નાનથી પરવારી ગયા છે. હવે તમે રાણીવાસમાં જઈ શકો છો.

વૈશાલી : જાવ કવિપ્રિયે, સૂના ઝરૂખે તરસી આંખે માતૃત્વની રાહ જોતી એક સ્ત્રીને એના આવનારા બાળકનો સંદેશો આપી આવો. જાવ.

કવિપ્રિય : આ પણ સમયની મજાક ને. એક સ્ત્રીને એના આવનારા બાળકનો સંદેશો આપવા એક વાંઝિયો જાય.

વિરાજ : કવિપ્રિય, કવિપ્રિય હું જાણું છું કવિપ્રિય તમે આવાસમાં જ છો કવિપ્રિય.

કવિપ્રિય : આંપે શી રીતે જાણ્યું મહારાણી કે હું જ છું.

વિરાજ : આ દ્વારની ઘૂઘરીઓ રણકી તેથી સ્તો.

કવિપ્રિય : દ્વારની ઘૂઘરીઓ ? એ તો કોઈ દાસી આવે ત્યારે પણ રણકે.

વિરાજ : અંહં, આ દ્વારની ઘૂઘરીઓ એટલી ઉપર છે, ને એટલી ઊંચી કોઈ સ્ત્રી આ રાણીવાસમાં નથી.

કવિપ્રિય : તો કોઈ બીજો પુરુષ મહારાજ હોઈ શકે.

વિરાજ : હં... શક્યતા છે. પણ કવિપ્રિય, મહારાજા આજે સવારે જ રાજમાંથી વિદાય થયા છે. ને એ સિવાય રાણીવાસમાં વગર આમંત્રણે દાખલ થવાની પરવાનગી ફક્ત બે જ પુરુષોને છે. એક કવિપ્રિય ને બીજા વેદાચાર્ય અને ઘૂઘરીઓ રણકાવીને છુપાઈ જાય એટલા રસિક વેદાચાર્ય નથી. બોલો હવે તમને ય લાગે છે ને તમે જ આવ્યા હો એવું.

કવિપ્રિય : હં... હા....

વિરાજ : કવિપ્રિયે, આમ અજાણ્યું આગમન ? શબ્દો ગોતવા...

કવિપ્રિય : ના મહારાણી, શબ્દો રચીને નીકળ્યો છું.

મહારાણી : તો ગૂંગળાઈ જાય ભાષા તમારા અધરોની સંકડાશમાં. એ પહેલાં વહેવા દો એમને.

કવિપ્રિય : પ્રભાતના કોમળ કિરણો, તમારા જલસિક્ત કેશ પર પડીને પરાવર્તિત થાય છે પરિમલ બનીને...

એવું સુગંધે વૃક્ષના કાનમાં કહ્યું છે આજે કે ડાળીએ ઝૂલતા પુષ્પનું ફળ થશે.

કોઈ નાનીનાની પગલીઓ તમારા દ્વાર સુધી આવી કાલીઘેલી ભાષાની સાંકળ ખખડાવશે.

એના આવવાના વિલંબે તમે કદાચ ખીજાશો મહારાણી તો એ કૃષ્ણ તમને જશોદા કહીને હસાવશે.

વિરાજ : આજે શબ્દોની રમત સાથે ભાવનાનો ખેલ માંડ્યો છે કે શું ?

કવિપ્રિય : ના મહારાણી, જ્યારથી પાનખરની જાળીએથી વસંતની આગાહી થઈ છે ત્યારથી, ત્યારથી તો નગરની પગદંડીઓ હરખઘેલી થઈને દોડવા માંડી છે. એટલું જ નહીં મને તો તમારા દ્વારનો આ ઉંબરોય આનંદમાં હસતો સંભળાય છે.

વિરાજ : એ હાસ્ય ઉંબરાનું નહીં પણ બારણાની બારસાખેની ઓથે ઊભેલા દુર્ભાગ્યના દ્વારપાળનું છે કવિપ્રિય.

કવિપ્રિય : મહારાણી.

વિરાજ : આ સુખસંપત્તિ, ધનવૈભવ, જાહોજલાલી, રાજપાઠ, માનમર્યાદા આ બધું તો અક્ષરો જેવું છે. જેને ગોઠવવાથી ભાષા રચી શકાય કવિપ્રિય, કવિતા નહીં કવિતા રચવા તો સંવેદના જોઈએ જે કદાચ આ ભવમાં શક્ય નથી.

કવિપ્રિય : પરંતુ મહર્ષિ વેદાચાર્યના શબ્દો ક્યારેય અવળા પડ્યા નથી, મહારાણી.

વૈશાલી : એટલે જ અશક્ય છે દાયમાં કે મહર્ષિની આગાહી ક્યારેય ખોટી પડતી નથી.

દાયમા : કઈ આગાહી ?

વૈશાલી : કેટલાંક વર્ષો પહેલાં મારી ને કવિપ્રિયની કુંડળી જોઈને વેદાચાર્યે આગાહી કરી હતી.

વેદાચાર્ય : કવિપ્રિય વૈશાલી. તમારી કુંડળીમાં ગ્રહોની પરિસ્થિતિને જોતાં....

આપને સંતાનસુખ અવશ્ય છે, પરંતુ કવિપ્રિયની કુંડળીમાં ચંદ્રનો પ્રભાવ જોતા એટલું કહીશ કે, જો એ ઘડાયું તો પિતાના હાથે પુત્રનો વિનાશ છે પરંતુ વૈશાલી પણ છતાંય તને હું એટલું કહીશ કે તમને સંતાનસુખનો યોગ છે.

કવિપ્રિય : ત.... તમને સંતાનયોગ છે.

વિરાજ : એ અશક્ય છે.

કવિપ્રિય : કારણ.

વિરાજ : કારણ ઉંમર કવિપ્રિય, મહારાજના હાથના ટેરવામાં હશે કદાચ શક્તિ તલવારની મૂઠ પકડવાની, પણ પત્નીના કપાળેથી ઊડતી લટને સરખી કરવાના કોઈ તરંગો એમાં જાગતા નથી કવિપ્રિય.

વૈશાલી : ઘણી વાર એ મને કહે છે એક સહિયારું શિલ્પ સર્જવાનું પણ હું... હું જ એના તરંગોને રોકું છું દાયમા.

કવિપ્રિય : મેં તમારી વચ્ચે સંબંધ શક્ય ન હોય મહારાણી તો તો વેદાચાર્યની વાણી ખોટી ઠરે.

વૈશાલી : ના દાયમા. વેદાચાર્ય તો ભૃગુનો અવતાર ને એનાં શાસ્ત્રને આધારે કથેલી આ આગાહી કદી ખોટી ન ઠરે.

વિરાજ : ને એ આગાહી ખોટી ઠરે તે હું ઇચ્છતી પણ નથી.

કવિપ્રિય : એટલે ?

વૈશાલી : એટલે જો તમે મને મદદ કરો તો એક રસ્તો છે.

કવિપ્રિય : મદદ ?! હું શી રીતે કરી શકું મહારાણી ?

વૈશાલી : દાયમા. તમારા પરિચયમાં તો ઘણી સ્ત્રીઓ આવતી હશે જેને એક કરતાં વધારે મા કહેનારાં હશે. તમે એમાંથી એકાદ...

કવિપ્રિય : અશક્ય છે. મહારાણી, તમે જાણો છો તમે શું કહી રહ્યા છો ?

વિરાજ : હા. કવિપ્રિય, તમારી પાસે ત્રણ અક્ષરની કવિતા માગું છું.

દાયમા : અરે પણ બેનબા, જો પાછળથી કોઈને આ વાતની જાણ થાય તો...

વિરાજ : મહારાજને જાણ નહીં થાય. કવિપ્રિય બાળકના બાપ માટે એની માથી કોઈ મોટી સાબિતી નથી હોતી.

દાયમા : અરે પણ પાછળથી બાળકને જ જાણ થાય તો...

વૈશાલી : દાયમા, બાળક સમજણું થયાં પછી જે સ્ત્રી એની કાળજી રાખે એ જ એની મા.

વિરાજ : હું તમને પ્રાર્થું છું. કવિપ્રિય, મારામાં મારું બાળક ખોવાયું છે. મને.... મને મારા બાળકને ગોતી આપો કવિપ્રિય.

કવિપ્રિય : ઊઠો વિરાજ. આપણી આ મુલાકાત કદાચ અંતિમ મુલાકાત હશે...

શિષ્ય : ગુરુજી, એક પ્રશ્ન પૂછવો છે. આ ગ્રહોની નજર માણસ પરથી ક્યારે દૂર થાય ?

વેદાચાર્ય : જ્યારે માણસ મોક્ષ પામે.

કવિપ્રિય : મોક્ષ ?

વેદાચાર્ય : હા, જ્યારે માનવી કર્મફળથી પર થઈ જાય. પરંતુ એવું દેવો માટેય અશક્ય બન્યું છે વત્સ. ગ્રહો તો દેવોનેય નડ્યા છે.

શિષ્ય : દેવોને ?! એ શી રીતે ?

વેદાચાર્ય : સત્યુગમાં શનિની દશાએ મંથરા બનીને કૈકેયીના નબળા મન પર અસર કરી યુગમાં શકુનિ દ્વારા પાસા ફેંકી ધર્મરાજનો મુગટ ઉતાર્યો. હવે આ યુગમાં કોણ જાણે...

ગલ : મહારાજ પ્રણામ. સેનાપતિ મલયકેતુ ને મંત્રીશ્વર સુમંગલ પધારી રહ્યા છે.

કવિપ્રિય : મહારાજ પધાર્યા ?!!

સેનાપતિ : પ્રણામ વેદાચાર્ય.

કવિપ્રિય : મલયકેતુ મહારાજ ક્યાં છે ?

ગલ : મહારાજ.

કવિપ્રિય : કહો સુમંગલ શું થયું ?

સેનાપતિ : મહારાજ મૃત્યુ પામ્યા છે.

શનિ : લોકોમાં જીવંત તારી આસ્થા હવે મરણ પામશે. ભૃગુ, હવે તારી આગાહી ખોટી ઠરશે.

ભૃગુ : ના. એ શક્ય નથી. મારો ગ્રંથ કદી અસત્ય ન ઠરી શકે. અસત્ય જ છે તારું કથન ભૃગુ. તું માનવ છે ને જે માનવોની સહાય અર્થે તેં ગ્રંથ રચ્યો એ માનવ જ તારા આ શાસ્ત્રની અવગણના કરશે.

શનિ : જેને માટે તેં જળની વ્યવસ્થા કરી છે એ જ લોકો તને ડુબાડશે ભૃગુ. તારા શાસ્ત્રની ઠેકડી ઉડાડશે.

કવિપ્રિય : ના. એ કદી પણ શક્ય નથી.

સેનાપતિ : ઉત્તરખંડના યુદ્ધમાં મહારાજ ઘાયલ થયા. સતત એક માસની સુશ્રુષા કરવા છતાંય અમે મહારાજને બચાવી ન શક્યા.

કારભારી : હવે રાજમાતાને સંતાનયોગની આગાહી ખોટી ઠરી વેદાચાર્ય.

વૈશાલી : કવિપ્રિય, કદાચ આપણા માટે કરેલી આગાહી પણ ખોટી નીવડે.

ચંચલ : કવિપ્રિયે, કવિપ્રિય વેદાચાર્ય પ્રણામ. રાણીમા પાળી ચૂક્યા છે ને રાણીમાને સારા દિવસો જાય છે.

ભૃગુ : સાંભળ્યું શનિ. રાજ્યમાં વારસ પધારશે. આવશે તે વાજતે ગાજતે આવશે અને એક નહીં જોડીયા આવશે.'

(9 માસનો સમય વીતે)

ચંચલ : દાયમા આવી ગયા... (દાયમા સૂચના આપી અંદર જાય)

દાયમા : ચંચલ, હું ન બોલાવું ત્યાં સુધી અંદર ન આવતી.

ચંચલ : ભલે દાયમા.

વેદાચાર્ય : (ચિંતા) ગ્રહો નક્ષત્રોને જોતાં રાહુ અને કેતુની એક જ બાજુએ સઘળા ગ્રહો છે વત્સ. કાલસર્પ યોગ છે. કાળસર્પ બનીને કુંડળી ગળશે. ગરુડસર્પ યોગ છે. એટલે આવનાર સંતાન પિતાના હાથે મૃત્યુ પામશે.
[દાયમા સંતાનનું મોં બંધ રાખીને પાછલે બારણેથી બાળકને લઈ જાય. સાંકળ ખખડાવે.]

દાયમા : વૈશાલીબેન... વૈશાલીબેન આ... (આપે)

વૈશાલી : દાયમા તમે એક માને જિવાડી છે.

દાયમા : આમ કરીને મેં સારું કર્યું કે ખરાબ એ તો ભગવાન જાણે પણ મને યોગ્ય લાગ્યું એમ જ કર્યું છે. હું જાઉં. (દાયમા જાય)

દાયમા : (બારણું ખોલતાં) દીકરી જન્મી છે.

વેદાચાર્ય : દીકરી વેદાચાર્ય અંદર જાય. વૈદરાજ સાથે જાય.

વૈદરાજ : દાયમા પાણીની છાલક કુંવરીના મોં પર મારો. (દાયમા પાણીની છાલક મારે. વૈદરાજ રાણીની નાડી તપાસે. થોડી વાર પછી વૈદરાજ નાડી છોડે. બાળકી રડે.)

(બહાર ગણગણાટ)

શનિ : કવિપ્રિય વેદાચાર્યનું તૂત ખોટું છે. ભવિષ્ય જેવું કશું નથી. જે કાંઈ છે તે વર્તમાન છે.

મંગળ : હા કવિપ્રિય વેદાચાર્યએ ગ્રહો પરનો અંકુશ ગુમાવ્યો છે. હવે એની બધી આગાહી ખોટી ઠરશે. કવિપ્રિય.

કવિપ્રિય : વૈશાલી, વૈશાલી વેદાચાર્યની આગાહી.... કોણ છે આ ?

વૈશાલી : તમારી કવિતા.

કવિપ્રિય : વૈશાલી.

વૈશાલી : ધીમે બોલો. શબ્દો જાગી જશે.

કવિપ્રિય : વૈશાલી કોનું બાળક છે આ ? ને અત્યારે અહીં ?

વૈશાલી : ક્રોધને મનનો સારથી ન બનાવો. કવિપ્રિય પછી આવેગને અંકુશ રહેતો નથી.

કવિપ્રિય : વૈશાલી, વૈશાલી તું જાણતો નથી. તું કેટલું મોટું પાપ કરી રહી છે ?

વૈશાલી : પાપ. પાપપુણ્યનું વ્યાકરણ તમે મને શીખવાડશો, કવિપ્રિય.

કવિપ્રિય : વૈશાલી, વૈશાલી હું તને શી રીતે સમજાવું.

વૈશાલી : મારે કશું સમજવું નથી. વર્ષો પછી કોઈકે માંડ માંડ આંખ આપી છે. આ દુનિયાને જોવા અને તમે કહો છો પાછી હતી એવી આંધળી થઈ જા.

કવિપ્રિય : હા, થઈ જા. અંધ બીજાની આંખે દુનિયા જોવા કરતાં આંધળા રહેવું સારું. મારું માન વૈશાલી, આ ફૂલ કદાચ મારે જ હાથે રગદોળાઈ જાય તો....

વૈશાલી : એ કદીય નહીં થાય કવિપ્રિય, કારણ કે આ સંતાન આપણું નથી ફક્ત તમારું છે.

કવિપ્રિય : મારું !!??

દાયમા : (પ્રવેશતાં) વેદાચાર્ય તમારી આગાહી સાચી હતી.

કવિપ્રિય : પણ મારું શી રીતે... આ તો મહારાણીનું સંતાન... મહારાજનું... મારું કઈ રીતે ?!

દાયમા : (વેદાચાર્યને) કારણ કે મહારાજા રાજમાંથી વિદાય થયા ત્યારે રાણીમા રજસ્વાલા હતાં ને ત્યારબાદ ગર્ભવતી થયાં.

વેદાચાર્ય : પણ દાયમા તમે આવું શું કામ કર્યું ?

દાયમા : કારણ વેદાચાર્ય મને... મને સેનાપતિ ને કારભારીના કરતૂની જાણ થઈ ગઈ તો એટલે જ તો તમને કહેવા આવી. રાજ્યને એ લોકો કબજે કરશે એટલે અહીંથી કુંવરીને લઈ જવું હિતાવહ છે.

[ચંચળ જઈને સેનાપતિ - કારભારીને કહે]

[સેનાપતિ વેદાચાર્યની પર્ણકુટીરમાં જાય ત્યાં કોઈ ન મળે. કવિપ્રિયના ખંડમાં જાય ત્યાં કોઈ ન હોય. દશા શનિ-મંગળ અવાજ તરફ ધ્યાન કેન્દ્રિત કરે]

ભૃગુ : (પુસ્તકમાંથી) વલયપતિ, મંગળ મહારાજા, અત્યાર પર્યંત સમયને આધારે હું આગાહી કરતો રહ્યો અને આપ એ આગાહી અસત્ય ઠેરવવા નિષ્ફળ પ્રયત્નો કરતા રહ્યા. હવે તમે તમારી રીતે ચાલો નવનાથ. તમારા પગલાંઓને હું મારી કુંડળીગ્રંથમાં દેખાડીશ. જેને મેં પ્રથમથી જ આલેખ્યાં છે.

મંગળ : એ પગલાં તારા પુસ્તકમાં ક્યાંય નહીં મળે ઋષિપુત્ર અમારી અટપટી ચાલને હવે બ્રહ્મા પણ નહીં ઓળખી ક્યારેય નહીં ઘડાયા હોય. છિન્નભિન્ન કરશું તારી કુંડળીઓને જેને કદાચ તું પોતે જ ન ઓળખી શકે.

શનિ : ભૃગુ તારી કુંડળીઓમાં એવા સંબંધ આ પૂર્વે ક્યારે નહીં ઘડાયા હોય. છિન્નવિછિન્ન કરશું તારી કુંડળીઓને જેને કદાચ તું પોતે જ ન ઓળખી શકે

[વિધ્વંશનું સંગીત]

અને નાનીનાની હથેળીઓમાં સૂરજમૂખી ઊગ્યા ને પગલીઓમાં આભાસી સ્વપ્ન ઊગ્યાં. ને પગદંડી પર ઉન્માદિત ચરણો પોતાના પ્રેમની એકાકાર છાપ ઉપસાવતાં હરણાની ગતિ એ દૂર દેખાતી સ્વપ્નગલી તરફ દોડવા માંડ્યું. અને પગદંડીની આજુબાજુ પ્રણયવૃક્ષ ક્યારે ઊગી નીકળ્યાં ખબર જ ના પડી અને એ સૂરજમુખી સૂરજ સાથે સીમમાં સરકતું સરકતું પાંદડાઓ વચ્ચે ફરકતું ફેરફૂદરડી ફરતું મારું છે એ તારું છે, એમ કહેતું મારું છે. ગામવાળાએ જોયું ત્યારે ગામવાળાને ય હર્ષની લાગણી થઈ આવી. શું સાચે જ કે પછી લાગણી પણ આભાસી !!!

રબારી (શનિ) બીડી ફૂકતો બેઠો છે.

રબારણ **(દશા) :** બસ ફૂંકે રાખો તમતમારે બીડિયું એક દી મનેય ફૂંકી નાખોને એટલે પત્યું.

રબારી : સારા કામમાં કેવાય સે ને કે હો વિઘ્ન.

રબારણ : હું બોલ્યાં ?

રબારી : આમું કઉશું બે સાર નીકૈડાઓ આણામાં લેતી આવી હોત તો હુત્તો હખેથી બેહીને બીડી પી શકત ને ?

રબારણ : આણું ! પઈણીને તમને મારે ઘેર હું લાવી સું. ને આણાની વાત કરો સો. ને તમે આણામાં હું લાયાં તો કે બીડિયું.

રબારી : હા હા બોલે રાખ તું તારે. શનિની સાડાસાતી હોય ત્યારે બધુંય સહન કરવું પડે મારા ભૈ.

રબારણ : હવે બળાપા મેલોને ઓલ્યો સેતન્યનાં માબાપ, કયુનાં વાટ જોતા હૈશે. આ દૂધ એમને પોંચાડો ને પછી આણું ફૂંકે રાખો.

રબારી : આણું !!??

રબારણ : (જોરથી) આ બીડિયું.

રબારી : તી ઓલો તારો મંગુ કયા ગ્યો મુઓ.

રબારણ : ઈય તમારા પર જ ગ્યો સે. બાપ બીડિયું ફૂંકે ને દીકરો ધૂળ ફાંકે ? ગામની સીમમાં મંગુ (મંગળ), ચૈતન્ય ને સંહિતા રમતા હોય.

ત્રણેય : અલક દલક ઝાંઝર ઝલક....

મંગુ : એ ના હો ઈમનો કરાય. તું ખોટું બોલ છ. આમથી ગણતો.

ચૈતન્ય : લે તંઈ આમથી બરા.

સંહિતા/ચૈતન્ય : અલક દલક ઝાંઝર ઝલક, ઝાંઝર ને ઘેર આણપાણ પૂતળીએ જમાડી પાન, એક પડવી ભૂખ્યો થાળી લઈને ઊઠ્યો. થાળીએ તો પાડી ચીસ, ભાઈ મારા પરચીસ.

[રમત દરમ્યાન વર્ષો વીતે મંગળ બન્નેની આજુબાજુ ફરતો જાય]

ચૈતન્ય : પાલવની કોર તારા હોઠના ખૂણામા ને લલાટે રમે છે લટ. ક્યારેક આમ હું પકડું જો હાથ તારો લજાઈને કહેતી તું.

સંહિતા : હટ્.

મંગુ : ઘેઘૂર વડલાની લાંબી વડવાઈઓ ને (2) ચૈતરનો તપતો આ તાપ.

ચૈતન્ય : સાંભરે છે મને એ વૈશાખી કોયલ ને ટુહકો મને તારો આપ.

મંગુ : આછું આછું હસતી તું તો આછું મલકતી મેળામાં ગોળગોળ ફુદરડી ફરતી.

ચૈતન્ય : નજરોના મળવામાં આછું મલકવામાં હૈયું લીધું તે હરી

[મંગળ જાય]

[ચૈતન્ય શબ્દો ન જડતાં મૂંઝાય]

સંહિતા : ઓ હો હો ભૂલેચૂકે જોડકણું શું રચાઈ ગયું. ખુદને કવિ સમજી બેઠા. કવિને કવિની વ્યાખ્યા આવડે છે ?

ચૈતન્ય : કવિ, કવિ એટલે શું જાણે છે સંહિતા ?
કવિ એટલે ભાષાનો કડિયો, શબ્દો તો પથ્થર, ચૂનો, રેતી, ગારોની જેમ આજુબાજુ પડ્યા જ હોય છે. પરંતુ એને ભેગા કરી. એમાંથી એક સુંદર ભાષાભવનનું નિર્માણ કરે એ કવિ અને ભાષાભવન એટલે જેમાં કવિની પ્રેરણા રહેતી હોય બારીબારણાં પ્રાસ ના હોય, છત પર અલંકારોના દીવા

હોય. જેને દરવાજે છંદના દ્વારપાળ ઊભા હોય, વિશેષણોના ફુવારા વછૂટતા હોય અને ઉદાહરણોની જાજમ પાથરી હોય ને કવિનું સ્વાગત કરવા કલ્પનાના સંગીતે બારાખડીના શબ્દો નૃત્ય કરતા હોય એનું નામ ભાષાભવન ?....

બહાર એક તકતી છે જેનાં પર તારું નામ લખ્યું છે. સંહિતા. સંહિતા એ સંહિતા... ખોવાઈ ગઈને મારા ભાષાભવનમાં.

સંહિતા : હં..... હા....

ચૈતન્ય : એક વાર જો તારા બાપજી મારા બાપજીના ભાષાભવનમાં પધારેને તો ચાંદ ને તારા પરથી નક્ષત્રો જાણવાને બદલે કવિતા રચવા મંડી જાય.

સંહિતા : તારા બાપજી.

ચૈતન્ય : હા. હું તો કદાચ એમણે ઘડેલી કલ્પના છું પણ એમને તો જાણે સરસ્વતીએ ઘડ્યા છે. જેમ ધુમાડામાં વાદળનો આકાર છુપાયો હોય ને એમ એના સહજ શબ્દોમાંય કવિતાની મીઠાશ મહેકતી હોય છે એવા છે મારા બાપજી.

સંહિતા : બાપજી !! ઓમાં અનુષ્ઠાનનો સમય થઈ ગયો.

[બન્ને જાય]

વેદાચાર્ય : સંહિતા.

સહિતા : હં.

વેદાચાર્ય : બેટા, અનુષ્ઠાન માટે આસન.

સંહિતા : બિછાવી દીધું છે બાપજી. પંચ પાત્ર, દીવી, માળા બધું જ મૂક્યું છે.

વેદાચાર્ય : સારું સારું જ્યારે જ્યારે તું આમ ઝરૂખા આગળ ઊભી રહે છે ને ત્યારે ત્યારે તારામાં મને તારી મા દેખાય છે. મહારાણી પણ આમ જ ઊભાં રહેતાં એકીટસે ને અનંતનાં રહસ્યોને ગોતતાં અને એમની આમ ઊભાં રહેવાની છટા પર તો કવિપ્રિય કવિતા રચી કાઢતા.

સંહિતા : અને હું જન્મી ત્યારે એ અનંતસફરે નીકળી ચૂક્યા. બસ આથી વિશેષ કશું જ નહીં ? આટલું જ ? આટલાં વર્ષોમાં આટલે દૂર આવીને વસ્યા પછી તમે મને ફક્ત આટલું જ જણાવ્યું છે કે તું કોઈ રાજ્યકન્યા છે ને મારું નામ સંહિતા છે. મારા અતીતમાં શું ફક્ત બે જ વસ્તુઓ છે ?

વેદાચાર્ય : ભૂતકાળ તો ધરબાયેલી ધરા જેવો હોય છે. બેટા, એમાં રત્નો ઓછાં ને કોયલા જાજા હોય છે. ને માણસ જ્યારે કોયલાની વચ્ચે સચવાયેલી અતિત વાંચેને ત્યારે છળી ઊઠે છે. બેટા, એ સાચું છે કે જિજ્ઞાસા, આતુરતા એ પ્રગતિ છે. દુનિયામાં જેટલું વધારે જાણીએ એટલું દુઃખ વધારે થાય આ.... આ.... કૌશલ આવ્યો નહીં ?

સંહિતા : નાનાદા હમણાં આવતા જ હશે.

[વેદાચાર્ય અનુષ્ઠાનમાં બેસે]

[નાનાદા (કૌશલ) હાથમાં ચાખડી લઈને આવે. ઈશારાથી વાતચીત]

નાનાદા : ગુરુજી.
સંહિતા : બાપજી અનુષ્ઠાનમાં બેઠા છે. નાનાદા, તમારા માટે પૂછ્યું તું, મેં કહ્યું આવતા જ હશે. ચાલો જમી લો નાનાદા. તમે હંમેશ કહો છો ને કે માણસ ધારે તે ને ઇચ્છે તે કરી શકે.
નાનાદા : હા અને તે સત્ય છે જ.
સંહિતા : ખોટી વાત હું સાબિત કરી આપું એ વાત. કોઈ માણસ કરી ન આપે. પછી ભલે ને મોટો તપસ્વી હોય, ક્રિનિયાદાર હોય તોય.
નાનાદા : કઈ વાત ?
સંહિતા : નાનાદા, ક્યારેય કોઈ માણસ પોતાની એક કીકીથી બીજી કીકીને સ્પર્શી શકે ખરો ?
નાનાદા : (હસે... જમવા બેસે)
સંહિતા : (પીરસતાં) તમને ખીર આપું વધારે. થોડીક લોને નાનાદા. તમને તો ખીર બહુ જ ભાવે, હું જાણું છું. નાનાદા, 17 વર્ષ પહેલાં તમે રહેતા'તા એ ગામ હતું કે નગર ?
નાનાદા : નગર. વિશ્વંભર નગર.
સંહિતા : તમે જ્યાં રહેતા હતા ત્યાં કોનું રાજ હતું નાનાદા ?
નાનાદા : મહારાજા વીરભદ્રસિંહનું ને મહારાણી વિરાજનું.
સંહિતા : નાનાદા થોડી લેશો ખીર.
નાનાદા : ના બસ.
સંહિતા : ના ના થોડી લોને નાનાદા, તમને કવિતા કરતા આવડે ?
નાનાદા : કવિતા ?! નારે ના. આપણું કામ ભિક્ષા માગવાનું ને જન્મપત્રિકા બનાવવાનું. (હાથમોં લૂછતાં) કવિતા તો કવિપ્રિય રચતા.
વેદાચાર્ય : કૌશલ આગળ એક શબ્દ પણ નહીં.
નાનાદા : ગુરુજી.
સંહિતા : કહો નાનાદા. કવિપ્રિય કોણ હતા ? કોણ હતા ગુરુજી ? કોણ હતા કવિપ્રિય ? (ગુરુજી ચાખડી ખખડાવતા મંત્રોચ્ચાર કરતા જાય છે.) ઊભા રહો મહર્ષિ 17 વર્ષ પહેલાં તમે જેના આશ્રિત હતા, જે રાજ્યનું લુણ તમે ખાધું છે એ રાજ્યનાં મહારાજા વીરભદ્રની પુત્રી સંહિતા તમને આજ્ઞા કરે છે કે આજે આટલાં વર્ષોથી તમે રાજકુંવરી સંહિતાને એક એવા અંધારિયા ઘરમાં કેદ કરી છે જેને કોઈ બારણું જ નથી. આજે તમારે કુંવરીનાં અતીતનું બારણું ખોલવું જ પડશે.
નાનાદા : સંહિતા....
વેદાચાર્ય : કૌશલ.... સાંભળો રાજકુમારી સંહિતા રાજકુંવરી છે પરંતુ મહારાજા વીરભદ્રની પુત્રી નથી. એ કવિપ્રિય ને મહારાણી વિરાજનું સંતાન છે.
સંહિતા : ના.....
વેદાચાર્ય : હા... સંહિતા....

સંહિતા : એટલે... એટલે હું પાપાચાર....

વેદાચાર્ય : લક્ષમાં રાખ સંહિતા, એમાં કોઈ પાપ ન હતું. એ તો વિધાતાનો ન્યાય હતો. (ચાખડી ખખડાવતા જાય)એ વ્યભિચાર નહોતો સંહિતા, એમાં વાત્સલ્યની ઝંખના હતી. ઊંડે ઊંડે ફૂટતાં માતૃત્વનાં ઝરણાંની તરસ હતી એમાં.

[જાય]

નાનાદા : કવિપ્રિય માણસ જ એટલો મોહક હતો સંહિતા કે એના શબ્દોમાં જ માણસ ખોવાઈ જતો. દેખાવમાં તો નાની એવી સામાન્ય વાત લાગે પરંતુ ખોળીએ તો પાતાળ જેવડો ગુઢાર્થ નીકળે એવી હતી એની કવિતા.
[બીજી બાજુ]

કવિપ્રિય : કવિતા એટલે અંતરમનનો ટહુકો વૈશાલી. (ઉધરસ) આજીવનમાં જવાનીનું વાદળ એક જ વાર છવાય ને ત્યારે મનભરીને ટહુકા કરી લેવાય. વૈશાલી, પછીના દિવસો તો એવા જાય કે માણસ ઉધરસ ખાય પણ અવાજેય ન થાય.

રબારી : વાહ ગઢવી વાહ... રંગ છે તમારા શબ્દોને.

કવિપ્રિય : અરે ભાઈ ધનાજી, હવે તો કાંઈ વિચારાતું ય નથી અને આંગળીઓ પણ મરોડની ના પાડે છે. હવે તો આપણે ચૈતન્યની કવિતા સાંભળવાની.

વૈશાલી : ચૈતન્યની ?

કવિપ્રિય : હા. મેં સાંભળી છે.

વૈશાલી : તમે ક્યાય પાસે બેસીને પ્રેમથી માથે હાથ નથી ફેરવ્યો ને પંક્તિઓ તમે સાંભળી છે.

કવિપ્રિય : હું જાણું છું વૈશાલી, એની સાથેના મારા વર્તન વિશે એનીય હંમેશની ફરિયાદ છે પણ.... એના આક્રોશમાં લય છે વૈશાલી.

રબારી : હાચી વાત ગઢવી હાવ હાચી વાત. સોમમાં સહિતા ભેળા ગાતાં મીય હાંભળ્યાસી ઈમને.

વૈશાલી : સંહિતા ?

રબારી : લે સંહિતાને નથ ઓળખતાં ?

કવિપ્રિય : જો આમ ઠેકાણું આપવા બેસોને ધનાજી તો તમારી વાત પૂરી થયા પેલા માણસ પહોંચી જાય.

રબારી : ઈ હૈશે. પણ સંહિતા છોડી હારી છે હો બુન.

સંહિતા : વૈશાલી યાદ આવે છે. મને હજુય યાદ છે.

નાનાદા : હા સંહિતા. મને હજુય યાદ છે. વેદાચાર્યની કુટીરમાં બેઠા બેઠા સહજપણે સરકી ગયેલી શબ્દોની રચના.

કવિપ્રિય : હું મુસાફિર, તું મુસાફિર આ દુનિયા છે પગદંડી. હથેળીઓમાં ઓળખ લઈને આવ્યા આપણે સ્વપ્નગલો.

[સંહિતા ધીરે ધીરે ચૈતન્ય પાસે જાય]

ચૈતન્ય : ના એ.... એ શક્ય નથી.

સંહિતા : એ જ સત્ય છે ચૈતન્ય આપણે, આપણે તો એકમાની બે કીકી જેવા નીકળ્યા ચૈતન્ય જે નજીક તો આવી શકે પરંતુ ક્યારેય એકબીજીને સ્પર્શી ના શકે.

ચૈતન્ય : (ચૈતન્ય હાથ પકડે) ચાલ, ચાલ સંહિતા, આપણા ભૂતકાળને વાંચીને લોકો આપણી સમક્ષ પણછ ખેંચે એ પહેલાં વરિષ્ઠને અરુંધતીની જેમ દુનિયાની ખેંચેલી પણછ પરથી તીરની જેમ વછૂટી જઈએ ને સમાઈ જઈએ લગ્નની વેદિમાં.

સંહિતા : ના ચૈતન્ય ના, આ સત્તર વર્ષ દરમ્યાન વેદાચાર્યે મને એક જ શિક્ષા આપી છે.

વેદાચાર્ય : દીકરા, શમણાં સાચાં કરવાના અભરખામાં સતનાં પારખાં કરવાનું ભૂલીશ નહીં. નહીં તો જીવતી જ્યોત બુજાઈ જશે ને વધશે ચોમેર અંધારું.

સંહિતા : ને મારે... મારે પુરાવાના પ્રકાશ તરફ જવું છે ચૈતન્ય.

[જાય]

ચૈતન્ય : સાંભળ સંહિતા રખેને કદાચ આ સમયની મશ્કરી સાચી પડશેને....

કવિપ્રિય : આગળના શબ્દો બધા ધૂંધળા થઈ ગયા છે. કશું યાદ નથી આવતું કેમ ? આવ્યાં આપણે સ્વપ્નગલી... પછી ? નાના કરતી...

ચૈતન્ય : નાના કરતી નાનીનાની પગલીઓથી સ્વપ્નાંઓની પગદંડી તો જાય સરકતી, વિચારોના વનમાં એ તો ભાવિનાં જંગલમાં, દૂર દેખાય શમણું મને મૃગજળની આભામાં.

ચૈતન્ય : આગળ હું કહું બાપજી.

વૈશાલી : ચૈતન્ય.

ચૈતન્ય : નાના કરતી નાનીનાની પગલીઓથી સ્વપ્નાંઓની પગદંડી તો જાય સરકતી વિચારોના વનમાં, એ તો ભાવીના જંગલ દૂર દેખાય શમણું મને મૃગજળની આભામાં.

વૈશાલી : ચૈતન્ય.

ચૈતન્ય : મારા શબ્દો સાચા છે ને કવિપ્રિય ?

કવિપ્રિય : કોણ ? કોણ કવિપ્રિય ?

ચૈતન્ય : કોણ કવિપ્રિય ?!!! વિશ્વંભર નગરનાં રાજકવિ કવિ શ્રી મહારાજા વીરભદ્રસિંહના આશ્રિત કવિપ્રિય અને મહારાણી વિરાજના આશિક કવિપ્રિય.

કવિપ્રિય : ચૈતન્ય.

વૈશાલી : નહીં.

શનિ : મંગળ મહારાજ, અભારપર્યંત પ્રશ્ન રહેલા આ સંબંધનો ઉત્તર આને શી રીતે મળ્યો ?

મંગળ : શનિ મહારાજ, કાળાન્તર આવતા ગુરુના ફેરાને હું અટકાવી ન શક્યો. ક્ષણિક મારી દૃષ્ટિ વિખેરાઈને એ જાણી ગયો કે....

કવિપ્રિય : શું શું જાણે છે તું ?

ચૈતન્ય : એ જ કે જે ડાળ પર હું ઊગ્યો એ વ્યભિચારનું વૃક્ષ તમે જ છો. બાપજી હું તમારો પુત્ર છું તમારો ને મહારાણી વિરાજનો.

કવિપ્રિય : એ અસત્ય છે. અસત્ય છે એ.

ચૈતન્ય : અસત્ય નહીં. હા, કદાચ તમારા આજના નામ જેટલું જ અસત્ય નહીં ગઢવી.

શનિ : મંગળ મહારાજ જો આ ઘર્ષણ આમ જ રહ્યું તો શક્ય છે કદાચ ભૃગુ... (ઝાંઝરનો અવાજ)

શનિ/મંગળ : ઋષિપુત્ર...

કવિપ્રિય : વિરાજ.

ભૃગુ : પ્રણામ વલયપતિ.

શનિ : આપ સ્વયં પધાર્યા. શરણાગતિ સ્વીકારવા કે પછી તમારા પરાજયને માણવા.

ભૃગુ : યુદ્ધ હં... સાથે ચાલતાં સૈનિકો વચ્ચે વળી યુદ્ધ કેવું ! વલયપતિ, આપણે તો એકમાર્ગી, મારી કલમ ચાલી ને તમારા ચરણ ચાલ્યા. હું પરોક્ષ રીતે પુસ્તકમાં ચાલ્યો ને તમે પ્રત્યક્ષ ચાલ્યા.

મંગળ : અસંભવ. તારી આ કલ્પિત માન્યતાને કોઈ પાયો જ નથી.

ભૃગુ : છે. મંગળ મહારાજ આ સીધું ગણિત તમને સમજાવું. ભૃગુસંહિતા પ્રમાણે ગત જનમમાં મહારાણીએ આદરેલા વ્યભિચારનું ફળ ભોગવવાનો જન્મસંહિતા રૂપે કાળસર્પયોગમાં થયો. કાળક્રમે તમે સંહિતા અને ચૈતન્યને સમીપ લાવ્યા. એક વિચિત્ર સંબંધને બાંધવા ચૈતન્ય અને સંહિતા વચ્ચે આ સંબંધ ક્યારેય શક્ય નહીં બને. પણ એમની વચ્ચેનો આ પ્રણયસંબંધ જ નિમિત્ત બનશે મારી ગરુડસર્પયોગની આગાહીને સાચી ઠેરવવા.

મંગળ : જો આમ જ હોય તો તારું એ-શાસ્ત્ર અસત્ય ઠરશે જ. ચૈતન્ય મારી પાઘડી છોડશે નહીં ને સંહિતાને માથે દશા છે જ.

કવિપ્રિય : વિરાજ.

વેદાચાર્ય : આટલા મોહાંધ કવિપ્રિય આટલા વિષય આસક્ત કે પુત્રીને પ્રેયસી તરીકે સંબોધો છો.

કવિપ્રિય : પુત્રી....ના.

સંહિતા : હા બાપજી તમારી અધૂરી કવિતા સંહિતા.

કવિપ્રિય : નહીં... નહીં...

ચૈતન્ય : હા બાપજી દાયમાની દયાથી જીવતી ચૈતન્યની ભાવી પત્ની.

કવિપ્રિય : ભાવી પત્ની ? ના... ના... એ અસંભવ છે.

ચૈતન્ય : શા માટે કવિપ્રિય ? કારણ ?

કવિપ્રિય : કારણ કારણ ?

ચૈતન્ય : કહો કવિપ્રિય...

કવિપ્રિય : કારણ તમે બંન્ને મારાં સંતાન છો. મારાં અને મહારાણી વિરાજના

ભાઈબહેન છો તમે.

શનિ : મંગળ મહારાજ.

મંગળ : આ વાતની લગ્ન બાદ ખબર પડી હોય તો ?

ચૈતન્ય : બાપજી આ વાતની લગ્ન બાદ ખબર પડી હોય તો ?

કવિપ્રિય : નહીં....

વૈદાચાર્ય : એક સગાં ભાઈ બહેન વચ્ચે લગ્નનો સંબંધ દુનિયાના અર્થમાં એક મહાપાપ.

કવિપ્રિય : ના. એ પહેલાં જ આ સંબંધનો હું વિચ્છેદ કરી નાખીશ.

વૈશાલી : થોભો કવિપ્રિય. ક્રોધને મનનો સારથી ન બનાવો.

સંહિતા : બાપજી, તમારી આ અંધશ્રદ્ધાની આગમાં તમારું એક નહીં, બન્ને સંતાન હોમાશે.

ચૈતન્ય : હા બાપજી, એક સગો ભાઈ પોતાની માજણી બહેનનો પતિ બની શકે ખરો ? ના બાપજી, માણસ એટલો નિર્બળ તો નથી જ.

[કવિપ્રિયના હાથમાંથી કુહાડી છૂટી જાય છે.]

ભૃગુ : નહીં.

ગ્રહો : ઋષિપુત્ર તું ખોટો ઠર્યો, તારું શાસ્ત્ર ખોટું ઠર્યું.

ભૃગુ : હા ગ્રહરાજ, હું ખોટો ઠર્યો. મારી ભૃગુસંહિતા ખોટી ઠરી. પણ એના મૂળમાં તમે નહીં માનવ જ છે. મારી ગણતરી ને તમારી શક્તિથી પર એવું કશુંક ત્રીજું સૂક્ષ્મરૂપે જીવે છે. આ દુનિયામાં જેણે કાળનેય પાછો ઠેલ્યો છે એ છે માનવીમાં જીવંત લાગણી, માનવીની ભાવના. એનાંય પોતાનાં રૂપો છે. નિર્મળ જળ જેવી આ લાગણીનો પ્રવાહ ક્યારેક હિમ જેવો સખત થઈને થીજી જાય છે અને ક્યારેક વહેવા માંડે છે. અનરાધાર પૂરની જેમ જેમાં ગ્રહોને ઘસડી જવાની તાકાત હોય છે.

ગ્રહો : સમયથી વિશેષ શક્તિમાન કશું નથી.

ભૃગુ : છે વલયપતિ. સમય નિરંતર અને અવિરતપણે વહી જાય છે એ સાચું છે પરંતુ સમયને પોતાની કરચલીઓમાં સાચવી રાખે છે. માનવીનું મન માનવીની ભાવના વહી ગયેલા સમયને વર્ષો સુધી આંખોમાં તરતો રાખી શકે છે. આજે હું સમજ્યો કે અનંત બ્રહ્માંડની પગદંડી પર સમયના નામની મારી તપશ્ચર્યા વ્યર્થ હતી. વલયપતિ અત્યારપર્યંત અપ્રકૃતિથી લાખો કોષ દૂર ફરતા ગ્રહોની શોધ હું કરી શક્યો. ગણતરી પરથી એમની દિશા પનોતી, ફળાદેશ, સૂક્ષ્મભાવવ્યંજનાને ઓળખી શક્યો પરંતુ માનવોની વચ્ચે રહીને હું માનવીની પ્રકૃતિને ન ઓળખી શક્યો જે કદાચ બ્રહ્માંડની સર્વોત્તમ શક્તિ છે. બ્રહ્મણા સર્જનની પરાકાષ્ઠા છે. તમારી ઓળખ પછી હું એમ સમજ્યો હતો કે મારી તપશ્ચર્યા પૂર્ણ થઈ. પરંતુ ના વલયપતિ, મારી તપશ્ચર્યા તો આજથી ફરી શરૂ થઈ. માનવીની ભાવનાને ઓળખવાની તપશ્ચર્યા.